Chap-5

પ્રકરણ : ૫

`નંદબત્રીસી'ની પૂર્વપરંપરા અને શામળકૃત `નંદબત્રીસી'નો સમીક્ષાત્મક અભ્યાસ

ભૂમિકા : 'નંદબત્રીસી'ની પૂર્વપરંપરા

પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં અમુક પાત્ર, પરિસ્થિતિ કે વિષયને કેન્દ્રમાં રાખી વિવિધ સર્જકોએ એક સમાન કથાનક ધરાવતી વિવિધ સ્વતંત્ર કૃતિઓનું સર્જન કરેલું જોવા મળે છે. સદયવત્સ, માધવાનલ, ચંદનમલયાગિરી, આરામશોભા ઇત્યાદિની દીર્ઘ અને વ્યાપક 'કથા' પરંપરા જોવા મળે છે. એવી જ એક કથાપરંપરા 'નંદબત્રીસી'ની પણ છે. ઈસવીસનની આરંભની સદીથી લઈને છેક ૧૮મી સદી સુધી પાલી, પ્રાકૃત, સંસ્કૃત, જૂની ગુજરાતી, રાજસ્થાની અને અન્ય ભાષાઓમાં 'નંદબત્રીસી'નું કથાનક સતત વિકસતું અને વિસ્તરતું રહ્યું છે.

જેમ વિક્રમના પાત્રની આસપાસ અનેક કથાકૃતિઓનું સર્જન થયું છે તેમ રાજા નંદ અને પ્રધાન વરરુચિની આસપાસ અનેક કથા કૃતિઓનું સર્જન થયું છે, જો કે, રાજા નંદ અને પ્રધાન વરરુચિનાં પાત્ર વિક્રમ જેટલાં પ્રચલિત તો નથી જ તેમ છતાં રાજા નંદ અને પ્રધાન વરરુચિ વિશે એવી કંઈક માન્યતા છે કે જે ઈ.પૂ.થી તે આજ સુધી ચાલી આવી છે. એવું જ ચંદ્રગુપ્ત અને ચાણક્યની કથાઓ બાબત જોવા મળે છે. 'કથાસરિતસાગર' નાં 'કથાપીઠ લંબક'માં નંદ રાજાનાં પ્રધાન વરરુચિની જીવનકથા મળે છે. 'પંચતંત્ર'ની પશ્ચિમ ભારતીય પાઠ પરંપરામાં પૂર્ણભદ્રકૃત 'પંચાખ્યાન'નો સમાવેશ થાય છે. એમાં 'સ્ત્રીને વશ થયેલા નંદ અને વરરુચિ'ની એક કથા મળે છે. (૧) 'નંદબત્રીસી'માં રાજાનંદ અને પ્રધાન વૈરોચન (વરરુચિ નામમાં થયેલું રૂપાંતર)નું એથી ભિન્ન પ્રકારનું કથાનક મળે છે. ૧૫મી સદીથી ૧૮મી સદી સુધીમાં 'નંદબત્રીસી' વિષયક મળતી સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની કૃતિઓનાં આધારે 'નંદબત્રીસી'નું સામાન્ય સંક્ષિપ્ત કથાનક આ પ્રમાણે દર્શાવી શકાય :

પ્રધાન વૈરોચનની પત્નીની સુંદરતાથી આકર્ષાયેલો રાજા નંદ પ્રધાનની ગેરહાજરીમાં રાતનાં સમયે પ્રધાનપત્ની સાથે વ્યભિચાર આચરવા ગયો પરંતુ પ્રધાનનાં પાળેલા પોપટ, બિલાડી અને ચારિત્ર્યવાન પ્રધાનપત્નીએ રાજાને પ્રતિબોધ આપ્યો. એથી રાજા પોતાનાં અનુચિત વર્તન ઉપર શરમાતો અને પસ્તાતો

મહેલમાં પાછો ફર્યો. રાજાએ સોંપેલા કાર્ય પરથી પાછા ફરેલા પ્રધાને પોતાની ગેરહાજરીમાં રાતાનાં સમયે રાજા પોતાની ઘરે આવ્યાનું જાણ્યું. પ્રધાનપત્ની અને રાજાને પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પૂછતાં બન્નેએ પોતપોતાની રીતે પ્રધાનને પોતાની પવિત્રતા અંગે વિશ્વાસ અપાવ્યો.

એક વાર શિકાર કરવા ગયેલાં રાજા અને પ્રધાનને તરસ લાગતાં વનમાં એક વાવ પાસે આવ્યાં, વાવમાં લખેલા માર્મિક લખાણને વાંચી પ્રધાનને શંકા થઈ કે રાજા એણે મરાવી નાખશે એટલે એથી ગુપ્તપણે એણે રાજાની હત્યા કરી આ ઘટના જોઈ ગયેલો છૂપો સાક્ષી માળી દ્વારા અંતે રાજાની હત્યાનું રહસ્ય પ્રગટ થયું. પ્રધાનને રાજાના દિકરાએ મૃત્યુદંડની સજા કરી.

અહીં 'નંદબત્રીસી' કથામાં બે ભાગ પડી ગયેલા જોવા મળે છેઃ (૧) નંદ રાજા વૈરોચન પ્રધાનની પત્ની ઉપર આસકત થઈ, પ્રધાનની ગેરહાજરીમાં જારકર્મ કરવા જાય છે, (૨) શંકાશીલ બનેલો પ્રધાન વૈરોચન વિશ્વાસઘાત કરી રાજા નંદની હત્યા કરે છે. આ ઉપરથી હરિવલ્લભ ભાયણીએ [૨] ઘણાં પુરાવાઓનાં આધારે 'નંદબત્રીસી' કથાના પૂર્વકાલીન સમયમાં બન્ને ભાગ જુદાં હોવાનું અને પછીથી કોઈક અજાણ્યા સર્જક દ્વારા જોડવામાં આવ્યો હોવાનું પુરવાર કર્યુ છે. જેમાંથી એક સળંગ કથાકૃતિ બની તે 'નંદદ્વાત્રિંમશિક્ત'/ 'નંદબત્રીસી'[૩]

રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર દ્વારા પ્રકાશિત 'નંદોપાખ્યાન' ૪ પુસ્તકમાં આપેલી બીજી કૃતિ 'નંદબત્રીસી'માં બત્રીસ સંસ્કૃત શ્લોકો પ્રાપ્ત થાય છે. 'નંદબત્રીસી' ગુજરાતીમાં અપાયેલું શીર્ષક છે, પરંતુ સંસ્કૃતમાં એ 'નંદ–દ્વાત્રિંશિક્ત' નામે પ્રસિદ્ધ છે. એમાં આપેલા બત્રીસ શ્લોકો રાજા નંદ અને પ્રધાન વૈરોચનની કથાને લગતા છે, આ અજ્ઞાતકૃત 'નંદબત્રીસી'માં કથા અત્યંત સંક્ષિપ્ત છે, અને એની ભાષા પણ અશુદ્ધ છે. આ શ્લોક કોઈક કૃતિમાંથી તારવી મૂકાયેલાં જણાય છે. સૌથી પહેલા રચાયેલા બત્રીસ શ્લોક ક્યાં હતાં, આ બત્રીસ શ્લોક શેમાંથી શોધાયા છે એનો સર્જક કોણ - ઇત્યાદિ પ્રશ્નો વણઉત્તરિત રહ્યાં છે. આ કૃતિનાં અંતે પં. તત્ત્વવિજયગણિ દ્વારા આ ગ્રંથ લખાયા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. એથી વિશેષ અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. 'નંદબત્રીસી'નાં શ્લોકોની ભાષા અને શૈલી પ્રાચીન કથાઓમાં જોવા મળતાં જૈન સંસ્કૃતની યાદ અપાવે એવી છે. હરિવલ્લભ ભાયાણીનાં મતે[૫] અહીં આપેલા બત્રીસ શ્લોક ૧૩મી સદી અથવા આસપાસના સમયગાળામાં લખાયેલાં છે. આ બત્રીસ શ્લોકમાંથી ઘણાં પૂર્વકાલીન અને ઉત્તરકાલીન 'નંદબત્રીસી' વિષયક કૃતિઓ અને રૂપાંતરોમાં જોવા મળે છે. આ શ્લોકો એ કથાઓમાં મુખ્ય રહે છે. અને જે- તે સર્જક પોતાની રીતે થોડાં સુધારા–વધારા સાથે એને કથામાં પ્રયોજે છે.

આ કૃતિમાં પ્રાપ્ત થતાં બત્રીસ શ્લોક 'નંદબત્રીસી' કથાનાં બન્ને ભાગને લગતાં છે. જો કે, એમાં પ્રથમ ભાગને લગતાં શ્લોકોની સંખ્યા વધારે છે. તેમ છતાં આશરે ૧૩મી સદીમાં રચાયેલા કથાનાં બન્ને

ભાગને લગતાં આ શ્લોક એક સળંગ કથાસ્વરૂપે રચાયેલી 'નંદબત્રીસી'નો નિર્દેશ કરે છે. જે એક સળંગ કથાસ્વરૂપે રચાયેલી આ પ્રકારની કૃતિઓમાં હાલ સૌથી પ્રાચીનતમ ગણાય. હરિવલ્લભ ભાયાણી આ પૂર્વે થયેલા 'નંદબત્રીસી'નાં વિવિધ રૂપાંતરોનાં આધારે પૂર્વકાળમાં કથાનાં બન્ને ભાગ જુદાં હોવાનું પુરવાર કરે છે. એ માટે હરિવલ્લભ ભાયાણી પ્રથમ ભાગ માટે એક સંસ્કૃત રૂપાંતર – 'નંદપ્રબોધન'માંથી એક શ્લોક (ભોજકૃત 'શૃંગારપ્રકાશ'માં 'બૃહત્કથા'નાં લુપ્ત રૂપાંતરમાંથી) બે પ્રાકૃત રૂપાંતર – વર્ધમાનસૂરિકૃત 'મનોરમા કહા' અંતર્ગત આવતી 'શીલસુંદરી કથા' અને આચાર્ય નેમિચંદ્રકૃત 'આખ્યાનક –મણિકોશવૃત્તિ'નું આમ્રદેવસૂરિએ કરેલાં વિવરણમાં મળતું 'રોહિણી આખ્યાનક', બે પરદેશી રૂપાંતર - 'લાઓસ' (Laos) અને અરબી 'બુક ઓફ સિંદબાદ'માંથી 'લીયો ફેબલ' (Leo fable = નૈતિક બોધવાળી પ્રાણીકથા)ની 'પોપટ' નામક કથાની ચર્ચા કરી છે. બીજા ભાગ માટે એક પાલી રૂપાંતર –'જાતક કથા' માંથી ક્રમાંક ૪૧૬ 'પરંતપ જાતક', એક સંસ્કૃત રૂપાંતર – 'તન્ત્રોપાખ્યાન'માં આપેલી 'વિશ્વાવસુ રાજાની કથા', એક કન્નડ રૂપાંતર – 'વદરાધન' (Vaddaradhane) માં મળતી 'ચાણ્યકયની વાર્તા'ની ચર્ચા કરી છે. આ દરેક રૂપાંતરોને લગતી વિગતો, 'નંદબત્રીસી' કથા સાથે સમાંતરતા અને સામ્ય ધરાવતા કથાંશો, 'નંદબત્રીસી' કથા પરંપરામાં જોવા મળતાં સંસ્કૃત શ્લોકો, એ કથાનકનો જુદાં–જુદાં સંદર્ભે થયેલો વિનિયોગ – ઇત્યાદિ અંગેની ચર્ચા આ પ્રમાણે છે :

(અ) પ્રથમ ભાગ સાથે સંબંધિત રૂપાંતરો

'નંદપ્રબોધન'

ભોજદેવકૃત 'શૃંગારપ્રકાશ'માં એક સ્થાને 'નંદપ્રબોધન' કથાનો ઉલ્લેખ [૬] સાંપડે છે. 'શૃંગારપ્રકાશ'માં દૂતોનાં પ્રકારોનું નિરૂપણ કરતાં મેનાને દૂતકાર્યનાં ઉદાહરણરૂપે 'બૃહત્કથા'ની 'નંદપ્રબોધન' કથાની મેધાવિની સારિકાનો નિર્દેશ કરી, એ વિષય ઉપર 'નંદપ્રબોધન' નો નીચેનો શ્લોક ટાંકવામાં આવ્યો છે.

किं क्रन्दसि निरक्रान्त नन्दनो राजतस्कर :।
अमृते विषमुत्पन्नं यतो राजा ततो भयम् ।।

આ શ્લોકનો પાઠ ભ્રષ્ટ જણાય છે. 'નંદબત્રીસી'નાં મૂળભૂત સંસ્કૃત શ્લોક ક્રમાંક ૧૩ આ પ્રમાણે છે.

त्वं किं क्रन्दसि मार्जार! राजा नन्दो न तस्कर:।
अमृताद् विषमुन्पन्न यतो रक्षा ततो भयम्।। १३।।

'શૃંગારપ્રકાશ'ના શ્લોકના પ્રથમ ચરણમાં 'मार्जार'ના સ્થાને 'निरक्रान्त', બીજા ચરણમાં 'राजा नन्दो

न तस्कर'ના સ્થાને 'नन्दनो राजतस्करः'અને ચોથા ચરણમાં 'रक्षा'ના સ્થાને 'राजा'મૂકવામાં આવેલ છે. આ શ્લોક 'નંદબત્રીસી' કથાના પ્રથમ ભાગને લગતો છે.

ગુણાઢ્યકૃત પૈશાચી પ્રાકૃતમાં લખાયેલી 'બૃહત્કથા' ઇસવીસનના પહેલા કે બીજા શતકમાં રચાયાં હોવાનું અનુમાન વિદ્વાનો કરે છે. હાલ આ ગ્રંથ ઉપલબ્ધ નથી પણ એના પાછળથી થયેલાં ચાર સંસ્કૃત-પ્રાકૃત રૂપાંતરો કે સંક્ષેપો મળી આવે છે. આ રૂપાંતરોમાં સંઘદાસગણિકૃત પ્રાકૃત ભાષામાં 'વસુદેવ હિંડી' (અનુમાને પાંચમો સૈકો), બુધસ્વામીકૃત એના સંક્ષેપને રજૂ કરતો 'બૃહત્કથાશ્લોક સંગહ' (પાંચમો અથવા છઠ્ઠો સૈકો), કવિ ક્ષેમેન્દ્રકૃત સંસ્કૃત પદ્યમાં રચાયેલ 'બૃહત્કથામંજરી' (ઈ. ૧૦૩૭) અને સોમદેવ ભટ્ટકૃત સંસ્કૃત ગદ્યગ્રંથ 'કથાસરિત્સાગર' (ઈ. ૧૦૭૦ – લગભગ) નો સમાવેશ થાય છે. આમાંથી 'વસુદેવ-હિન્ડી' 'બૃહત્કથા'નું જૈન રૂપાંતર છે. 'બૃહત્કથાશ્લોક સંગ્રહ' નેપાળી અને 'બૃહત્કથામંજરી', 'કથાસરિત્સાગર' કાશ્મીરી વાચના રજૂ કરે છે. આ સિવાય પણ ગુણાઢ્યકૃત 'બૃહત્કથા'માંનું એક સંસ્કૃત રૂપાંતર હોવાનું સંશોધન થયું છે. આર. નરસિંહાચાર્ય (R.Narsimhachariar) નામના વિદ્વાને પોતાની 'An old Sanskrit version of Brahatkatha' નામની નોંધમાં [પ્રસ્તુત નોંધ Journal of the Royal Asiatic society of Great Britain and Ireland, ૧૯૧૩ (pp.૩૮૯-૩૯૦) માં પ્રસિદ્ધ થઈ હતી] જણાવે છે કે રાજા દુર્વિનીતે ઈ. ના છઠ્ઠા સૈકાના પૂર્વાધમાં 'બૃહત્કથા' નું સંસ્કૃત રૂપાંતર કર્યું હતું. આની સાબિતી માટે તેઓએ બે તામ્રપત્રો રજૂ કર્યા છે કે જેમાં રાજા દુર્વિનીતે 'બૃહત્કથા'ને સંસ્કૃતમાં ઉતારી હોય એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૭] વિન્ટરનિત્ઝ પ્રસ્તુત તામ્રપત્રોને બનાવટી ગણાવી આ બાબત સ્વીકારતો નથી.

વી. રાઘવને એમના 'શૃંગારપ્રકાશ' પરના મહાનિબંધમાં 'શૃંગારપ્રકાશ'માં ગુણાઢ્ય કૃત 'બૃહત્કથા'ના પ્રાપ્ત થતા ઉલ્લેખોની ચર્ચા કરી એ સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે કે 'બૃહત્કથા'નાં બુધસ્વામી, ક્ષેમેન્દ્ર તથા સોમદેવનાં સંસ્કૃત રૂપાંતરો સિવાય પણ તેમના પૂર્વેના સમયમાં એક સંસ્કૃત રૂપાંતર ઉપલબ્ધ હતું કે જેના કેટલાંક ઉલ્લેખો કે અવતરણો આપણને ભોજકૃત 'શૃંગારપ્રકાશ'માં પ્રાપ્ત થાય છે.[૮] રાજા દુર્વિનીતકૃત સંસ્કૃત રૂપાંતરનો ઉલ્લેખ કરી વી. રાઘવન આ સંદર્ભમાં એવા અનુમાન પર આવ્યાં છે કે જે સંસ્કૃત રૂપાંતર ભોજને જ્ઞાત હોવાની વાત કરી છે તે પ્રસ્તુત દુર્વિનીતકૃત રૂપાંતર હોવાની સંભાવના છે. આ પરથી એમ કહી શકાય કે ઈ. ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં 'બૃહત્કથા'નું એક સંસ્કૃત રૂપાંતર વિદ્યમાન હતું.

આ કાશ્મીરી અને નેપાલી રૂપાંતર કરતાં જુદાં રૂપાંતરમાં રાજા નંદ અને વૈરોચનની કથા હોવાની સંભાવના છે. ભોજે 'નંદપ્રબોધન'નો જે શ્લોક ટાંક્યો છે એની કથા એ રૂપાંતર સાથે લુપ્ત થઈ ગઈ જણાય છે. પણ આ શ્લોક 'નંદબત્રીસી' વિષય રૂપાંતર ઈ. ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં હયાત હોવાનું અને સંભવતઃ ઈસવીસનના પહેલા કે બીજા શતકમાં રચાયેલા 'બૃહત્કથા'માં પણ હોવાનું અનુમાન કરવા

પ્રેરે છે.

'कि क्रन्द्रसि....' વાળો પ્રાપ્ત થતો શ્લોક 'નંદબત્રીસી' કથાનાં પ્રથમ ભાગને લગતો છે.

'શીલસુંદરીકથા'

વર્ધમાનસૂરિએ ધંધૂકામાં પ્રાકૃત ભાષામાં રચેલો ધાર્મિકગ્રંથ 'મનોરમાકહા' /'મનોરમાકથા' ના 'સમ્યકત્વબીજ' નામક પ્રથમ અવસરમાં શીલ પર 'શીલસુંદરી'ની કથા આવે છે. [૯] શીલ પર કહેવાયેલી આ દૃષ્ટાંતકથામાં 'નંદબત્રીસી'નાં પ્રથમ ભાગનું રૂપાંતર મળે છે. 'મનોરમાકહા' સં. ૧૧૪૦ / ઈ. ૧૦૮૪ માં રચાયેલ છે.

'શીલસુંદરી'ની આ કથામાં 'નંદબત્રીસી'નાં પૂર્વાર્ધમાં નંદ વૈરોચનની પત્ની ઉપર આસક્ત થઈ જારકર્મ કરવા જાય છે – એનું રૂપાંતર મળે છે. 'શીલસુંદરી કથા'માં નંદ રાજાનાં સ્થાને રાજા ચંદ્રશેખર, પ્રધાન વૈરોચનનાં સ્થાને વેપારી ધનચંદ શેઠ અને પ્રધાન પત્નીનાં સ્થાને ધનચંદ શેઠની પત્ની શીલસુંદરીની કથા કહેવાયેલી છે. શીલ પર કહેવાયેલી આ દૃષ્ટાંતકથામાં શીલસુંદરી પોતાનાં શીલની રક્ષા કરવા રાજાને 'વાલના છોડનું ભક્ષણ કરતી વાડ'ની દૃષ્ટાંતકથા કહે છે. આમ, શીલનાં નૈતિક મૂલ્ય પર આધારિત દૃષ્ટાંતકથામાં રક્ષક ભક્ષક બની જાય તો કોની શરણે જવું? એ અંગેનાં નૈતિક મૂલ્યની બીજી દૃષ્ટાંતકથા ગૂંથાયેલી છે. દૃષ્ટાંતકથામાં દૃષ્ટાંતકથા એવી આયોજના છે. 'નંદબત્રીસી'નો ક્રમાંક ૧૦મો શ્લોક ભક્ષ કરતી વાડની વાત સાથૈ સમાનતા ધરાવે છે. 'નંદબત્રીસી'નો એ શ્લોક જુઓ –

अपूर्वोऽयं मया दृष्टो वाही भक्षति कर्कहीम्।
तत्र देशे न वास्तव्यं रक्षको यत्र भक्षक:।। १०।।

આ કથાપરંપરામાં ક્યારેક પોપટ, તો ક્યારેક બિલાડીનાં સંવાદમાં આ શ્લોક મૂકાયેલો જોવા મળે છે. 'શીલસુંદરી કથા'માં શીલસુંદરી જ આ દૃષ્ટાંત કહે છે. દૃષ્ટાંતકથા અને શ્લોક બન્નેમાં કાકડી ખાતી વાડની કહેવત સમાનપણે જોવા મળે છે. દૃષ્ટાંતકથામાં કાકડીનાં સ્થાને વાલની વાત છે પણ કથયિત્વ તો એક જ છે.

'શીલસુંદરી કથા'માં લગભગ બે – ત્રણ સ્થાને અન્યોક્તિનો ઉપયોગ થયો છે. ધનચંદ રાજા ઉપર શંકાશીલ બની પૂછે છે.–

'એગમ્મિ પહાણનયર મજહો સર –મજઝે સચ્છ–સલિલ– પડિપુણ્ણા એગા સરસી. તીએ સીહો પાણટ્ઠા પવિટ્ઠો. નીહરંતો અમ્હેહિ દ્દિટઠો.' (એક મોટા નગરમાં નિર્મળ જળે ભરેલી એક તળાવડી હતી. ત્યાં પાણી પીવા એક સિંહ પેઠો. તેને પાછો ફરતો અમે દીઠો.) ધનચંદશેઠ આ અન્યોક્તિ દ્વારા પોતાનાં મનમાં રહેલી રાજા અંગેની શંકા સૂચવી આપે છે. બીજી અન્યોક્તિ રાજાનાં સંવાદરૂપે છે. રાજા ધનચંદનાં

અન્યોક્તિનાં ઉત્તરરૂપે તે જ અન્યોક્તિનો આશ્રય લઈ કહે છે કે –

'સીહો તત્થ [પ] વિટ્ઠો ખણ બઈટ્ઠો ન ચેવ પરિતુટ્ઠો, તિસિઓ રિચય આસકો વિણિગ્ગઓ લજ્જિઓ ચેવ.' (સિંહે ત્યાં પ્રવેશ કર્યો હતો એ સાચું. (૫૧૮) પરંતુ તે ત્યાં સહેજ બેઠો, સંતોષ ન પામ્યો, અને તરસ્યો ને તરસ્યો, ડરતો ને લાજતો તે પાછો ફરી ગયો.) રાજા આ અન્યોક્તિ વડે પોતાની નિર્દોષતા સૂચવે છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરાની દૃષ્ટિએ આ બન્ને અન્યોક્તિ ખાસ ધ્યાનપાત્ર છે. 'નંદબત્રીસી'માં મળતા ૧૮-૧૯ શ્લોકો આ પ્રમાણે છે.

कीर उवाच

तृषाक्रान्तो गतो हस्ती पानीयं पातुमिच्छया।
दृष्ट्वा सिंहपदं तत्र न पीतं वारि शीतलम्।। १८।।

राजोवाच

सत्य सिंहपदं तत्र पानीयं पातुमुद्यत:।
श्रयते शुकवाक्येन न पीतं वारि शीतलम।। १९।।

('તરસ્યો થયેલો હાથી પાણી પીવા માટે આવ્યો, પણ ત્યાં સિંહનાં પદચિહ્નો જોઈ શીતળ પાણી પીધું નહીં' (૧૮)

એ સાચું છે કે પાણી પીવા ગયો ત્યાં સિંહનાં પદચિહ્નો હતાં પણ પોપટનાં વચનો સાંભળી શીતળ પાણી પીધું નહિ. (૧૯). 'શીલસુંદરી કથા'માં આવતી અન્યોક્તિ અને 'નંદબત્રીસી'માં આવતી અન્યોક્તિમાં થોડોક જ ફેર છે. 'નંદબત્રીસી' વિષયક સંસ્કૃત, ગુજરાતી – રાજસ્થાની રચનાઓમાં આ અન્યોક્તિ થોડા ફેરફાર સાથે વિવિધ સર્જકોની કૃતિઓમાં મળે છે. આ પ્રકારની અન્યોક્તિમાં ક્યારેક સિંહ, તો ક્યારેક હાથી; ક્યારેક હંસ, તો ક્યારેક પ્રવાસીની વાત કરવામાં આવી છે. આ પ્રકારની ઉક્તિ ક્યાંક રાજા, તો ક્યાંક પોપટ, ક્યાંક પ્રતિહારનાં સંવાદરૂપે મૂકાયેલી મળે છે.

'નંદબત્રીસી'ના ઇતિહાસની દૃષ્ટિએ બીજો એક મુદ્દો પણ ખાસ ધ્યાનપાત્ર છે. તે એ કે રાજા શીલસુંદરી પાસેથી પાછલે બારણે ગુપચૂપ વ્યાકુળતાથી ભાગે છે. તે વેળા તેની આંગળીમાંથી પોતાનાં નામાંકન વાળી વીંટી સરકી જાય છે. એ ધનચંદને મળતાં ધનચંદ પછીથી રાજા પાસે જે ભેટસોગાદ લઈ જાય છે તેમાં તે વીંટી સૌથી ઉપર મૂકે છે. એથી ધનચંદ બનેલી ઘટના પોતે જાણી ગયો હોવાનો સંકેત રાજાને પહોંચાડે છે. 'નંદબત્રીસી'ના કેટલાક રૂપાંતરોમાં વીંટી સરકી જવાની ઘટનાને બદલે રાજા ઉતાવળમાં પોતાની મોજડી ભૂલી ગયાની અને પાછા આવેલા પ્રધાનની દૃષ્ટિએ તે પડ્યાની વાત છે. વળી ભૂલી ગયેલી વસ્તુનો વરઘોડો કે સરઘસ કાઢીને રાજા પાસે લઈ જવું એ પણ 'શીલ સુંદરી કથા'ની ઉત્તરકાલીન 'નંદબત્રીસી'

ઓમાં જોવા મળે છે.

'શીલસુંદરી કથા'માંની અન્યોક્તિ અને ભૂલી ગયેલી વસ્તુ ભેટસોગદરૂપે લઈ જવી– એ બે વિગતો નંદબત્રીસી'ના કથાનકને જે ઉત્તરકાલીન વળાંકો મળ્યા છે તેમનાં મૂળની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. [११]

'શીલસુંદરી કથા'નું પ્રયોજનશીલ અંગેના નૈતિક મૂલ્યની જાળવણીનું છે. એથી કથાનકની રચના અને ઉપયોગ એવા સંદર્ભે જ કરાયા છે. 'નંદબત્રીસી'નું આ રૂપાંતર જૈન પરંપરામાં પ્રાપ્ત થતું હોવા છતાં ધાર્મિકતા સાથે એનો કોઈ સીધો સંબંધ નથી.

'રોહિણી આખ્યાનક'

આચાર્ય નેમિચંદ્રકૃત 'આખ્યાનક – મણિકોશવૃત્તિ' નું આમ્રદેવસૂરિએ કરેલા વિવરણમાં શીલમાહાત્મ્ય પર રોહિણીનું આખ્યાનક મળે છે.[१२] એ સં. ૧૧૮૯ / ઈ. ૧૧૩૩ માં રચાયેલ છે.

'નંદબત્રીસી'ના આ રૂપાંતરનો પૂર્વભાગ 'મનોરમા કહા'ની 'શીલસુંદરી કથા' જેવો જ છે, અહીં ધનાવહ શેઠ પણ વેપારી છે અને ધન ઉપાર્જન કરવા એ પરદેશગમન કરે છે. પતિની ગેરહાજરીમાં શીલસુંદરીની જેમ ધનવાહની પત્ની રોહિણી પણ રાજાને પ્રતિબોધ આપી પોતાનાં શીલની રક્ષા કરે છે. 'શીલસુંદરીકથા'ની જેમ ફરવા નીકળેલો રાજા 'રોહિણી આખ્યાનક'માં ગવાક્ષમાં બેઠેલી રોહિણી ઉપર આસક્ત થાય છે અને વ્યભિચાર કરવા મધરાતનાં સમયે એની ઘરે જાય છે. પણ અહીં 'શીલસુંદરી કથા' અને 'રોહિણી આખ્યાનક' માં ઘણો ફેર પણ છે. અહીં રાજાનું નામ નંદ મળે છે. પાળેલાં મેના અને બિલાડી પ્રતિહારનું કાર્ય કરે છે. રાજાની મુલાકાત સમયે બિલાડી ભયસૂચક અવાજ કરે છે. એ પ્રસંગે એક સંસ્કૃત શ્લોક મૂકાયો છે.

किमाक्रन्दसि मार्जार? नन्दोराजा न तस्कर: ।
अमृते विषमुत्पन्नं यतो रक्षा भयं तत: ।। ९० ।।

'નંદબત્રીસી'માં ક્રમાંક ૧૩ શ્લોક પણ આ પ્રમાણેનો છે.

त्वं किं क्रन्दसि मार्जार। राजा नन्दो न तस्कर: ।
अमृताद् विषमुत्पन्नं यतो रक्षा ततो भयम् ।। १३ ।।

આગળ જોઈ ગયાં તેમ ભોજકૃત 'શૃંગારપ્રકાશ' માં 'નંદપ્રબોધન'નો આના જેવા જ શ્લોક નોંધાયો છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં ઉપરોકત શ્લોક પ્રધાનપત્ની દ્વારા બોલાયેલો જોવા મળે છે. જ્યારે 'રોહિણી આખ્યાનક'માં મેના બિલાડીને આ શ્લોક કહે છે. 'શીલસુંદરીકથા'માં મેના અને બિલાડીનાં પાત્રો તથા ઉપરોક્ત શ્લોક મળતો નથી. 'શીલસુંદરીકથા'માં જોવા મળતી 'વાલનો ભક્ષ કરતી વાડ'ની દૃષ્ટાંતકથા

કે 'વાડ કાકડીનો ભક્ષ કરે છે' એ પ્રકારની કહેવત 'રોહિણી આખ્યાનક'માં નથી. રાજાના આંગળીમાંથી વીંટી સરકી જવી કે મોજડી ભૂલી જવાનો પ્રસંગ પણ આ કૃતિમાં આલેખાયો નથી. વળી, 'રોહિણી આખ્યાનક' નાં ઉત્તરભાગમાં પતિવ્રત પાળવાના નીતિબોધને કે શીલમાહાત્મ્યને પ્રસિદ્ધિ આપવામાં આવી છે. આ ઉત્તરભાગને થોડો નાટ્યાત્મક બનાવવાનો પ્રયત્ન થયો છે. જૈન પરંપરામાં કહેવાયેલી આ કથાનો અંત લાક્ષણિક જૈન પરંપરા પ્રમાણે જ છે. પરંતુ આ સિવાય સમગ્ર કથામાં અન્ય કોઈ પણ સ્થાને ધર્મવિષય વલણ પ્રગટ થતું જોવા મળતું નથી.

'મનોરમા કહા'ની જેમ 'આખ્યાનક મણિકોશવૃત્તિ' પણ પ્રાકૃત ભાષામાં રચાયેલ છે.

'પોપટ'

ભારતીય ઉપરાંત ભારત બાહ્ય દેશમાંથી પણ 'નંદબત્રીસી'નાં પહેલાં ભાગને લગતું રૂપાંતર મળે છે. લાઓસ (Laos) અને અરબી 'બુક ઓફ સિન્દબાદ'માં 'લીયો ફેબલ' (Leo fable = નૈતિક બોધવાળી પ્રાણીકથા)નાં બે પરદેશી રૂપાંતરો મળે છે. બન્નેમાં અનુક્રમે 'પોપટ' (The Parrot) અને 'સીમયા' (Simia) નામની કથાઓ મળે છે કે જે 'નંદબત્રીસી'નાં પહેલાં ભાગનું રૂપાંતર જ છે. બન્ને પરદેશી કથાઓનાં મૂળ ભારતમાં રહ્યાં જણાય છે. અન્ય કથાસાહિત્યની જેમ એ પણ બહારનાં પ્રદેશમાં પ્રસાર, પ્રચાર પામ્યાં હોવાની સંભાવના છે.

જી.ટી. આરટોલા (Artola)[૧૨] બેન્ફે (Benfey), ડેસલોંગકેમ્પસ (Deslongchamps) ઇત્યાદિનાં મતોનાં આધારે તથા અન્ય અનેક પુરાવાઓનાં આધારે 'સિંદબાદ' ને પહેલવીમાં નહીં, પરંતુ લુપ્ત થયેલી સંસ્કૃત કથાકૃતિમાંથી લીધેલા માને છે. આરટોલાનાં અન્ય કાર્યમાં ઈરાનિયન 'સિંદબાદ'માંથી પાંચ વાર્તાઓનો થાઈલેન્ડ અને લાઓસમાં લખાયેલી વાર્તાઓનાં મૂળ ભારતીય કથાસાહિત્યમાં છે એમ બતાવી આપ્યાં છે. એમાંની એક વાર્તા જે લીયો ફેબલ 'સિંદબાદ'માંથી વર્ણવાયેલી છે એ અને બીજી લાઓફેબલમાંથી અપ્રગટ 'મુલા તાનતૈ' નામની વાર્તા બન્ને લગભગ સમાન છે એમ બતાવ્યું છે.[૧૩] જી.ટી. આરટોલાએ પોતાનાં લેખમાં લીયો ફેબલનું ફ્રેન્ચ ભાષાંતર કે જે ફ. ફૉવ્યાંગે (Ph - Phouvong) 'લી પીરોકવેટ' (Le Perroquet) નામે કરેલું છે એ આપ્યું છે. હરિવલ્લભ ભાયાણીએ આ ફ્રેન્ચ ભાષાંતરનો અંગ્રેજીમાં રૂપાંતર આપ્યું છે.[૧૪] નાં આધારે :

હરિવલ્લભ ભાયાણી જણાવે છે[૧૫] તેમ આરટોલાએ ભારતીય મૂળની પાંચ વાર્તાઓ કે જે 'સિંદબાદ'માંથી લેવાયેલી હતી એના પર ઘણી વિગતે ચર્ચા કરી છે. પરંતુ ઉપરોક્ત 'પોપટ' નામક લીયોફેબલ અને 'સિંદબાદ'માં મળતી 'સીમયા' (simia)નું પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં સમાંતરતાનું સંશોધન કરી શક્યા નથી. રાજા નંદ અને એનાં પ્રધાન વિષયક કોઈક સંસ્કૃત વાર્તા 'લીયોફેબલ'ની સમાન હોવાનો નિર્દેશ છે.

'પોપટ' વાર્તાનાં ઘણો ભાગ 'શીલસુંદરી કથા' અને 'રોહિણી આખ્યાનક'ને મળતો આવે છે. 'શીલસુંદરી કથા'માં પતિની ગેરહાજરીમાં મધરાતે વ્યભિચાર કરવા આવેલા રાજાને શીલસુંદરી 'વાલનો ભક્ષ કરતી વાડ' અંગે દષ્ટાંતકથા કહી પરોક્ષરૂપે પ્રતિબોધ આપે છે. તેમ 'પોપટ'માં પોપટ સેનાપતિની ગેરહાજરીમાં સેનાપતિની પત્ની સાથે વ્યભિચાર કરવા આવેલા રાજાને પરોક્ષરૂપે પ્રતિબોધ આપવા કૂતરીને 'ડાંગરનાં છોડ ખાઈ જતાં કાગડા'ની ઉખાણાસભર વાર્તા કહે છે. 'નંદબત્રીસી'માં આવો જ એક સંસ્કૃત શ્લોક ક્રમાંક ૧૦ 'अपूर्वाऽयं मयो दष्टो.....' મળે છે. જેમાં 'કાકડીનો ભક્ષ કરતી વાડ'ની વાત છે. વળી 'શીલસુંદરી કથા'ની જેમ રાજા 'પોપટ' કથામાં વીંટી નહીં પણ પોતાની મોજડી ભૂલી જાય છે. પછીથી પાછો ફરેલો સેનાપતિ એ મોજડીને પાલખીમાં મૂકી ઘણાં ઠાઠમાઠ સાથે સવારી કાઢી રાજા પાસે લઈ જતો જોવા મળે છે. અહીં ભૂલી ગયેલી વસ્તુમાં ભેદ છે પણ ભૂલી ગયેલી વસ્તુનો વરઘોડો કાઢી રાજા પાસે લઈ જવાની વાત સમાન છે. 'શીલસુંદરીકથા'ની જેમ 'પોપટ'માં પણ અન્યોક્તિનો આશ્રો લેવાયો છે. આ અન્યોક્તિમાં પણ ઝાઝો ભેદ નથી. 'શીલસુંદરીકથા'માં સિંહ તળાવડીમાં પાણી પીવા જાય છે, પણ સંતોષ ન થતાં તરસ્યા પાછા ફર્યાની વાત છે. જ્યારે 'પોપટ'ની કથામાં શિયાળનાં માલીકીનાં તળાવમાં નહાવા ગયેલો સિંહ શિયાળને જોઈ એ તળાવમાં રાજા થઈને નહાવું તુચ્છ ગણી પાછો ફરે છે એની વાત છે. 'નંદબત્રીસી'માં આગળ જોયેલા ૧૮-૧૯ શ્લોક પણ આવી અન્યોક્તિ પર આધારિત છે. 'શીલસુંદરી કથા'માં પ્રશ્ન અને ઉત્તર બન્નેમાં એક જ અન્યોક્તિનો ઉપયોગ થયો છે. 'પોપટ'માં સેનાપતિનાં પત્રમાં સ્વપ્નવાત તરીકે આ અન્યોક્તિનો ઉપયોગ થયો છે. 'શીલસુંદરીકથા', 'પોપટનીકથા' અને 'નંદબત્રીસી'માં આપેલી અન્યોક્તિમાં થોડો–થોડો ફેર જોવા મળે છે.

'રોહિણી આખ્યાનક'ની જેમ 'પોપટ'ની વાર્તામાં પ્રાણી પાત્રો પ્રતિહારનું કાર્ય બજાવતાં જોવા મળે છે. 'રોહિણી આખ્યાનક'માં મેના અને બિલાડી જોવા મળે છે, જ્યારે 'પોપટ'ની વાર્તામાં પોપટ અને કૂતરી તથા એના બચ્ચા જોવા મળે છે. આ કથામાં બિલાડીનાં સ્થાને કૂતરીનું બચ્ચું આંગણામાં પ્રવેશેલાં રાજાને જોઈ ભયસૂચક અવાજ કરે છે અને કૂતરી એમ કરવાથી રાજાનો અનાદાર થાય એમ કહી એને અવાજ કરતાં રોકે છે. 'રોહિણી આખ્યાનક'ની મેનાની જેમ 'પોપટ'ની વાર્તામાં પોપટ અને કૂતરી બન્ને ઉખાણારૂપ કથા દ્વારા કે પરસ્પરની વાતચીત દ્વારા રાજાને પ્રતિબોધ આપવા પ્રયત્ન કરે છે.

'પોપટ' વાર્તામાં આ સિવાયનો જોવા મળતો કેટલોક કથાંશ 'નંદબત્રીસી' વિષયક અન્ય કોઈ પ્રાચીન રૂપાંતર પરથી એ લેવાયાં હોવાનો નિર્દેશ કરે છે. એક એવું અજ્ઞાત રૂપાંતર કે જેમાં 'શીલસુંદરીકથા' અને 'રોહિણી આખ્યાનક'નાં અમુક કથાંશો ઉપરાંત વધારાનાં કેટલાંક કથાંશો હશે જે પાછળથી રચાયેલી 'નંદબત્રસી' વિષયક કૃતિઓમાં ઉતરી આવ્યાં છે. 'પોપટ'ની કથામાં રાજા દ્વારા સીમસીમાડાની રક્ષા કરવા સેનાપતિને મોકલવું, સેનાપતિએ પોપટ અને કૂતરીને પ્રતિહાર તરીકે છોડી જવા, રાજાનો મધરાતે વ્યભિચાર

કરવા આવવું, પ્રાણીઓ દ્વારા પ્રતિબોધ, મોજડી ભૂલી જવી, રાજાનું પાછા ફરવું, સેનાપતિ દ્વારા સમગ્ર વાત જાણવી, અન્યોક્તિ દ્વારા પોતે સર્વ જાણતો હોવાનું રાજાને સૂચવવું, રાજાની મોજડી સવારી કાઢી વાજાગાજા સાથે રાજા પાસે લઈ જવી–ઇત્યાદિ કથાંશો પાછળથી રચાયેલી 'નંદબત્રીસી' વિષયક કૃતિઓમાં થોડા સુધારા–વધારા સાથે મળે છે.

આ કથાનું પ્રયોજન નૈતિક બોધ આપવાનું છે. શીલ અંગેનો નૈતિક બોધ પ્રાણીકથા દ્વારા અપાયો છે. છેક પ્રાચીન સમયથી નૈતિક બોધ આપનારી પ્રાણીકથાઓ જગતનાં વિવિધ દેશો અને ભાષાઓનાં કથાસાહિત્યમાં પ્રચલિત રહી છે. ભારતીય કથાસહિત્યમાં 'પંચતંત્ર' અને 'જાતક કથા'ની અમુક આ પ્રકારની કથાઓ જાણીતી છે. 'નંદબત્રીસી'નાં પ્રથમ ભાગને લગતું આ રૂપાંતર નૈતિક બોધ આપતી પ્રાણીકથામાંથી પ્રાપ્ત થાય છે, અને એ પણ પરદેશી કથા સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે, એ ધ્યાનપાત્ર છે.

(આ) કથાના બીજા ભાગ સાથે સંબંધિત રૂપાંતરો

'પરંતપ જાતક'

બૌધ્ય ધર્મનાં પ્રાચીન પાલિ આગમ 'તિપિટક' / 'ત્રિપિટક' (ત્રણ પેટી, ટોપલી) નામે જાણીતા છે. એના ત્રણ પિટક – વિનયપિટક, અભિધમ્મપિટક અને સુત્તપિટકમાંથી સુત્તપિટકનાં પાંચ નિકાય (સંગ્રહો) માંથી ખુદ્દક (ક્ષુદ્રક) નિકાયના પંદર ગ્રંથોમાંનો એક ગ્રંથ તે જાતક છે. મૂળનો જાતક ગ્રંથ ઇસુ પૂર્વે બીજી–ત્રીજી શતાબ્દીમાં લગભગ પ્રચલિત હતો. આ જાતક ઉપર 'જાતકટ્ટકકથા' (= જાતકાર્થકથા) નામે વ્યાખ્યા રચાઈ અને તેનો બીજો બૌદ્ધ આગમગ્રંથો સાથે પ્રાચીન સિંહલી ભાષામાં અનુવાદ થયો, આ અનુવાદનું ઈસવી પાંચમી શતાબ્દી લગભગ કોઈ બૌદ્ધ ભિક્ષુએ પાછું પાલિમાં ભાષાંતર કર્યું. એનું નામ 'જાતકટ્ઠ વણ્ણના' (=જાતકાર્થવર્ણના) એટલે કે 'જાતકના અર્થનું સ્પષ્ટીકરણ' આ જાતકાર્થવર્ણના જ અત્યારે આપણને મળે છે. તેનાં પૂર્વ સ્વરૂપો જળવાઈ નથી રહ્યાં.[૧૬] 'જાતકકથા'માં કુલ ૫૪૭ કથાઓ સમાયેલી છે. એમાંથી ક્રમાંક ૪૧૬ 'પરંતપ જાતક'[૧૭] માં 'નંદબત્રીસી' કથાનાં બીજા ભાગને લગતું રૂપાંતર મળે છે. પાલિ ભાષામાં પ્રાપ્ત થતું આ રૂપાંતર 'નંદબત્રીસી'નું પ્રાપ્ય સૌથી જૂનામાં જૂનું રૂપાંતર છે.

'નંદબત્રીસી' કથાનાં બીજા ભાગમાં પ્રધાન વૈરોચન વિશ્વાસઘાત કરી રાજા નંદની હત્યા કરે છે. 'પરંતપ જાતક'માં આ બીજા ભાગને લગતું પાલી રૂપાંતર મળે છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં પ્રચલિત કથાવસ્તુનો અંશ અહીં જોવા મળે છે – પરંતપ દાસ દ્વારા રાજાને વિશ્વાસઘાત કરી મારી નાખવું. એના શરીરના ટુકડે ટુકડા કરી ભોંયમાં દાટી દેવાં. આ સમગ્ર ઘટના વૃક્ષ ઉપર ફળ તોડવા ચડેલાં પુરોહીત દ્વારા જોવી. ડરીને ભાગવા જતાં વૃક્ષની ડાળ હાલવી અને ખડખડાટનો અવાજ પરંતપે સાંભળવો. પરંતપનાં

મનમાં એ અંગે ચિંતા ઉત્પન્ન થવી. પુરોહિત દ્વારા સત્ય વાત કોઈને ન જણાવી અને વખત આવતાં રહસ્ય પ્રગટ કરવું. પરંતપ દ્વારા ડાળી અંગેની ચિંતા અને પુરોહિત દ્વારા પત્નીનાં વિયોગમાં કહેવાયેલી ગાથામાં પરંતપનો ઉલ્લેખ, કુમાર મોટો થતાં પુરોહિત પાસે સર્વ હકીકત જાણી પરંતપ દાસ ઉપર વેર વાળવું – જેવો કથાંશ 'નંદબત્રીસી'નાં કથાવસ્તુ સાથે સંબંધીત છે. આ બધાં કથાંશોને પ્રસંગમાં વિભાજિત કરીએ તો (૧) દાસ દ્વારા રાજાની કપટથી હત્યા અને ઘટનાનો છૂપો સાક્ષી, (૨) છૂપા સાક્ષી દ્વારા વખત આવ્યે રહસ્ય પ્રગટ થવું અને કુમારનો પિતૃહત્યાનો બદલો – એમ બે પ્રસંગો 'નંદબત્રીસી'નાં અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વનાં બની રહે છે. જો કે, અહીં પ્રધાનનાં સ્થાને પરંતપ દાસ અને માળીનાં સ્થાને પુરોહિતનું પાત્ર છે. રાજાની હત્યાનું કારણ પરંતપ દાસ અને રાણી વચ્ચેનો વ્યભિચારી પ્રેમ બને છે.

'પરંતપ જાતક'માં પ્રાપ્ત થતી કેટલીક ગાથાઓ 'નંદબત્રીસી'માં શ્લોક સ્વરૂપે મળે છે. પ્રથમ ગાથા પરતંપ દ્વારા –'आगमिस्समि मे पापं...' એ 'નંદબત્રીસી'માં ક્રમાંક ૨૪ માં મળતાં શ્લોક – 'शाखा प्रकम्पिता येन...' સાથે ઘણું સામ્ય ધરાવે છે. તેવી રીતે પુરોહિતનાં સંવાદમાં મૂકાયેલી ગાથા ૨, ૩, ૪ ને 'નંદબત્રીસી'નાં શ્લોક ૩૧ 'पद्मपत्रविशालाक्षी...' સાથે ઘણું સામ્ય છે.

'પરંતપ જાતક'ની આ ચાર ગાથાઓ ઉત્તરકાલીન 'નંદબત્રીસી' માટે ઘણી મહત્ત્વની બની રહે છે.

આમ, તો 'નંદબત્રીસી'નું આ પ્રાચીન રૂપાંતર બૌદ્ધ પરંપરામાં પ્રાપ્ત થાય છે. તેમ છતાં 'પરંતપ જાતક'ને સંપૂર્ણપણે જોતાં બૌદ્ધ ધર્મ સાથે કશી લેવાદેવા જણાતી નથી. નિશ્ચિત ચોકઠા પ્રમાણે કથાનો થોડો જ અંશ બોધિસત્ત્વ સાથે સંબંધિત છે. બાકી તો રાણીનાં પ્રેમમાં પડેલાં દાસ દ્વારા રાજાની હત્યા અને છૂપા સાક્ષી પુરોહીત દ્વારા અંતે રહસ્ય પ્રગટ થતાં, કુંવર દ્વારા દાસની હત્યાની જ મુખ્ય કથા નિરૂપવામાં આવી છે. બૌદ્ધ ભિક્ષુઓએ જનસાધારણમાં પ્રચલિત લોકકથાઓ ઇત્યાદિનો પોતાને અને શ્રોતાઓને રૂચતું લાગ્યું તે બધાનો જાતકમાં સમાવેશ કરવાનો આગ્ર રાખ્યો હતો. એવું આ કથા સંદર્ભે પણ બન્યું હોવાનું જણાય છે.

'વિશ્વાવસુ રાજાની કથા'

'પંચતંત્ર'ની વિભિન્ન પાઠપરંપરાઓમાંની એક વાસુભગ (Vasubhaga) કૃત 'તંત્રોપાખ્યાન' પણ છે. આ સંસ્કૃત ગ્રંથમાં અતી લોભી રાજા વિશ્વાવસુની કથા મળે છે. [૧૮] આ રૂપાંતર 'નંદબત્રીસી'નાં બીજા ભાગને લગતું છે. 'વિશ્વાવસુ રાજાની કથા' રાજનીતિ પ્રેરિત છે. કથામાં આવતાં કેટલાંક અંશ 'નંદબત્રીસી' સાથે સમાનતા ધરાવે છે. – શિકાર અર્થે વનમાં જવું અને ત્યાં વિશ્વાસઘાત કરી હત્યા કરવી, હત્યાની ઘટના

પાસેનાં વૃક્ષ ઉપર લાકડાંની શોધમાં ચડેલાં સુથાર દ્વારા જોવી, વૃક્ષની ડાળ હલતાં વિશ્વાવસુને ગભરામણ થવી અને સંદેહ જવો, રાતે નગરચર્યા દરમ્યાન સુથાર દ્વારા પત્નીનાં વિરહમાં બોલાતાં શ્લોકને સાંભળવો, સવાર થતાં એ અંગે સુથારને બોલાવી પૂછવું, સુથાર દ્વારા રહસ્ય પ્રગટ કરવું – જેવા કથાઅંશો 'નંદબત્રીસી' સાથે થોડા ઘણાં અંશે સામ્ય ધરાવે છે. વળી આ કથામાં પ્રસંગોપાત્ત જે બે શ્લોક મળે છે એવા જ શ્લોક 'નંદબત્રીસી'માં પણ મળે છે.

'વિશ્વાવસુ રાજાની કથા'માં પ્રથમ શ્લોક ડાળને હલતી જોઈ વિસ્વાવસુ બોલે છે. – 'केनेयं कम्पिता शाखा...'વાળો આ શ્લોક 'નંદબત્રીસી'માં ક્રમાંક ૨૪ શ્લોક –'शाखा प्रकम्पिता येनं...' સાથે અને બીજો શ્લોક સુથાર પોતાની મૃત પત્નીનાં વિરહમાં બોલે છે એ'सुव्रते पद्मपत्राक्षि...' 'નંદબત્રીસી' ક્રમાંક ૩૧ શ્લોક – 'पद्मपत्रविशालाक्षी' સાથે સામ્ય ધરાવે છે.

હરિવલ્લભ ભાયાણી કહે છે. [૧૯] તેમ 'વિશ્વાવસુ રાજાની કથા' 'પંચતંત્ર'નાં ઇતિહાસમાં પાછળથી ઉમેરાયેલી કથાનો નમુનો બની રહે છે.

અતિ લોભી 'વિશ્વાવસુ રાજાની કથા' રાજાનીતિ પ્રેરિત છે. હત્યાનું કારણ પણ રાજનીતિ પ્રેરિત છે.

'ચાણક્યની કથા'

લુપ્ત થયેલાં પ્રાકૃત રૂપાંતરનું પ્રાચીન કન્નડ ગ્રંથ 'વદરાધન' (Vaddaradhane) માં રૂપાંતર મળે છે. 'વદરાધન' પ્રાચીન કન્નડ ગદ્યમાં ઇસવીસનની ૧૦મી સદીના પહેલા ભાગમાં લખાયેલ ઓગણીસ કથાઓનો સંગ્રહ છે. આ કથાઓ 'ભગવતી આરાધના' કે જે દિગંબર જૈનોનો પ્રાચીન ધાર્મિક ગ્રંથ છે એના ઉપર આધારિત છે. 'ભગવતી આરાધના'નું સ્વરૂપ કદાચ હરિસેનકૃત 'બૃહત્કથા કોશ' (ઈ.નીટમી સદી) જેવું જ રહ્યું હશે. 'વદરાધન'માં 'ચાણક્યની વાર્તા' ક્રમાંક ૧૮ માં મળે છે. એનો પહેલો ભાગ અપૂર્વ છે, કારણ કે એ બીજી વાર્તાઓના જાણીતા રૂપાંતરોમાં જોવા નથી મળતો. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્કૃતમાં 'બૃહત્કથા' માંથી નંદની કથાના રૂપાંતરમાંથી લેવાયેલું જણાયછે.

હરિવલ્લભ ભાયાણીએ બી. કે. ખડાબડી (Khadabadi) કે જેઓ 'કર્ણાટક આર્ડ્સ કોલેજ, ધારવાડમાં કાર્યરત છે. એમને પ્રાચીન કન્નડ 'વદરાધન'માં મળતી આ કથાનો અંગ્રેજી અનુવાદ મોકલ્યો હતો એ પ્રકાશિત કર્યો છે. [૨૧] આ અંગ્રેજી અનુવાદ 'The story of the sage Canakya' નામે પ્રકાશિત થયેલ છે. ત્યાં 'ચાણક્યની વાર્તા'નો પહેલો ભાગ જ મૂકવામાં આવ્યો છે. આ રૂપાંતર અને 'પરંતપ જાતક'માં વ્યભિચારીપ્રેમ સમાનપણે જોવા મળે છે. 'પરંતપ જાતક'માં દાસ પરંતપ અને 'ચાણક્યની કથા'માં પ્રધાન વિશ્વસેના રાણીનાં પ્રેમમાં હોવાથી રાજાની હત્યા કરે છે. પાછળથી રચાયેલી 'નંદબત્રીસી'ઓમાં પ્રધાન વૈરોચન વાવમાં લખેલા લખાણ અને રાજાએ પોતાની પત્ની સાથે વ્યભિચાર કર્યો હોવાની આશંકાથી

હત્યા કરતો જોવા મળે છે. ત્યાં પણ વ્યભિચારી પ્રેમ અંગેની આશંકા રાજાની હત્યાનું કારણ બને છે. પણ ફરક માત્ર એટલો છે કે આ પ્રકારનો અનૈતિક સંબંધ દાસ કે પ્રધાનનો રાણી સાથે નહીં, પણ રાજાનો પ્રધાનપત્ની સાથે હોવાની શંકા રાજાની હત્યાનું કારક બને છે. 'વિશ્વાવસુ રાજાની કથા'માં હત્યાનું કારણ એથી ભિનન રાજનીતિ પ્રેરિત છે.

'પરંતપ જાતક', 'વિશ્વાવસુ રાજાની કથા' અને 'ચાણકયાની કથા'માં કેટલાંક અંશો સમાન છે. રાજાની વિશ્વાસઘાત કરી હત્યા કરવી, વૃક્ષ ઉપર ચડેલાં વ્યક્તિ દ્વારા જોવું, ડરીને ભાગવા જતાં ડાળ હલવી, હલતી ડાળ જોઈ હત્યા કરનાર વ્યક્તિનું એ અંગે ચિંતન કરવું, સમય આવ્યે છૂપા સાક્ષી દ્વારા રાજાની હત્યાંનું રહસ્ય પ્રગટ થવું, હત્યા કરનારને મળતી સજા ઇત્યાદિ કથાઅંશો ત્રણેમાં સમાનપણે જોવા મળે છે. પરંતુ 'પરંતપ જાતક' અને 'વિશ્વાવસુ રાજાની કથા'ની સરખામણીએ 'ચાણક્યની કથા' 'નંદબત્રીસી'ની કથાની વધારે નીકટ જણાય છે. 'ચાણક્યની કથા'માં પ્રધાન વિશ્વસેના રાજાને નગર બહાર આવેલી વાડીમાં લઈ જઈ હત્યા કરે છે અને પછી એની લાશને કૂવામાં ફેકી દે છે, આ ઘટના વૃક્ષ ઉપર ફૂલ તોડવા ચડેલો માળી વસંતક જુએ છે અને ડરીને ભાગવા જતાં વૃક્ષની ડાળ હલે છે, વિશ્વસેના પોતાનાં ઉપર ભવિષ્યમાં એ ડાળનાં કારણે મુશ્કેલી આવશે એમ ચિંતન કરે છે, નગરમાં પાછો ફરી વિશ્વસેના રાજા અંગે અજાણ હોવાનો ઢોંગ કરે છે અને થોડા દિવસમાં રાજાનાં પુત્રને રાજગાદી ઉપર બેસાડે છે, રાજાનો પુત્ર પિતાનાં મૃત્યુ અંગે શંકાશીલ બને છે અને એ અંગે તપાસ કરવા રાતે નગરચર્યા કરે છે, નગરચર્યા કરતાં માળીનાં ઘર બહાર ઊભો રહી માળીનો પત્ની વિયોગનો આલાપ સાંભળે છે અને ચેતે છે, બીજા દિવસે રાજસભામાં માળીને બોલાવી સર્વ વાત પૂછે છે – અને જાણે છે ઇત્યાદિ કથાંશો 'નંદબત્રીસી'કથા પરંપરામાં સમાનપણે જોવા મળે છે.

વળી, 'ચાણક્યની કથા'માં જે બે શ્લોક મળે છે એ પણ 'નંદબત્રીસી'માં જોવા મળે છે. જોકે, એમાં થોડો ફેરફાર થયેલો છે. 'ચાણક્યની કથા'માં જોવા મળતાં એ બે શ્લોક જુઓ –

येनेयं कम्पिता शाखा वानरेण नरेण वा।

अपि वर्षसहस्रान्तात् भद्दोषं कथयिष्यति ।।

આ શ્લોક વિશ્વસેનાનાં સંવાદરૂપે મૂકાયો છે. વાડીમાં હલતી ડાળ જોઈ એ આ પ્રમાણે બોલે છે. 'નંદબત્રીસી'માં શ્લોક ક્રમાંક ૨૪ આ પ્રમાણેનો છે. જોકે, ઉપર આપેલા શ્લોકની દ્વિતીય પંક્તિનાં સ્થાને 'નંદબત્રીસી'માં સહેજ ફેરફાર સાથે અન્ય પંક્તિ જોવા મળે છે. બીજો શ્લોક –

नीलोत्पलदलश्यामे वाले नीलसरोसुहे।

ददृयेऽह त्वद्गुणैर्भद्रे विशआवं शाखेन कम्पिता।।

'નંદબત્રીસી'માં પ્રાપ્ત થતો શ્લોક ક્રમાંક ૩૧ આ પ્રમાણેનો જ છે. બન્નેમાં પ્રથમ પંક્તિમાં થોડો ભેદ છે. દ્વિતીય પંક્તિમાં 'ચાણક્યની કથા'માં વિશ્વસેનાનું નામ તો 'નંદબત્રીસી'માં વૈરોચનનું નામ મૂકાયેલું જોવા મળે છે. આવું નામની બાબતે ભિન્નત્વ 'પરંતપ જાતક' અને 'વિશ્વાવસુ રાજાની કથા'માં પણ આ શ્લોક પરત્વે જોવા મળે છે.

'નંદબત્રીસી' ની કથાનાં બીજા ભાગને લગતાં આ રૂપાંતરમાં ધર્મને લગતું કોઈ તત્વ નથી. પરંતુ વ્યભિચારી પ્રેમનો ખરાબ અંત કેન્દ્ર સ્થાને રહેલ છે.

આ રૂપાંતરો ઉપરાંત 'નંદબત્રીસી' કથાનાં બીજા ભાગને લગતું એક રૂપાંતર લોકકથામાંથી મળે છે. આ સ્થાને એનો ઉલ્લેખ કરવો ઉચિત લેખાશે.

'લાલ પરી અને કેવડા પરી'

અદ્‌ભુત ચમત્કારોથી યુક્ત 'લાલ પરી અને કેવડા પરી'ની લોકકથા 'પશ્ચિમ ભારતમાં લોકવિદ્યા' એ મથાળા હેઠળ ઈ. ૧૮૮૭ માં 'ઇન્ડિયન એન્ટિકેવરી' નાં ગ્રંથ ૧૬, પૃ. ૨૧૦ થી ૨૧૨ ઉપર પૂતળીબાઈ ડી.એચ.વાડિયાએ સંપાદિત કરી હતી. પ્રિયકાન્ત પરીખે પોતાનાં શોધનિબંધ 'ઓગણીસમી સદીનું સંપાદિત ગ્રંથસ્થ ગુજરાતી લોકકથાસાહિત્ય'[૨૨] માં આ કથાને સમાવી છે. આ લોક્કથાનો પૂર્વાધ 'નંદબત્રીસી'નાં બીજા ભાગ સાથે થોડો સમાનતા ધરાવે છે.

આ કથાનો પૂર્વાધ 'નંદબત્રીસી' સથો ઘણોખરો મળતો આવે છે. 'લાલપરી અને કેવડા પરી' માં વજીર દ્વારા કૂવાની બાજુમાં લખેલાં લેખ ને વાચી શંકાશીલ બની રાજાની હત્યા કરવી અને ત્યાં જ ગાંસડી બાંધી લાશ ફેંકીને ચાલ્યાં જવું – જેવો ઘટનાક્રમ 'નંદબત્રીસી'માં પણ મળે છે. 'પરંતપજાતક', 'ચાણક્યની કથા'માં દાસ પરંતપ કે વિશ્વસેના પ્રધાન રાણી સાથે વ્યભિચારી સંબંધો બાંધવા રાજાની હત્યા કરે છે. 'વિશ્વાવસુ રાજાની કથા' માં અતી લોભી વિશ્વાવસુ નાના ભાઈ કશ્મીરનું રાજપાટ મેળવવા હત્યા કરે છે. જ્યારે અહીં 'લાલ પરી અને કેવડા પરી'ની કથામાં વજીર કૂવાની બાજુમાં રહેલા લેખનાં લખાણનાં આધારે આવું પગલું ભરવા પ્રેરાય છે. લખાણ આ પ્રમાણેનું હતું –'જો આ સમયે વજીર રાજાને મારી નાખવાની તક ચૂકી જશે તો, બાર વરસ પછી રાજા વજીરને મારી નાખશે.' આ વાંચીને વજીર રાજાની હત્યા કરે છે. 'નંદબત્રીસી' નાં વિવિધ રૂપાંતરોનાં આધારે પાછળથી રચાયેલી સંસ્કૃત, મધ્યકાલીન ગુજરાતી–રાજસ્થાની કૃતિઓમાં રાજા માટે પાણી લેવા ગયેલો પ્રધાન વાવની ભીંત ઉપર લખેલા આ પ્રકારનાં લખાણથી શંકાશીલ બની રાજાની હત્યા કરવા પ્રેરાતો જોવા મળે છે. એમાં કેટલીક કૃતિઓમાં પ્રધાનનાં મનમાં રાજા માટે પોતાની પત્ની સાથે વ્યભિચાર આચરવા આવ્યો હોવાની વેરભાવ જોવા મળે છે અને એમાં આ પ્રકારનું લખાણ એને હત્યા કરવા પ્રેરવામાં અગત્યનો ભાગ ભજવે છે. 'નંદબત્રીસી'માં

વાવમાં લખાણરૂપ શ્લોક ૨૨ ક્રમાંકે મળે છે એ આ પ્રમાણે છે.

तुल्यार्थं तुल्यसामर्थ्यमर्मज्ञं व्यवसायिनम्।
अर्धराज्यहरं भृत्यं यो न हन्यते।। २२।।

અર્થાત્ 'તુલ્ય ધનવાળા, તુલ્ય સામર્થ્યવાળા, મર્મસ્થાનને જાણનારા, ઉદ્યોગી તથા અર્ધ રાજ્યનું હરણ કરનારા સેવકનો જે નાશ કરતો નથી તે પોતે જ નાશ પામે છે.' આ શ્લોક અને 'લાલ પરી અને કેવડા પરી' કથામાં આપેલું લેખનું લખાણ જુદાં છે. પણ બન્ને એક સમાન હેતુ માટે મૂકાયેલાં જોવા મળે છે.

શિષ્ટ સાહિત્ય લોકસાહિત્યનાં આધારે જ ઘડાયું છે. ક્યારેક એવું પણ બને કે શિષ્ટસાહિત્યમાં સ્થાન પામેલી કથા પાછી લોકકથામાં સ્થાન પામે. જે હોય તે પણ 'લાલ પરી અને કેવડા પરી' માં આવતો આ પ્રસંગ 'નંદબત્રીસી' કથાનો લોકકથા સાથેનો સંબંધ પણ દર્શાવી આપે છે. 'લાલ પરી અને કેવડા પરી'નો ઉત્તરાર્ધ ભાગ ચમત્કારોથી યુક્ત છે. અહીં આપણા માટે તો આ લોકકથાનો પૂર્વાધ ભાગ જ અગત્યનો છે, કારણ કે એ 'નંદબત્રીસી'ના બીજા ભાગ સાથે કોઈક રીતે સંબંધિત છે, 'લાલ પરી અને કેવડા પરી'માં રાજાની હત્યાનો આશય એક રીતે રાજનીતિ પ્રેરિત ગણાવી શકાય.

આમ, પાલી, સંસ્કૃત, પ્રાકૃત, પરદેશી વિવિધ રૂપાંતરોમાં 'નંદબત્રીસી' કથા સાથે સમાંતરતા દર્શાવતાં કથાંશો મળે છે. એની કથાનો જુદાં-જુદાં સંદર્ભે ઉપયોગ થતાં કથાનાં સ્વરૂપમાં ફેરફારો જોવા મળે છે.

સંસ્કૃતભાષામાં રચાયેલી 'નંદબત્રીસી'ઓ :

આગળ જણાવ્યું છે તેમ 'નંદબત્રીસી'ની કથાનાં બે ભાગ પડી જાયછે. એ બન્ને ભાગને લગતાં વિવિધ રૂપાંતર ભારતીય તેમજ પરદેશી પ્રાચીન કથાસાહિત્યમાં પ્રાપ્ત થાય છે. આથી પ્રાચીન સમયમાં બન્ને ભાગ જુદાં હશે અને પછીથી કોઈક અજ્ઞાત સર્જક દ્વારા જોડવામાં આવતાં એક સળંગ કથાસ્વરૂપે 'નંદબત્રીસી' ની રચના થયા હોવાનું અનુમાન કરી શકાય. આશરે ૧૩મી સદીમાં રચાયેલી 'નંદબત્રીસી' પૂર્ણપણે નથી મળતી [૨૩] પણ કોઈક પૂર્ણ કૃતિમાંથી તારવેલા શ્લોકો સ્વરૂપે મળે છે. શ્લોકોની સંખ્યા ૩૨ છે. આ શ્લોકો એ કથામાં મુખ્ય હોવા જોઈએ. જેના આધારે 'નંદબત્રીસી' કે 'નંદદ્વાત્રિંશિકા' શીર્ષક પડ્યું છે. પછીથી આ શીર્ષક આ કથાવસ્તુને લઈ રચાયેલી કૃતિઓમાં રૂઢ થઈ ગયેલું જોવા મળે છે. જેમાં શ્લોક સંખ્યા ૩૨ ન હોય એવી કૃતિઓ પણ 'નંદબત્રીસી' નામે જ ઓળખાવાયેલી જોવા મળે છે.

૧૫મી સદીથી ૧૮મી સદી સુધીમાં 'નંદબત્રીસી' વિષયક વિવિધ સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની, હિન્દી ઇત્યાદિ ભાષાઓમાં કૃતિઓ મળે છે. ગુજરાતી કૃતિઓનો વિગતે અભ્યાસ પ્રકરણ ૬ માં કરવાનાં હોવાથી

એની અહીં ચર્ચા કરી નથી. પ્રાપ્ત થતી સંસ્કૃત કૃતિઓ હરિવલ્લભ ભાયાણી કહે છે[૨૪] તેમ પ્રાકૃત રૂપાંતર આધારિત છે. તેમ છતાં અન્ય ભાષાઓમાં પ્રાપ્ત થતાં રૂપાંતરોનો પ્રભાવ અસ્વીકારી શકાય નહીં. કથાનો બીજો ભાગ પ્રાકૃત સિવાયનાં અન્ય ભાષી રૂપાંતરો પર આધારિત જણાય છે.

સંસ્કૃત 'નંદબત્રીસી'ઓમાં શુભશીલગણિકૃત 'પચ્ચશતી પ્રબોધ સંબંધ'માં આવતી 'વૈરોચનમંત્રીની કથા', સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપકથા', અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન' ઇત્યાદિનો સમાવેશ થાય છે. સંસ્કૃત 'નંદબત્રીસી'ઓમાં કથાનું સ્વરૂપ કેવું રહ્યું છે એ જાણવા કૃતિઓની થોડી તુલનાત્મક ચર્ચા કરી છે.–

'વૈરોચનમંત્રીની કથા'

શુભશીલગણિ કૃત 'પંચશતી પ્રબોધ સંબંધ' / 'પ્રબંધ પંચશતી' / 'પંચશતી પ્રબોધ'/ 'પચ્ચશતી પ્રબોધ સંબંધ'ની રચના ઈ. ૧૪૬૫ માં થયેલી છે. મૃગેંદ્રમુનિએ ઈ. ૧૯૬૮માં એનું સંપાદન કર્યું છે. પ્રસ્તુત ગ્રંથના ૧૦૨ માં પ્રબંધમાં સમગ્ર 'નંદબત્રીસી'ની કથા મળે છે. એ કથાનાં અંતે સર્જકે પોતાનો અને કૃતિનો સંક્ષિપ્ત પરિચય આપતાં કહ્યું છે, તે પ્રમાણે શુભશીલ તપગચ્છાધિપતિ મુનિ સુન્દરસૂરિનાં શિષ્ય હતાં. એમને પરદ્રોહ વિષય પર આનંદ અને વૈરોચનમંત્રીની લોકપ્રચલિત કથા કહી છે. – આમ શુભશીલગણિ જૈન પરંપરાનાં સર્જક હતાં તેમ છતાં સમગ્ર કથામાં સર્જકનું વલણ સાંપ્રદાયિક નથી. સર્જક પોતે જ કહે છે તેમ આ કથાની માહિતી એમને બિન જૈન કથા કે લૌકિક કથામાંથી મેળવી છે.

આ કથાની શરૂઆતમાં અને અંતે શુભશીલગણિએ જણાવ્યું છે તેમ 'વૈરોચન મંત્રીની કથા' પરદ્રોહ પર કહેવાયેલી છે. આ કથા સ્વયંસંપૂર્ણ છે. એમાં વચ્ચે–વચ્ચે 'નંદબત્રીસી' (આશરે ૧૩મી સદીમાં રચાયેલ) માં આવતાં શ્લોકો તથા બીજા અનેક શ્લોકો મૂકાયેલાં મળે છે. [૨૫]

'નંદનૃપકથા'

જૈન સાધુ સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપકથા'[૨૬] સં. ૧૬૬૬ / ઈ. ૧૬૧૦ માં રચાયેલ છે. કૃતિનાં અંતે આપેલી માહિતી મુજબ સહસ્ત્રઋષિ સિયાલકોટ (કે જે હવે પાકિસ્તાનનાં પૂર્વ પંજાબમાં છે) નો નિવાસી હતો. 'નંદનૃપકથા' ૧૦૦ સંસ્કૃત શ્લોકમાં રચાયેલી કૃતિ છે.

સહસ્ત્રઋષિએ કૃતિનાં અંતે નીતિ–બોધ વણી લીધો છે. જેમાં રાજાને પોતાનાં કર્તવ્યનું પાલન કરવા, મર્યાદા ન ઉલ્લંઘવા, પરસ્ત્રી ગમન ત્યજવા નીતિ–બોધ અપાયો છે. પરસ્ત્રી આસકત મુનુષ્યની રાજા નંદનાં જેવી ગતિ થાય છે એમ કહેવાયું છે.

શુભશીલગણિકૃત 'વૈરોચનમંત્રીની કથા' કરતાં સહસ્ત્રઋષિની 'નંદનૃપકથા' અમુક જ બાબતોમાં જુદી પડે છે. 'નંદનૃપકથા'માં મંત્રીનાં ઘરે રાજા મોજડી ભૂલી ગયાનો પ્રસંગ નથી. આ પ્રસંગ ન હોવાનાં

કારણે પ્રધાન પોતાનાં મનનાં સંદેહ અંગે રાજાને સામે ચાલીને વ્યભિચારી સંબંધ અંગે કંઈ પૂછી શક્તો નથી અને એનાં હૃદયમાં વેરાગ્નિ પ્રજવલીત રહે છે એવું આલેખન છે. વળી આ કથામાં રાજા સૂવરનાં શિકારે નહીં પણ અત્યંત મોટા એવા હરણનાં શિકારે જાય છે. શિકાર કરવા જવાનું કારણ પણ ભિન્ન છે. આ કથામાં વાવમાં પાણી પીવા પ્રથમ રાજા જાય છે અને એ ભયભીત થઈ શ્લોકને ઢાંકી દે છે. ત્યાર પછી ગયેલાં મંત્રીની નજરે ચડતાં એ રાજાની હત્યા કરવા પ્રેરાય છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વૃક્ષ ઉપર બેઠેલો માળી ડરીને ઉપરની ડાળ ઉપર ચડવા જતાં ડાળ હલે છે, જ્યારે અહીં આ ઘટના જોઈને ભયભીત થયેલો માળી ધ્રુજતા ડાળ હલે છે. 'વૈરોચનમંત્રીની કથા'માં સગર્ભા રાણી રાજાની પાછળ સતી થવા ઇચ્છે છે પણ પ્રધાન એને વારે છે. પુત્ર જન્મ થાય છે અને પુત્ર મોટો થતાં એનો રાજ્યાભિષેક કરાય છે. ત્યાર સુધી સર્વ નગરનો કારભાર વૈરોચન ચલાવે છે. જ્યારે 'નંદનૃપકથા'માં નંદ ગૂમ થતાં નંદનાં પુત્ર સુનંદને રાજગાદી પર તત્કાળ સ્થાપ્યાની વાત છે. કુંવરનું નામ પણ આ કથામાં મળે છે. 'નંદનૃપકથા'માં નંદનો પુત્ર રાજા બનતાં એની નગરચર્યાનું કોઈ ચોક્કસ કારણ જણાવાયું નથી. 'વૈરોચનમંત્રીની કથા'ની જેમ 'નંદનૃપકથા'માં રાજા માળીનાં ઘર ઉપર પોતે આવ્યો હોવાની કોઈ એંધાણી પણ મૂકતો નથી. વળી રાજા દ્વારા પિતાનાં મૃત્યુ અંગે જાણીને આક્રંદ કરવું, રાજાનો મૃતદેહ વાડીમાં પડી રહેલો જોવો, વિવિધ પશુપંખીઓ દ્વારા એના મૃતદેહને ચૂથી નાખ્યાંની વાત, અગ્નિસંસ્કારની વાત પણ 'નંદનૃપકથા' માં છે. આગળની કૃતિમાં નથી. મંત્રીનાં જીવનનો અંત પણ જુદો છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વૈરોચનનો નાનો પુત્ર વૈરોચનનાં કહેવા પ્રમાણે રાજા સમક્ષ પિતાની હત્યા કરી પ્રધાનપદ મેળવે છે. જ્યારે 'નંદનૃપકથા'માં રાજાનો અગ્નિસંસ્કાર કરી નગરમાં ફરેલો રાજા મંત્રીને નગરમાં ફેરવી જાહેર ચાર રસ્તા ઉપર એનાં શરીરનાં ટૂકડે ટૂકડા કરે છે. – આમ, કથાનાં અમુક અંશો બન્નેમાં જુદાં છે.

જોકે, બન્ને સર્જકની કથા રચવા પાછળનો હેતુ પણ ભિન્ન જોવા મળે છે. શુભશીલગણિ 'વૈરોચનમંત્રી કથા' 'પંચશતી પ્રબંધ'માં ૧૦૨માં પ્રબંધમાં પરદ્રોહ વિષય ઉપર આલેખે છે, જ્યારે સહસ્ત્રઋષિ 'નંદનૃપકથા' કૃતિનાં અંતે જણાવ્યું છે તેમ નૈતિક મૂલ્ય જાળવવા આલેખે છે. બન્ને જૈન સર્જકોની કથા વિભિન્ન હેતુ થી રચાયેલી છે. પણ એથી એ કથાનાં મુખ્ય કથયિત્વમાં ખાસ ફરક પડતો નથી.

સહસ્ત્રઋષિએ કૃતિમાં 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત શ્લોક તેમજ બીજા અનેક શ્લોકો મૂકી કૃતિનિર્માણ કર્યું છે.

'નંદોપાખ્યાન'

અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'[૨૭] ૧૦૬ શ્લોકો ઉપરાંત વચ્ચે–વચ્ચે આવતાં ગદ્યખંડો દ્વારા રચાયેલી પદ્યગદ્ય મિશ્રિત કૃતિ છે. પ્રસ્તુત કૃતિ જે પ્રતનાં આધારે સંપાદિત કરવામાં આવી છે એ પ્રતમાં અંતે જણાવ્યું

છે તેમ કોઈ દેવનામક વ્યક્તિ દ્વારા સં. ૧૭૩૧ / ઈ. ૧૬૭૫ માં એ પ્રત તૈયાર કરવામાં આવી છે. આથી આ કૃતિની રચના અજ્ઞાત સર્જક દ્વારા સં. ૧૭૩૧ / ઈ. ૧૬૭૫ પહેલાં થઈ હોવી જોઈએ. કૃતિનો ગદ્ય અને પદ્ય ભાગ ઘણાં સરળ સંસ્કૃતમાં લખાયેલો છે.

'નંદોપાખ્યાન'માં મળતાં ૧૦૬ શ્લોકોમાથી ઘણાં શ્લોક 'નંદબત્રીસી'માં મળે છે. કેટલાંક શ્લોક વધારાનાં કથાને લગતાં મળે છે. 'વૈરોચનમંત્રીની કથા' અને 'નંદનૃપકથા' કરતાં 'નંદોપાખ્યાન' કેટલીક બાબતે જુદી પડતી કૃતિછે. નંદ રાજા નંદભદ્રપુરનો રાજા દર્શાવાયો છે. 'વૈરોચનમંત્રીની કથા'માં નંદ વિશાલનગરીનો રાજા છે. 'નંદનૃપકથા'માં નંદ પાટલીપુત્ર નગરનો રાજા છે. વળી, 'નંદોપાખ્યાન'માં વૈરોચનની પત્નીનું નામ પણ દર્શાવેલું મળે છે. એનું નામ સુંદરી છે. બાકીની બે કૃતિઓમાં પ્રધાનપત્ની કે પછી ઉત્તમ પ્રકારની પદ્મિની સ્ત્રી તરીકે જ એનો ઉલ્લેખ છે. 'નંદોપાખ્યાન' માં પ્રથમ પ્રસંગ પણ ભિન્ન છે. ગવાક્ષમાં બેસીને ગીત ગાતી સુંદરીને નીચેથી પસાર થતો રાજા જુએ છે, અને કામાતુર બને છે. જ્યારે આગળની બે કૃતિઓમાં શિકારેથી પાછો ફરતો રાજા સરોવર પાસે ગૂંજારવ કરતાં ભ્રમરોને જોઈ આશ્ચર્યચક્તિ થઈ એ અંગે ધોબીને પૂછતાં ધોબી દ્વારા પદ્મિની સ્ત્રી વિશે જાણી એનાં મોહમાં પડે છે. 'નંદોપાખ્યાન'માં પ્રત્યક્ષ દર્શને રાજાની મોહયુક્ત દશા થાય છે. જ્યારે આગળની બે કૃતિઓમાં પદ્મિની સ્ત્રી વિશે માત્ર વાત સાંભળી રાજાની એવી દશા થતી જોવા મળે છે. રાજાને સુંદરી સાથે મેળાપ કરાવી આપવામાં રાજપુરોહિત અને સેવિકા મદદરૂપ થતાં જોવા મળે છે. જ્યારે આગળની બન્ને કૃતિમાં આમ નથી. કામાતુર થયેલો રાજા સેવિકાને જો મેળાપ કરાવી આપે તો કર્ણકુંડળ આપવાનું વચન આપે છે. ભોગ ભોગવ્યાં વિના પાછો ફરેલો રાજા સેવિકા દ્વારા કર્ણકુંડળની માંગણી થતાં પોતાનું કામ સિદ્ધ થયું ન હોવાથી આપવાની ના પાડે છે. સેવિકા ગાયોનાં ધનનું દૃષ્ટાંત આપે છે. 'નંદનૃપકથા' અને 'વૈરોચનમંત્રીની કથા'માં સેવિકાનું પાત્ર છે જ નહીં. એમાં તો કામાતુર થયેલો રાજા પ્રધાનનાં ઘરમાં પ્રવેશ કરવા દ્વારપાળને કર્ણકુંડળ આપે છે અને પાછા ફરતાં પોતાનાં કર્ણકુંડળની માંગણી કરતાં દ્વારપાળ દૃષ્ટાંત દ્વારા એ રાજાને કર્ણકુંડળ ગૂમાવ્યાનું કહે છે. 'વૈરોચનમંત્રીની કથા'માં રાજા વૈરોચનને કશાંકની ખરીદી કરવાના બહાને દૂર મોકલે છે. 'નંદનૃપ કથા'માં રાજા વૈરોચનને કયું કામ સોંપી દૂર મોકલે છે એ સ્પષ્ટ નથી. જ્યારે 'નંદોપાખ્યાન'માં રાજા સીમસીમાડાની રક્ષા કરવા પ્રધાન વૈરોચનને મોકલે છે. પ્રધાનનાં પાળેલા પ્રાણીઓની વાત કરીએ તો 'વૈરોચનમંત્રીની કથા', 'નંદનૃપકથા' માં પોપટ અને બિલાડી દ્વારપાળનું કાર્ય કરતાં જોવા મળે છે. જ્યારે 'નંદોપાખ્યાન'માં પોપટ અને મેના દ્વારપાળનું કાર્ય કરે છે. આ ત્રણે કૃતિઓમાં પોપટ જ મુખ્યત્વે પ્રતિબોધ આપવાનું કાર્ય કરે છે. જ્યારે અન્ય પ્રાણી કે પક્ષી એ દૃષ્ટિએ સક્રિય જણાતાં નથી. ત્રણે કૃતિઓમાં પ્રધાન પત્નીનાં એકાદ બે વચન સાંભળી રાજાની મોહ તંદ્રા તૂટતી જોવા મળે છે. 'વૈરોચન મંત્રીની કથા'માં ઉતાવળે પાછો ફરતો રાજા પોતાની મોજડી ત્યાં છોડી પ્રધાન પત્નીની મોજડી પહેરી

જતો જોવા મળે છે. 'નંદનૃપકથા' કે 'નંદોપાખ્યાન'માં આ પ્રમાણે ઘટતું જોવા મળતું નથી. 'વૈરોચનમંત્રીની કથા'માં પ્રધાન અને રાજાનાં મૂખે તરસ્યો થયેલાં હાથી અંગેની અન્યોક્તિ મૂકાયેલી જોવા મળે છે. જ્યારે 'નંદનૃપકથા'માં એવી કોઈ અન્યોક્તિ છે જ નહીં. 'નંદોપાખ્યાન'માં આવી અન્યોક્તિ સેવિકાને ઉત્તર આપતાં રાજાનાં સંવાદમાં મૂકાયેલી છે. પણ એમાં હાથીનાં સ્થાને પ્રવાસીની વાત કરવામાં આવી છે. 'વૈરોચનમંત્રીની કથા'માં પાછો ફરેલો પ્રધાન પોતાની ગેરહાજરીમાં રાજા આવ્યો હોવાનું જાણી યુક્તિપૂર્વક રાજાની મોજડી રાજાને ભેટ ધરી સત્ય વાત જાણી શંકામુક્ત થતો જોવા મળે છે. 'નંદનૃપકથા'માં વૈરોચન બનેલી વાત જાણે છે પણ એ અંગે રાજાને કંઈ પૂછતો નથી. એનાં હૃદયમાં વેરાગ્નિ પ્રજ્વલીત હોવાનું દર્શાવાયું છે. 'નંદોપાખ્યાન'માં પોપટ પાસે સર્વ હકીકત જાણી, પોપટ દ્વારા જ રાજા અને સુંદરીની નિર્દોષતાની વાત કહેવાતાં પ્રધાન એ સ્વીકારી લેતો દર્શાવાયો છે. 'વૈરોચનમંત્રીની કથા' અને 'નંદોપાખ્યાન'માં વનરક્ષક વાડીનો સૂવરે કરેલાં વિનાશની વાત આવીને કરતો જોવા મળે છે. જ્યારે 'નંદનૃપકથા'માં વનરક્ષક મોટા હરણની વાત આવીને કહે છે. 'વૈરોચનમંત્રીની કથા' અને 'નંદોપાખ્યાન' પ્રથમ વાવમાં પ્રધાન પાણી લેવા જતો દર્શાવાયો છે, અને શ્લોક વાંચી ભયભીત થયેલો એ કાદવથી એને લીપી દે છે. જ્યારે 'નંદનૃપકથા'માં પ્રથમ રાજા વાવમાં પાણી પીવા જાય છે. અને શ્લોકને વાચી ભય પામી કાદવથી એને લીપી દે છે. પ્રથમ બે કૃતિમાં બીજા ક્રમે ગયેલો રાજા કાદવ દૂર કરી શ્લોક વાચે છે, જ્યારે 'નંદનૃપકથા'માં પ્રધાન એ પ્રમાણે કરે છે. 'વૈરોચનમંત્રીની કથા', 'નંદનૃપકથા'માં રાજાનાં મનમાં શ્લોક વાચી કોઈ પ્રકારનાં કપટ આવ્યાની વાત નથી. એવું જ 'નંદોપાખ્યાન'માં પણ છે. પરંતુ આ કૃતિમાં નંદ વાવમાંથી બહાર આવી વૈરોચન સાથે એ શ્લોક બાબતે વાતચીત કરતો પણ જોવા મળે છે. એ સમયનો મંત્રીનો મનોભાવ પણ આ કૃતિમાં સારો ઝીલાયેલો છે. જેમાં મંત્રી રાજાની હત્યા કરે છે એની પાછળ પત્ની સાથે વ્યભિચારી સંબંધ બાંધવા આવેલા રાજા ઉપર વેર વાળ્યાંની વાત પણ ગૂંથાયેલી છે. બાકીની બે કૃતિઓમાં આવું કોઈ ઈંગિત નથી. એ બે કૃતિઓમાં તો મંત્રી રાજા પોતાની હત્યા કરાવી નાખશે એવી શંકાથી રાજાને મારે છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વૈરોચન રાજાને મારી એનો મૃતદેહ જમીનમાં દાટી દેછે. 'નંદનૃપકથા'માં એવો કોઈ ઉલ્લેખ નથી. 'નંદોપાખ્યાન'માં રાજાનાં મૃતદેહને વસ્ત્રમાં બાંધી મંત્રી એને કૂવામાં ફેકી દે છે અને ઉપરથી શીલા નાખી ડૂબાડતો જોવા મળે છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વાનર નામક માળી અને 'નંદોપાખ્યાન'માં બટુક નામનો બ્રાહ્મણ વૃક્ષ ઉપરથી આ ઘટના જુએ છે. 'નંદનૃપકથા'માં વૃક્ષ ઉપરથી ઘટના જોનાર માળીનું નામ નથી. 'નંદોપાખ્યાન'માં બટુક ચંપાનાં ઝાડ ઉપર ફૂલ ચૂટતાં આ ઘટના જુએ છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વૃક્ષની ઉપરની ડાળ ઉપર ચડવા જતાં ડાળ હલે છે, 'નંદનૃપકથા'માં ભય પામેલો માળી ધ્રુજતાં ડાળ હલે છે, 'નંદોપાખ્યાન'માં વૃક્ષ ઉપરથી બટુક કૂદકો મારી નીચે ઉતરતાં ડાળ હલે છે. 'વૈરોચનમંત્રીની કથા'માં મંત્રી પોતાનો અને રાજાનો ઘોડો લઈ નગરમાં પાછા ફરી રાજાને કોઈ

જંગલી જનાવરે મારી નાખી, ખાઈ ગયાની વાત કરે છે. રાજાની રાણી ગર્ભવતી હોવાથી એને પુત્ર જન્મ થયાં બાદ પુત્ર મોટો થાય ત્યાં સુધી વૈરોચન નગરનો કારભાર સંભાળે છે. 'નંદનૃપકથા'માં મંત્રી એકલો જ પાછો ફરે છે અને રાજા અંગે પોતાની અજાણતા બતાવે છે. નંદનાં પુત્રને (સુનંદ) ને રાજગાદી પર બેસાડે છે. 'નંદોપાખ્યાન'માં મંત્રી રાજાનાં ઘોડાને જંગલમાં છોડી મૂકે છે. અને પોતે એકલો જ નગરમાં પાછો ફરે છે. રાજા અંગે પોતાની અજાણતાં દર્શાવે છે. એટલાંમાં રાજાનો ઘોડો એકલો પાછો ફરતાં રાજા અંગે જાત-જાતની આશંકા સેવાય છે. નંદપુત્ર નંદક / નાંદિકને રાજગાદી પર બેસાડવામાં આવે છે. 'વૈરોચન મંત્રીની કથા'માં પિતાનાં મૃત્યુ અંગે સંદેહ જતાં નંદપુત્ર રાતે નગરચર્યા કરતો જોવા મળે છે. જ્યારે બાકીની બે કૃતિઓમાં નગરચર્યા કરવા પાછળનો એવો કોઈ હેતુ સ્પષ્ટ નથી. 'નંદોપાખ્યાન'માં નગર બહાર રહી ગયેલા બટુક અને રાજાનો પ્રસંગ વધારાનો મળે છે. બાકીની બે કૃતિઓમાં એ નથી. બાકીની બે કૃતિઓમાં તો નગરચર્યા કરવા નીકળેલો રાજા માળીનાં ઘર બહાર ઊભા રહી ગુપ્તપણે સર્વ વાત સાંભળે છે. જ્યારે 'નંદોપાખ્યાન'માં નગર દ્વારા બંધ થઈ જતાં નગરની બહાર રહી ગયેલો બટુક પોતાની પ્રિયાનાં વિરહમાં આલાપ કરે છે એ નગરમાં નગરચર્યા કરવા નીકળેલો રાજા સાંભળે છે. 'વૈરોચનમંત્રી કથા'માં નંદપુત્રનું કોઈ નામ દર્શાવાયું નથી. 'નંદનૃપકથા'માં સુનંદ અને 'નંદોપાખ્યાન'માં નંદક / નાંદિક નામ દર્શાવાયેલું છે. 'વૈરોચનમંત્રીની કથા'માં વૈરોચન કારભાર સંભાળતો હોવાથી ભયનો માર્યો માળી થોડો વખત નગરથી બહાર રહ્યો અને નંદપુત્ર રાજા બનતાં ઘરે પાછો ફરતો જોવા મળે છે. જ્યારે અન્ય બે કૃતિમાં એવો કોઈ ઉલ્લેખ નથી. 'વૈરોચનમંત્રીની કથા', 'નંદનૃપકથા'માં માળી માલણનાં આગ્રહને વશ થઈ સર્વ વૃત્તાંત સંભાવે છે. પણ 'નંદોપાખ્યાન'માં તો રાજા દ્વારા બટુકને સીધેસીધું પૂછવામાં આવ્યું છે. 'વૈરોચન મંત્રીની કથા'માં રાજા માળીનાં ઘર ઉપર એંધાણીરૂપ લખાણ લખી જાય છે એવું બાકીની બે કૃતિઓમાં નથી. 'નંદોપાખ્યાન'માં રાજા દ્વારા મંત્રીને પુષ્પવાટિકામાં આવવા આમંત્રણ આપવાની વાત પણ વધારાની છે. અપશુકન અંગેની માન્યતા 'વૈરોચન મંત્રીની કથા' અને 'નંદોપાખ્યાન' બન્નેમાં જોવા મળે છે. 'નંદોપાખ્યાન'માં પ્રધાન સુંદરીની સલાહ પ્રમાણે ધનસંપત્તિનું દાન કરે છે એવું આગળની બે કૃતિઓમાં નથી. 'વૈરોચનમંત્રીની કથા' અને 'નંદોપાખ્યાન' બન્નેમાં પ્રધાનનો નાનો પુત્ર પિતાની હત્યા કરે છે અને પ્રધાનપદ મેળવે છે. 'નંદનૃપકથા'માં અંતે થોડો ફેર જોવા મળે છે. રાજા દ્વારા પિતાની હત્યા અંગે આક્રંદ, રાજાનો મૃતદેહ પશુપંખીઓ દ્વારા ચૂથી નાખવો, રાજાનાં મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવો, પ્રધાનને નગરમાં ફેરવી ચોવટા પર એના શરીરનાં ટૂંકડે ટૂકડા કરવા – એ પ્રમાણેનો ઘટનાક્રમ જોવા મળે છે. – આમ, ત્રણે સંસ્કૃત 'નંદબત્રીસી' વિષયક કૃતિઓમાં કથાની વિગતો સંદર્ભે તથા કેટલાંક પ્રસંગો સંદર્ભે ભેદ જોવા મળે છે. આ ત્રણે 'નંદબત્રીસી' વિષયક કૃતિઓમાં 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોક કથા પ્રમાણે સહેજ ફેરફાર સાથે જે-તે પાત્રનાં મુખે તથા પ્રસંગે મૂકાયેલાં મળે છે.

ઉપર જોયેલી 'વૈરોચનમંત્રીની કથા', 'નંદનૃપકથા' અને 'નંદોપાખ્યાન' – એ ત્રણે સંસ્કૃત કૃતિઓ ઇસવીસનની ૧૫ મી સદીથી લઈને ૧૮ મી સદી સુધીમાં રચાયેલ છે. મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલી 'નંદબત્રીસી' ઓનો સમયગાળો પણ એ જ છે. આથી લગભગ એક સમાન સમયગાળામાં એક બાજુ સંસ્કૃતમાં, તો બીજી બાજુ પ્રાદેશિક ભાષામાં 'નંદબત્રીસી' વિષયક કૃતિઓ રચવાની પ્રવૃત્તિ ચાલેલી જોવા મળે છે. સ્વાભાવિક રીતે મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલી 'નંદબત્રીસી'ઓ પ્રાચીન રૂપાંતરો અને સમકાલની સંસ્કૃત 'નંદબત્રીસી' વિષયક કૃતિઓથી પ્રભાવિત થયેલી જોવા મળે છે. જેની વિગતે તપાસ પ્રકરણ છ માં કરીશું.

'નંદબત્રીસી' નું પ્રાચીન સંસ્કૃત રૂપાંતર લુપ્ત પામ્યું છે. આશરે ૧૩મી સદીમાં રચાયેલી એ કૃતિનાં ૩૨ શ્લોકો જ પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત ત્રણે સંસ્કૃત કૃતિઓ પ્રાકૃત તેમજ અન્ય રૂપાંતર આધારિત છે, પરંતુ એ દ્વારા પણ મૂળ કૃતિમાં કથાસ્વરૂપ કેવું હશે એનો ખ્યાલ આવે છે. કારણ કે, પ્રસંગોપાત્ત પેલા બત્રીસ શ્લોકોમાંથી ઘણાં ખરાં શ્લોકો પ્રયોજાયેલાં છે. પ્રસંગને ઉચિત પરંપરાગત શ્લોકોની આયોજના એ દિશામાં નિર્દેશ કરી આપે છે.

હરિવલ્લભ ભાયાણીએ 'નંદબત્રીસી' પુસ્તકમાં એક બીજી અગત્યની વાત અંગે ધ્યાન દોર્યું[૨૮] તે એ કે 'નંદદ્વાત્રિંશિકા'માં મળતાં અમુક શ્લોક અન્ય પ્રાચીન કૃતિઓમાં પણ જોવા મળે છે. આ માર્મિક શ્લોક જે–તે કથાકૃતિમાં અમુક વસ્તુ પર ભાર દેવા પ્રયોજાયેલાં જોવા મળે છે. આ ચાર શ્લોક અને એ જે કૃતિઓમાં પ્રયોજાયેલાં છે એની માહિતી નીચે મુજબ છેઃ

(૧) શ્લોક ક્રમાંક ૧૧.

यस्मिन् सुष्टे भायं नास्ति मुष्टे नैव धनागम:।
निग्रहाऽनुग्रहो नास्ति स सुष्ट: किं करिष्यमि।।

આ શ્લોક જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલા વિવરણ' (ઈ.૮૫૯ અને રત્નશેખરકૃત 'શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર' (ઈ. ૧૪૪૦) માં મળે છે.

(૨) શ્લોક ક્રમાંક ૧૨.

माना यदि विषं दद्यात् पिता विक्रयते सुतम् ।
राजा हरमि सर्वस्वं का तत्र परिदेवना।।

આ શ્લોક ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા પ્રબંધ' (૧૬મી સદી) માં મળે છે.

(૩) શ્લોક ક્રમાંક ૨૨.

तुल्यार्थं तुल्यसामर्थ्यं मर्मज्ञं व्यवसायिनम्।
अर्धराज्यहरं भृत्यं या न हन्यात् स हन्यते।।

આ શ્લોક દેવેન્દ્રસૂરિકૃત 'મૂલશુદ્ધિ પ્રકરણ' (ઈ. ૧૦૯૦), વર્ધમાનસૂરિકૃત 'જુગાડ જિણિદચરિત્ર' (ઈ. ૧૧૦૪), સારંગકૃત 'ભોજપ્રબંધ'(૧૬મી સદી) માં મળે છે.

(૪) આ ઉપરાંત અમુક 'નંદબત્રીસી' ઓમાં મળતો શ્લોક

दिवा निरीक्ष्य वक्तव्यं रात्रौ नैव च नैव य।
संवरन्ति महाधूर्ता वहे वररुचियथा।।

હર્ષવર્ધનકૃત 'સદયવત્સકથા' (૧૫ મી સદી)માં મળે છે.

ક્રમાંક ૨૨ 'तुल्यार्थं तुलयसीमार्थ्यं...' વાળો શ્લોક દેવેન્દ્રસૂરિ અને વર્ધમાનસૂરિ અમુક શબ્દોમાં થોડો ફેરફાર કરી પ્રયોજે છે. આ શ્લોક હરિવલ્લભ ભાયાણીએ દર્શાવેલ છે એ ત્રણ કૃતિઓ ઉપરાંત વધારે એક કથાગ્રંથમાં પણ જોવા મળે છે. ઇ. ૧૦૦ થી ઇ.૫૦૦ વચ્ચે રચાયેલાં 'પંચતંત્ર'નાં પહેલાં તંત્ર 'મિત્રભેદ'માં 'સિંહ અને સસલા'ની વાર્તા પછી[૨૯] દમનકનાં સંવાદરૂપે આ શ્લોક મૂકાયેલો છે. આ શ્લોક શાસન ચલાવવાનાં કૌશલ્ય સાથે સંબંધિત છે. એક રીતે આમાં રાજનીતિનો સિદ્ધાંત જોવા મળે છે.

'નંદબત્રીસી' કથાનાં મૂળઃ

એક રીતે પ્રકરણની શરૂઆતમાં 'નંદબત્રીસી' કથાનાં બે ભાગ ગણાવી, એ બન્ને ભાગને લગતાં વિવિધ રૂપાંતરોની વાત કરી, એમાં એ ચર્ચા સંદર્ભે આપણે 'નંદબત્રીસી' કથાનાં મૂળ શોધવાનો ઉપક્રમ પ્રચ્છન્નપણે આરંભી દીધો છે. અહીં પ્રકરણનાં 'અ' ભાગની સમાપ્તિ વેળાએ એ અંગે જરા પ્રગટ સ્વરૂપે વાત કરીએ.

આપણે ત્યાં બનતું આવ્યું છે તેમ કોઈ ગ્રંથ ઘણો પ્રચલિત થાય, પ્રસિદ્ધ થાય ત્યારબાદ કાળક્રમે થોડા વખતમાં એ લુપ્ત થઈ જતાં પાછળથી એની વિવિધ પાઠ પરંપરાઓ કે રૂપાંતરો જળવાયેલા જોવા મળે છે.આ પાઠ પરંપરાઓ કે રૂપાંતરોનાં આધારે પછીથી મૂળ ગ્રંથ વિશે પરિકલ્પના કરવાની રહે છે. આવું પ્રાચીન ભારતીય કથાસાહિત્યનાં અમૂલ્ય ગણાતાં ગ્રંથો જેવા કે, 'બૃહત્કથા' (ગુણાઢયકૃત), 'પંચતંત્ર' (અજ્ઞાત સર્જકકૃત) ઇત્યાદિ વિશે બન્યું છે. એવું જ 'નંદબત્રીસી'નું કથાનક ધરાવતી મૂળ કૃતિ વિશે બન્યું હોવાનું જણાય છે.

'નંદબત્રીસી' કથાનાં મૂળ શોધવા પ્રાપ્ત થતાં રૂપાંતરો પૈકી એક રૂપાંતર અગત્યનું ઠરે છે, તે છે – 'નંદપ્રબોધન' : 'બૃહત્કથા' જૈન, કાશ્મીરી, નેપાલી રૂપાંતરથી જુદાં સંસ્કૃત રૂપાંતરમાં સંભવતઃ 'નંદપ્રબોધન' કથા સ્થાન ધરાવે છે. આશરે ઇસવીસનના પહેલા કે બીજા શતકમાં રચાયેલી ગુણાઢ્યકૃત પૈશાચી પ્રાકૃત ગ્રંથ 'બૃહત્કથા' હાલ ઉપલબ્ધ નથી. પણ એના પાછળથી થયેલાં ચાર સંસ્કૃત – પ્રાકૃત રૂપાંતરો કે સંક્ષેપો મળી આવે છે. એ રૂપાંતરોમાં સંઘદાસગણિકૃત જૈન પ્રાકૃત રૂપાંતર 'વસુદેવ હિંડી', સંસ્કૃત રૂપાંતરોમાં બુધસ્વામીકૃત નેપાલી વાચના રજૂ કરતું 'બૃહત્કથાશ્લોકસંગ્રહ', ક્ષેમેન્દ્રકૃત કાશ્મીરી વાચના રજૂ કરતું 'બૃહત્કથામંજરી', સોમદેવકૃત કાશ્મીરી વાચના રજૂ કરતું 'કથાસરિત્સાગર'નો સમાવેશ થાય છે. આગળ 'નંદપ્રબોધન' સંદર્ભે ચર્ચા કરતાં જણાવ્યું હતું તેમ 'બૃહત્કથા'નું આ સિવાયનું એક સંસ્કૃત રૂપાંતર સંશોધીત થયું છે. વી. રાઘવને 'શૃંગારપ્રકાશ' પરના મહાનિબંધમાં ગુણાઢ્યકૃત 'બૃહત્કથા'ના પ્રાપ્ત થતા ઉલ્લેખોની ચર્ચા કરી, ભોજને જ્ઞાત 'બૃહત્કથા'નું સંસ્કૃત રૂપાંતર રાજા દુર્વિનીતકૃત હોવાની સંભાવના રજૂ કરી છે. રાજા દુર્વિનીત ઈ.ના છઠ્ઠા સૈકામાં થઈ ગયો હોવાથી આ રૂપાંતર પણ એ જ સૈકામાં થયું હોવાનું માની શકાય. ભોજે 'બૃહત્કથા'ની 'નંદપ્રબોધન' કથાનો ટાંકેલો શ્લોક 'નંદબત્રીસી'નાં મૂળ રાજા દુર્વિનીતકૃત લુપ્ત સંસ્કૃત રૂપાંતર અને એથી પણ આગળ 'બૃહત્કથા'માં હોવાની સંભાવના રજૂ કરે છે. આમ, 'નંદબત્રીસી' કથાનાં મૂળ ઈસવીસનના પહેલા કે બીજા શતકમાં રચાયેલી 'બૃહત્કથા'માં હોવાની સંભાવના છે.

ઈસવીસનની આરંભની સદીથી લઈને છેક ૧૮મી સદી સુધી વિવિધ રૂપાંતરકારો અને સર્જકો દ્વારા વિભિન્ન ભાષામાં, જુદાં-જુદાં પ્રયોજન અને હેતુસર, મૂળ કથાના વિવિધ ઘટકોમાં વધારા ઘટાડા સાથે 'નંદબત્રીસી'નું કથાનક સતત પુષ્ટ થતું રહ્યું છે. પરિણામે મૂળ કથાના સંવિધાનમાં ધીમું અને આછું પરિવર્તન થતું રહ્યું છે.

શામળકૃત 'નંદબત્રીસી'નો સમીક્ષાત્મક અભ્યાસ

પાઠ ચર્ચા

પ્રસ્તુત પ્રકરણનાં 'આ' વિભાગનું પ્રયોજન પાઠસંશોધન નથી, પણ શામળકૃત 'નંદબત્રીસી'ની કાવ્યશાસ્ત્રીય સીમક્ષા કરવાનું છે. શામળની આ કૃતિની સમીક્ષા કરવા ઇંદિરા મરચંટ દ્વારા સંપાદિત 'નંદબત્રીસી'[૩૦] નાં પાઠનો જ ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કર્યો છે. પણ એ પ્રકારનો સમીક્ષાત્મક અભ્યાસ કરતાં પૂર્વે શામળકૃત 'નંદબત્રીસી'નાં પાઠ અંગેની કેટલીક ચર્ચા કરવી આવશ્યક જણાતાં એ અંગે સંક્ષેપમાં અભ્યાસ રજૂ કર્યો છે :

શામળકૃત 'નંદબત્રીસી'નાં અનેક સંપાદનો થયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નીચે પ્રમાણેનાં સંપાદનો ગણાવી શકાય :

(૧) 'પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક', અંક-૨, ૧૮૮૬, પૃ. ૬૩.

(૨) 'નંદબત્રીસી', 'બૃહત્ કાવ્યદોહન' ગ્રંથ -૧; ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ; 'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ; સુધારેલી સાતમી આવૃત્તિઃ ઈ. ૧૯૨૫ ; પૃ. ૩૩૮ થી ૩૮૪. (સંભવતઃ પ્રથમ આવૃત્તિ સં. ૧૯૪૨/ ઈ. ૧૮૮૬)

(૩) 'શામળકૃત નંદબત્રીસીની વાર્તા', ભટ્ટ દામોદર મહાશંકર, પ્રથમ આવૃત્તિ : ૧૮૮૮.

(૪) 'નંદબત્રીસી સટીક', જગજીવન દયાળજી મોદી, બીજી આવૃત્તિ : ૧૯૨૨

(૫) 'નંદબત્રીસી', હીરાલાલ વ્રજભુષણદાસ શ્રોફ અને જગજીવનદાસ દયાળજી મોદી, બીજી આવૃત્તિઃ ઈ. ૧૯૨૨, પૃ. ૧ થી ૭૧.

(૬) 'નંદબત્રીશીની વાર્તા', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, –

(૭) શામળ ભટ્ટ કૃત 'નંદબત્રીસી અને કસ્તુરચંદનીવારતા', મરચંટ ઇંદિરા, સહ સંપાદકઃ - રમેશ જાની; મુંબઈ : ભારતીય વિદ્યાભવન, ઈ. ૧૯૬૭, પૃ. ૧ થી ૩૯.

આ સાત સંપાદનોમાંથી ક્રમાંક ૨, ૫ અને ૭ મારા જોવામાં આવ્યાં છે. સંપાદન ક્રમાંક ૨ 'બૃહત્ કાવ્યદોહન' ગ્રંથ -૧ માં ઇચ્છારામ દેસાઈએ અને સંપાદન ક્રમાંક ૫ માં હીરાલાલ શ્રોફ તથા જગજીવનદાસ મોદીએ 'નંદબત્રીસી' નું સંપાદન કરવા કંઈ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે એ અંગે કોઈ પ્રકારની માહિતી જે–તે સંપાદિત પુસ્તકમાં આપી નથી. બન્ને સંપાદનોમાં જુદી–જુદી પ્રતોનાં પાઠાંતરો પણ નોંધવામાં આવ્યાં નથી તથા બન્નેમાં સંપાદીત પાઠની ભાષા પણ મોટા ભાગે પ્રમાણમાં અર્વાચીન કહી શકાય તેવી છે. કડી સંખ્યા પણ વધારે છે. ઈચ્છારામ દેસાઈ સંપાદિત પાઠમાં ૬૩૨ કડી અને હીરાલાલ શ્રોફ તથા જગજીવનદાસ મોદી સંપાદીત પાઠમાં ૧૩૧૨ પંક્તિ (૬૫૬ કડી) છે. આ બન્ને સંપાદનોની સરખામણીએ ક્રમાંક ૭ સંપાદન વધુ શાસ્ત્રીય અને પ્રમણભૂત ગણી શકાય એ પ્રકારનું છે. સંપાદન ક્રમાંક ૭ માં હરિવલ્લભ ભાયાણીનાં માર્ગદર્શન હેઠળ ઈંદિરા મરચંટે વિભિન્ન છ હસ્તપ્રતોનાં આધારે અધિકૃત પાઠ તૈયાર કર્યો છે. શામળનાં જ સમકાલીન અને રખીદાસનાં આશ્રિત ગુમાન બારોટ દ્વારા લખાયેલી પ્રતને મુખ્ય પ્રત તરીકે સ્વીકારી પાઠ સંશોધન-સંપાદન કરાયું છે. ઉપયોગમાં લીધેલી હસ્તપ્રત અંગે વિગતમાહિતી, વિભિન્ન પાઠાંતરોની નોંધ ઈંદિરા મરચંટ દ્વારા સંપાદિત પુસ્તકમાં મળે છે. એમાં 'નંદબત્રીસી'નાં પાઠની કડી સંખ્યા ૪૬૨ છે. મૂળ ભાષાસ્વરૂપને જાળવવાનો પ્રયત્ન પણ જોઈ શકાય છે.

ઇંદિરા મરચંટ દ્વારા સંપાદિત પાઠને અન્ય સંપાદકો દ્વારા સંપાદિત પાઠ સાથે સરખાવતાં એક ભેદ તરત જ ધ્યાનમાં આવે છે, તે એ કે ઇંદિરા મરચંટ સંપાદિત 'નંદબત્રીસી' પાઠની કડી સંખ્યા બાકીનાં

પાઠ સંપાદનો કરતાં ઓછી છે. કડી સંખ્યાનો આધાર ઉપયોગમાં લીધેલી જે–તે હસ્તપ્રત ઉપર રહેલો છે. મધ્યકાલીન સાહિત્ય હસ્તલિખિત પ્રતોમાં જળવાયેલું છે. કોઈપણ કૃતિની જૂનામાં જૂની પ્રત તથા એ પછીની પ્રતોને જોતાં મૂળ કૃતિમાં થયેલ બાદબાકી, કરતાં ઉમેરણ/ ક્ષેપકનું તરત જ ધ્યાનમાં આવે છે. જો કે આમાંથી બાદબાકી કરતાં ઉમેરણ / ક્ષેપકનું વલણ જ વિશેષ જોવા મળે છે. આવું શામળકૃત 'નંદબત્રીસી'માં પણ બન્યું છે. ઇંદિરા મરચંટે શામળનાં સમકાલીન અને રખીદાસનાં આશ્રિત એવા ગુમાન બારોટ દ્વારા લિખિત પ્રતને મુખ્ય પ્રત તરીકે સ્વીકારી પાઠ સંશોધન –સંપાદન કર્યું છે. જ્યારે જોવામાં આવેલાં બાકીનાં બે સંપાદનોમાં ગુમાન બારોટ દ્વારા લિખિત પ્રતનો ઉપયોગ કરેલો જણાતો નથી. પરીણામે શામળનાં સમયની સૌથી નિકટતમ પ્રતમાં અને ત્યારબાદ પાછળથી થયેલી પ્રતોમાં કડી સંખ્યા બાબતે તફાવત નજરે પડે છે.

મૂળ કૃતિમાં થયેલા આ પ્રકારનાં ફેરફારો, ફેરફારો થવા પાછળનું કારણ, કૃતિનાં પરિવર્તીત થતાં ઘટકો કે વિકારી અંગો, ફેરફારો કૃતિનાં આંતરિક સૌંદર્યને પોષક બને છે કે અવરોધક ઇત્યાદિ મુદ્દાઓને શામળકૃત 'નંદબત્રીસી'નાં પાઠ અંગેની ચર્ચા સંદર્ભે તપાસવાનો પ્રયત્ન અહીં છે.

એ મુદ્દાઓની ચર્ચા કરવા ઇંદિરા મરચંટ સંપાદિત શામળકૃત 'નંદબત્રીસી'માં નોંધેલા સાત પ્રતોનાં પાઠાંતરોનો અહીં ઉપયોગ કર્યો છે. ઉપરાંત વધારાની એક પ્રત જે 'પ્રાચ્ય વિદ્યામંદિર', વડોદરા[૩૧] માંથી પ્રાપ્ત થાય છે એનો પણ ઉપયોગ કર્યો છે. જ્યાં જરૂર જણાઈ ત્યાં 'બૃહત્ કાવ્યદોહન' ગ્રંથ-૧માં ઇચ્છારામ દેસાઈ સંપાદિત અને હીરાલાલ શ્રોફ તથા જગજીવનદાસ મોદી દ્વારા સંપાદિત 'નંદબત્રીસી'નો પણ ઉપયોગ કર્યો છે. આમ, કુલ ૮ પ્રત અને ઇંદિરા મરચંટે કરેલા સંપાદન સહિત અન્ય બે સંપાદનો ઉપરથી એ મુદ્દાઓની ચર્ચા હાથ ધરી છે.

પ્રતો જે હસ્તપ્રત ભંડારમાંથી પ્રાપ્ત થાય છે એ સ્થાન, પ્રત ક્રમાંક અને પ્રત લખ્યાસંવત આ પ્રમાણે છે :

પ્રત ઓળખ	**હસ્તપ્રત ભંડારનું નામ**	**પ્રત ક્રમાંક**	**પ્રત લખ્યા સંવત**
ક	ગુજરાત વિદ્યાસભાના હસ્તપ્રત સંગ્રહ/ ગુ. વ. સો	૮૦૫	સં. ૧૭૯૬/ ઈ.૧૭૪૦ (શામળનાં સમયની ગુમાન બારોટે કરેલી નકલ)
ખ	ગુ. વ. સો	૭૬૭	સં. ૧૮૬૧ / ઈ. ૧૮૦૫
ગ	ગુ. વ. સો	૮૬૨	સં. ૧૮૬૨ / ઈ. ૧૮૦૬

પ્રત ઓળખ	હસ્તપ્રત ભંડારનું નામ	પ્રત ક્રમાંક	પ્રત લખ્યા સંવત
ઘ	ગુ. વ. સો	૮૦૬	સં. ૧૮૯૨ / ઈ. ૧૮૩૬
ચ	ફાર્બસ ગુજરાતી સભા	૭૨	સં. ૧૮૯૮ / ઈ. ૧૮૪૨
છ	ગુ. વ. સો.	૨૫૮	સં. ૧૮૯૮ / ઈ. ૧૮૪૨
જ	પ્રા. વિ. મં / પ્રાચ્ય વિદ્યા મંદિર હસ્તપ્રત ભંડાર	૮૬૩	સં. ૧૯૦૬ / ઈ. ૧૮૫૦

શામળના સમયમાં થયેલા ગુમાન બારોટ લિખિત પ્રત 'ક' સૌથી પ્રાચીન છે. ત્યારબાદ મળતી 'ખ' પ્રત લગભગ ૬૫ વર્ષનાં સમયગાળા બાદ લખાયેલી છે. 'ગ' પછી 'ઘ' પ્રત ૩૦ વર્ષનાં અંતરે લખાયેલી છે. 'ચ', 'છ' પ્રત 'ઘ' પ્રત કરતાં ૬ વર્ષનાં અંતરે લખાયેલી છે. અને 'જ' પ્રત 'ચ' અને 'છ' પ્રત પછી ૮ વર્ષના અંતરે લખાયેલી છે. આમ, 'ક' પ્રત અને 'જ' પ્રત વચ્ચે લગભગ ૧૧૦ વર્ષનું અંતર છે. સ્વાભાવિક રીતે આ બન્ને પ્રતોની તુલના કરતાં મહત્ત્વનો ભેદ મળવાનો. એટલું જ નહીં 'ક' પછી ૬૫ વર્ષનાં અંતરે લખાયેલી 'ખ' પ્રત કે તેથી વધારે અંતરે લખાયેલી 'ગ', 'ઘ', 'ચ', 'છ' પ્રતનાં પાઠમાં પણ મહત્ત્વનો ભેદ જોવા મળે છે.

વિવિધ પ્રતોમાં જોવા મળતા ફેરફારો :

(૧) ધ્વનિપરિવર્તનનાં કારણે કેટલાક શબ્દોમાં સહેજ ફેરફાર જોવા મળે છે. જેમ કે, 'ક' પ્રતમાં કડી ૬ માં 'નંદનનગર', 'વૈરોચન' નામમાં સહેજ ફેરફાર થઈ અન્ય પ્રતોમાં નગરનું નામ 'નંદનગર' અને પ્રધાનનું નામ 'વઈલોચન / વરલોચન / વૈઈલોચન / વૈલોચન' એ પ્રમાણે મળે છે. તેવી રીતે 'ક' પ્રતમાં કડી ૪૦ માં 'કૂરવ' શબ્દ બાકીની પ્રતોમાં 'કઊરવ', 'કૌરવ', 'કૌઉરવ' ઇત્યાદિ મળે છે.

(૨) ચરણ, પંક્તિ કે કડીની ગેરહાજરી, બાદબાકી અમુક પ્રતોમાં થયેલી જોવા મળે છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૧૬૬, ૧૬૭ ની પ્રથમ પંક્તિઓ એકે પ્રતમાં મળતી નથી. કેટલીક પ્રતોમાં આખીને આખી કડીની બાદબાકી જોવા મળે છે. જેમકે, પ્રત 'ક' માં કડી ૨૬૬ છે એ અન્ય કોઈ પ્રતમાં નથી. એ જ રીતે કડી ૧૦૯ 'છ' પ્રતમાં, કડી ૧૩૭ થી ૧૪૧ એ 'જ' પ્રતમાં, કડી ૨૨૯ થી ૨૩૪ એ 'ઘ' પ્રતમાં નથી.

(૩) ચરણ, પંક્તિ કે કડીનું ઉમેરણ, ક્ષેપક અમુક પ્રતોમાં થયેલું મળે છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૨૦૫ છે. અન્ય પ્રતોમાં - 'ખ', 'ઘ', 'છ', 'જ' માં એ પહેલાં નીચેની કડી વધારાની મળે છે –

'લીધા હાથી ઘોડા કામ, પ્રતીત જોઈને આપા દામ ગલીઓ થાઅ કે મરતે મરે, તેહમાં વેચનારો સું કરે.'

આ તો માત્ર એક કડીનું દષ્ટાંત જોયું પણ કેટલાક સ્થાને અમુક પ્રતોમાં કડીઓની કડીઓનું ઉમેરણ થયેલું જોવા મળે છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૯૩ છે. 'છ' પ્રતમાં એ કડી પૂર્વે વધારાની ચાર કડીઓ મળે છે. સ્વાભાવિક રીતે આ કડીઓ પાછળથી જ ઉમેરાયેલી છે, એ સ્પષ્ટ છે.

(૪) અમુક ચરણ, પંક્તિ કે કડીનાં સ્થાને અન્ય ચરણ, પંક્તિ કે કડી પ્રયોજાતાં અમુક પ્રતોમાં જોવા મળે છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૭૨-૭૩ આ પ્રમાણે છે :

'વણીક તે જે નહી આકરો ગાંમ તે જેહમાં હોયે કરો
નદી તે જેહેમાં હોયે નીર પ્રતાપ દેખાડે તે તો પીર. ૭૨.

નારી તે જે ચાલે નમી વાત તે જે સહુને ગમી
પટેલ તે જે પ્રમાણે પંચ જાંણ પુરુખ તે જાંણે સંચ.' ૭૩.

કડ ૭૨ 'ખ', 'ઘ', 'ચ', 'છ', 'જ' માં આ પ્રમાણે છે –

'પંડીત તે જે પરખે પુરાણ, સાહસિક જે હોએ સુજાણ
જોગી તે જે પાલે રોગ, વૈદ તે જે પરખે રોગ.'

તેવી રીતે કડી ૭૩ 'ખ', 'ઘ', 'છ' પ્રતમાં ભિન્ન અને 'ગ', 'ચ' પ્રતમાં ભિન્ન–ભિન્ન જોવા મળે છે. આ ઉપરાંત કડી ૭૩ પછી 'ખ', 'ઘ', 'ચ', 'છ', 'જ' પ્રતોમાં વધારાની ત્રણ પંક્તિઓ મળે છે, 'ગ' પ્રતમાં એક પંક્તિ વધારે છે.

(૫) ચરણં, પંક્તિ કે કડીનું સ્થાનફેર / ક્રમ ફેર અમુક પ્રતોમાં જોવા મળે છે. જેમકે 'ક' પ્રતમાં કડી ૧૮ ની પહેલી પંક્તિ આ પ્રમાણે છે – 'જોવુ પરજા સૂખી કે દુઃખી સુણુ વાત જોવુ બહુમુખી' આ પંક્તિનાં બે ચરણો બાકીની પ્રતોમાં ઉલટાવાયા છે. તેવી જ રીતે 'ક' પ્રતમાં કડી ૮૯ની બીજી પંક્તિ બન્ને ચરણ 'ખ', 'ઘ', 'જ' પ્રતમાં; 'ક' પ્રતમાં કડી ૧૦૨ ની બીજી પંક્તિનાં બન્ને ચરણ 'ખ', 'ઘ', 'ચ', 'છ', 'જ' માં ઉલટાવાયા છે. સોગઠા બાજીની રમતનાં પ્રસંગમાં 'ક' પ્રતને બાદ કરતા બાકીની

બધી જ પ્રતોમાં પદ્મિનિનાં સંવાદ બાદ પ્રધાનનો સંવાદ છે, જ્યારે 'ક' પ્રતમાં પહેલા પ્રધાનનો અને પછી પદ્મનીનો સંવાદ છે.

ક્યારેક લહિયાએ કરેલી ભૂલનાં કારણે કે કોઈ અન્ય કારણોસર ભ્રષ્ઠ પાઠ થયેલો જોવા મળે છે. જેમાં ચરણ / પંક્તિ / કડીનું સ્થાન ફેર થયેલું છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૮૨ થી ૯૦ માં કામાતુરને મનમાં ભય કે લજ્જા હોતા નથી – એ બાબતે નીતિ–બોધ મૂકવામાં આવ્યો છે. 'જ' પ્રતમાં કડી ૮૪ પૂર્વે અમુક વધારાની કડીઓ જોતા પાઠ ભ્રષ્ટ જણાય છે –

'જોતુ રાષે દુણીને દૂધ, એ વાતની ધર જો સુધા
માંહારા મનમાં નથી તાંહા પેદ તુ મનમાં આંણે છે ભેદ
મુરષ મીત્ર વેરીને ઠાંમ, વણસાડે ષાવન નું કાંમ.
મનમાં ડાહાપણ હોયે આજ, ઉઘાડ તાહારૂં સરસે કાજ.'

વાસ્તવમાં આ કડીઓ રાજાનાં દ્વારપાળ સાથેનાં સંવાદમાં કડી ૧૦૨-૧૦૩ રૂપે આવે છે. એના સ્થાને 'જ' પ્રતમાં કડી ૮૪ પૂર્વે એ મૂકાયેલી હોય કડીઓનાં મૂળ સ્થાનફેર થી પાઠ ભ્રષ્ટ બન્યો છે.

(૬) સંસ્કૃત શ્લોકની ગેરહાજરી /બાદબાકી અમુક પ્રતમાં જોવા મળે છે. 'નંદબત્રીસી'માં શામળે પોતાની વાતનાં સમર્થનમાં બે સંસ્કૃત શ્લોક પ્રયોજ્યાં છે. પાછળનાં સમયમાં થયેલી પ્રતોમાં એક શ્લોકની ગેરહાજરી/ બાદબાકી જોવા મળે છે. 'ક' પ્રતમાં કડી ૮૧રૂપે આપેલો શ્લોક આ પ્રમાણે છે–

'કામાતુરાણાં ન ભયં ન લજ્જા દયર્થાતુરાણાં
ન ચ બંધુમિત્રં, ચિંતાતુરાણાં
ન સુખં ન નિદ્રા ક્ષુધાતુરાણાં ન બલં ન તેજ.'

પ્રત 'છ' અને 'જ'માં આ શ્લોક મળતો નથી.

(૭) સંસ્કૃત શ્લોકનું ઉમેરણ પાછળથી અમુક પ્રતોમાં થયેલું જોવા મળે છે. જેમ કે, કડી ૪૬ પછી 'ક' પ્રત સિવાયની બાકીની કેટલીક પ્રતોમાં અન્ય વધારાની કડીઓ અને એક સંસ્કૃત શ્લોક મળે છે. 'ખ' અને 'ઘ' પ્રતમાં –

'અસ્ત્રી નંદાથી ખોઈએ પ્રાણ, સમઝે કો ચતુર સુજાણ.

શ્લોક

અહીં કીડા વણીક મીત્ર, બીલઆ વીસ ભોજનાં,
તજે તજો સીતા વૃદ, જદી કલાંણ મીછતી.'

'ચ' પ્રતમાં આ સ્થાને –

'અસ્ત્રિ નંદેથી ખોઈએ પ્રાણ, સમજે જે કોઈ ચતુર અજાણ,
ચતુ વાત વીચારિ ખસે, મુખર નર મનમાં હસે.

અસ્લોક

અહી કીડા વણિકમિત્રો, નીલયા વાસ ભોજનં,
તતત્વં ઓસીતા અંગે, સદા કલ્યાણ મિછતિ.

કવીત

કોટી ઉપાઅ કરે પરપંચસુ, પ્રીત ધારે સ્ત્રી મંન લાગે,
મંન મળે ધન હાંણુ લાગે, પીછે જાએ જમપુરિ કે આગે.

ચોપાઈ

અરે રાય પુછો મનફરિ, પરબોધ સિક્ષા પરિહરે કરિ
રાજા કેહે સુહ છે સ્ત્રાપ, હેવી અનેક જાણુ છઉ લાખ
સાંભલ જો નરપતી શ્રીનાથ, અસર ધારો ઉપરથી હાથ
અમરથા હમો કીજીએ, એ એધાણિ ઓલખિ લિજીએ.'

'છ' પ્રતમાં પણ ઉપર પ્રમાણેનો વધારાનાં શ્લોક અને વધારાની ભિન્ન કડીઓ મળે છે. 'જ' પ્રતમાં તો બે વધારાનાં શ્લોક અને છ વધારાની કડીઓ આ સ્થાને મળે છે. આમ, 'ખ' પ્રતથી 'જ' પ્રત સુધી એ સ્થાને શ્લોક અને કડીઓમાં કેવાં-કેવાં ફેરફારો, ઉમેરણો થયાં છે એનો ખ્યાલ આવે છે.

'ક' પ્રતમાં કડી ૫૫ રૂપે 'દર્શનાત્ હરતે...' વાળો સંસ્કૃત શ્લોક છે, ત્યારબાદ આવતી કડી ૫૬, ૫૭, ૫૮ એકે પ્રતમાં જોવા મળતી નથી. 'જ' પ્રતમાં એ સ્થાને અન્ય ત્રણ શ્લોકો છે. 'દર્શનાત હરતે...' વાળા શ્લોક પછી વધારાનાં ત્રણ શ્લોક મૂકાતાં કુલ ચાર શ્લોક એ સ્થાને મળે છે. આ 'જ' પ્રતમાં કડી ૧૦૭ પૂર્વે બે વધારાનાં શ્લોક મૂકાયેલાં મળે છે.

આમ, સૌથી મોડી લખાયેલી પ્રત 'જ' માં વધારાનાં સંસ્કૃત શ્લોક અન્ય પ્રતોની સરખામણીએ મોટી સંખ્યામાં મળે છે. શ્લોકો ક્યાંક અશુદ્ધ અને ભ્રષ્ટ પણ છે.

(૮) હિન્દી કે વ્રજ ભાષાની વધારાની પંક્તિ કે કડીઓનું ઉમેરણ પાછળની કેટલીક પ્રતોમાં થયેલું

જોવા મળે છે. જેમ કે, 'જ' પ્રતમાં કડી ૧૦૭ પૂર્વે વધારાનાં બે શ્લોક અને બે હિંદી ભાષાની છાંટવાળી કડીઓ જોવા મળે છે. તે કડીઓ–

'નારી કેહે મેરો પ્રાંણ પતિ જન, બેની કેહે મેરો સુંદર ભઈઆ;
નની ફ્ફે આજું તારા મલે કર દેત આસીસ જીવોજી જુઘૈઆ. ૧
માત કેહે મેરો પુત સપુત, બે સીરપે નાકું જાય
બલૈઆ આજ બડો કુલમે એક માનવ, જાહી ગંવિ સપેતરૂપેઆ.' ૨.

(૯) કેટલાંક ફેરફારો ઘણાં ગૌણ જોવા મળે છે. એવા ફેરફારોથી ખાસ ફરક પડતો નથી. સમાનાર્થી શબ્દમાં ફેરફારો આવો જ એક ફેરફાર છે. જેમકે, કડી ર૩માં ત્રીજા ચરણમાં 'ક' પ્રતમાં 'શનેશને તે પાસે ગયો' એવો દ્વિરુક્તિ શબ્દ છે. 'ખ' પ્રતમાં 'હલવે હલવે તે પાસે ગઓ', 'ગ' માં 'સાંસતે સાંસતે તે પાસે ગયો', 'ચ' પ્રતમાં 'સને સને' અને 'છ' માં 'શને શને તેહેની પાસે ગઓ' મળે છે. તેવી રીતે 'ક' તથા અન્ય અમુક પ્રતોમાં 'ધોબી' શબ્દ છે. 'ગ'માં એનો સમાનાર્થી 'પરીયટ' શબ્દ છે. કડી ૨૫ માં 'ક' પ્રતમાં 'ધોબી' અને બાકીની બધી પ્રતોમાં 'પરીઅટ' શબ્દ છે. કડી ૨૮ અને ૩૧ માં બધી પ્રતોમાં 'પરીસટ' શબ્દ જોવા મળે છે. આ પ્રકારનાં ફેરફારથી કોઈ ફરક પડતો નથી.

(૧૦) કેટલાક સ્થાને વાતની પૂર્તિ કરવા માટે કે વાતને વધારે રસિક રીતે પ્રગટ કરવા વધારાની પંક્તિ કે કડી મૂકાયેલી મળે છે. જેમકે, 'ક' પ્રતમાં કડી ૩૭ આ પ્રમાણે છે.

'નગ્રચરચા જોવા આવીયો માટે સાહે નથી લાવીયો
મધ્યરાતે બેઠો નું ધૂવે બીક મનમાં કોહીની નવ જુએ.'

આ બે પંક્તિની વચ્ચે વધારાની એક પંક્તિ કેટલીક પ્રતોમાં જોવા મળે છે. 'ખ', 'ઘ' માં -

'સંદે એક ઉપનો છે મુને તે માટે પૂછું છૂ તને'.

તેવી રીતે 'છ' અને 'જ' પ્રતમાં પણ જોવા મળે છે. કડી ૬૧ પહેલાં 'ખ', 'ગ', 'ઘ', 'ચ', 'છ', 'જ' બધી જ પ્રતોમાં એક વધારાની પંક્તિ મળે છે.

'જો જાંણે માહરો પરધાન, તેવાતે ઘરે મુજ નાંમ (ભાંન).' અને ત્યારબાદ કડી ૬૧ મૂકાઈ છે. આમ, કથાને વધારે રસીક રીતે પ્રગટ કરતી પંક્તિ પાછળથી ઉમેરાયેલી જોવા મળે છે કે જે મૂળ 'ક' પ્રતમાં નથી.

(૧૧) ક્યાંક જુદી–જુદી પ્રતોમાં એક સમાન કડી જુદાં–જુદાં સ્થાનોએ મળે છે. જેમ કે, 'ખ', 'ઘ',

'ચ', 'જ' માં કડી ૨૩૪ પહેલાં જે કડી છે તેવી જ કડી 'ગ', 'ચ' પ્રતમાં કડી ૨૪૯ પહેલાં છે.–

'પડો દાઘ મારે હદે, તેટલે ન આંણિ જાત,

જમ અક્ષર છઠિ તણા, જમ પડિ બિબે ભાન.'

આ પ્રકારની પ્રચલિત પંક્તિ જુદી–જુદી પ્રતમાં જુદાં–જુદાં સ્થાને મળે છે.

(૧૨) અમુક પ્રતમાં પંક્તિની પૂર્તિ કરતાં વધારાનાં શબ્દો મળે છે.

જેમકે, કડી ૬૫ ની પ્રથમ પંક્તિ 'ક' પ્રતમાં –

'કેહે સાંમદ 'સાંભલ રે રાજ સૂ ઘોડાનું જરૂરી કાજ.'

અહીંયા બીજા ચરણમાં 'હવડાં / હમણાં' શબ્દ અન્ય પ્રતોમાં પાછળથી ઉમેરાયો છે.

આમ, ઉપર જણાવેલા નાના–મોટાં ફેરફારો શામળકૃત 'નંદબત્રીસી'ની જુદી–જુદી પ્રતોમાં જોવા મળે છે. આવાં ફેરફારો ક્યાં કારણોસર થાય છે એ પણ એક તપાસનો મુદ્દો છે :

(૧) **લહિયાઓના કારણે થતા ફેરફારો** :- જોયું તેમ ચરણ, પંક્તિ કે કડીની ગેરહાજરી, ઉમેરણ, સ્થાનફેર કે ક્રમફેર, અન્ય વધારાની કડીઓ, સંસ્કૃત શ્લોકની ગેરહાજરી કે ઉમેરણ, અન્ય ભાષાની કડીઓનો ક્ષેપક ઇત્યાદિ ફરેફારોમાં લહિયો કારણભૂત હોય છે. ક્યારેક દષ્ટિભ્રમનાં કારણે, તો ક્યારેક જે–તે પ્રતમાંથી ઉતારતો હોય એ પ્રતમાં પહેલેથી એ પ્રકારનાં ફેરફારો થયેલા હોય એનાં કારણે એનું પુનરાવર્તન કરતાં, ક્યારેક પોતાની સૂઝ પ્રમાણે થોડા ફેરફાર કરતાં લહિયાઓનાં કારણે પાઠ ભ્રષ્ટ બને છે. જેમકે, દરેક પ્રતની શરૂઆતમાં લહિયાઓએ ગણેશને નમન કરી આરંભ કર્યો છે. ઉપરાંત અન્ય કેટલાક દેવી–દેવતાનું સ્મરણ પણ સાથે–સાથે કરતાં જોવા મળે છે.

'ક' પ્રતમાં શરૂઆતમાં –

'શ્રી ગણેશાય નમઃ શ્રી મહાલખમીજી સત છે. શ્રી બટુક ભૈરવાયજી.'

'ખ' પ્રતમાં શરૂઆતમાં –

'શ્રી ગણેશાઅ નામાઃ શ્રી રણછોડજીની કથા એક રીતે રાજા નંદબત્રીસીનું આખાન લખુ છે.'

'ક' પ્રતમાં કડી ૨ માં –

'શ્રી ધીગડમલ મોટો દેવ સૂરનાયક આથે સહુ સેવ, બટુકનાથ મોટો મહારાજ જેહ પ્રતાપ થકી રેહે બાજ.'

અહીં 'ક' પ્રતમાં બીજી કડીનાં ત્રીજા ચરણમાં 'બટુકનાથ'નો ઉલ્લેખ છે. 'ક' પ્રતની શરૂઆતમાં

લહિયાએ '... શ્રી બટુક ભૈરવાયજી'ની સ્તુતિ કરીછે. 'ખ' પ્રતમાં આરંભે '...શ્રી રણછોડ'ની સ્તુતિ છે. 'ખ' પ્રતમાં બીજી કડીનાં પ્રથમ ચરણમાં 'ધીગડમલ' સાથે 'સી રણછોડ' લખેલું મળે છે. એજ પ્રમાણે 'ગ', 'ઘ', 'ચ', 'છ', 'જ' – એ બધી પ્રતોમાં 'રણછોડ' લખેલું મળે છે. અહીં એક સંભાવના એ રહે છે કે બીજી કડીનાં પ્રથમ ચરણમાં 'શ્રી રણછોડ' અને ત્રીજા ચરણમાં 'બટુકનાથ' શામળની મૂળ કૃતિમાં ન પણ હોય અને લહિયાએ પોતાની રીતે એ પ્રયોજ્યાં હોય, ઉમેરણ કર્યું હોય.

(૨) સમયનાં પરિમાણોનાં કારણે થતા ફેરફારો : - સમયનાં પરિમાણનાં કારણે ભાષાનાં સ્વરૂપમાં ફેરફારો થાય છે. આ ભાષા સ્વરૂપમાં થતાં ફેરાફારો ચાર પ્રકારના હોય છે. – ધ્વનિપરિવર્તન, શબ્દભંડોળમાં પરિવર્તન, અર્થ પરિવર્તન અને વ્યાકરણી પરિવર્તન અહીં શામળકૃત 'નંદબત્રીસી'ની જુદી–જુદી અને જુદાં–જુદાં સમયે લખાયેલી પ્રતોને જોતાં ધ્વનિપરિવર્તન, શબ્દભંડોળમાં પરિવર્તન અને વ્યાકરણી પરિવર્તનનાં કેટલાક ઉદાહરણો મળી રહે છે.

ધ્વનિપરિવર્તનનાં ઉદાહરણો આગળ નોંધ્યા છે તેમ પ્રધાનનું નામ દરેક પ્રતમાં સહેજ ફેરફાર સાથે મળે છે – 'વૈરોચન / વઈલોચન /વરલોચન / વૈઈલોચન / વૈલોચન' તેવી રીતે 'કૂરવ / કઊરવ / કૌરવ / કૌઉરવ' ઇત્યાદિ.

શબ્દભંડોળમાં પરિવર્તનનાં પણ અનેક દૃષ્ટાંતો મળી રહે છે. પરભાષાનાં સંપર્કના કારણે એની અસર કે પ્રભાવ પાછળની પ્રતોમાં વિશેષ જોવા મળે છે. જેમકે, 'જ' પ્રતમાં હિન્દી / વ્રજ ભાષાનાં અનેક શબ્દો પંક્તિઓ, કડીઓમાં જોવા મળે છે.

વ્યાકરણી પરિવર્તનનો આધાર પ્રતની લેખનપદ્ધતિ ઉપર રહ્યો છે. જે–તે સમયે બોલાતી ભાષાની અસર – પ્રભાવ લેખનપદ્ધતિ ઉપર થાય છે. દરેક પ્રતની એ રીતે કેટલીક લેખનપદ્ધતિની વિશિષ્ટતાઓ જોવા મળે છે. જેમકે, 'ક' પ્રતમાં 'શ'ની જગ્યાએ 'સ'; 'છ' પ્રતમાં 'સ' અને 'શ' બંનેની જગ્યાએ માત્ર 'શ'; 'ખ'ની જગ્યાએ 'ષ', 'ક્ષ'ની જગ્યાએ 'ષ', 'ળ'ની જગ્યાએ 'લ' જેવાં સર્વસામાન્ય ફેરફાર દરેક પ્રતમાં જોવા મળે છે. 'ક' પ્રતમાં 'ઈ' પહેલાં 'હ' કારનો પ્રક્ષેપ જોવા મળે છે. જેમ કે, 'ઈશ્વર'ની જગ્યાએ 'હીશ્વર', 'જોઈ'ની જગ્યાએ 'જોહી' ઇત્યાદિ. 'હ' કારનો પ્રક્ષેપ તે ફક્ત 'ક' પ્રતમાં જ જોવા મળે છે.

આમ, પ્રતોમાં ફેરફારો થવા પાછળનાં બે મુખ્ય કારણો છે. વળી, કૃતિનાં સ્વરૂપમાં પણ કેટલાક એવા અંશો હોય છે કે જેનાં કારણે આવા ફેરફારો થવાની શક્યતા વધુ જણાય છે.

વિકારી અંશો :- સ્વરૂપની શિથિલતાનાં કારણે મંગલાચરણથી લઈને ફલશ્રુતિ સુધીનાં દરેક અંગમાં ફેરફાર થવાની શક્યતા રહેલી છે. શામળકૃત 'નંદબત્રીસી'માં વર્ણન, નીતિ–બોધ, બુદ્ધિ ચાતુર્યયુક્ત ચાટૂક્તિઓ ઇત્યાદિ લવચીક અંગોમાં મોટા પ્રમાણમાં ફેરફારો જોવા મળે છે. ક્યારેક કથાવસ્તુમાં નજીવો ફેરફાર,

પ્રસંગને વિકસાવતી વધારાની કડીઓ, પાત્રો કે નગરનાં નામો ઇત્યાદિમાં પણ સહેજસાજ ફેરફાર જોવા મળે છે.

વર્ણન સંદર્ભે જોઈએ તો કડી ૭ થી ૧૦ માં નંદ રાજાનું વર્ણન છે. કડી ૧૦ પછી રાજાનું વર્ણન કરતી બે વધારાની કડીઓ 'ચ' પ્રતમાં, એક વધારાની કડી 'છ' પ્રતમાં અને બે વધારાની કડીઓ 'જ' પ્રતમાં મળે છે. આમાંથી 'ચ' અને 'જ' પ્રતમાં મળતી કડીઓ સમાન છે. 'છ' પ્રતમાં એમાંની એક જ કડી છે. તેવી રીતે નગરવર્ણનમાં જોઈએ તો કડી ૧૨ થી ૧૫માં નગરવર્ણન છે. અમુક પ્રતમાં કડી ૧૫ પછી નગરવર્ણન કરતી વધારાની પંક્તિઓ મળે છે. પ્રત 'ગ', 'ચ', 'છ', 'જ' – માં એક–એક કડી વધારાની મળે છે. કડી ૧૧૪ થી ૧૧૮ માં પ્રધાન પત્નીનાં રૂપનું વર્ણન છે. કડી ૧૧૬ પછી કેટલીક પ્રતોમાં પ્રધાનપત્નીનાં રૂપનું વર્ણન કરતી વધારાની પંક્તિઓ ઉમેરાયેલી મળે છે. 'ખ', 'ઘ', 'ચ' પ્રતોમાં આ પ્રમાણે છે.

'જેવી કો નાગકન્યા, બીજી જોડ નહી અંગના
જેવી ઇંદ્ર તણી અપછરા, જેવી મદભરી મછરા
કાયની તે કમલનો વૃંદ, મુખ જાણે પુનમનો ચંદ
અંબુ જ આકારે નેણ, અમૃત જેવી વાણી વેણ,
પોઅણ પાન સરીખા પાઅ, કરણાં કામ સરીખી કાએ.'

તેવી રીતે 'ગ', 'છ', 'જ' પ્રતમાં સહેજ ફેરફાર સાથેની વધારાની કડીઓ વર્ણન સંદર્ભે મળે છે.

શામળની એક લાક્ષણિકતા જે–તે પ્રસંગને અનુરૂપ નીતિ–બોધ–ઉપદેશ આપવાની છે. આ પણ એની પદ્યવાર્તાનું વિકારી અંગ છે. જેમ કે, 'ચાકર તે જે પાલે કોલ...' અંગે રાજાનાં સંવાદમાં પ્રધાન માટે મકાયેલા નીતિ –બોધમાં પાછળથી અમુક પ્રતોમાં પંક્તિઓ ઉમેરાયેલી જોવા મળે છે. કડી ૭૩ પછી 'ખ', 'ઘ', 'ચ', 'છ', 'જ' પ્રતોમાં એ પ્રમાણે મળે છે. કડી ૯૩ પહેલાં 'છ' પ્રતમાં નીતિ – બોધ આપતી વધારાની ૪ કડીઓ જોવા મળે છે. કડી ૯૪ 'ક' પ્રતમાં આ પ્રમાણે છે –

'તે અમે બોલો નંદરાજ મનમાંહે ઘર તો બહુલાજ
'ઉઘાડ ભાઈ, હુ નંદનરેસ પરધાંન ઘેર કરવો પરવ્યેશ.'

અહીં બીજી પંક્તિ એટલે કે ૩-૪ ચરણો પહેલા 'ખ', 'ઘ', 'ચ' અને 'છ' પ્રતોમાં આ પ્રમાણે નીતિ–બોધ આપતી વધારાની પંક્તિઓ મળે છેઃ

'લાજે એક જે હોએ જાર, લાજે કુલ સકુલની નાર,
લાજે મુરખ ભાંમણ ભાર, લાજે ઉત્તમ ઊવાર. ૧.
લાજે મોટા માનભંગ થાઅ, વચન ભ્રષ્ટથી લાજે રાઅ,

લાજે પંડિત ચૂકે બોલ, લાજે ત્રીઆ ઉતારે તોલ. ૨.

નીચ કામ જે નરપત ગઓ, લજા પામી બોલ જ કઓ.'

'જ' પ્રતમાં આમાંની ત્રણ પંક્તિઓ મળે છે. તેવી રીતે કડી ૨૫૨નાં ૩-૪ ચરણ પૂર્વે પ્રધાનનાં સંવાદમાં સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવા અંગે, કડી ૨૬૪ પહેલાં પોપટનાં સંવાદરૂપે દરેક વસ્તુનાં બે પાસા હોય છે એ અંગે, કડી ૪૪૩ માં ૩-૪ ચરણ પહેલા સ્ત્રીનું માહાત્મ્ય પ્રગટ કરવા અંગે નીતિબોધ આપતી પંક્તિઓ, કડીઓ અમુક પ્રતોમાં વધારાની મળે છે.

શામળની એક લાક્ષણિકતા એ એનું ચબરાકીયાપણું છે. બુદ્ધિ ચાતુર્યયુક્ત ચાટૂક્તિઓમાં પણ ઉમેરણ થયેલું જોવા મળે છે. જેમકે, દ્વારપાલ રાજા નંદને પ્રધાનનાં ઘરમાં પ્રવેશતા રોકે છે અને પ્રધાનની ગેરહાજરીમાં અડધી રાતે એની સ્ત્રી સાથે શું કામ છે? એમ પૂછે છે. આ સ્થાને દ્વારપાળનાં સંવાદરૂપે બુદ્ધિ ચાતુર્યયુક્ત વધારાની કડીઓ કડી ૯૯ પૂર્વે 'ખ', 'ધ', 'ચ', 'છ', 'જ' માં આ પ્રમાણે મળે છે–

'ઊંદર બીલાડીને ઓ મેલ, અજા વાઘ બને કમ ખેલ

અહી ગજ એકટા કેમ રમે, ગરડ સરપ સંગે કમ ગયે. ૧

અગન ધ્રત મલે કેમ એક, વપરીત દીસે એહે વીવેક તમો રાય પુરસની જાત, વીનતા સાથે સી કરવી વાત.૨.' તેવી રીતે રાજા નંદ અને પ્રધાનનો વાવની ભીંત ઉપર લખાણરૂપે ચાલતો પરોક્ષ સંવાદમાં કડી ૩૫૧ પૂર્વે 'ખ', 'ઘ', 'ચ', 'છ' માં ૯ કડી વધારાની છે. 'જ' પ્રતમાં લગભગ ૧૨ કડી અને 'ગ' માં એક કડી વધારે મળે છે. બુદ્ધિ – ચાતુર્યને પ્રગટ કરતી આ કડીઓ પાછળથી ઉમેરાયેલી છે એ સ્પષ્ટ છે. શામળ પોતાની વાતનાં સમર્થનમાં અનેક દષ્ટાંતો પ્રયોજતો જોવા મળે છે. આથી પાછળથી ઉમેરાયેલી આ વધારાની કડીઓ મૂળ કૃતિમાં હશે એવો ભ્રમ પણ ઊભો થાય છે.

ક્યારેક કથાવસ્તુમાં પણ નજીવા ફેરફારો જોવા મળે છે. જેમકે, કડી ૩૬૦ પૂર્વે 'ખ', 'ઘ', 'ચ', 'છ', 'જ' પ્રતમાં આ પ્રમાણેની પંક્તિ વધારાની મળે છે –

'આવા અસ્વ રણથી રડબંડો, વીસવાસ પરજા સહુકોને પડો.'

'ક' પ્રતમાં આ પ્રમાણેની પંક્તિ નથી. એ સિવાયની અન્ય પ્રતોમાં પ્રધાને રાજાની હત્યા કર્યા બાદ રાજાનાં ઘોડાને છોડી મૂકયાની વાત ગૂંથવામાં આવી છે. તેવી રીતે કડી ૪૧૫ થી ૪૨૭ ભિન્ન–ભિન્ન પ્રતોમાં જુદી–જુદી મળે છે. એ કારણે કથાવસ્તુમાં થોડો ફેર પડે છે. 'ક' પ્રતમાં સૂરજની સ્તુતિ કરતાં વિના અગ્નિએ પદ્મિનીએ અગ્નિ પ્રગટાવ્યાંની વાત છે. જ્યારે અન્ય પ્રતોમાં અગ્નિ પ્રગટાવ્યાંની વાત મળતી નથી. ઉપરાંત કેટલાક પૌરાણિક દષ્ટાંતો પ્રધાનપત્નીનાં સંવાદરૂપે મૂકાયા છે. કડી ૪૨૯ થી ૪૪૦ નાં સ્થાને 'ખ', 'ગ', 'ઘ', 'ચ', 'છ', 'જ' માં અન્ય કડીઓ છે. 'ક' પ્રત પ્રમાણે શેષનાગ અવધૂતનાં વેશમાં આવે છે, જ્યારે બાકીની પ્રતોમાં શેષનાગને પદ્મિની સિવાય અન્ય કોઈ જોઈ શકતું નથી.

શરૂઆતમાં નમસ્કાર સૂચક લખાણમાં જેમ ભિન્નતા છે, તેમ ફલશ્રુતિ અને ફળકથનમાં પણ ભિન્નતા જોવા મળે છે. 'ક' પ્રતમાં લગભગ ૧૬ કડીમાં ફલશ્રુતિ મળે છે. જેમાં શામળ, રખીદાસ અને એના કુળ વિશે પ્રમાણમાં ઠીક–ઠીક માહિતી મળે છે. જ્યારે ફળકથન અંતિમ કડી ૪૬૨ માં માત્ર એક જ કડીમાં મળે છે. એની સરખામણીએ અન્ય પ્રતમાં આપેલી ફલશ્રુતિની કડી સંખ્યા ઓછી છે. શામળ વિશે ઠીક–ઠીક માહિતી છે. પણ રખીદાસ કે એના કૂળ વિશે ખાસ કોઈ માહિતી મળતી નથી. 'ક' પ્રત ગુમાનબારોટે લખી હોવાથી શક્ય છે કે પોતાનાં આશ્રયદાતા અંગે શામળની મૂળકૃતિમાં ન હોય એવી રખીદાસ કે એના કુળ વિશેની કડીઓ એને એમાં સાંકળી લીધી હોય. જ્યારે બીજા લહિયાઓએ એની બાદબાકી કરી છે. 'ક' પ્રત સિવાયની અન્ય પ્રતોમાં ફળકથન કરતી કડીઓ પણ વધારે છે.

પ્રતમાં થતાં ફેરફારો જેમ અનેક અંગો ઉપર અસર કરે છે તેમ પ્રસંગને પણ સ્પર્શે છે. પ્રસંગમાં આવતાં વર્ણન, નીતિ–બોધ, સંવાદ ઇત્યાદિને લગતાં ફેરફારો સ્વાભાવિક રીતે પ્રસંગને પ્રભાવિત કરે છે.

તારણ :

શામળની 'સિંહાસનબત્રીસી'ની ૨૮ થી ૩૧ વાર્તાની અધિકૃત વાચના તૈયાર કરનાર અને વિવેચનાત્મક અધ્યયન કરનાર જનક દવેએ નોંધ્યું છે, 'શામળની વાર્તાનું સ્વરૂપ એટલું બધું ઢીલું છે કે એની વાર્તાઓની નકલ કરનાર લહિયાઓએ પંક્તિઓનાં સરવાળા બાદબાકી કર્યા છે. અને છતાં પણ વાર્તાને ખમવું પડ્યું નથી. વિવિધ પ્રતો વાંચતાં આપણને જણાય છે કે કેટલાક વર્ણનો અમુક હસ્તપ્રતમાં મળે છે અને અમુકમાં મળતાં નથી અને એવું જ બને છે ઉપદેશાત્મક છપ્પાઓનું. લહિયાઓએ શામળની વાર્તાઓનાં કદ વધારી કે ઘટાડી નાખ્યાં છે. આવું બની શક્યું છે માત્ર સ્વરૂપની શિથિલતાને કારણે.'[૩૨] અહીં જનક દવે એ શામળની વાર્તાઓનું સ્વરૂપ શિથિલ હોવાની વાત કરી છે, એ યથાર્થ છે. પણ માત્ર શામળની વાર્તાઓનું જ નહીં મધ્યકાલીન સાહિત્યનાં દરેક સ્વરૂપોનું અને એમાં પણ ખાસ વર્ણનાત્મક કે કથાનાત્મક સ્વરૂપોનું બંધારણ એ રીતે શિથિલ જ ગણાય. તેમાં શબ્દે–શબ્દ, ચરણ–ચરણ, પંક્તિ–પંક્તિ કે કડી–કડી વચ્ચેનો અન્વય શિથિલ છે. આવી સ્વરૂપની શિથિલતાનાં કારણે જ મધ્યકાળનાં કેટલાંક જાણીતા સર્જકોનાં નામે કેટલીક સંદિગ્ધ કૃતિઓ મળે છે.

શામળની 'નંદબત્રીસી'ની વિભિન્ન હસ્તપ્રતોમાં કેટલાક ફેરફારો પૈકી ઉમેરણ / ક્ષેપક એટલે કે સરવાળાનું વલણ વિશેષ જોવા મળે છે. આ પ્રકારનો ફેરફાર તથા અન્ય ફેરફારો, એ ફેરફાર થવા પાછળનાં કારણો. 'કૃતિનાં વિકારી અંગો ઇત્યાદિને તપાસતાં કેટલાક ફેરફાર સાવ નજીવા હોય એથી કોઈ મોટો ફરક પડતો નથી એમ જણાય છે. પણ કેટલાક ફેરફારો પ્રભાવ પાડે છે. જનક દવેનાં મતે પદ્યવાર્તાને એથી ખમવું પડતું નથી. પણ અહીં તપાસ કરતાં એમ જણાય છે કે કૃતિ કે સર્જક અંગે સમગ્રલક્ષી

અભિપ્રાય બાંધવામાં આ ફેરફારો પ્રભાવ પાડે છે. એથી ક્યારેક કૃતિને, તો ક્યારેક સર્જકને ખમવું પડે છે. જેમકે, નીતિ–બોધ–ઉપદેશ શામળની એક વિશિષ્ટતા કે મર્યાદા છે. અહીં મૂળ કૃતિમાં નીતિ – બોધ આપતી જેટલી કડી છે એની સરખામણીએ પાછળથી ઉમેરાયેલી આ પ્રકારની કડીઓની સંખ્યા વધારે છે. જો પાછળથી લખાયેલી હસ્તપ્રતોનાં આધારે કે એ હસ્તપ્રતોને મુખ્ય ગણી થયેલાં સંપાદનોનાં આધારે શામળની આ કૃતિ કે શામળને મૂલવવા બેસીએ તો નીતિ – બોધ આપતી કડીઓનો મુદ્દો ચોક્કસ પ્રભાવિત કરવાનો.

અહીં શામળની 'નંદબત્રીસી' સંદર્ભે જ આ વાત કરી છે. પણ એથી શામળની અન્ય કૃતિઓ વિશે પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. એની જે કૃતિઓનું વ્યવસ્થિત સંશોધન – સંપાદન નથી થયું એવી કૃતિઓનું શું? આપણે તો જે સ્વરૂપે મળે એના આધારે જ કૃતિ કે એના સર્જક વિશે અભિપ્રાય, મંતવ્યો બાંધવાનાં, એનાં આધારે જ કૃતિને કે સર્જકની પ્રતિભાનોને મૂલવવાનાં. આમ, કરતાં યોગ્ય દિશામાં મૂલ્યાંકન થવું શક્ય નથી. અને અત્યાર સુધી મોટા ભાગે શું એવું નથી બન્યું?

શામળકૃત 'નંદબત્રીસી'નો ગદ્યસારાંશ

(*મૂળ પદ્યકૃતિ માટે જુઓ – પરિશિષ્ટ : ૧)

પશ્ચિમ દિશાએ નંદનનગરમાં નંદસેન નામનો રાજા રાજ્ય કરતો હતો અને એનો વૈરોચન નામનો પ્રધાન હતો. એકવાર રાજા પોતાની પ્રજા સુખી છે કે દુઃખી એ જાણવા મધરાતે નગરચર્યા કરવા નીકળ્યો. નગરમાં ફર્યા બાદ નગરની બહાર આવેલા એક સરોવર પાસે રાજા જઈ ચડ્યો. મધરાતે સરોવર કાંઠે કપડાં ધોતા એક ધોબીને જોઈ રાજાને આશ્ચર્ય થયું. રાજા અને ધોબી – બન્નેએ પરસ્પર સમસ્યા દ્વારા પોત – પોતાની ઓળખાણ આપી. રાજાએ ધોબીને આ સમયે ત્યાં આવવાનું કારણ પૂછતાં ધોબીએ સમસ્યા દ્વારા પોતે ત્યાં વસ્ત્રો ધોવા આવ્યો હોવાનું જણાવ્યું. વળી, રાજાએ દિવસે નહીં અને આમ મધરાતે વસ્ત્રો ધોવા આવવા પાછળનું કારણ પૂછતાં જવાબમાં ધોબીએ સમસ્યા દ્વારા જ જણાવ્યું કે દિવસે આ સુંગધી વસ્ત્રો ઉપર ભમરોનાં ટોળે–ટોળાં ઊતરી આવતાં હોય, એથી બચવા પોતે રાત્રે એ સુંદર સ્ત્રીનાં વસ્ત્રો ધુએ છે. રાજાને એ વસ્ત્રો પહેરનારી અત્યંત સુંદર સ્ત્રી વિશે જિજ્ઞાસા થતાં એ વસ્ત્રો કોના છે? એમ પૂછ્યું. સમસ્યાપ્રિય ધોબીએ પુન : સમસ્યા દ્વારા જ એ વસ્ત્ર પહેરનારી સ્ત્રી પ્રધાન વૈરોચનની પત્ની હોવાનું જણાવ્યું. આ પછી રાજા નંદ પોતાના મહેલે પાછો ફર્યો.

રાજા નંદ ધોબી પાસેથી પ્રધાન પત્ની અંગે જાણી વ્યાકુળ બન્યો. પ્રધાનપત્ની તરફ

આકર્ષાયેલા અને કામાસક્ત થયેલા એને પ્રધાનપત્ની સાથે મેળાપ કરવા એક યુક્તિ – પ્રપંચ રચી કાઢ્યો.

સવારે રાજસભામાં પ્રધાનને કચ્છમાં ઘોડા ખરીદવા જવાની આજ્ઞા કરી પ્રધાને કહ્યું કે તાત્કાલિક ઘોડા ખરીદવાની કોઈ જરૂર નથી, વળી અશુભ તિથી અને અશુભ યોગ હોવાથી તાત્કાલિક જવાની ના પાડી. પણ રાજા ન માન્યો અને અંતે પ્રધાને રાજાનાં આદેશને વશ થઈ જવું પડ્યું. મધરાતે કામાતુર થયેલો રાજા નંદ પ્રધાન વૈરોચનના આવાસે ગયો. દ્વારપાલે દ્વાર ન ખોલતાં રાજાએ એણે લાંચરૂપે પોતાનાં નવ કરોડના મૂલ્ય ધરાવતાં કર્ણકુંડળ આપ્યાં અને પ્રધાનનાં ઘરમાં પ્રવેશ મેળવ્યો.

પ્રધાનનાં ઘરમાં પ્રવેશતાં રાજા નંદે ત્યાં લટકાવેલા પાંજરામાં પોપટને અને ત્યાં નીચે બેઠેલી પ્રધાનપત્ની પદ્મિનીને જોઈ. પદ્મિનીનું અપૂર્વ સૌંદર્ય જોઈને રાજા નંદ મંત્રમુગ્ધ થઈ ગયો. પ્રધાનનો પોપટ અને પત્ની રાજાનું મન પારખી ગયાં. પોપટે રાજાને આવકાર આપતાં કહ્યું કે, તમારા પુત્ર સમાન પ્રધાન વૈરોચનની ગેરહાજરીમાં તમે પુત્રવધૂની ખબર કાઢવા આવ્યા તે ઉચિત કર્યું. આ સાંભળી પદ્મિની પોપટ પર જાણે ગુસ્સે થઈ હોય એમ દર્શાવી પોપટને સંભાળીને બોલવા કહ્યું. ત્યારે પોપટે જવાબમાં રાજા તો પ્રજા માટે મા–બાપ સમાન હોય એની આગળ બોલવામાં કશો ભય ન રાખવા જણાવ્યું. પોપટ અને પદ્મિની વચ્ચેનો સંવાદ સાંભળી મૂંઝાયેલો નંદ રાજા પાટ પર જઈ બેઠો. પોપટે પદ્મિનીને રાજાનું સ્વાગત કરવા કહ્યું અને ધર્મનો અવતાર રાજા નંદ એને 'પસલી' આપવા આવ્યો હોવાનું જણાવ્યું. પદ્મિનીએ રાજાનું : સ્વાગત કર્યું અને રાજાને ભોજન કરાવવા વિવિધ પ્રકારની રસોઈ બનાવી. રાજા સ્નાન કર્યા બાદ ભોજન કરવા બેઠો. ભાત લેવાનો વખત થતાં રાજાએ પદ્મિની સામે કામાતુર દૃષ્ટિએ જોયું. રાજાનાં મનનો ભાવ જાણી ગયેલી પદ્મિનીએ એણે બોધપાઠ આપવા ત્રાંબાના પાત્રમાંથી રાતા રંગનો, રૂપાના પાત્રમાંથી પીળા રંગનો, સોનાના પાત્રમાંથી લીલા રંગનો, પીતળના પાત્રમાંથી કસુંબી રંગનો અને માટીના પાત્રમાંથી શ્યામ રંગનો – એમ પંચરંગી ભાત પીરસ્યો. પાંચેય રંગના ભાતનો સ્વાદ તો સમાન જ હતો. આ ઉપરાંત પદ્મિનીએ ધોળી, કાબરી, રાતી અને કાળી ગાયને દોહીને વાટેલી સાકરનો ભુકકો નાખેલા દૂધને જુદા–જુદા પાત્રમાં આપ્યું. પ્રત્યેક દૂધનો રંગ એક હતો, સ્વાદ પણ એક જ હતો. આવાં દૃષ્ટાંતો દ્વારા પદ્મિનીએ નારીદેહનો ઉપભોગ સર્વત્ર એકસમાન હોવાનું પરોક્ષપણે રાજાને સુચવ્યું. રાજાને ધર્મબુદ્ધિનું ભાન થયું. અંતે પાછા ફરતા ખુશ થયેલા રાજાએ પોતાની વીંટી પદ્મિનીને 'પસલી' તરીકે આપી અને વિદાય થયો.

રાજા નંદે દ્વારપાલ પાસે આવી પોતાનાં કર્ણકુંડલ પાછા માંગતાં કહ્યું કે પોતે જે કામ માટે આવ્યાં હતો એ સિદ્ધ થયું નથી. દ્વારપાલે દલીલ કરતાં કહ્યું કે, 'રાજા નંદનું કામ ન થયું એમાં મારો દોષ નથી. હું તો કુંડળની લાલચે મારો ધર્મ ચૂક્યો અને રાજાને જવા દીધો.' એણે પોતાની વાતનાં સમર્થનમાં અનેક દષ્ટાંતો કહ્યાં. દ્વારપાલની ચતુરાઈ ઉપર પ્રસન્ન થયેલાં રાજા નંદે પોતે ઓઢેલી શાલ તેને ભેટ આપી. રાજા પોતાના મહેલે પાછો ફર્યો.

પાંચ પખવાડિયાં પૂરા થતાં પ્રધાન વૈરોચન અવનવા ઘોડા ખરીદી પાછો ફર્યો. પોતાનાં ઘરમાં પ્રવેશતાં જ એણે દ્વારપાલના કાનમાં રાજાનાં નવ કરોડનાં કર્ણકુંડળ અને સવા લાખની શાલ ઓઢેલી જોઈ. એ જોઈને શંકાશીલ અને ગુસ્સે થયેલા પ્રધાને દ્વારપાલને ધમકાવ્યો. ઘરમાં આવ્યોને પદ્મિનીના હાથમાં રાજાની વીંટી જોતા એની શંકા દઢ બની. પોપટ અને પદ્મિનીએ પ્રધાનને જણાવ્યું કે, દુરાશયથી આવેલા નંદ રાજાને તેઓએ પોતાની ચતુરાઈ અને પદ્મિનીના સતીત્વની દઢતાથી ધર્મબુદ્ધિનું ભાન કરાવ્યું. કામાતુર થઈ આવેલો રાજા ધર્મનો પિતા બની 'પસલી' આપી પાછો ગયો. દરેકે પોત-પોતાનો ધર્મ જાળવ્યો છે – એમ વિવિધ પ્રકારે પ્રધાનને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ વૈરોચને તે સર્વ માનવાનો ઈન્કાર કર્યો. એણે રાજા ઉપર તત્કાળ વેર ન લેતાં દુઃખ દઈને હળવે વેર લેવાનું મનોમન નક્કી કર્યું. વૈરોચને પદ્મિનીને ત્યજી દીધી અને એ પિયર જઈને રહી. આમ કરતાં એક વર્ષ વીત્યું. આ વાત જાણીને દુઃખી થયેલા નંદ રાજાએ પ્રધાનનું મન રાખવા ઘણું માનપાન આપ્યું કે જેથી એ પોતાની પત્નીને પાછી બોલાવે. પણ પ્રધાને મનમાંથી શંકા ત્યજી નહીં અને કપટ રાખી એ પ્રમાણે ન કર્યું.

એક દિવસ નંદ રાજા વૈરોચનને સાથે લઈ શિકાર કરવા ગયો. પાછા ફરતી વખતે પદ્મિનીનું પિયર એટલે કે પ્રધાનનાં સસરાનું નેનવતી ગામ આવ્યું. પ્રધાનનાં સસરા નેનસુખે રાજા અને પ્રધાનનું સ્વાગત કર્યું. પ્રધાનનાં સસરાએ પ્રધાનનાં મનનો સંદેહ ભાંગવા સોગઠાંની રમત રમવાનો પ્રસ્તાવ મૂક્યો. રાજા નંદ અને પ્રધાન વૈરોચન તથા નેનસુખ અને પદ્મિની સાથી થયાં. જેનું સત હશે એના પાસા પોબાર પડશે, એમ ઠરાવી ચારેયે ચાર વાર પાસા નાખ્યા. વૈરોચન સિવાય ત્રણેના પાસા પોબાર પડ્યા. આમ છતાં પ્રધાન વૈરોચનની શંકા નિર્મૂળ ના બની. મનમાં શંકા અને વેરભાવ હોવાથી, પત્નીને પછીથી તેડાવવાનો વાયદો કરી સવારે રાજા નંદ સાથે ત્યાંથી નીકળ્યો.

વનમાંથી પસાર થતાં માર્ગમાં એક વાવ આવી. તરસ્યો થયેલો રાજા વાવમાં પાણી પીવા ગયો. ત્યાં પાણી પીધા પછી એણે વાવની ભીંત ઉપર પ્રધાનનાં મનનું સમાધાન

કરવા પોતે પ્રધાનનાં ઘરેથી શુદ્ધભાવે પાછો ફર્યો હોઈ નિર્દોષતા સૂચવતું લખાણ લખી પાછો ફર્યો. એ પછી વાવમાં પાણી પીવા ગયેલા વૈરોચને તે વાંચી ગુસ્સે થઈ ઉત્તરમાં પોતાની ગેરહાજરીમાં રાજા ઘરે આવ્યાની બાબત વિશે આક્ષેપ કરતું લખાણ લખ્યું. આમ, એક પછી એક લખાણ લખી રાજા અને પ્રધાને પરસ્પર પરોક્ષ રીતે દલીલ કરી. રાજા દ્વારા પ્રધાનના મનનું સમાધાન કરવાનો આ પ્રયત્ન પણ વ્યર્થ ગયો. પ્રધાનનાં મનનો સંદેહ દૂર થયો નહીં.

ત્યાં સમીપમાં આવેલા ચંપાના ઝાડની છાયામાં રાજા અને પ્રધાન વિશ્રામ કરવા બેઠા. થાકેલો રાજા પ્રધાનના ખોળામાં માથું રાખી નિશ્ચિંત બની ઊંઘી ગયો. શંકા અને વેરથી પ્રજ્વળતા અંતરવાળા પ્રધાને તકનો લાભ લઈ તલવારના ઘાથી રાજાને મારી નાખ્યો અને ત્યાં જ ચંપાના ઝાડ નીચે ખાડો ખોદી તેનો દેહ દાટી દીધો. પહેલેથી જ ચંપાના ઝાડ પર ચઢી બેઠેલા માળીએ પ્રધાનનું કૃત્યુ જોયું અને મનમાં ભયનો માર્યો તે ધ્રુજી ઊઠ્યો.

વૈરોચન નગરમાં પાછો ફર્યો. અજાણ બની રાજમહેલે જઈને એણે કપટભાવે રાજા અંગે પૂછપરછ, તપાસ કરી. રાજાને પોતે છેલ્લા પાંચ દિવસથી ન મળ્યો હોવાનું જણાવ્યું. ત્યારબાદ રાજાની ઘણી શોધ કરવા છતાં કોઈ ભાળ ન મળી. એક માસ સુધી રાજાની રાહ જોવા છતાં એ પાછો ન ફરતાં અંતે નંદ રાજાના બાળકુમારને રાજગાદીએ બેસાડવામાં આવ્યો. નાનો રાજા અને મોટો પ્રધાન એમ રાજકારભાર ચાલવા માંડ્યો. ગુપ્તપણે ઝાડ પરથી ઊતરી પોતાના ઘેર જઈ માળીએ મોટા લોકોની વાતમાં વચ્ચે ન પડવું એમ વિચારી કોઈને પ્રધાનનાં કૃત્યની વાત જણાવી નહીં. પોપટ પ્રધાનના પાપને પામી ગયો પણ જેનું લૂણ ખાધું એની સામા મોંએ ચાડી ન ખાવી એમ વિચારી ચૂપ રહ્યો.

આમ વર્ષ વીત્યું. એક દિવસ પેલો માળી પ્રધાનનાં ઘરે ફૂલો પહોંચાડવામાં મોડો પડ્યો. તેથી ગુસ્સે થયેલા પ્રધાને તેના પર પ્રહાર કર્યો અને જો ફરી આમ બનશે તો મસ્તક છેદવાની ધમકી પણ આપી. રોષે ભરાયેલા માળીએ રાજા નંદ અંગે બનેલી સર્વ હકીકત માલણને કહી. માળીનાં ના પાડવા છતાં માલણનાં પેટમાં વાત ન રહી અને એણે રાણીને એ સર્વ વાત જણાવી. રાણીએ એ વાત પોતાના પુત્રને કહી. પ્રધાનને બોલાવીને રાજકુંવરે એ અંગે પૂછતાં, તેણે આરોપનો અસ્વીકાર કર્યો. રાજકુંવર વૈરોચનને લઈ પેલી વાવ પાસે ચંપાના વૃક્ષ તળે ગયો અને ખાડો ખોદાવતાં રાજાનંદનાં અસ્થિ મળી આવ્યાં. વૈરોચનનું પાપ પ્રગટ થયું, એને કેદ કરવામાં આવ્યો. રાજકુંવરે પ્રધાનને નંદ રાજાની હત્યા કરવા પાછળનું કારણ પૂછતાં પ્રધાને જણાવ્યું કે રાજા નંદે પોતાની ગેરહાજરીમાં પત્ની–

પદ્મિનીની સાથે જારકર્મ કર્યુ હોવાથી તેના વેરની વસુલાતરૂપે રાજાનો પોતે ઘાત કર્યો હતો.

રાજકુંવરને પ્રધાનની વાતમાં વિશ્વાસ ન બેઠો પણ જો રાજા નંદ દોષિત હોય તો એ પ્રધાનનો ગુનો માફ કરવા તૈયાર થયો. તેથી ઘટના અંગે પૂછપરછ કરવા પ્રધાનનાં પોપટને સાક્ષી તરીકે બોલાવી સમ આપી સાચી હકીકત પૂછી. પોપટે જણાવ્યું કે, રાજા નંદ જારબુદ્ધિથી આવ્યો હતો, પણ પોતાની સમજાવટથી અને પદ્મિનીના વર્તનથી પ્રતિબોધ પામી ધર્મબુદ્ધિનું ભાન થતાં નિષ્કલંક રહી પસલીમાં પદ્મિનીને પોતાની વીંટી આપીને ચાલ્યો ગયો હતો. પ્રધાને પોપટની વાતનો વિરોધ કરતાં કહ્યું કે પોતે એક વાર શિક્ષા કરેલી તેથી પોપટ ખોટી સાક્ષી પૂરે છે. ત્યારબાદ રાજકુંવરે પદ્મિનીને બોલાવી સમ આપી સાચી હકીકત કહેવા જણાવ્યું. પોતાની પવિત્રતા, સતીપણું સિદ્ધ કરવા પદ્મિનીએ કોઈપણ કસોટી સ્વીકારાવાની તૈયારી બતાવી. પ્રધાનનાં કહેવાથી અગ્નિ સળગાવ્યા વિના અગ્નિપ્રવેશ કરીને પવિત્રતા સિદ્ધ કરવા તૈયાર થઈ. રેતીના ઢગલા ઉપર બેસી સૂર્યને પ્રાર્થના કરી પદ્મિનીએ પોતાની આંખમાંથી અગ્નિ પ્રગટાવ્યો. ત્યારે પ્રધાન વૈરોચને એની અગ્નિની ઉપાસના હશે એમ કહી પદ્મિનીની પવિત્રતાને માનવાનો ઇન્કાર કર્યો.

અંતે વૈરાચને મૃત્યુ પામેલા રાજા નંદને પદ્મિની સજીવન કરે તો એના સતીત્વનો સ્વીકાર કરશે એમ જણાવ્યું. આગમાંથી બહાર નીકળીને પદ્મિનીએ ધરતી માતાને પોતાને સમાવી લેવા પ્રાર્થના કરી. ધરતીએ માર્ગ આપ્યો અને પદ્મિની અંદર ઊતરવા જતી હતી એટલામાં એક ચમત્કાર થયો. વિના વાકે સ્ત્રી મરશે તો એનું પાપ પોતાનાં માથે આવશે એમ વિચારી શેષનાગ અવધૂતવેશે પદ્મિનીની મદદે પ્રગટ થયા. પદ્મિનીએ તેમને પોતાના પરનું કલંક દૂર કરવા અને રાજા નંદને જીવતો કરવા પ્રાર્થન કરી. વાવ પાસે જઈને નંદ રાજાના અસ્થિનો એક ટુકડો ખોદીને શોધી કાઢ્યો અને એકાંતમાં જઈ અવધૂતે અસ્થિ પર અમૃત છાંટતાં રાજા નંદ જીવિત થયો. જીવતો થયેલો નંદ રાજા વાવમાંથી પાણી પીને બહાર આવ્યો અને એટલામાં તો અવધૂત અલોપ થઈ ગયો.

પ્રધાન વૈરોચનને બંદી બનાવેલો અને નગરજનોને ત્યાં ઉપસ્થિત જોઈને નવાઈ પામેલા પુનર્જીવિત થયેલા રાજા નંદે પુત્રને એ અંગે પૂછતાં પુત્રે બનેલી બધી ઘટના કહી સંભળાવી. સૌ આનંદમાં વાજતે ગાજતે નગરમાં પાછા ફર્યા. રાજકુંવરે વૈરોચન પ્રધાનને ફાંસી આપવા આદેશ દીધો. પણ ઉદાર અને નિષ્કપટ એવા નંદ રાજાએ તેને ક્ષમા કર્યો અને પોતાની ભૂલ પણ સ્વીકારી. પ્રધાને પોતાની શંકા દૂર થતાં રાજા નંદની માફી માંગી. નંદ અને પદ્મિનીના શુદ્ધ, નિર્મળ રહેલા શીલ અને સતની સર્વત્ર પ્રસિદ્ધિ થઈ.

શામળકૃત 'નંદબત્રીસી' : સ્વરૂપલક્ષી ચર્ચા

કોઈપણ સર્જકની સર્જક પ્રતિભા ત્રણ બાબતોનાં આધારે ઘડાયછે. એક તો પૂર્વકાલીન સાહિત્યક પરંપરા, બીજું તે તત્કાલીન સામાજિક, સાંસ્કૃતિક ઇત્યાદિ પરિબળો અને ત્રીજું તે સર્જકની અંગત સર્જન શૈલી (કૌશલ). શામળની સર્જકપ્રતિભા પણ આ ત્રણે બાબતોનાં આધારે ઘડાયેલી છે. શામળની અન્ય કૃતિઓની જેમ 'નંદબત્રીસી'ને તપાસતા આ વાતને સમર્થન મળી રહે છે.

શામળની બાકીની પદ્યવાર્તાઓની સરખામણીએ લઘુ કહી શકાય એવી 'નંદબત્રીસી' માત્ર ૪૬૨ કડીની ધ્યાનાકર્ષક પદ્યવાર્તા છે. કૃતિનું કથાવસ્તુ મૌલિક નથી. તેમજ 'ચંદ્રચંદ્રાવતીની વાર્તા' કે 'પદ્માવતીની વાર્તા'ની જેમ જુદી–જુદી વાર્તાનાં જુદાં–જુદાં કથાઘટકોને સંકલિત કરીને ઘડાયેલ નથી. 'નંદબત્રીસી'ની વિસ્તુત કથાપરંપરા ઈ.સ.ની આરંભની સદીથી ચાલી આવી છે. શામળકૃત 'નંદબત્રીસી' એ કથાપરંપરામાં રચાયેલી એક કૃતિ છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં શામળકૃત 'નંદબત્રીસી' એ સૌથી છેલ્લી રચાયેલી રચના છે, એથી શામળની આ કૃતિને એની પુરોગામી સર્જકોની 'નંદબત્રીસી'નો લાભ મળ્યો છે. વળી, તત્કાલીન પરિસ્થિતિનો પ્રભાવ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શામળકૃત 'નંદબત્રીસી'માં પડેલો જોઈ શકાય છે. એક સર્જક તરીકેની શામળની પોતાની અંગત શૈલી–કૌશલનો સ્પર્શ 'નંદબત્રીસી'ને મળતાં એ 'નંદબત્રીસી'ની સમગ્ર કથાપરંપરામાં રચાયેલી આગવી કૃતિ બની રહે છે.

'નંદબત્રીસી'નો રચનાસમય નિશ્ચિત નથી. એ અંગે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. પણ ઈ. ૧૭૪૦ માં શામળનાં સમકાલીના ગુમાન બારોટે શામળની આ કૃતિની હસ્તપ્રત લખી હોય શામળે આ કૃતિ ઈ. ૧૭૪૦ પૂર્વે રચી હોવાનું નિશ્ચિત થાય છે.

*** મંગલાચરણ :**

શામળે 'નંદબત્રીસી'નો આરંભ પરંપરાને અનુસરીને કર્યો છે. કડી ૧ થી ૫ માં શામળે મંગલાચરણ કર્યું છે. પ્રથમ બે કડીઓમાં શામળે ગણપતિ, મહાદેવ, શારદા, બટુકનાથ (ગણપતિનું એક સ્વરૂપ) જેવાં દેવી–દેવતાઓની સ્તુતિ કરી છે. શામળની અન્ય કૃતિઓનાં મંગલાચરણમાં તથા કૃતિમાં અન્ય સ્થાને મહાદેવની સ્તુતિ વિશેષ જોવા મળે છે. તેથી એ શિવ ઉપાસક કે શિવભક્ત હોવો જોઈએ એવું અનુમાન કરાતું રહ્યું છે. અહીં 'નંદબત્રીસી'નાં આરંભે મંગલાચરણમાં શામળે મહાદેવની કરેલી સ્તુતિ ઉપરોક્ત અનુમાનને પુનઃ અનુમોદન આપી રહે છે.

'નંદબત્રીસી'નાં મંગલાચરણમાં શામળે કરેલી સ્તુતિમાં ભક્તને છાજે એવી નમ્રતા જોવા મળે છે. વિવિધ દેવી–દેવતાઓને પોતાનાં મનની ઇચ્છા પૂર્ણ કરવા, પોતાની લાજ રાખવા, પોતાનાં ઉપર કરુણા

કરવા પ્રાર્થે છે.

કડી ૩માં શામળે '... કહુ કથા નંદબત્રીસી તણી–' એમ કહી પોતાની કૃતિનાં નામનો ઉલ્લેખ શરૂઆતમાં જ કરી દીધો છે.

કડી ૪ માં કવિ સહજ નમ્રતા જોવા મળે છે. બ્રાહ્મણ, ભાટ, ચારણ એ બધાં વરણનાં લોકોને તથા કવિજનને વંદન કરે છે.

કડી ૫ માં શામળ પોતાની આ કૃતિમાં શું–શું છે એનો નિર્દેશ કરી કૃતિ પરિચય આપ્યો છે.

'પ્રબંધ ચાહતુરી સૂખવીલાસ કર જોડી કવી કેહે લોમલદાસ.' અર્થાત્ પોતાની આ કૃતિમાં પદબંધ; બુદ્ધિ ચાતુરી; સુખ, આનંદપૂર્વકની ક્રિડા–વિલાસ છે એમ શામળ જણાવે છે. તેમાં કૃતિ અંતર્ગત સામગ્રીની સાથે – સાથે શામળની કૃતિ રચવા પાછળની નેમ પણ પ્રગટ થાય છે. આ બધી સામગ્રીનાં ઉપયોગ દ્વારા અંતે રસપ્રદ કૃતિ રચવાનો તેનો આશય રહેલો છે.

આમ, શામળે કૃતિનાં મંગલાચરણમાં ઇષ્ટ સ્તવન, ઇશ્વર પાસે કૃપાયાચના, કવિસહજ વિનમ્રતા, કૃતિનો નામોલ્લેખ, કૃતિ પરિચય, કૃતિ રચવાનો આશય પ્રગટ કર્યો છે. મંગલાચરણ સંક્ષિપ્ત કરી શામળે ઝડપભેર કૃતિની શરૂઆત કરી છે.

કથાપ્રયોજન :

મધ્યકાલીન સાહિત્યમાં જે–તે કૃતિ રચવા પાછળ સર્જકનું નિશ્ચિત એવું પ્રયોજન રહેતું. એ પ્રમાણે શામળની 'નંદબત્રીસી'ને સંપૂર્ણપણે જોતા એનું પ્રયોજન તારવી શકાય કે શામળે શીલ અને સતનો મહિમા પ્રગટ કરવા પ્રસ્તુત કૃતિની રચના કરી છે.

ભારતીય કથાપરંપરામાં આરંભથી જ શીલવતી સ્ત્રી અને શીલભ્રષ્ટ કૂલટા સ્ત્રીને લગતી કથાઓનો પ્રવાહ સતત વહેતો અને પુષ્ટ–પુષ્ટતર થતો રહ્યો છે. એમાં પણ જૈન સાધુઓએ આ પ્રકારની કથાઓની રચના કરી એનો અતિપ્રચાર કર્યો છે. શામળે પોતાની 'સૂડા બહોંતેરી'માં શીલભ્રષ્ટ કૂલટા સ્ત્રીઓને લગતી તથા અમુક ચાલાક શીલવતી સ્ત્રીઓને લગતી કથાઓની રચના કરી છે. પ્રસ્તુત કૃતિ 'નંદબત્રીસી'માં પ્રધાનપત્ની કામાતુર થઈને આવેલાં રાજા સામે પોતાનું શીલ જાળવે છે, અનુચિત કાર્ય માટે આવેલા રાજાને પ્રતિબોધ આપે છે અને વિવિધ દષ્ટાંતો દ્વારા રાજાનો મોહ દૂર કરે છે. કૃતિનાં અંતે એનાં સતીત્વની આકરી કસોટી થાય છે અને એ એમાંથી પોતાનાં શીલનાં પ્રતાપે પાર ઉતરે છે. કૃતિનાં અંત ભાગમાં શામળે ફલશ્રુતિ પૂર્વે કડી ૪૪૦ થી ૪૪૪ માં પરસ્ત્રીસંગનો ત્યાગ કરવા નીતિ–બોધ આપી, સ્ત્રીનો મહિમા પ્રગટ કર્યો છે. કડી ૪૪૦ થી ૪૪૪ –

'જુગમાં વરતો જ્યજ્યકાર રાખો ઈશ્વરે સહુનો ભાર રખે કરો પરનારી–સંગ અલેખે દુખ પાંમે તે

અંગ.૪૪૦. રાવણ દસ સીસ કીધાં તાજ્ય ખોહુ લંકા ઘડનું રાજ સ્ત્રીથી ખાંપણ લાગુ ચંદ્ર સ્ત્રીથી સહસ્ત્ર ભગ પાંમો ઇંદ્ર. ૪૪૧.

સ્ત્રીથી કૈચક સોયે શમા સ્ત્રી થકી પાંડવ વનમાં ભમા સ્ત્રીથી દુઃખ પાંમા બહુ ઘણા સ્ત્રીથી કૌરવ સરવે હણા. ૪૪૨.

નારીને પાગે લાગીયે દૂર રહી મેહેનત માગીયે સ્ત્રી આરાસુર અંબા ઘણી તે સૂપ્રીતી રાખીજે ઘણી. ૪૪૩.

પાંચ પદારથ તેથી મલે પાતીક પાંચ જનમનાં બલે સ્ત્રીની કેડ તો નવ કીજીયે સ્ત્રીનો અંત તો નવ લીજીયે.' ૪૪૪.

'નંદબત્રીસી'નું કથાનક અને કૃતિનાં અંત ભાગમાં જોવા મળતી આ પ્રકારની કડીઓ શામળની શીલકથા રચવાની તેમને પ્રગટ કરે છે.

શીલની સાથે–સાથે શામળે 'નંદબત્રીસી'માં સતનો મહિમા પણ પ્રગટ કર્યો છે. પ્રધાન પત્નીએ, રાજા નંદે પોત–પોતાનાં ધર્મનું પાલન કર્યું. સત્ય ન ચૂક્યાં. પરિણામે અંતે એમનો અસત્ય સામે વિજય થયો. કૃતિનાં અંતભાગમાં પરસ્ત્રી સંગનો ત્યાગ, સ્ત્રીનો મહિમા દર્શાવતી કડીઓ બાદ તરત જ કડી ૪૪૫ માં સતનો મહિમા શામળે વર્ણવ્યો છે. જુઓ કડી ૪૪૫-

'રાજા સતવાદી માહા સુખ દ્રષ્ટે જોતો પાંમો એ દુખ સત હતુ તો આખર તરો જસ જુગ બાધાંમાં વીસ્તરો.' ૪૪૫.

અહીં 'સત્યનો જય અને અસત્યનો પરાજય' એ સનાતન ન્યાયનું દર્શન અંતે કરાવવામાં આવ્યું છે.

આમ, શામળનું કથા પ્રયોજન પ્રસ્તુત કૃતિમાં શીલ અને સત્નો મહિમા પ્રગટ કરવાનું છે.

કથાઘટકો

સમગ્ર સંકલનમાં અંકોડારૂપ રહી કથાના કાર્યને વેગ આપનાર, વાર્તાનું ચાલક–પ્રેરક બળ (motivating factor) બની રહેનાર ઘણા કથાઘટકો શામળકૃત 'નંદબત્રીસી' માંથી પ્રાપ્ત થાય છે. પરંપરાગત, જડ માળખારૂપ કથાઘટકમાં વૈવિધ્ય, જીવંતતા લાવવાનું કાર્ય સર્જકની પ્રતિભા ઉપર આધારિત છે. શામળે 'નંદબત્રીસી'માં પ્રયોજેલા કથાઘટોમાં કેવી રંગપૂરણી કરી છે? એ એમાં કેટલો સફળ થયો? –એ અહીં તપાસનો વિષય છે.

'નંદબત્રીસી'માં પ્રયોજાયેલાં કથાઘટકોને બે વિભાગમાં વહેંચી શકાય : (અ) વાસ્તવિક અને અનુભવજન્ય

કથાઘટકો (Motifs based on reality and experience), તથા (આ) કલ્પનાજન્ય કથાઘટકો (Motifs based on Imagination).

પ્રથમ પ્રકારના વાસ્તવિક અને અનુભવજન્ય કથાઘટકોની સરખામણીએ દ્વિતીય પ્રકારનાં કલ્પનાજન્ય કથાઘટકો એમાં કંઈક અસામાન્ય અને ચમત્કારપૂર્ણ તત્ત્વ હોવાથી સ્વાભાવિક રીતે આકર્ષક નિવડ્યાં છે. 'નંદબત્રીસી'માં આ પ્રમાણેનાં કથાઘટકો મળે છે :

(અ) વાસ્તવિક અને અનુભવજન્ય કથાઘટકો

(૧) સમસ્યા – સંજ્ઞાભાષા

(૨) શીલરક્ષા

(૩) અસતીનું આળ

(૩) વિશ્વાસઘાતી પ્રધાન

(૫) છૂપો સાક્ષી

(આ) કલ્પનાજન્ય કથાઘટકો

(૬) સ્વામીભક્ત, ચતુર પોપટ

(૭ા સતનાં પારખાં

(૮) પ્રભુની ભક્તને સહાય

(૯) મૃતસંજીવન

આ બધાં કથાઘટકો અંગેની ચર્ચા આ પ્રમાણે છે :

(૧) સમસ્યા – સંજ્ઞાભાષા :-

કથાકૃતિમાં બાહ્ય પ્રયોજનની દષ્ટિએ બુદ્ધિવિનોદનાં એક સાધન અને ચાતુર્યની કસોટી તરીકે સમસ્યાઓ ઘણાં પ્રાચીન સમયથી તે છેક અઢારમી–ઓગણીસમી સદી સુધી સાહિત્યમાં પ્રચારમાં રહી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં હીરાણંદસૂરિકૃત 'વિદ્યાવિલાસ પવાડુ', મધુસુદન વ્યાસકૃત 'હંસાવતી વિક્રમચરિત્ર વિવાહ', ગણપતિકૃત 'માધવાનલ – કામકંદલા પ્રબંધ', કુશળલાભકૃત 'માધવાનલ કામકંદલા ચોપાઈ', ગુણવિનયકૃત 'ધન્ના – શાલિભદ્ર–ચોપાઈ', વીરજીકૃત 'કામાવતી', વીરસિંહકૃત 'ઉષાહરણ' ઇત્યાદિ પદ્યવાર્તાઓમાં સમસ્યાઓનો ઉપયોગ કરેલો જોવા મળે છે. આ બધી કૃતિઓમાં સમસ્યાઓનું આંતરિક

પ્રયોજન ઘણું ખરું પ્રેમીઓની પરસ્પરની ચાતુર્યપરીક્ષા અને વાર્તાવિનોદ રહ્યાં છે.

શામળમાં સમસ્યાવિનોદનો અતિરેક જોઈ શકાય છે. એણે રચેલી 'ચંદ્રચંદ્રાવતી', 'પદ્માવતી', 'મદનમોહના', 'સિંહાસનબત્રીસી' અંતર્ગત આવતી કથા ૭ 'નાવિક', કથા ૨૩ 'કસ્તુરચંદ / ભદ્રાભામિની', કથા ૩૧ 'રૂપાવતી' ઇત્યાદિમાં થોકબંધ સમસ્યાઓ પ્રાપ્ત થાય છે. આ કૃતિઓમાં શામળે કથાવસ્તુના આંતરસંબંધની દષ્ટિએ સમસ્યાઓનો વિભિન્ન પ્રયોજન અર્થે ઉપયોગ કર્યો છે. સંજ્ઞાભાષા તરીકે, ભાવાત્મક પ્રસંગને કાવ્યાત્મક બનાવવા, બુદ્ધિચાતુર્ય કે વ્યવહારજ્ઞાનની કસોટીરૂપે (લગ્ન શરતરૂપે, સત્યની કસોટી કરવા, બુદ્ધિની કસોટી કરવા) અને કાલનિર્ગમક – ગમ્મતરૂપ – આમ, સમસ્યાઓ વૈવિધ્યપૂર્ણ ઉપયોગ શામળે એ કૃતિઓમાં કર્યો છે.

શામળે 'નંદબત્રીસી' માં સમસ્યાઓ વાર્તા ઘટકરૂપે કે કથાવસ્તુનાં અંગભૂત ઘટક રૂપે ઉપયોગ કર્યો છે. આ કૃતિમાં સમસ્યાઓ સંજ્ઞાભાષા sign language બને છે. શામળે 'પદ્માવતી' માં પ્રથમ સ્થાને આવતી સમસ્યાઓ આ પ્રકારની પ્રયોજી છે. હોડ હારી ગયેલો પુષ્પસેન સુલોચનાની શરત પ્રમાણે એની ઘરે જવા સુલોચનાનાં નામઠામ ઇત્યાદિ પૂછતાં સુલોચના ચતુરાઈપૂર્વક સમસ્યામાં એ અંગે એક પછી એક એંધાણીઓ આપતી જાય છે, અને પુષ્પસેન એ એંધાણીઓ ઉકેલતો જાય છે. 'સિંહાસનબત્રીસી'ની કથા ૨૩ 'કસ્તુરચંદ/ભદ્રાભામિની'માં ગણિકાનાં સકંજામાં ફસાયેલી ભદ્રા વિક્રમને મુકત કરાવવા સાંકેતિક ભાષામાં પત્ર લખી વીનવે છે એમાં પણ આ પ્રકારની સમસ્યા પ્રયોજી છે. શામળની કૃતિઓ ઉપરાંત 'સોન હલામણ' જેવી લોકકથામાં સમસ્યાનો આવો જ ઉપયોગ થયેલો છે. સમસ્યાનો સંજ્ઞાભાષા તરીકે કથાસાહિત્યમાં ઉપયોગ વિશિષ્ટ ગણાય.

'નંદબત્રીસી'નો પ્રથમ પ્રસંગ રાજા નંદ અને ધોબીના મેળાપનો છે. આ પ્રસંગે કડી ૩૦ થી ૫૦ માં શામળે કુલ સાત સમસ્યાઓ પ્રયોજેલી છે. પ્રસ્તુત કૃતિમાં માત્ર આ પ્રસંગે જ સમસ્યાઓ ઉપયોગ કરવામાં આવ્યો છે.

રાજા નંદ અને ધોબી વચ્ચેનો પ્રસંગ સંવાદાત્મક છે. રાજા નંદ ધોબી સાથે થયેલી ગેરસમજ દૂર કરવા પોતાનો પરિચય કડી ૩૦ માં સમસ્યા દ્વારા આપે છે. એમાં નંદ પોતાની ઈશ્વર સાથે સરખામણી કરી ફરક એટલો બતાવે છે કે ઇશ્વરમાં બીજાને જીવાડવાની શક્તિ છે તે મારામાં નથી. પોતે સર્વ સમાધીશ છે પણ કોઈને ઇશ્વરની જેમ જીવડાવી શકતો નથી એમ કહીને નંદ સમસ્યા દ્વારા પોતે રાજા હોવાનું સૂચવી દે છે. સામેની વ્યક્તિ નંદ રાજા છે એમ મનોમન પામી ગયેલો ધોબી પોતાની ટેક રાખવા પોતાનો પરિચય સમસ્યા દ્વારા જણાવાનું મનમાં વિચારે છે. કડી ૩૨માં પ્રગટ થયેલા ધોબીનાં મનોભાવમાં આઘળ આવનારી છ સમસ્યાઓનું બીજ રહેલું છે. એ ૬એ ૬ સમસ્યા ધોબીના સંવાદરૂપે જ છે. કડી ૩૩માં ધોબી સમસ્યા દ્વારા પોતાની ઓળખ આપે છે. બન્ને અરસપરસ એકબીજાને ઓળખતાં સંદેહ

દૂર થાય છે.

ધોબીનાં પૂછવાથી રાજા પોતે મધરાતે આવવા પાછળનું પ્રયોજન નગરચર્યા હોવાનું જણાવે છે. રાજા પણ ધોબી સમસ્યા દ્વારા પોતે વસ્ત્રો ધોવા આવ્યો છે એમ જણાવે છે.

લીયો લંક લપેટ, ઠેઠ નહી રામ હિ આપણ
હરણ શીત તે કાંમ, નાંય નહિ પ્રતી રાવણ
હણ્યા કૂરવ જે વેર, પેર મંન જોય વીચારી
કાંમનીને મંન નેહે, દેહે શોભાં જે નારી
એક દંતધાવંનનાં બે કરો રે, તેહને નાંચે નાંચમાં
તેહ સમારણ કારણે, હુ ઊભો છુ કાંમમાં.' ૪૦.

આ સમસ્યામાં ઘણા ખરા શબ્દોમાં શ્લેષ રહેલો છે. ભાવાર્થ આ પ્રમાણે છે : 'જેણે લંકને લપેટી લીધી પણ તે રામ નથી. લપેટવું એટલે આવરી લેવું અને ઘેરો ઘાલવો એવા બે અર્થ થાય. રામચંદ્રે ઘેરો ઘાલ્યો હતો. લંકનો અર્થ લંકા થાય છે, તેમ કેડ–કેડનો વાંધક પણ થાય છે, એટલે કેડને લપેટી લેનાર રામ નથી, પણ વસ્ત્ર છે. સીત–સીતાને હરણ કરનાર છે, પણ તે પાપી રાવણનું કામ નથી. સીતનો બીજો અર્થ ટાઢ થાય છે. એ ટાઢને હરણ કરનાર રાવણ નથી પણ વસ્ત્ર છે. જે વખતે કૌરવ હણ્યા તેનું કારણ તું વિચારી જો, અર્થાત્ દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચવાના કારણથી જ કૌરવ પાંડવનું મોટું યુદ્ધ થયું હતું અને કૌરવો મરાયા હતા, કામિની (સ્ત્રી) ને એના ઉપર (વસ્ત્ર) સ્નેહ હોય છે, તેમ એના વગર સ્ત્રીનો દેહ શોભતો નથી. દંતધાવન એટલે દાતણની બે ચીરી અથવા ચીર કરીએ છીએ, તેના નામે નામ છે એટલે ચીર અથવા વસ્ત્ર નામ છે, તે સમારણ – સમારવાને – ધોવાને હું અહીં આવ્યો છું. એ કામ કરવા ઊભો છું' આ સમસ્યા શામળની કવિત્વશક્તિની દૃષ્ટિએ નોંધપાત્ર છે. પરંતુ અહીં એક દોષ પણ જણાય છે. કડી ૩૭ ની બીજી પંક્તિ અને ૩૮ની પહેલી પંક્તિમાં સ્પષ્ટપણે સૂચિત છે જ કે રાજા બોધી કપડાં ધોવા આવ્યો છે એ જાણે છે. પણ પછીની પંક્તિમાં ધોબી અત્યારે કેમ કપડાં ધોવા આવ્યો છે એમ પૂછે છે, એ અંગે જાણવા માંગે છે. રાજાનાં પ્રશ્નનાં ઉત્તરરૂપે ધોબી કડી ૪૦માં સમસ્યા જણાવે છે. અને આ સમસ્યામાં પોતે મધરાતે કપડાં ધોવા આવ્યો છે એ વાત શ્લેષમાં જણાવે છે. અહીં રાજાનાં પ્રશ્નનો યોગ્ય ઉત્તર પ્રાપ્ત થતો નથી. એથી આ સમસ્યા મૂકવાનું આયોજન શામળે પહેલેથી કરી રાખ્યું હોય અને તક મળતાં આ સ્થાને મૂકી હોય એમ જણાય છે. અહીં સમસ્યા નોંધપાત્ર હોવા છતાં અસંગતિ દોષ જોવા મળે છે.

નંદરાજા ધોબીને દિવસે નહિ ને મધરાતે કપડાં ધોવા આવવા પાછળનું કારણ પૂછતાં કડી ૪૨ માં ધોબી કારણ જણાવે છે –

'દો લોયણ ખટ ચરણ, વરણ તો શાંમ શરીખો
ઘોર નાદ મુખ સાદ, વાદ પુરુખાંયે પરીખો
પુષ્પ પ્રેમલ નીશદીશ, શીર મોટુ સબ (?) અંગપે
મુખ કમલ દો જાત, ભાત અનેરી અંગપે
સૂઘડ નારીના સ્વેદનો, મોદ પ્રેમલ અતી અતી ઘણો
માટે આવો આ સમે, રે ભો મુજને છે તેહે તણો.' ૪૨

આ સમસ્યામાં પ્રથમ ચાર પંક્તિમાં ભમરાનાં નામનું સૂચન છે અને અંતિમ બે પંક્તિમાં એ વસ્ત્રો પદ્મિની સ્ત્રીનાં હોવાનો સંકેત છે. ભમરાની શારીરિક લાક્ષણિકતાનું વર્ણન કરીને ધોબી પોતે મધરાતે વસ્ત્ર ધોવા આવ્યો છે તેનું કારણ જણાવે છે. તે વસ્ત્રો પહેરનારીના સ્વેદની સુંગધથી વસ્ત્રો એવાં તો સુવાસિત થયેલાં છે કે તેની સુવાસ લેવાને દિવસે ભમરાઓ દોડી આવે ને ત્રાસ આપે, તેથી ધોબી રાત્રે એ વસ્ત્રો ધોવે છે એમ જણાવે છે. અહીં ગર્ભીતપણે કૃતિમાં આગળ ચાલીને આવનારી એ સ્ત્રી પદ્મિની છે એનો સંકેત રહેલો છે. પદ્મિની, ચિત્રિણી, શંખિની અને હસ્તિની એવી સ્ત્રીઓની ચાર જાત ગણાય છે. એમાં પદ્મિની સૌથી ઉત્તમ પ્રકારની સ્ત્રી છે અને પ્રસ્તુત છપ્પામાં ધોબી મધરાતે વસ્ત્રો ધોવા આવવા પાછળનું કારણ જણાવે છે એમાં પદ્મિની સ્ત્રીની લાક્ષણિકતા એક રીતે સુચીત થાય છે. આગળની કડીઓમાં ભાવકની કુતુહલ વૃત્તિને ક્રમે–ક્રમે ઉત્તેજિત કરી કડી ૪૨ માં શામળ અદ્‌ભુત રસમાં તાણી જાય છે.

ધોબીના વચન સાંભળી રાજા મનમાં હરખાઈ એ કઈ સ્ત્રી છે એ અંગે જાણવા ઉત્સુક બને છે. જવાબમાં ધોબી પતિવ્રતા સ્ત્રીનું કોઈ આગળ નામ લેવું તેને નિંદારૂપ માની પ્રત્યક્ષ રીતે જવાબ આપવાનું ટાળી કડી ૪૭ થી ૫૦ માં જુદી જુદી ત્રણ સમસ્યાઓ દ્વારા એ સ્ત્રી કોની પત્ની છે એ અંગે એંધાણી આપે છે. કડી ૪૭ માં ધોબી સમસ્યા દ્વારા જેતે ઘેર એ સ્ત્રી છે તે નર જાતનો વણિક અને રાજાનો પ્રધાન છે એમ છપ્પામાં જણાવે છે. આ છપ્પાની અંતિમ પંક્તિમાં 'પદ્મની' શબ્દ પ્રથમવાર શામળે પ્રયોજ્યો છે. આ પંક્તિમાં એક પ્રકારની ઉત્તમ સ્ત્રી તરીકે જ પદ્મિની નામનો ઉલ્લેખ થયો છે. પણ કૃતિમાં આગળ જતાં શામળે એ નામનો પ્રધાનપત્ની માટે સ્થૂળ નામનાં અર્થમાં ક્યાંક ક્યાંક ઉપયોગ કર્યો છે. કડી ૪૮ થી ૫૦ ચોપાઈ છંદમાં છે. આ ત્રણ કડીઓમાં બે સમસ્યાઓ મૂકાયેલી છે. ધોબી પ્રત્યક્ષ રીતે 'પ્રધાન'નું નામ ન સૂચવતાં ચતુરાઈપૂર્વક, આડકતરી રીતે 'પરધાન' શબ્દ સમજાવે છે. બન્ને સમસ્યાઓમાં 'પર' અને 'ધાન' એવા બે જુદાંજુદાં શબ્દ સમસ્યામાં સમજાવી તે બેને ભેગા કરી 'પરધાન' શબ્દ ધોબી સૂચવે છે. ધોબીનું વચન સાંભળી મનોમન બધુ સમજી રાજા નંદ પ્રણામ કરી પાછો વળે છે. આમ, અહીં પ્રથમ પ્રસંગ સમાપ્ત થાય છે.

જોઈ શકાય છે કે રાજા નંદ અને ધોબીનાં મેળાપનો આખો પ્રસંગ સમસ્યામૂલક સંવાદ ઉપર આધારિત છે. શામળે અહીં ત્રણ પ્રકારની સમસ્યાઓ પ્રયોજી છે : (૧) પૂછાયેલા પદાર્થ'ને અનુક્રમ રાખી એ પદાર્થને અન્ય પદાર્થથી વ્યાવર્તિત કરતાં વિશિષ્ટ ગુણ–લક્ષણોને આધારે સૂચવવામાં આવતી સમસ્યાઓ. જેમ કે, કડી ૩૦, ૩૩, ૪૨, ૪૭ રૂપ સમસ્યાઓ; (૨) પ્રગટ સ્વરૂપની સમસ્યા કે જેમાં વર્ણ્યપદાર્થ વિશેનો થોડો અર્થ વ્યક્ત થયો હોય અને થોડો અર્થ ગુપ્ત રાખ્યો હોય એવી સમસ્યાઓ. જેમકે, કડી ૪૮ થી ૫૦ માં આલેખાયેલ બન્ને સમસ્યાઓ; (૩) શ્લેષવાચક શબ્દો સમસ્યામાં જ ઉપસ્થિત હોય અને એનો ઉત્તર જુદાંજુદાં સંદર્ભે જુદોજુદો થાય એ પ્રકારની સમસ્યા. જેમકે, કડી ૪૦ રૂપ સમસ્યાની પ્રથમ બે પંક્તિઓ આ પ્રકારની છે, જ્યારે બાકીની ચાર પંક્તિ પ્રગટ સ્વરૂપની સમસ્યા જેવી છે.

શામળે અહીં પ્રયોજેલી સાત સમસ્યાઓમાંથી પાંચ છપ્પામાં અને બે ચોપાઈમાં છે.

રાજા નંદ અને સમસ્યાપ્રિય ધોબીનાં પાત્રચિત્રણની દષ્ટિએ સમસ્યા અગત્યની બને છે. બન્ને પાત્રની ચતુરાઈ તો પ્રગટ થાય છે જ પણ ધોબીનાં પાત્ર દ્વારા ટેક રાખવાની મનુષ્યસહજ વૃત્તિ પણ પ્રગટ થવા પામી છે.

અહીં પ્રયોજાયેલી સમસ્યાનાં સંદર્ભે એક વાત નોંધપાત્ર એ છે કે 'પદ્માવતી', 'મદનમોહના', 'રૂપાવતી' ઇત્યાદિમાં સમસ્યાનાં પ્રતિઉત્તરો મૂકવામાં આવ્યાં છે. 'ચંદ્રચંદ્રાવતી'માં એક સ્થાને પ્રતિઉત્તરો મૂકાયાં છે, પણ બીજા સ્થાને ચંદ્રએ પૂછેલી સમસ્યાઓ વણઉત્તરિત રહે છે. 'નાવિક'ની કથામાં સમસ્યા સત્યની કસોટીરૂપે વિક્રમની રાણી દ્વારા પૂછાતાં વિક્રમરૂપધારી નાયિક પણ એનો ઉત્તર વાળી શક્તો નથી. 'ભદ્રાભામિની'માં ભદ્રા વિક્રમને પત્ર દ્વારા મદદ માટે સમસ્યા દ્વારા વીનવે છે એમાં એનો ઉત્તર મૂકવો પ્રસ્તુત ન જણાતાં શામળે ઉચિત રીતે જ નથી મૂક્યો. આ સિવાય શામળની મોટા ભાગની કૃતિઓમાં સમસ્યા અને એનો ઉત્તર એક જ સ્થાને કે અલગ અલગ સ્થાને મૂકાયેલાં મળે છે. 'નંદબત્રીસી'માં સમસ્યાઓનો પ્રગટપણે ઉત્તર મૂકવામાં આવ્યો નથી. એક પાત્ર સમસ્યા કરે અને બીજું પાત્ર એ સમસ્યાનો ઉકેલ મનોમન પામી જતું જોવા મળે છે. શામળે 'નંદબત્રીસી'માં આ પ્રકારે કરેલી આયોજના ઉચિત જણાય છે. કારણ કે એ દ્વારા સંજ્ઞાભાષાનું મૂલ્ય જળવાય છે. 'પદ્માવતી'માં પ્રથમ સ્થાને પ્રયોજાયેલી સમસ્યાઓ માટે આખી વસ્તુસ્થિતિ ભિન્ન હોવાથી નાયક નાયિકાનાં સ્થપાતાં પ્રેમસંબંધ માટે એક રીતે એ સમસ્યારૂપ સંજ્ઞાભાષા પ્રેરક કે પોષકબળ બની રહે એ અર્થે ક્રમવાર સમસ્યા દ્વારા એંધાણી અને એનો ઉત્તર મૂકાયો છે. પણ 'નંદબત્રીસી'માં વસ્તુસ્થિતિ એથી તદ્દન ભિન્ન છે. રાજા નંદ અને ધોબીનાં પરિચય સંવાદ દ્વારા શામળ પોતાની કથાનું ઉદ્દ્ઘાનટ કરે છે. કથાનો ઉચિત ઉઘાડ અને કથાને વિકસાવનાર બીજનું આરોપણ કરવા સમસ્યા સંજ્ઞાભાષાનો શામળે ઉપયોગ કર્યો હોવાથી પ્રગટપણે ઉત્તર મૂકી બિનજરૂરી પ્રસ્તાર કર્યો નથી.

'નંદબત્રીસી'માં પ્રયોજાયેલી સમસ્યાઓ કથાનાં મુખ્ય પ્રવાહ સાથે સીધી સંબંધિત છે અને કથાને વિકસાવનાર બીજ પણ સમસ્યા દ્વારા જ નંખાયેલું છે. એથી જ જેવું 'ચંદ્રચંદ્રાવતી', 'પદ્માવતી', 'રૂપાવતી' ઇત્યાદિમાં પ્રાપ્ત થતી એક જ પદાર્થ વિષયક સમસ્યાઓ અન્ય કૃતિમાં સહેજ ફેરફાર સાથે જોવા મળે છે એવું 'નંદબત્રીસી'માં પ્રયોજાયેલી સમસ્યાઓ અંગે બન્યું નથી.

આ કૃતિમાં પ્રયોજાયેલી સમસ્યાઓની બીજી પણ એક વિશેષતા નોંધપાત્ર છે. રાજા નંદ અને ધોબીનાં મેળાપનાં આ પ્રથમ પ્રસંગની શરૂઆતમાં બન્ને વચ્ચે પરસ્પરને સમજવાની થયેલી ગેરસમજ અને ત્યાર બાદ સમસ્યાનાં ઉપયોગ દ્વારા પરસ્પરનો પરિચય, મધરાતે કપડાં ધોવા આવવા પાછળનું કારણ, એ વસ્ત્રો કોના છે એ અંગે એંધાણી આપવી – એમ પ્રસંગ ક્રમે ક્રમે વિકસે છે. પ્રસંગની શરૂઆતમાં રાજાની સાથે–સાથે ભાવકોને પણ કુતુહલ–જિજ્ઞાસા થાય છે કે મધરાતે કપડાં ધોવા આવવા પાછળનું કારણ શું? કડી ૪૨ માં ધોબી તેનો જે પ્રતિઉત્તર આપે છે એમાં જિજ્ઞાસામાંથી વિસ્મયમાં ભાવકોનો પ્રવેશ થાય છે. પ્રસંગનાં અંતે અદ્ભુત રસ નિષ્પન્ન થતો માણી શકાય છે. આમ, વૃત્તિથી રસ સુધીની સફર શામળ આ પ્રસંગમાં સમસ્યાની મદદથી કરાવી આપે છે.

જિજ્ઞાસા વૃત્તિ — વિસ્મય ભાવ — અદ્ભુત રસ

સમસ્યા – સંજ્ઞાભાષા દ્વારા

આમ, આ પ્રસંગે પ્રયોજાયેલી સમસ્યાઓ પ્રસંગને ઉપકારક એવું વાતાવરણ સર્જવામાં સહાયભૂત થાય છે.

આખો પ્રસંગ શામળે એવો તો ખીલવ્યો છે કે આગળ આવનાર બીજા પ્રસંગની એ પીઠિકા બની રહે છે. ધોબી પાસેથી જાણી રાજા એવો તો ઉત્કંઠિત બને છે કે પદ્મિનીનાં પ્રત્યક્ષ મિલન માટે પ્રપંચ રચે છે. અને એ દિશામાં આગળ ક્રિયા–પ્રતિક્રિયા કરે છે. પ્રસંગ–પ્રસંગ વચ્ચેનો આવો દૃઢ અનુબંધ સમસ્યાનાં યોગ્ય વિનિયોગ દ્વારા જ કૃતિમાં સંભવિત બન્યો છે એ પણ ખાસ ધ્યાનપાત્ર છે.

'નંદબત્રીસી'માં પ્રયોજાયેલી સમસ્યાઓ સંદિગ્ધતાવાળી ઉત્તમ સમસ્યાઓ છે એમ કહી શકાય તેમ નથી, છતાં સમસ્યા ઉપયોગનું સંજ્ઞાભાષા તરીકેનું વિશિષ્ટ પ્રયોજન અને કથાનો યોગ્ય ઉઘાડ, કથા વિકસાવનાર બીજનું આરોપણ, પ્રસંગને ઉપકારક વાતાવરણ, ચતુરાઈભર્યું પાત્રચિત્રણ ઇત્યાદિની સમસ્યા દ્વારા થતી સિદ્ધિના કારણે સમસ્યાઓ સરળ હોવા છતાં આસ્વાદ્ય વિશિષ્ટ કથનપ્રયુક્તિ બનીને આવે છે એમાં વિશેષતા રહી છે.

(૨) શીલરક્ષા :

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં શીલકથાઓ મોટી સંખ્યામાં મળે છે. 'શીલપરીક્ષા અને શીલરક્ષા' નું કથાઘટક આવી શીલકથા ઓમાં ઘણું જાણીતું છે. સંસ્કૃત, પ્રાકૃત, મધ્યકાલીન ગુજરાતી ઉપરાંત વિવિધ પરદેશી રૂપાંતરો આ કથાઘટકનાં સંદર્ભે મળે છે. 'કથાસરિત્સાગર'ની દેવસ્મિતાની વાર્તામાં તથા ઉપકોશા અને તેના ચાર પ્રેમીઓની વાર્તામાં આ કથાઘટકનો ઉપયોગ થયેલો છે. પ્રાકૃતમાં 'સમરાઈચ્ચકહા' માં નવમા ભવના વૃત્તાંતમાં શુભંકર અને રતિની કથામાં, સોમપ્રભકૃત 'કુમારપાલ પ્રતિબોધ'માં શીલવતીની કથામાં, મેરુસુંદરગણિવિરચિત 'શીલોપદેશમાલા–બાલાવબોધ' માં શીલવતીની કથામાં આ કથાઘટક છે.

મધ્યકાલની ગુજરાતી સાહિત્યમાં જયવંતસૂરિકૃત 'શૃંગાર–મંજરી', ઉદયકલશકૃત 'શીલવતી ચોપાઈ', વીરવિજયકૃત 'ચંદ્રશિમરનો રાસ', સમયસુંદરકૃત 'મૃગાવતી ચરિત્ર–ચોપાઈ,' ગંગ વિજયકૃત 'કુસુમશ્રી રાસ' ઇત્યાદિ કૃતિઓમાં આ કથાઘટક પ્રયોજ્યું છે. આ કૃતિઓમાં ઘણુંખરું શીલભંગ કરવા આવનારને ખાડામાં બંદી બનાવીને કે ચતુરાઈથી બંધ પેટીમાં પૂરીને પાઠ શીખવવાની વાત ગૂંથવામાં આવી છે.

શામળકૃત 'સિંહાસનબત્રીસી'ની કથા ૨૩ 'કસ્તુરચંદ / ભદ્રાભામિની'માં શીલપરીક્ષા અને શીલરક્ષાનું કથાઘટક છે. પીયરમાં રહેતી ભદ્રાનાં શીલની કસોટી કરવા એનો પતિ કસ્તુર દુબળીશાહ નામ રાખી વેશપલટો કરી આવે છે. પ્રપંચ કરી દુબળી લાખા અને ભદ્રાનો મેળાપ ગોઠવે છે. પણ પતિ દુબળીનું કારસ્તાન પારખી ગયેલી ભદ્રા કપટવચનોથી રાતે આવેલા લાખાને મીઠો આવકાર આપે છે. વછનાગની કેફી ગોળી ખવરાવીને તેને બેભાન કરી ચાલી જાય છે. સવારે ઊઠીને ભોઠો પડેલો લાખો ત્યાંથી નાછી છૂટી, પોતાના ભાઈને પોતાનો ધંધો સોંપી કાશીએ કરવત મૂકાવવા જાય છે. આમ, ભદ્રા શીલપરીક્ષાની કસોટીમાંથી શીલરક્ષા કરી પાર ઉતરે છે.

શામળકૃત 'નંદબત્રીસી'માં શીલપરીક્ષાનું કથાઘટક નથી પણ માત્ર શીલરક્ષાનું કથાઘટક છે. એમાં અન્ય કૃતિઓ કરતાં સહેજ જુદી રીતે કથાઘટક પ્રયોજાયું છે.

ધોબીની પાસેથી પ્રધાનપત્ની પદ્મિની છે એમ જાણી એના પ્રત્યે કામાસક્ત થયેલો રાજા નંદ પ્રપંચ કરી પ્રધાનને ઘોડાની ખરીદી કરવા કચ્છ મોકલે છે અને નગરથી દૂર કરે છે. રાજા નંદ મધરાતે પ્રધાનપત્ની પાસે વ્યભિચાર આચરવા આવે છે. દ્વારપાળે પ્રવેશ ન આપતાં લાંચરૂપે એને નંદ પોતાનાં કર્ણકુંડળ આપી ઘરમાં પ્રવેશ મેળવે છે. મધરાતે પ્રધાનની ગેરહાજરીમાં આવેલા રાજા નંદને જોઈ પ્રધાનનો પોપટ અને પત્ની–પદ્મિની રાજાની નિયત પારખી જાય છે. પ્રધાનપત્ની પોતાનાં શીલનું રક્ષણ કરવા યુક્તિપૂર્વક પોપટ સાથે વાતો કરી પરોક્ષરૂપે રાજાને પ્રતિબોધ આપે છે. રાજા નંદને પોપટ પોતાનાં સંવાદ દ્વારા એના ધર્મનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે. ત્યારે પ્રધાન પત્ની પોપટની અજ્ઞાનતા ઉપર ઠપકો આપતી હોય એમ કડી ૧૩૪ - ૧૩૫માં કહે છે –

'હુકમ સીર એહેનો લીજીયે પછે આપ ઉત્તર દીજીયે
એ છે ધરમ તણો અવતાર એ છે નોધારાનો આધાર. ૧૩૪.
એ છે ચૌદ વીદ્યા ગુણ જાંણ મોહોડે શાં કરીવાં વીખાંણ
માહા ચતુર છે માટે સાંખસે મુરખ તો મારી નાંખસે.' ૧૩૫.
વળી, કડી ૧૫૯ થી ૧૬૧ માં –
'જોબંનનો જેહને હોયે મદ બીજો કાંમ –આકુલ તો અંધ
ત્રીજો તો ધનમદ જેહેને ચોથો કેફ જેહની દેહની. ૧૫૯.
પંચમો અંધ જુવો આદરો છઠો અંધ જે કોપે ભરો
સાતમો અંધ ચાંપાંણો જેહ આઠમો અંધ વસનીનો દેહ. ૧૬૦.
એટલા મંન વીચાર ન કરે ઓહને છેડે તે નીશ્ચે મરે.' ૧૬૧.

આ પ્રકારના સંવાદો દ્વારા પ્રધાનપત્ની રાજા નંદને જારકર્મ કરતાં અટકાવી, ધર્મબુદ્ધિનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે.

એટલું જ નહીં પણ ઘરે આવેલા રાજા નંદનું યોગ્ય સ્વાગત કરી વિવિધ પ્રકારની રસોઈ બનાવી રાજા નંદને ભોજન કરાવે છે. રાજામાં કામભાવ વર્તાતા વિવિધ ધાતુનાં વાસણમાં ભિન્ન-ભિન્ન રંગનાં ભાત રાંધી રાજાને પીરસે છે. ત્રાંબાના પાત્રમાં રાતા રંગનો, ચાંદીનાં પાત્રમાં પીળા રંગનો, સોનાનાં પાત્રમાં લીલા રંગનો, પીત્તળનાં પાત્રમાં કસૂંબી રંગનો, માટીનાં પાત્રમાં શ્યામ રંગનો – આમ પંચરંગી, વિભિન્ન ધાતુ કે પદાર્થનાં પાત્રમાં રંધાયેલા ભાતને જોઈ, આરોગી રાજાનો કંઈક મોહ દૂર થાય છે. કડી ૧૮૬ - ૧૮૭ –

'ભરે કોલીયો રંગ વશેખ સ્વાદ આવે તેનો તે એક
શાંમ સ્વેત કસૂંબી ખાયે મુળમાં એકની એક મજાયે. ૧૮૬.
હાથમાં તાટ દીઠાનું સૂખ ટલી ગયું જવ મૈહલૂ મુખ,
દેખતાંમાં શોભા છે ઘણી ખાધે એક મજા તે તણી.' ૧૮૭.

વળી રાજા નંદનાં મનમાં કામભાવ વર્તાતા પ્રધાનપત્નીએ સફેદ, કાબરી, રાતી, કાળી ગાયનાં દુધ દોહી એમાં વાટેલી સાકર નાખી રાજાનંદને પીવા આપ્યું. કડી ૧૯૧ - ૧૯૨.

'કાલી ધોલી ને ઉજલી માંડી મૃતકા કેરી માટલી
એક નદીનાં તેહેમાં નીર એક સ્વાદ પામો શરીર. ૧૯૧.
સુભ શીખામણ દીધી એહ મન તણો ભાગો સંદેહ
અરધૂ મંન પોપટથી ગલૂ અરધ નારીના ગુણથી ટલૂ.' ૧૯૨.

આમ, પોપટ અને પ્રધાનપત્નીનાં સંવાદ દ્વારા તથા એક વાનગી જુદાં જુદાં વાસણોમાં અને જુદાં જુદાં રંગની પીરસીને નારીદેહનો ઉપયોગ સર્વત્ર એક સરખો હોવાનું એ દૃષ્ટાંતો દ્વારા સૂચવી આપતાં રાજા નંદનો મોહ દૂર થયો. જતા-જતાં કામાતુર થઈ આવેલો રાજા નંદ ધર્મનો પિતા બની 'પસલી' તરીકે પોતાની વીંટી આપીને વિદાય થયો. આમ, પ્રધાનપત્ની પદ્મિનીએ પતિની ગેરહાજરીમાં કામાતુર થઈ આવેલા રાજા નંદ સામે પોતાનાં શીલનું રક્ષણ કરેલું જોવા મળે છે.

'શીલ પરીક્ષા અને શીલરક્ષા'નું કથાઘટક મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ખાસ તો જૈન સર્જકોની કૃતિઓમાં પ્રયોજાયેલું જોવા મળે છે. કારણ કે જૈન સર્જકોએ શીલકથા ઘણાં મોટા પ્રમાણમાં રચી છે. શામળ જૈનેત્તર સર્જક છે પણ એણે જૈન સર્જકોનો પ્રભાવ કેટલીક બાબતોએ ઝીલ્યો છે. જોકે, શામળકૃત 'નંદબત્રીસી' એ તો 'નંદબત્રીસી' કથાપરંપરામાં રચાયેલી કૃતિ હોય એનું મૂળનું કથાવસ્તુ જ એ પ્રકારનું છે કે જેમાં શીલરક્ષાનું કથાઘટક આવે છે. શામળે આ કથાઘટકનાં વિનિયોગ સંદર્ભે 'નંદબત્રીસી'કથાપરંપરામાં પ્રાપ્ત થતી અમુક કૃતિઓનું અનુસરણ કરી થોડું પોતાની રીતે વિસ્તારવા પ્રયત્ન કર્યો છે. જેની ચર્ચા પ્રકરણ-૬માં કરવાનાં હોવાથી અહીં રજૂ કરી નથી.

શામળની કૃતિમાં આ કથાઘટક પ્રધાનપત્ની, પોપટ અને રાજા નંદનાં પાત્રચિત્રણની દૃષ્ટિએ અગત્યનું બને છે. દૃઢ શીલત્વ ધરાવતી ચતુર, પતિવ્રતા પ્રધાનપત્નીનું પાત્ર માત્ર આ પ્રસંગે જ મુખ્યસ્થાને રહી કૃતિમાં રજૂ થયું છે. નીતિનિપુણ, સ્વામીભક્ત, ચતુર પોપટનું પાત્ર પણ આ પ્રસંગે અગત્યનું બની રહે છે. કામાતુર થઈ આવેલો રાજા નંદ અંતે પાછા વળતાં ધર્મપિતા બની 'પસલી' તરીકે વીંટી આપી વિદાય થાયછે એમાં એ પાત્રનો વિકાસ જોવા મળે છે.

શીલરક્ષાનું આ કથાઘટક શામળે મૂકેલા તર્કબદ્ધ સદૃષ્ટાંત દલીલયુક્ત સંવાદો, નીતિ-બોધ આપવાની લાક્ષણિકતા ઇત્યાદિ દૃષ્ટિએ પણ નોંધપાત્ર બની રહે છે.

આમ, શામળે શીલરક્ષાનું કથાઘટક 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં અમુક સર્જકોની કૃતિને અનુસરીને પ્રયોજ્યું છે. તેમ છતાં કૃતિમાં આવતાં પાત્રોનાં ચિત્રણ તથા શામળની અન્ય કેટલીક લાક્ષણિક્તાઓનાં કારણે આકથાઘટક ધ્યાનપાત્ર બન્યું છે.

(૩) સ્ત્રીની ઉપર અસતીનું આળ / ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ અને પરિણામે નિર્વાસન :-

આ કથાઘટકમાં પરિસ્થિતિ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. 'રામાયણ'માં ધોબી દ્વારા પરોક્ષ રીતે સીતાની ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ મૂકાતાં લોકાપવાદને વશ થઈ રામ સીતાનો ત્યાગ કરે છે. મેરુસુન્દરગણિકૃત 'શીલોપદેશમાલા – બાલાવબોધ'ની છવ્વીસમી દૃષ્ટાંતકથા 'અંજનાસુંદરી દૃષ્ટાંત' અને ચોત્રીસમી દૃષ્ટાંતકથા 'નંદયંતીની કથા'માં, શામળકૃત 'સિંહાસનબત્રીસી'ની ત્રેવીસમીકથા 'કસ્તુરચંદ/ ભદ્રાભામિની'માં તથા

ઇત્યાદિકૃતિઓમાં પતિનો પરદેશવાસ છતાં વિશિષ્ટ સંજોગોમાં થયેલા ગુપ્ત મિલનનાં કરણે પત્ની સગર્ભા બનતાં સાસરિયાં અને અન્ય કુટુંબીજનો દ્વારા ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ તથા નાયિકાનું નિર્વાસન – એ પ્રમાણેનું કથાઘટક પ્રયોજાયલું જોવા મળે છે.

શામળકૃત 'નંદબત્રીસી'માં આ કથાઘટક જરા જુદી રીતે આવે છે. કચ્છમાંથી અવનવા ઘોડાની ખરીદી કરી પાછો ફરેલો પ્રધાન પોતાનાં ઘરે આવતાં દ્વારપાળના કાનમાં રાજાનાં નવ કરોડના કર્ણકુંડળ અને શરીર ઉપર રાજાની સવા લાખની શાલ જોઈ વહેમાય છે. એ દ્વારપાળને ઠપકો પણ આપે છે અને દ્વારપાળ પાસેથી રાજા આવ્યો હોવાનું જાણી ઘરમાં પ્રવેશે છે. ઘરમાં પ્રવેશતા જ પત્નીના જમણા હાથમાં રાજાની વીંટી જોઈ રાજા નંદ સાથે પોતાની પત્નીએ વ્યભિચાર કર્યો હોવાની શંકા વધુ દૃઢ બને છે. પોપટ અને પત્નીના સમજાવવા છતાં એમની વાત પ્રધાન વૈરોચન કાને ન ધરતા પોતાની પત્ની ઉપર ચારિત્ર્ય ભ્રષ્ટતાનું આળ મૂકે છે. કડી ૨૪૮-૨૪૯ –

'અનેક ઉપાયે તેહેને કોહો પણ પથર ઉપર નીર
'ઇશ્વર આંણ માંનુ નહી હૈડુ ન ધરે ધીર. ૨૪૮.

એહ પાંણી મગ નહી ચડે જો સો મણ બોલો કાઠ
હુ ડાહો માંનુ નહી તે સ્ત્રી ચરીત્રના ઠાઠ'. ૨૪૯.

એટલું જ નહીં વૈરોચન પોતાની પત્નીનો ત્યાગ કરે છે. પરિણામે નિર્વાસન પામેલી એની પત્ની પોતાનાં પિયરમાં આશરો લે છે.

'રામાયણ' માં અન્ય કોઈએ મૂકેલા અસતી હોવાનાં આળનાં કારણે સીતાને પતિ રામ દ્વારા ત્યજી દેવાતાં નિર્વાસન થવું પડે છે. 'શીલોપદેશમાળા બાલાવબોધ'ની દૃષ્ટાંતકથાઓ 'અજંનાસુંદરીની દૃષ્ટાંતકથા' અને 'નંદયંતીની વાર્તા'માં તથા શામળકૃત 'સિંહાસનબત્રીસી'ની 'ભદ્રાભામિની' કથામાં પતિનો પરદેશવાસ છતાં સગર્ભા બન્યાથી સાસુ–સસરાં અને અન્ય કુંટુંબીજનો ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ મૂકે છે અને નાયિકા નિર્વાસન પામે છે. જ્યારે 'નંદબત્રીસી'માં પરદેશગમન દરમ્યાન રાજા આવ્યો હોવાની એંધાણી પાછા ફરેલા પ્રધાન વૈરોચનને મળતા એ રાજા નંદ અને પોતાની પત્ની વચ્ચેનાં વ્યભિચારી સંબંધો અંગે શંકાશીલ બની પોતાની પત્ની ઉપર ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ મૂકી એને ત્યજી દે છે.

શામળે પ્રસ્તુત કૃતિમાં પ્રયોજેલું આ કથાઘટક કથાવસ્તુની ભિન્નતાનાં આધારે ઘડાયેલું છે, અને એ વૈરોચન પ્રધાનનાં પાત્રચિત્રણની દૃષ્ટિએ તથા કથાને નિશ્ચિત દિશામાં આગળ વધવાનું ચાલકબળ પૂરું પાડતું હોય મહત્ત્વનું બની રહે છે.

(૪) વિશ્વાસઘાતી પ્રધાન :-

પ્રાચીન અને મધ્યકાલીન કથા સાહિત્યમાં પ્રધાનનું પાત્ર ઘણું અગત્યનું જોવા મળે છે. એમાં પણ ખાસ કરીને રાજા કે રાજકુમારનો મિત્ર બની સહાયક બનનાર, યોગ્ય સલાહ આપનાર, હિતવાંચ્છુ, રાજકારભાર સંભાળનાર, નિષ્ઠાવાન – એવા અનેક ઉમદા ગુણલક્ષણોયુક્ત પ્રધાનનું પાત્ર અનેક કૃતિઓમાં જોવા મળે છે. પણ કેટલીક કૃતિઓમાં પોતાનાં રાજા કે રાજકુમાર સાથે વિશ્વાસઘાત કરનાર, દગાખોર પ્રધાનનું પાત્ર પણ જોવા મળે છે.

શામળકૃત 'નંદબત્રીસી'માં પ્રધાન વૈરોચન રાજા નંદ અને પોતાની પત્ની વચ્ચેનાં વ્યભિચારી સંબંધો અંગે શંકા સેવે છે. વેરાગ્નિમાં બળતો એ મનોમન રાજા ઉપર ધીમે–ધીમે વેર લેવાની ગાંઠ બાંધે છે. પોપટ કે પત્નીની વાતને સ્વીકારતો નથી. એ પોતાની પત્નીનો પણ ત્યાગ કરે છે. રાજાને એક વર્ષ પછી જ્યારે ખબંર પડે છે કે પોતાનાં કારણે જ પ્રધાને પત્નીનો ત્યાગ કર્યો છે ત્યારે એ પ્રધાનનાં મનનો સંદેહ દૂર કરવા ઘણાં માન–પાન આપે છે, પણ બધું વ્યર્થ જાય છે. શિકારેથી પાછા ફરતાં પ્રધાનની પત્નીનાં પિયરમાં રાજા અને પ્રધાન અતિથિ બની રહે છે. ત્યાં પણ ચોપાટની રમત દ્વારા પ્રધાનનો સંદેહ દૂર કરવા પ્રધાનનાં સસરા, પ્રધાન પત્ની અને રાજા નંદ પ્રયત્ન કરે છે. પણ પ્રધાન ઉપર એનો કોઈ પ્રભાવ પડતો નથી. ત્યાંથી નીકળી નગરમાં પાછા ફરતા જંગલમાંથી પસાર થતાં માર્ગમાં વાવ આવતાં વિસામો લેવા બન્ને ઉતરે છે. વાવની દિવાલ ઉપર રાજા લખાણ લખી પરોક્ષપણે પ્રધાનને મનમાંથી સંદેહ કાઢી નાખવા જણાવે છે, પણ પ્રધાન પોતાનાં મનની વાત ન છોડતાં વળતું આક્ષેપ કરતું લખાણ લખે છે. ત્યાર બાદ તકનો લાભ લઈ પ્રધાન નિશ્ચિંત થઈ પોતાનાં ખોળામાં માથું મૂકી નિદ્રાધીન બનેલાં રાજાની હત્યા કરે છે. ધરતીમાં ખાડો ખોદી રાજા નંદની લાશ એમાં દાટી પોતે અજાણ બની નગરમાં પાછો ફરે છે અને સામેથી રાજાનાં મહેલમાં રાજાની તપાસ કરવા જઈ પોતે સારો અને સાચો પુરવાર થવા પ્રયત્ન કરે છે. એક માસ સુધી રાજા નંદની તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં નંદપુત્ર બાળરાજકુંવરને રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે અને વૈરોચન પ્રધાન તરીકે સર્વ રાજકારભાર સંભાળે છે.

'નંદબત્રીસી'માં પ્રધાન વિશ્વાસઘાત કરે છે એની પાછળનું પ્રગટ કારણ રાજા નંદ અને પોતાની પત્ની વચ્ચેનાં વ્યભિચારી સંબંધ અંગેનો સંદેહ છે, પણ એમાં પ્રચ્છન્નપણે પ્રધાનમાં રહેલી રાજકીય મહત્ત્વાકાંક્ષા પણ કેટલાક અંશે જવાબદાર છે. કૃતિમાં અમુક–અમુક પ્રસંગે આ રાજકીય મહત્ત્વાકાંક્ષા પ્રગટ થઈ છે. કડી ૨૩૯ થી ૨૪૧, ૩૬૨ ઇત્યાદિમાં જે પ્રમાણેનું નિરૂપણ છે એ ઉપરથી પ્રધાનનાં મનમાં રહેલો પ્રચ્છન્ન આશય જણાય આવે છે. પ્રધાન પોતાનું પ્રધાનપદ્દ ટકાવી રાખવા તત્કાળ કોઈ પગલું ન ભરતાં ધીમે–ધીમે વેર લેવાનું વિચારે છે. નંદનાં મૃત્યુ બાદ બાળરાજકુંવરને ગાદી ઉપર બેસાડી 'વજીર મોહોટો ને નાંહાનો રાય' એમ કારભાર ચાલતો દર્શાવાયો છે.

વિશ્વાસઘાતી પ્રધાનનું કથાઘટક વૈરોચન પ્રધાનનાં પાત્ર સાથે સંકળાયેલું છે. વૈરોચનનાં પાત્રચિત્રણની દષ્ટિએ આ કથાઘટક પરિણામ પૂરું પાડતું હોય અગત્યનું બની રહે છે. આ કથાઘટક સમગ્ર કૃતિનાં કેન્દ્ર સ્થાને રહેલું હોઈ અત્યંત મહત્ત્વનું બની રહે છે.

(૫) છૂપો સાક્ષી :

પ્રચ્છન્ન શ્રવણનાં જાણીતા કથાઘટકની સાથે કેટલેક અંશે સામ્ય ધરાવતું આ કથાઘટક છે. છૂપો સાક્ષીનાં કથાઘટક દ્વારા આવી પડેલી આપત્તિનું નિવારણ, રહસ્યસ્ફોટ ઇત્યાદિ થતાં એ કથાનું ચાલકબળ બની રહે છે. કથામાં કોઈક ઘટના બનતા ઊભી થયેલી ગૂંચવણ કે સમસ્યા આ કથાઘટક દ્વારા ઉકેલાતી જોઈ શકાય છે.

પ્રસ્તુત કૃતિમાં પ્રધાન રાજા નંદની વાવ પાસે હત્યા કરી, જમીનમાં ખાડો ખોદી લાશ એમાં દાટી દે છે. પ્રધાનનાં આ કૃત્યને ચંપાના ઝાડ પર ચડેલો માળી જોઈ જાય છે. પ્રધાન એ વાતથી અજાણ રહે છે કે એનાં કૃત્યને કોઈ જોઈ ગયું છે. બીજી બાજુ માળી પણ પ્રધાનનાં કૃત્યની વાત તત્ક્ષણ કોઈને જણાવતો નથી. કડી ૩૬૩ અને ૩૬૪ ની પ્રથમ પંક્તિ –

'આવો માલી પોતે ઘેર પોતે કહી નહી કોહોને પેર
મોટાં માણસની વાત નવ કરુ વણખુટે તે શાંને મરુ.' ૩૬૩.
કોહોને વાત જણાવી નહી આપ રુદેમાંહે તે ગ્રહી.'

આમ, એક વર્ષ વીતી જાય છે. પણ એક વાર ફૂલ લઈને આવવામાં મોડા પડેલા માળીને પ્રધાન વૈરોચને પ્રહાર કરતાં, ધમકી આપતાં માનભંગ થવાથી ગુસ્સે થયેલો માળી ઘરે આવી માલણને પ્રધાનનાં કૃત્યની વાત જણાવે છે. માળીનાં ના પાડવા છતાં માલણ એ વાત રાણીને જણાવે છે અને રાણી રાજકુંવરને જણાવતાં પ્રધાન વૈરોચનનું પાપ પ્રગટ થાય છે.

આમ, 'નંદબત્રીસી'માં છૂપા સાક્ષી માળી દ્વારા પ્રધાન વૈરોચનનું કૃત્ય પ્રકાશમાં આવતાં કથાવસ્તુ અમુક સ્થાને સ્થગીત થવાનાં બદલે પ્રવાહમાન રહે છે અને નિશ્ચિત દિશામાં આગળ વધે છે. ઊભી થયેલી ગૂંચવણનું નિવારણ થતા આ કથાઘટક ચાલકબળ પૂરું પાડે છે. આ દષ્ટિએ કૃતિનાં ઉત્તરાર્ધમાં આવતું આ કથાઘટક અગત્યનું બની રહે છે.

(૬) સ્વામીભક્ત, ચતુર પોપટ :

આ કથાઘટક ભારતીય કથાસાહિત્યમાં ઘણું જાણીતું છે. મનુષ્યની વાણીમાં બોલતા પક્ષી તરીકે પોપટ

તથા મેના વેદ અને અશોકલેખોથી માંડીને સંસ્કૃત સાહિત્ય, બૌદ્ધ જાતકકથાઓ, ભારતીય લોકકથાઓ અને ભારતીય લોકકથાના પરદેશી રૂપાંતરો, મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય તથા અન્ય ભાષાનું મધ્યકાલની કથાસાહિત્ય ઇત્યાદિમાં જોવા મળે છે. આ કથાસાહિત્યમાં પોપટ અને મેનાનું આચરણ પ્રાણીદેહી મનુષ્ય જેવું જ હોય છે. એ ઘણાખરાં ડાહ્યા, ચતુર, યુક્તિબાજ, નીતિનિપુણ, સ્વાપર્ણશીલ, નિષ્ઠાવાન, દુઃખભંજક, કાર્યદક્ષ, સ્વામીભક્ત તરીકે નિરૂપણ પામેલાં હોય છે.

જાતકકથાઓમાં ક્રમાંક ૧૯૮ તેમજ ૧૪૯ જાતક – 'રાધાજાતક'માં સ્વામીભક્ત, ચતુર મેના અને પોપટ; સંસ્કૃતમાં રચાયેલી 'શુકસપ્તતિ'માં પણ નીતિનિપુણ, સ્વામીભક્ત, ચતુર શુકસારિકાની જોડી, બાણભટ્ટકૃત 'કાદંબરી'માં વૈશંપાયન પોપટ, બંગાળી ઇત્યાદિ લોકકથાનો વિદ્વાન પોપટ હીરામણ, પંજાબી લોકકથા 'રાજા રસાલૂ અને રાણી કોકલાં'માં મેના અને પોપટ ઇત્યાદિ જાણીતા છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં ગંગવિજયકૃત 'કુસુમશ્રીરાસ' માં ચમત્કારી, ચતુર, સ્વામીભક્ત ચૂડામણિ પોપટ, વીરવિજયકૃત 'ચંદ્રશિખર નો રાસ'માં પ્રાણીઓની સંગતમાં ઉછરેલી કન્યાને મનુષ્ય જેવી રીતભાત, વિવેક અને શાસ્ત્રજ્ઞાન શીખવતો ચતુર પોપટ જોવા મળે છે.

શામળકૃત 'મદનમોહના'માં પ્રધાનપુત્ર મદન સાથે લગ્ન કરવા આતુર થયેલી મોહનાને પંડિત શુકદેવ 'ગંગસેન અને દૂધાં'ની સ્ત્રીચરિત્ર વિશે પાંચમી દૃષ્ટાંતકથા કહે છે એમાં આ કથાઘટક પ્રયોજાયું છે. પરદેશ ગયેલા ગંગસેનની ગેરહાજરીમાં દામોદર પોપટ સ્વામીનીના રક્ષકનું કામ કરે છે. કાબુલી પાસે આસક્ત થઈ જતી દૂધાંને રોકવા પ્રયત્ન કરે છે. પોતાની બુદ્ધિ અને ચતુરાઈથી દૂધાં અને કાબુલીનાં સકંજામાંથી છટકી ગંગસેન પાસે પહોંચી ખરી વાત જણાવી એને પાછો બોલાવી લાવી વેર લેવડાવે છે. સંસ્કૃત 'શુકસપ્તતિ'નાં આધારે શામળે રચેલી 'સૂડાબહોંતેરી'માં આરંભે અને અંતે આવતી મુખ્યકથામાં આ કથાઘટક મળે છે. સ્વામીની ગેરહાજરીમાં પ્રેમી સાથે જારકર્મ કરવા જતી સ્વામીની પ્રભાવતીને અટકાવી પોપટ બોત્તેર દિવસ સુધી જારીવિજારીની આડકથાઓ કહીને સ્વામીનીનું શીલરક્ષણ કરે છે. આ ઉપરાંત શામળકૃત 'સિંહાસનબત્રીસી' માં 'મેનાપોપટ'ની પંદરમી વાર્તા વચ્ચે 'કોણ નીચ –નર કે નારી?' એ અંગે વાદવિવાદ આલેખાયો છે, આનું મૂળ 'કથાસરિત્સાગર' અંતર્ગત આવતાં 'વેતાલપંચવિંશતિકા'ની ત્રીજી વાર્તામાં રહેલું છે.

'નંદબત્રીસી' શીલકથા હોય એમાં સ્વામી ભક્ત, ચતુર પોપટનું કથાઘટક મહત્ત્વનું બની રહે છે. કામાતુર નંદરાજા મધરાતે પ્રધાનપત્ની પાસે આવે છે, ત્યારે પ્રધાનનો પાળેલો પોપટ પ્રધાનપત્નીને ધીરજ આપી પોતે રાજાને આવકારે છે, અને કહે છે કે 'તમારા પુત્ર સમાન પ્રધાનની ગેરહાજરીમાં પુત્રવધુની તમે ખબર કાઢવા આવ્યા તે યોગ્ય કર્યું.' વારંવાર પોપટ ચતુરાઈથી પ્રધાનને રાજાના પુત્રને સ્થાને ઠરાવી પ્રધાનપત્નીને પુત્રી ઠરાવે છે અને એમ રાજાનો દુષ્ટ આશય શિથિલ કરી નાખે છે.

વળી રાજાને અનુચિત કર્મ કરતાં રોકવા અનેક દષ્ટાંતો આપી એના કર્તવ્યનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે. જેમ કે, કડી ૧૫૧- ૧૫૨.

'રક્ષનારો જો ચોરી કરે તો ભંડાર કેહી પૈરે ભરે

ગરીબને દુઃખ દે કો બંડ તો રાજા તેહેને દે દંડ. ૧૫૧.

જો રાજા બુટી લે આપ તો રાજા પરજા બેહુનાં પાપ'

પોપટ પ્રધાનપત્નીને કહે છે કે રાજા તો ભાઈ, પિતા અને મોસાળીયા જેવો છે. એ બહેન, બેટી અને ભાંણેજ ગણીને આપણાં ઉપર ઘણું હેત રાખે છે.

પોપટ પ્રધાનપત્નીને કહે છે કે જો નંદરાજા અનુચિત કર્મ કરે તો અનર્થ થઈ જાય. પરોક્ષ રીતે આ બધા સંવાદ પોપટ રાજા નંદનાં મોહને દૂર કરવા બોલતો હોવાથી અધર્મ આચરતાં થતાં નુકસાનની વાત કરી રાજાને ભય પમાડવા પણ પ્રયત્ન કરે છે.

જેમ કે, કડી ૧૬૮ – ૧૬૯ –

'ચુકે નંદરાજાનો દેહે તો વૃષ્ટી કરે કમ મેહે

ભુડી દ્રૂષ્ટ જો તુજ સૂઅડે તો બાર વરસ અનાવૃષ્ટ પડે. ૧૬૮.

વણ–વાંકે રાજા દે દંડ તો તો ત્રૂટી પડે બ્રંમંડ

જો નંદરાય ચડાવે આલ તો પ્રથવી જાયે પાતાલ.' ૧૬૯૩

રાજા નંદ કામાસકત થઈને આવેલો છે એમ પોપટ જાણતો હોવા છતાં ચતુરાઈપૂર્વક પ્રધાન પત્નીને નીચે પ્રમાણેનું આવવા પાછળનું પ્રયોજન કહે છે. કડી ૧૭૨-૧૭૩.

'કોણેક પટંતરે કરો વીખાંણ તાંહોથી થયું રાજાને જાંણ

મુખ જોયાનું એહેને મંન જમ જનક જુવે તનયાનું તંન. ૧૭૨.

આપણ સહુનો રાખવાને ભાર પરધાંનને કાડો છે બાર

જોવા કારણ આવ્યા એહ આપણે દુધે વુઠો મેહે.' ૧૭૩.

આ પ્રકારે પોપટ જાતજાતનો રાજા નંદને પ્રતિબોધ આપે છે. જેથી રાજા નંદ વ્યભિચાર કરતાં અટકે છે અને પોતાનાં રાજા તરીકેનાં ધર્મ માટે, કર્તવ્ય માટે સજાગ બને છે.

પોપટ પ્રધાન વૈરોચન પાછો ફરતાં બનેલી સર્વ સાચી વાત પોતાનાં સ્વામીને કહે છે પણ પ્રધાન એની વાતને ગણકારતો નથી. પ્રધાનને પોપટ બધી સ્ત્રીઓ એક સમાન ચારિત્ર્યભ્રષ્ટ હોતી નથી એમ કહી વિવિધ દષ્ટાંતો દ્વારા દરેક વસ્તુ કે પદાર્થનાં બે પાસાં હોય છે એમ સમજાવવા પ્રયત્ન કરે છે. કડી ૨૫૩ - ૨૫૪ –

'કેહે સુક 'એહે તો સાચુ કહુ દષ્ટ ભરીને મેં તો લહુ

સરવ સરખુ નથી તાંહાં કોયે કહુ પટંતરે તે તુ જોય. ૨૫૩.

એક શંખ નદીમાં પડો એક દખણાવંત સિર ચડો

એક તુંબી જે તરને સાથ બીજુ ભીખારીને હાથ.' ૨૫૪.

તેમ છતાં પ્રધાન પોતાનો સંદેહ ન ત્યજી પોતાની પત્નીનો જ ત્યાગ કરે છે અને રાજા નંદની તક મળતાં હત્યા કરે છે. પ્રધાને કરેલાં કૃત્ય અંગે ચેતી ગયેલો પોપટ લૂણહરામી થવાનું પસંદ કરતો નથી. કડી ૩૬૪ ની બીજી પંક્તિ થી ૩૬૬ ની પ્રથમ પંક્તિ સુધી –

'ચેતો પોપટ પોતાને મંન 'એ પાપીયે મારો રાજંન. ૩૬૪.

સૂ કરુ જો લુણ જ ખાયુ નહી તો હવડાં ચેતાવા જાયુ

અનેક પાપ બીજુ છે ઘણુ નહી કો લૂણહરામી તણૂ. ૩૬૫.

એહનુ કરું ભોગવસે એહ એહ વાતમાં તો નહી સંદેહ.'

આમ, પોપટ લૂણહરામી નથી પણ સાથે-સાથે એ સત્યનો હિમાયતી પણ છે. એટલે જ તો કૃતિનાં અંતે ન્યાય પ્રક્રિયા દરમ્યાન એને સાક્ષી તરીકે બોલાવી સત્ય વાત જણાવવા કહેવામાં આવતાં એ રાજા નંદ પોતાનો ધર્મ ચૂક્યો નથી એવી જુબાની આપે છે. અંતે પોતાનાં સ્વામી માટે ભલું ઇચ્છનાર એ આકરો પણ લાગે છે. કડી ૩૯૭ -

'મે તારે સમઝાવો મરમ ઈશ્વરે રાખો છે ધરમ

એહ મુરખ નવ માંને ખરુ જેહેનુ મનડુ ઝેરે ભરુ.' ૩૯૭.

શામળકૃત 'નંદબત્રીસી'માં પ્રધાન વૈરોચનનો પોપટ નીતિનિપુણ, ચતુર, સ્વામીભક્ત, વફાદાર, સત્યનો હિમાયતી છે. 'રાધજાતક', 'શુકસપ્તતિ', 'કુસુમશ્રી રાસ', 'ચંદ્રશિખરનો રાસ', 'મદનમોહના' અંતર્ગત આવતી 'ગંગસેન અને દૂધાં'ની દૃષ્ટાંતકથા, 'સૂડાબહોંતેરી', 'રાજા રસાલૂ અને રાણી કોકલાં'ની લોકકથા ઇત્યાદિમાં ચતુર, સ્વામીભક્ત, ડાહ્યો, નિષ્ઠાવાન પોપટ જે–તે નાયિકાઓને શીલ જાળવવા યુક્તિપૂર્વક સલાહ સૂચન આપતો કે શીલ ખંડિત થતાં બચાવતો જોવા મળે છે. જ્યારે પ્રસ્તુત કૃતિમાં નાયિકા પ્રધાનપત્ની – પદ્મિની તો શીલવાન છે જ, પણ કામાતુર રાજા નંદને પોપટ ચતુરાઈપૂર્વક પ્રતિબોધ આપી રાજાનાં દુષ્ટ આશયને શિથિલ કરતો જોવા મળે છે. વળી, પ્રધાન પાસે રાજા અને પ્રધાનપત્નીની પવિત્રતા અંગે સાક્ષી પૂરવી, કૃતિનાં ઉત્તરાર્ધમાં ન્યાય પ્રક્રિયા દરમ્યાન પુનઃ સાક્ષી પૂરવી, પ્રધાનનાં કૃત્ય અંગે જાણી લુણહરામ ન થવું ઇત્યાદિ પણ અન્ય કૃતિઓમાં જોવા મળતું નથી. એ દૃષ્ટિએ શામળે આ કથાઘટકનો પોતાની જરૂરિયાત પ્રમાણે થોડો ભિન્ન અને વિપુલ ઉપયોગ પ્રસ્તુત કૃતિમાં કર્યો છે એમ કહી શકાય.

આ કથાઘટક સંદર્ભે હસુ યાજ્ઞિકનું મહત્ત્વનું નિરીક્ષણ વિચારવાની નવી દિશા આપે છે : 'માનવીની અનેક શારીરિક ચૈતસિક પ્રેરણાઓમાં કામવૃત્તિ એક પ્રબળતમ તત્ત્વ છે, અને માનવીની માનવી તરીકેની

બધી જ મહત્તા અને મર્યાદામાં કામ વૃત્તિની મુખ્ય પ્રેરણા રહેલી છે. છેક પ્રાચીનકાળથી માનવીએ પશુપક્ષીના પ્રતીકથી કામવૃત્તિને પિછાણી છે. સર્પ, વીંછી અને શુક કામવૃત્તિના લોકસ્વીકૃત પ્રતીકો છે અને લોકકથાઓમાં બહુ પ્રચલિત છે.... મનોવૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવે તો કામવૃત્તિએ કેવું પ્રતીકાત્મકરૂપ ધર્યું છે તેના વૈવિધ્યનો ખ્યાલ આવે. કામવિવશ વનિતાને અટકાવનારું પક્ષી સાર્વત્રિક રીતે શુક છે. 'શુકસપ્તતિ'ના શુકની જેમ 'નંદબત્રીસી'માં પણ શુક કામુક રાજાથી પ્રધાનપત્નીના શિયળની રક્ષા કરે છે. પુરાણમાં પણ કામજેતામાં અદ્વિતીય શુકદેવજી છે. પુણ્યશ્લોક પવિત્ર શુકદેવજીના આધારે શુકને કથામાં આવું માનભર્યું સ્થાન મળ્યું હશે?'[૩૩]

બાળબ્રહ્મચારી, વિદ્વાન, ગર્ભજ્ઞાની શુકદેવજી વ્યાસનાં પુત્ર અને ભાગવતના કથાકાર. તે પૂર્વજન્મે પોપટ હતા– એ પ્રકારનો ઉલ્લેખ ધર્મગ્રંથોમાં, પુરાણોમાં મળે છે. સંભવ છે કે મૂળ ભારતીય કથાસાહિત્યનું આ કથાઘટક નીતિનિપુણ શુકદેવજીના આધારે ઘડાયું હોય અને ત્યાર બાદ એનું પરદેશી રૂપાંતર જુદી–જુદી લોકકથા દ્વારા થયું હોય. આમ, આ કથાઘટક પ્રસાર અને પ્રચાર પામ્યું હોય.

પ્રસ્તુત કૃતિમાં સ્વામીભક્ત, ચતુર પોપટનાં કથાઘટકમાં પોપટનું આચરણ પ્રાણીદેહી મનુષ્યનાં જેવું હોવા છતાં એમાં રહેલાં કાલ્પનિક તત્ત્વનાં કારણે એ આકર્ષક બન્યું છે. શામળે પ્રચલિત કથાઘટકનો પોતાની કૃતિની જરૂરીયાત પ્રમાણે સહેજ ભિન્ન, વિશેષ અને વિપુલ ઉપયોગ કર્યો છે એ ધ્યાનપાત્ર છે.

(૭) સતનાં પારખાં / સાચનાં પારખાં / સત્યની કસોટી / સત્યક્રિયા :

પોતાનાં ઉપરનો આરોપ ખોટો હોવાનું અને પોતે નિર્દોષ કે સાચા હોવાનું પુરવાર કરવા, કોઈ કથાપાત્ર આકરી કે અસંભવિત કસોટીમાંથી પસાર થાય એને ઉપર જણાવેલા નામોએ ઓળખવામાં આવે છે. ધગધગતો લોઢાનો ગોળો હાથમાં પકડે (અગ્નિ દિવ્ય), દેવતાના અભિષેક જળની પ્રતિજ્ઞાપૂર્વક અંજલિ પીએ (કોશપાન દિવ્ય), સર્પવાળા ઘડામાં હાથ નાખે (ઘટસર્પ દિવ્ય) અને અંતે તે અક્ષત રહે તો નિર્દોષ હોવાનું પુરવાર થાય. આવી કસોટીઓને 'યાજ્ઞવલ્કય સ્મૃતિ' ઇત્યાદિ સ્મૃતિ શાસ્ત્રમાં 'દિવ્ય' કહી છે. આ ઉપરાંત અગ્નિપ્રવેશ,કાચા સૂતરને તાંતણે ઘડા વડે કૂવામાંથી પાણી કાઢવું, ઊકળતી તેલ કઢાઈમાં હાથ બોળવા, ધગ ધગતા તેલમાં કૂદી પડવું, ઝેરી નાગને ઝાલવો ઇત્યાદિ આવી કસોટીના બીજા પ્રકારો પણ કથાસાહિત્યમાં મળે છે. [૩૪]

પ્રાચીન સાહિત્યમાં જઈએ તો 'જાતકકથા'માં 'વટ્ટક' (ક્રમાંક ૩૫), 'મૂગપક્ત' (૫૩૮), 'સામ' (૫૪૦) ઇત્યાદિ જાતકકથાઓમાં સત્યક્રિયાનો ઉપયોગ થયો છે.

શામળકૃત 'સૂડાબહોંતેરી'ની ચુમ્માલીસમી વાર્તા 'સતનું પારખું'માં અંતે આ કથાઘટક જોવા મળે

છે. એમાં શિથિલ ચારિત્ર્યવાળી નાયિકા ધોળી પરોક્ષ સત્ય જણાવી ઊના તેલનાં તાવડામાં હાથ નાખી બહાર કાઢતાં એને હાથે કશી ઈજા થતી નથી. એ ચતુરાઈપૂર્વક જે વચન કહી સત્યની કસોટી આપે છે એ દ્વારા હેમખેમ પસાર થઈ બતાવે છે.

'નંદબત્રીસી'માં સત્યની કસોટીનું કથાઘટક એકથી વધારે સ્થાને પ્રયોજાયું છે. પાછા ફરેલાં વૈરોચન પ્રધાનને પત્નીનાં ચારિત્ર્ય ઉપર અને રાજાની નિયત ઉપર શંકા જાય છે. ત્યારે પોપટ પ્રધાનને બનેલી બધી સત્ય વાત જણાવે છે. પોપટની વાત ન માનતા પ્રધાનને પોપટ સત્યની કસોટી આપવા પણ તૈયાર થાય છે. કડી ૨૩૮.

'સાચા બોલ બોલુ નમ સાથ કોહો તો અગની ધાલુ હાથ

સૂક અસ્ત્રી કહા બહુ ભેદ ખોટે મન ન મુકો ખેદ.' ૨૩૮.

શિકાર કરવા અર્થે નીકળેલા રાજા નંદ અને પ્રધાન વૈરોચન સસરા નેનસુખના ગામ નેનવતીમાંથી પસાર થતાં નેનસુખના અતિથિ બને છે. પ્રધાનપત્નીનો પિતા જમાઈનાં મનનો સંદેહ દૂર કરવા ચોપાટની રમત રમવાનો પ્રસ્તાવ મૂકે છે અને એમાં જેના પાસા પોબાર પડે એનું સત રહ્યું છે એમ પૂરવાર થશે એમ નક્કી કરવામાં આવે છે. – કડી ૨૮૪.

'પો હોબાર પડે જેહેને કરે તે સત સાચો હોય

ન પડે તે જુઠો જાંણવો ખેદ ન કરસો કોયે.' ૨૮૪.

સસરો, રાજા, પ્રધાન અને પદ્મિની પાસા ફેંકતાં પોત–પોતાની નિર્દોષતા દર્શાવતાં દોહરા બોલે છે. ચાર–ચાર વાર પાસા ફેંકવા છતાં પ્રધાનના એક પણ વાર પાસા પોબાર પડતા નથી અને બાકીના ત્રણ જણના પાસા પોબાર પડે છે. સત્યની કસોટી માટે 'પડ પાસા પોહોબાર'ની કલ્પના અને નિરૂપણ નવીન છે. આવું બીજી કોઈ કૃતિમાં હોય એવું મારા જાણવામાં આવ્યું નથી.

'નંદબત્રીસી'નાં અંતે રાજકુંવર પ્રધાન વૈરોચને રાજા નંદ ઉપર મૂકેલા આરોપની તપાસ કરવા ન્યાયપ્રક્રિયા કરે છે. સાક્ષી તરીકે બોલાવેલાં પોપટ, પ્રધાનપત્નીને આજકાલ ન્યાયાલયમાં જે પ્રમાણે ગીતા જેવા ધર્મગ્રંથની શપથ લેવડાવવામાં આવે છે તેમ 'દીધી હત્યા ચાર'ની શપથ લેવડાવતાં જોવા મળે છે. ચાર હત્યામાં બ્રહ્મહત્યા, સ્ત્રી હત્યા, બાળ હત્યા અને ગૌ હત્યાના સોગન આપવામાં આવતાં જોવા મળે છે. પ્રધાનપત્નીને બોલાવી રાજકુંવર સત્ય વાત પૂછે છે ત્યારે પ્રધાનપત્ની સતી હોવાથી જે કહે તેવી સત્યની કસોટીમાંથી પાર ઉતારવા તૈયાર થાય છે. કડી ૪૦૫ –

'કોહો તો અગન ઉપાસીયે કોહો તો રાંધૂ ખીર

હસ્તી બાંધૂ કાચે તાંતણે રાખુ હૈડે ધીર.' ૪૦૫,

પ્રધાન વૈરોચન જો એની પત્ની અગ્નિ વિના દેહ બાળે તો એના સતને સ્વીકારવા તૈયાર થાય

છે. નદી તટે જઈ રેતીનો ઢગ કરી, સ્નાન કરી પ્રધાનપત્ની તેના ઉપર બેસી સુરજ દેવની સ્તુતિ કરે છે, અને એ પોતાની આંખમાંથી અગ્નિ પ્રગટ કરે છે. પણ પ્રધાન તો 'તારી અગ્નિની ઉપાસના હશે એટલે આમ થયું' એમ કહી તેનું સતી પણું માનવાનો ઇન્કાર કરે છે. જો રાજા નંદને જીવતો કરી બતાવે તો પત્નીનું સત માનવા તૈયાર થાય છે. અંતે ધરતીને પ્રાર્થના કરતાં ધરતી પ્રધાનપત્નીને અંદર ઉતરવાનો માર્ગ આપે છે અને પ્રધાનપત્ની એમાં સમાવા જતી હોય છે ત્યાં શેષનાગ અવધૂત વેશે આવી રાજા નંદને જીવીત કરે છે. આમ, પ્રધાનપત્ની સત્ય કસોટીમાંથી પાર ઊતરે છે.

'નંદબત્રીસી'માં કથા અંતે આવતું સત્ય કસોટીનું આ કથાઘટક ધાર્મિક શ્રદ્ધા સાથે સંકળાયેલ છે. શામળે કૃતિનાં અંતે એનો છૂટથી ઉપયોગ કર્યો છે. આમ તો કૃતિમાં અનેક સ્થાને સત્યની કસોટીનું કથાઘટક પ્રયોજાયું છે પણ એમાં ચોપાટની રમત રમતાં 'પડ પાસા પોહોબાર'ની સત્ય કસોટીમાં શામળની કલ્પના અને નવીન નિરૂપણ રીતિનાં કારણે આ કથા ઘટક ધ્યાનપાત્ર બની રહે છે.

(૮) પ્રભુની ભક્તને સહાય :-

આપણાં અનેક ધર્મગ્રંથો, પુરાણોમાં તથા પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં આ ઘણો જાણીતો કથાઘટક છે. આવી પડેલી આપત્તિ કે વિકટ પરિસ્થિતિમાં ઇશ્વર ભક્તની સહાય કરવા માટે આવે કે ગમે તે રૂપે મદદ કરે એવું અનેક કથાઓમાં જોવા મળે છે. સુધન્વાનીવાત જાણીતી છે. રાજકુંવર સુધન્વાનાં પિતાને પાંડવો સાથે યુદ્ધ થતાં ગામના બધા લોકોને સવારમાં પહોર દહાડો ચઢતા પહેલાં લઢવા જવા ગામ બહાર નિકળવા રાજાએ આજ્ઞા કરેલી, પણ સુધન્વા ભક્ત હોવાથી સેવા–પૂજામાંથી પરવારતાં મોડું થવાથી વખતસર આવી શક્યો નહિ, તેથી તેના પિતાએ તેને ઉકળતા તેલના કઢામાં નાખવાની સજા કરી હતી. પરંતુ ભગવાને તેલને ટઢુ કરી તેને જીવતો રાખ્યો, ઉગારી લીધો. તેવી રીતે ભક્ત પ્રહલાદ અને હરિશ્ચંદ્રની કથાઓ પણ જાણીતી છે.

નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેવા ભક્ત કવિઓનાં જીવન સાથે સંકળાયેલી અનેક દંતકથાઓનું તથા એમનાં જીવન ઉપરથી રચાયેલી કૃતિઓનું આ કથાઘટક સંદર્ભે તરત જ સ્મરણ થાય છે. કેટલાંક બુદ્ધિજીવીઓ આ પ્રકારની દંતકથાનો તાર્કિક અર્થ કાઢવા પણ મથ્યા છે. પણ કથાસાહિત્યમાં પ્રયોજાતું આ કથાઘટક કલ્પનાજન્ય છે અને એને કથાસાહિત્યનો અભ્યાસ કરતાં એ દૃષ્ટિએ જ જોવું જોઈએ.

અર્ધઐતિહાસિક પાત્ર એવા વિક્રમ રાજા ઉપર અનેક કથાઓ / કૃતિઓ રચાયેલ છે. એમાં વિક્રમ રાજાને હરસિદ્ધિમાતા હાજરાહજૂર હોવાની વાત અનેક કૃતિઓમાં પ્રયોજાયેલા આ કથાઘટક દ્વારા જાણીતી છે. શામળની 'સિંહાસનબત્રીસી' માં પણ આ કથાઘટક અનેક કથાઓમાં છે.

'નંદબત્રીસી'માં અંતે પ્રધાનપત્નીનું 'સત' સાબિત કરવાની કસોટીમાં ઇશ્વર મદદરૂપ થતાં જોવા મળે છે. સતીપણું સાબિત કરવા કોઈ પણ કસોટી સ્વીકારવા પ્રધાનપત્ની તૈયાર થાય છે. વૈરોચન અગ્નિ સળગાવ્યા વિના અગ્નિપ્રવેશ કરીને સતી પણું પુરવાર કરી બતાવવા કહેતાં પ્રધાનપત્ની રેતીના ઢગલા પર બેસી સૂર્યદેવની પ્રાર્થના કરી પોતાની આંખમાંથી અગ્નિ પ્રગટ કરે છે. તેમ છતાં વૈરોચન સતીપણું માનવાનો ઈન્કાર કરી રાજાનંદને સજીવ કરી બતાવે તો તેનું 'સત' માનવા તૈયાર થાય છે. આગમાંથી બહાર નીકળીને પ્રધાનપત્ની ધરતીમાં સમાઈ જવા માટે જગ્યા આપવાધરતીમાતાને પ્રાર્થના કરતાં ધરતી ફાટીને માર્ગ આપે છે. પ્રધાનપત્ની અંદર ઊતરવા જાય છે એટલામાં એક ચમત્કાર થાય છે – કડી ૪૨૯-૪૩૦ –

'શેષનાગ પ્રથવીપતી તેણે વીચારુ આપ
'નીકલંક કલંક થઈ આવસે તો મારે સિર પાપ.' ૪૨૯.
અવધૂત થઈ આવીયો કારમુ કોપે સરુપ
કાંમનીનો કર ઝાલીયો વીસમે પામો ભૂપ.' ૪૩૦.

શેષનાગ અવધૂત વેશે ત્યાં પ્રગટ થયા. પ્રધાનપત્નીએ પોતાના પરનું કલંક દૂર કરવા રાજા નંદને જીવતો કરવા તેમને પ્રાર્થના કરી. અવધૂત વેશે આવેલા શેષનાગ દેવે રાજાને સજીવન કર્યો અને દેવ અલોપ થઈ ગયાં.

આ પ્રકારે સૂર્ય, ધરતી અને શેષનાગ એ ત્રણે દેવ–દેવી પ્રધાનપત્નીને મદદરૂપ થાય છે. શામળે આ શીલકથાનાં અંતભાગમાં આ કથાઘટક પ્રયોજી ધાર્મિક શ્રદ્ધા જન્માવવા અને સચેત રાખવા પ્રયત્ન કર્યો છે. કૃતિમાં ગૂંચવણભરી પરિસ્થિતિમાં આ કથાઘટક પ્રયોજાવાથી ગૂંચવણ દૂર થઈ કથાનો નિશ્ચિત અંત આવેલો જોવા મળે છે.

(૯) મૃતસંજીવન :

મૃત્યુ પામેલી વ્યક્તિ ઉપર અમૃત છાંટતા કે કોઈ અન્ય ચમત્કાર દ્વારા પુનર્જીવીત થાય એ કથાઘટક પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યની ઘણી કથાકૃતિઓમાં જોવા મળે છે. ગણપતિકૃત 'માધવાનલ–કામકંદલા–પ્રબંધ', કુશલલાભકૃત 'માધવાનલ– કામકંદલા ચોપાઈ' અને શામળકૃત 'સિંહાસનબત્રીસી'ની છવ્વીસમી કથા 'માધવાનલ કામકંદલા' માં આ કથાઘટક સંહેજસાજ ફેરફાર સાથે કથાનાં અંતે જોવા મળે છે. માધવનાં મૃત્યુની ખોટી વાત સાંભળી કામકંદલાને આઘાત લાગતાં મૃત્યુ પામે છે. કામકંદલાનાં મૃત્યુની વાત જાણી અત્યંત શોકાતુર થયેલાં માધવનું પણ પ્રાણપંખી ઊડી જાય છે. કથા અંતે વેતાળ પાતાળમાં

જઈ અમૃત લઈ આવે છે અને વિક્રમ એ અમૃત છાંટી માધવ અને કામકંદલાને પુનર્જીવીત કરે છે. તેવી રીતે વીરવિજયકૃત 'ચંદ્રશિખરનો રાસ' માં વનવિહારે ગયેલી શૃંગારમંજરીનું સર્પદંશથી મૃત્યુ થાય છે. તેની પરના પ્રેમને કારણે રાજા તેની સાથે બળી મરવા તૈયાર થયો. ત્યાંતો આકાશમાંથી પસાર થતાં વિદ્યાદરે આ જોઈ તેને અટકાવીને શૃંગારમંજરી ઉપર મંત્રેલું જળ છાંટતાં એ સજીવ થાય છે.

શામળકૃત 'નંદબત્રીસી'માં ધરતીમાં સમાવા જતી પ્રધાનપત્નીને શેષનાગ અવધૂતવેશે આવી રોકે છે. પ્રધાનપત્ની પોતાના પરનું કલંક દૂર કરવા નંદ રાજાને જીવતો કરવા પ્રાર્થના કરે છે. વાવ પાસે જઈને નંદરાજાના અસ્થિનો એક ટુકડો શોધી કાઢી અવધૂત એકાંતમાં જઈ અસ્થિ પર અમૃત છાંટતાં રાજા સજીવન થઈ વાવમાંથી પાણી પીને બહાર આવે છે અને અવધૂત અલોપ થાય છે.

'મૃતસંજીવન'નું આ કથાઘટક 'નંદબત્રીસી'માં એક રીતે 'સત્યની કસોટી' અને 'પ્રભુની ભક્તને સહાય' – એ કથાઘટકો સાથે સંકળાયેલ છે.

શામળે કૃતિનાં અંતભાગમાં પ્રયોજેલા આ ત્રણે કથાઘટકો ધાર્મિક શ્રદ્ધા સાથે જોડાયેલી ચમત્કારપૂર્ણ ઘટના ઉપર આધારિત છે. એનાં કારણે શામળે રચેલી આ શીલકથા અદ્‌ભુતરસિક કૃતિ બની છે.

શામળે પ્રયોજેલા નવ કથાઘટકો વિશે સમગ્રપણે વિચારીએ તો સમસ્યા–સંજ્ઞાભાષાનું કથાઘટક પરંપરાગત, જડ માળખુ ન બની રહેતાં એક કથનપ્રયુક્તિ બનતું હોવાથી વિશેષ ધ્યાનાકર્ષક છે. 'નંદબત્રીસી' શીલકથા હોય એના વિષય વિશેષને અનુરૂપ 'શીલરક્ષા', 'અસતીનું આળ', 'સ્વામીભક્ત ચતુર પોપટ' જેવા કથાઘટકો શામળે પ્રયોજ્યાં છે. 'વિશ્વાસઘાતી પ્રધાન'નું કથાઘટક સમગ્ર કૃતિમાં કેન્દ્ર સ્થાને રહેલું હોય અગત્યનું છે. 'છૂપો સાક્ષી' કથાને નિશ્ચિત દિશામાં વેગ આપનાર કથાઘટક છે. અંતે આવતાં 'સતનાં પારખાં', 'પ્રભુની ભક્તને સહાય', 'મૃત સંજીવન' કથાઘટકો આ શીલકથાને ધાર્મિક શ્રદ્ધા સાથે જોડનાર કથાઘટકો છે. શામળે પ્રયોજેલાં બધાં જ કથાઘટકો પરંપરાથી સહેજ ભિન્ન, કથાવસ્તુની આંતરીક જરૂરીયાત પ્રમાણે ઘડાયેલાં છે. આરંભે આવતો સમસ્યાનો કથાઘટક અને અંતે આવતાં ત્રણ ચમત્કારપૂર્ણ કથાઘટકો કૃતિને યોગ્ય ઉઘાડ અને અંત આપે છે. કૃતિમાં મધ્યે આવતા કથાઘટકો કૃતિને યોગ્ય દિશામાં ગતિ કરવાનું ચાલકબળ પૂરું પાડે છે.

કથાપ્રયુક્તિ / કથનપ્રયુક્તિ :

'નંદબત્રીસી'માં પ્રયોજાયેલી મુખ્ય ત્રણ કથા કે કથન પ્રયુક્તિઓ ખાસ ધ્યાનાકર્ષક છે. શામળે કથાની શરૂઆતમાં રાજા નંદ અને ધોબીનાં મેળાપનો પ્રથમ પ્રસંગ આલેખ્યો છે. એમાં રાજા નંદ અને ધોબી પોતપોતાનો પરીચય, ધોબીનું મધરાતે ત્યાં સરોવર કિનારે આવવા પાછળનું કારણ, કોના કપડાં ધોબી ધૂવે છે એ અંગે માહિતી- ઇત્યાદિ સમસ્યામાં એધાંણી દ્વારા સૂચવવામાં આવ્યું છે. આથી સમસ્યા

માત્ર બુદ્ધિવિનોદનું સાધન ન બની રહેતા કથાવસ્તુનું એક અંગભૂત વાર્તાઘટક બને છે. 'સંજ્ઞાભાષા' બને છે. આ ઉપરાંત કથાનો યોગ્ય ઉઘાડ, કથા વિકસાવનાર બીજનું આરોપણ, પ્રસંગને ઉપકારક વાતાવરણ, રાજા અને ધોબીનું પાત્રચિત્રણ ઇત્યાદિ દૃષ્ટિએ સમસ્યા મહત્ત્વની કથનપ્રયુક્તિ સિદ્ધ થાય છે.

બીજી અને ત્રીજી કથાપ્રયુક્તિ પ્રધાન વૈરોચનના મનની શંકાના નિવારણ અર્થે પ્રયોજાયેલી છે. શિકાર કરી પાછા ફરતાં રાજા નંદ અને પ્રધાન વૈરોચન પદ્મિનીનાં પિયરમાં અતિથિ બને છે, પ્રધાનપત્ની – પદ્મિનીનો પિતા જમાઈનાં મનનો સંદેહ દૂર કરવા ચોપાટની રમત રમવાનો પ્રસ્તાવ મૂકે છે અને એમાં જેના પાસા પોબાર પડે એનું સત રહ્યું છે એમ પૂરવાર થશે એમ નક્કી કરવામાં આવે છે. સત્યની કસોટીરૂપે રમાતી ચોપાટની રમતમાં સસરો, રાજા, પ્રધાન અને પદ્મિની પાસા ફેંકતા પોત–પોતાની નિર્દોષતા દર્શાવતાં દોહરા બોલી ચાર-ચાર વાર પાસા ફેંકતા પ્રધાનનાં એક પણ વાર પાસા પોબાર પડતાં નથી અને બાકીના ત્રણ જણનાં પાસા પોબાર પડે છે. પ્રધાનનો સસરો કે રાજા નંદ પ્રધાનને પ્રત્યક્ષ કહી શકે તેમ નથી માટે 'પડ પાસા પોબાર'ની ચોપાટની રમત એક કથનપ્રયુક્તિ તરીકે પ્રયોજાયેલી છે. તેવી રીતે નગર પાછા ફરતાં જંગલમાંથી પસાર થતાં માર્ગમાં આવેલી વાવમાં રાજા પાણી પીવા જાય છે અને વાવની ભીંત ઉપર પોતાની નિર્દોષતા દર્શાવતું લખાણ લખે છે, જવાબમાં પ્રધાન પણ વાવની ભીંત ઉપર રાજા ઉપર આક્ષેપ કરતું લખાણ લખે છે. આમ, વારાફરતી પાંચ–પાંચ વાર લખાણરૂપ સંવાદ બન્ને વચ્ચે ચાલે છે. રાજા અને પ્રધાન વચ્ચે એક સીમારેખા છે. રાજા પોતે પ્રત્યક્ષ, રૂબરૂ માં વણ માંગ્યો ખુલાસો આપી શકે તેમ નથી અને પ્રધાન પણ રાજાને પ્રત્યક્ષ, રૂબરૂમાં એ અંગે કંઈ કહી શકે તેમ નથી. એવી પરિસ્થિતિમાં બન્ને પાત્રો વચ્ચે વાવની ભીંત ઉપર લખાણરૂપ ચાલતો દલીલયુક્ત સંવાદ કથનપ્રયુક્તિ બનીને રહે છે.

આ બન્ને પ્રસંગ કથાવસ્તુને થોડી વાર માટે સ્થગિત કરે છે. પણ એ કથામાં ઉપસ્થિત થતી વિશિષ્ટ પરિસ્થિતિ માટે જરૂરી અને ઉપયોગી કથનપ્રયુક્તિ છે.

શામળે ચોપાટની રમત રમતા 'પડ પાસા પોબાર' અને વાવની ભીંત ઉપર લખાણરૂપ સંવાદની યોજેલી કથન પ્રયુક્તિ કલ્પના, નિરૂપણરીતિ ઇત્યાદિ દૃષ્ટિએ નાવીન્ય યુક્ત અને નાટ્યાત્મક ઉઠાવ આપી શકે તેમ છે. વળી, આ બન્ને પ્રસંગો દ્વારા પાત્ર–પાત્ર વચ્ચેનો સૂક્ષ્મ સંઘર્ષ સચોટ અભિવ્યક્તિ પામ્યો છે.

આમ, 'નંદબત્રીસી'માં સમસ્યા – સંજ્ઞાભાષા, ચોપાટની રમત અને વાવની ભીંત ઉપર લખાણરૂપ સંવાદ એ ત્રણ કથન પ્રયુક્તિઓ શામળની કથાકાર તરીકેની લાક્ષણિક અને વિરલ કથનસિદ્ધિ બની રહે છે.

પાત્રચિત્રણ

શામળકૃત 'નંદબત્રીસી'માં પ્રધાન વૈરોચન અને રાજા નંદનાં ચરિત્રચિત્રણ સંદર્ભે શામળે નોંધપાત્ર સિદ્ધ પ્રાપ્ત કરી છે.

વૈરોચન

સમગ્ર મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં શામળકૃત 'નંદબત્રીસી'માં નિરૂપાયેલા પ્રધાન વૈરોચનનાં પાત્રની જોડ મળવી મુશ્કેલ છે. આ પાત્રના શંકાશીલ અને આગ્રહી માનસ નિરૂપણનાં કારણે એ જીવંત બન્યું છે. એનું પાત્ર ખાસ તો સંવાદ અને પ્રસંગો દ્વારા જ ઉપસ્થિત થયું છે. રાજા નંદ કે પ્રધાનપત્નીની જેમ એના અંગે વિસ્તૃત વર્ણન મળતું નથી. કૃતિની શરૂઆતમાં કડી ૬ અને ૧૧ માં એનાં વિશે જે અતિ સંક્ષિપ્ત વર્ણન કે ઉલ્લેખ મળે છે એ પ્રમાણે–વૈરોચન પ્રધાન સમગ્ર દેશનો રાજકારભાર સંભાળે છે, પણ એથી વિશેષ બીજું કોઈ વર્ણન આ પાત્ર વિશે સાંપડતું નથી.

પ્રધાન વૈરોચનની રાજકીય મહત્ત્વાકાંક્ષા કૃતિમાં અમુક પ્રસંગે આછી સરખી પ્રગટ થતી જોવા મળે છે. પ્રધાનપત્ની પદ્મિની છે એમ ધોબી પાસેથી જાણી કામાતુર થયેલો રાજા નંદ યેનકેન પ્રકારે પ્રધાનને નગરથી દૂર કરવા પ્રપંચ કરે છે, અને પ્રધાનને કચ્છમાં જઈ ઘોડા ખરીદવાની આજ્ઞા કરે છે. અશુભ યોગ અને તિથિ હોવાથી પ્રધાન એની વાતનો વિરોધ કરતાં રાજા પ્રધાનને પદભ્રષ્ટ કરવાની ધમકી આપી તથા પ્રધાનને તેનાં કર્તવ્યનું ભાન કરાવી જવાની ફરજ પાડે છે. આથી પ્રધાનની અનિચ્છા છતાં લાચારી વશ એ કચ્છ ઘોડાં ખરીદવા જાય છે. કડી ૭૪માં –

'જે રાજા બોલા તે હા જે નીરધન બોલે તે ના.'

–થી શરૂ થતાં એનાં સંવાદમાં પ્રધાનની લાચારી પ્રગટ થાય છે. વળી, પાછો ફરેલો પ્રધાન રાજાનાં કર્ણકુંડળ અને શાલ દ્વારપાળ પાસે જોઈ તથા રાજાની વીંટી પોતાની પત્નીની આંગળીમાં જોતા શંકાશીલ બને છે. એ સ્થાને એ સ્થાને પ્રધાનનો જે મનોભાવ પ્રગટ કર્યો છે એમાં પણ પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા પ્રગટ થાય છે. કડી ૨૩૯ થી ૨૪૧–

'જમ જમ પેલો વાતો કરે તમ તમ રોસ અદકેરો ધરે
એહને મારુ કે હુ મરુ ભારે રીસ રદે કમ ધરુ. ૨૩૯.
'એહેને મારુ તો કોપે રાયે પરઘાંનવટુ પોતાનુ જાયે
હલુયે હલુયે વેર લેઈસૂ દાયો રાજાને દેઇસૂ. ૨૪૦.
ગુણ કે અવગુણ ઓસાંકલ થાયે પીત્રી પંડ તારે તો સાહે'
એહવો મન માંહે રાખો ક્રોધ નવ માનો તેહેનો પ્રતિબોધ' ૨૪૧.

અહીં પોતાની પત્નીનાં ચારિત્ર્ય ઉપર શંકાશીલ બનેલો એ પત્નીને મારી નાખવાનું વિચારે છે, તો બીજી જ ક્ષણે એ આ પ્રકારનું પગલું ભરતાં મળનારા માઠાં પરીણામ વિશે વિચારે છે. જેનાંથી પોતાનું પ્રધાનવટુ પણ ન છીનવાય અને વેર પણ વળે એવી તકની એ પ્રતિક્ષા કરે છે. એવી તક મળતાં જ પ્રધાન રાજાની હત્યા કરે છે. નગરમાં પાછો ફરેલો એ અજાણ બની રહે છે. એક માસ સુધી રાજાની કોઈ ભાળ ન મળતાં રાજકુમારને રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે. કડી ૩૬૨ –

'કાંઈક શોક કરો મન તાજ્ય તે પુત્રને બેસારો રાજ

વજીર મોહોટો ને નાંહાનો રાય કારભાર એમ ચાલો જાયે.' ૩૬૨.

અહીં જણાવ્યું છે એ પ્રમાણે નાનાં રાજા અને મોટો પ્રધાન એમ રાજકારભાર ચાલ્યે જાય છે. પરોક્ષ રીતે પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા અહીં સૂચિત થાય છે. આમ, આવા કેટલાક સ્થાનોએ પ્રધાનવટુ જાળવી રાખી પોતાની સત્તા વિસ્તારવાની ઇચ્છા પ્રત્યક્ષ કે પરોક્ષપણે પ્રગટ થવા પામી છે. પ્રધાનનાં વ્યક્તિત્વનું આ પાસું અગત્યનું છે.

પ્રધાન વૈરોચનનાં પાત્રનું બીજું અગત્યનું પાસુ એનો દઢ શંકાશીલ સ્વભાવ છે. પાંચ પખવાડિયા પછી અવનવા ઘોડા ખરીદી પાછો ફરેલો પ્રધાન પોતાનાં ઘરે આવતાં જ દ્વારપાળનાં કાનમાં રાજાનાં નવ કરોડનાં કર્ણકુંડળ અને અંગ ઉપર રાજાની સવા લાખની શાલ ઓઢેલી જોઈ રોષે ભરાય છે. આ જોઈને વહેમાયેલો એ દ્વારપાળને ઠપકો આપે છે અને પોતાની ગેરહાજરીમાં ત્યાં રાજા આવ્યો હોવાનું જાણી ક્રોધે ભરાયેલો ઘરમાં પ્રવેશે છે. એનો ગુસ્સો વર્તી ગયેલો પોપટ અને પ્રધાનપત્ની મનમાંથી શંકા ત્યજવા સમજાવે છે. પણ પત્નીનાં જમણાં હાથની આંગળીમાં રાજા નંદે 'પસલી' રૂપે આપેલી વીંટી જોઈ એની શંકા વધુ દઢ બને છે. પરિણામે એ પોપટ કે પત્નીની વાત સ્વીકારતો નથી અને રાજા નંદે પોતાની પત્ની સાથે જારકર્મ કર્યા હોવાનું માની વેર અને ઇર્ષાની અગ્નિમાં બળે છે. એ પોતાની પત્નીને ત્યજી દે છે અને રાજા નંદ ઉપર ધીમે–ધીમે વેર લેવાનું મનોમન નક્કી કરી નાંખે છે.

પ્રધાનના શંકાશીલ સ્વભાવમાં એનું આગ્રહી માનસ ભળતાં કૃતિ ધીમે–ધીમે એનાં નિશ્ચિત લક્ષ તરફ ગતિ કરે છે. મનોમન ખાર રાખનાર પ્રધાનનો બાહ્ય વ્યવહાર તો સામાન્ય જ જણાય છે. એથી જ તો પ્રધાને પોતાની પત્નીને ત્યજી દીધાની વાત એક વર્ષ સુધી રાજાથી અજાણી રહે છે. વળી, શિકાર કરી પાછા ફરતાં પોતાનાં સંસારાનાં ઘરે એ અને રાજા અતિથિ બની રોકાણ કરે છે, ત્યાંથી વળતાં પત્નીને થોડા દિવસમાં તેડાવાનો વાયદો પણ કરે છે. આમ, પ્રધાનનો બાહ્ય વ્યવહાર પહેલાં તો પ્રધાનનાં મનનાં ખારને પ્રગટ કરતો નથી.

સત્યની કસોટીરૂપે ચોપાટની રમતમાં પાસા પોબાર ન પડવા છતાં એ મનનો સંદેહ ત્યજતો નથી. ત્યારબાદ વાવમાં પાણી પીવા નિમિત્તે જઈ રાજાનાં લખાણનાં પ્રતિઉત્તરરૂપે આક્ષેપ કરતું લખાણ વાવની

દિવાલ ઉપર એ લખે છે. ચોપાટની રમત રમતી વખતે પ્રધાનનાં મૂકાયેલાં સંવાદો અને પરોક્ષ રીતે રાજા અને પ્રધાન વચ્ચે લખાણરૂપે દલીલયુક્ત સંવાદમાં પ્રધાનનો મનોભાવ પ્રગટ થાય છે. ચોપાટની રમત દ્વારા પ્રધાનનો સસરો નેનસુખ અને વાવમાં લખાણરૂપ દલીલ દ્વારા રાજા પ્રધાનની શંકા દૂર કરવા પ્રયત્ન કરે છે પણ એથી પ્રધાનનાં શંકાશીલ આગ્રહી માનસમાં કોઈ પરિવર્તન આવતું નથી.

એ તક મળતાં જ રાજા નંદની હત્યા કરે છે. કૃતિનાં અંતે માળી દ્વારા રાજાની હત્યાનું રહસ્ય પ્રગટ થતાં વૈરોચન રાજકુમાર પાસે પોતાનો ગુનો કબુલી એમ કરવા પાછળનું કારણ પણ જણાવે છે. રાજકુમાર સત્ત્યની શોધ માટે ન્યાયપ્રક્રિયા કરતાં સાક્ષી પૂરાવા આવેલા પોપટની સત્ય વાતને પ્રધાન પુનઃ નકારી કાઢે છે. પ્રધાનની પત્ની શીલ જાળવ્યું હોવાની સાબિતીરૂપે ગમે તે કસોટીમાંથી પાર ઉતરવા તૈયાર થતાં પ્રધાનનાં કહેવાથી વિના અગ્નિએ રેતીનાં ઢગ ઉપર બેસી સૂરજની સ્તૃતિ કરી નેત્રમાંથી અગ્નિ પ્રગટાવે છે. પણ પ્રધાન એને પણ નકારી કાઢી રાજાને પુનર્જીવીત કરે તો સત સ્વીકારવા તૈયાર થાય છે. અંતે રાજા પુનર્જીવીત થતાં પ્રધાનપત્ની અને રાજા નંદની નિર્દોષતા સાબિત થાય છે. રાજકુમાર પ્રધાનને શિક્ષારૂપે શૂળી ચડાવા જતો હોય છે ત્યાં રાજા નંદ દ્વારા પ્રધાનનાં પ્રાણ ઉગરે છે. કૃતિમાં ઠેઠ અંતે પ્રધાનને પત્નીનાં શીલ અને રાજાનાં સત અંગે પ્રતીતિ થતાં એ રાજાની માફી માંગે છે.

આમ, પોપટ, પત્ની, રાજા નંદ દ્વારા થયેલા કોઈપણ ખુલાસાને તો ઠીક પણ અંતે પત્નીનાં શીલની ખાત્રીરૂપે ચમત્કારીક ઘટના ઘટે છે એને પણ પ્રધાન અંત સુધી નકારતો જ રહે છે. પ્રધાનનું શંકાશીલ આગ્રહી માનસ છેક અંત સુધી જોવા મળે છે. રાજા સજીવન થતાં, એના પ્રાણ ઉગારવાની રાજાની ઉદારતા જોઈ અંતે એનાં આગ્રહી માનસમાં પરિવર્તન આવે છે.

શામળકૃત 'નંદબત્રીસી'માં પ્રધાન વૈરોચનનું પાત્ર કેટલીક બાબતોમાં શેક્સપિયરરચિત 'ઑથેલો' (ઈ. ૧૬૦૪) નાટકનાં નાયક ઑથેલોનું સ્મરણ કરાવે છે. શેક્સપિયરરચિત ચાર મહાન ટ્રેજેડી પૈકીની એક તે 'ઑથેલો'. એનું કથાવસ્તુ ઇટાલિયન લેખક ગિરાલ્ડી સિન્થિયોની વાર્તા 'હેકટોમિથિ' (ઈ. ૧૫૬૬) ના ફ્રેંચ અનુવાદ (ઈ. ૧૫૮૪) પર આધારિત છે.

'ઑથેલો' અને શામળની 'નંદબત્રીસી'ની કેટલીક બાબતે તુલના રસપ્રદ નીવડે એવી છે. ઈયાગો ઑથેલોનાં મનમાં ઑથેલોની પત્ની ડેસ્ડેમોના અને ઑથેલોનો મિત્ર કેશિયો વચ્ચેનાં પ્રેમસંબંધનું બીજ આરોપે છે. તે પુરવાર કરવા ઇયાગો પોતાની પત્ની એમિલિયાનો ઉપયોગ કરે છે. ઑથેલોએ ડેસ્ડેમોનાને ભેટ આપેલો હાથરૂમાલ કેશિયો પાસે મળે એવી ગોઠવણ એમિલિયા દ્વારા થાયછે. ઑથેલોના મનમાં ડેસ્ડેમોનાની પતિ પ્રત્યેની વફાદારી વિશે ઇયાગોએ રોપેલું શંકાનું બીજ આ યોજના દ્વારા પાંગરે છે. 'નંદબત્રીસી'માં 'ઑથેલો'ની જેમ કોઈ બાહ્ય પાત્ર પ્રધાન વૈરોચનનાં મનમાં શંકાનું બીજ આરોપતું નથી. પણ 'ઑથેલો'માં હાથરૂમાલની જેમ 'નંદબત્રસી'માં રાજા નંદનાં કર્ણકુંડળ, શાલ દ્વારપાળ પાસે જોઈ શંકાનું

બીજ નંખાય છે તથા પત્નીનાં હાથમાં રાજા નંદની વીંટી જોઈ એની શંકા પાંગરેછે. ઑથેલો ડૅસ્ડેમોનાને બેવફા પત્ની ગણીને ઇયાગોની વાતથી ઉશ્કેરાઈને શય્યામાં જ નિર્દોષ તેને ગુંગળાવીને મૃત્યુને શરણે કરે છે. ઇયાગો કે શિયોનું ખૂન કરે છે. જ્યારે વૈરોચન શંકાશીલ બની પત્નીને ત્યજી દે છે અને પત્ની સાથે જારકર્મ કર્યું હોવાની શંકાથી પ્રેરાઈ રાજાની હત્યા કરે છે. હત્યા પણ નગરથી દૂર નિર્જન સ્થાને જ્યારે રાજા પ્રધાનનાં ખોળામાં માથું મૂકી ઊંઘી ગયો હોય છે ત્યારે છરી (કટાર) કાઢી રાજાને ગળે મારી કરે છે.

શેક્સપિયરનું આ દુખાંત નાટક છે, જ્યારે શામળની આ કૃતિ અન્ય મધ્યકાલીન કથાસાહિત્યની મહત્તમ કૃતિઓની જેમ સુખાંત છે. 'ઑથેલો' માનસશાસ્ત્રીય ભૂમિકા ઉપર રચાયેલ વાસ્તવજન્ય નાટક છે, જ્યારે 'નંબદત્રીસી' એનાં અંતે આવતી ચમત્કારપૂર્ણ ઘટનાઓનાં કારણે માનસશાસ્ત્રીય ભૂમિકા ઉપર રચાયેલ કલ્પનાજન્ય કથાકૃતિ બની રહે છે.

શેક્સપિયરે ઈ. ૧૬૦૪ માં આ ટ્રેજેડી – નાટક ની રચના કરી છે, જ્યારે શામળે લગભગ ઈ. ૧૭૧૮ પછી અને ઈ.૧૭૪૦ પૂર્વે આ કૃતિ રચી છે. બન્ને સર્જકોનો દેશ, કાળ, ભાષા, સર્જન–ભૂમિ અને ક્ષેત્ર ભિન્ન છે. અનુચિત સંદેહના અપ્રચલિત વિષયબીજને બન્ને સર્જકોએ પોતપોતાની પ્રતિભાને અનુરૂપ બહેલાવી સર્જક્તાનો સ્વકીય ઉન્મેષ દાખવ્યો છે.

શામળકૃત 'નંદબત્રીસી' માં શંકાશીલ માનસ ધરાવતો વૈરોચન પ્રધાન રાજાની હત્યા કરે છે. આ કૃત્ય પાછળ પ્રગટપણે પોતાની પત્ની સાથેનો રાજાનો વ્યભિચારી સંબંધ સ્થપાયો હોવાની શંકા તો છે જ પણ પ્રચ્છન્નપણે એની રાજકીય મહાત્ત્વાકાંક્ષા પણ રહેલી છે, તે કૃતિમાં અમુક સ્થાને સૂચિત છે. મનુષ્યસહજ શંકાશીલ, સ્વમત આગ્રહી સ્વભાવ, રાજકીય મહત્ત્વાકાંક્ષા ઇત્યાદિનાં કારણે પ્રધાન વૈરોચનનું પાત્ર વાસ્તવિક અને જીવંત બન્યું છે.

નંદ

જેનું નામ 'નંદબત્રીસી' શીર્ષકમાં પ્રથમ પદ તરીકે મૂકાયું છે એવા રાજા નંદનું પાત્ર પણ કૃતિમાં ઘણું અગત્યનું છે. આ પાત્ર વર્ણન, સંવાદ અને પ્રસંગ એ ત્રણે પદ્ધતિ દ્વારા પ્રગટ થવા પામ્યું છે. મંગલાચરણ બાદ કડી ૬ માં જ પશ્ચિમ દિશામાં આવેલા નંદન નગરનાં રાજા નંદસેન અને એના પ્રધાન વૈરોચનનો નામોલ્લેખ કરી દીધો છે. ત્યારબાદ કડી ૭ થી ૧૦ માં રાજા વિશે પરંપરાગત વર્ણન મળે છે. રાજાનાં અનેક ગુણ–લક્ષણો અલંકારો પ્રયોજી વર્ણવાયા છે. સજ્જન, દાનવીર, સ્વરૂપવાન, ચતુર, ભક્તિભાવપૂર્ણ, શીલવાન એમ સર્વગુણ સંપન્ન એવા નંદ રાજાનું વર્ણન છે. ત્યારબાદ કડી૧૧ થી ૧૫ માં નંદનનગર

અને ત્યાંના નગરજનો વિશે કરેલાં વર્ણનમાં તેઓની સુખ, શાંતિ અને સમૃદ્ધિ સૂચવવામાં આવી છે. કડી ૧૫માં – 'રામરાજ સરીખડુ' કહીને રાજા નંદને એક કુશળ શાસનકર્તા તરીકે પરોક્ષ રીતે પ્રગટ કરી આપ્યો છે. વળી, કથાની શરૂઆત રાજાની નગરચર્યાનાં બીજ બિંદુથી થાય છે. પોતાના નગરમાં કેવો ન્યાય–અન્યાય, પ્રામાણિકતા– અ પ્રામાણિકતા તોલાય છે, પ્રજા સુખી છે કે દુઃખી – એ જોવા રાજા મધરાતે નગરચર્યા કરવા જાય છે. આમાં, પ્રજા હિતેચ્છુ અને લોકપ્રેમી શાસકની છબી પ્રતિબિંબિત થાય છે.

આ પ્રકારે રાજા નંદ વિશે શરૂઆતમાં આવતું એનું ગુણ-લક્ષણોયુક્ત વર્ણન, નગર અને નગરજનોનાં વર્ણન પરથી પરોક્ષ રીતે કુશળ શાસનકર્તા તરીકે નંદની ઉપસ્થિત થતી છબી અને કથાનાં આરંભે બીજરૂપ નગરચર્યાનો પ્રસંગ – એ દ્વારા રાજા નંદની પ્રતિભા કથા સાહિત્યમાં પ્રચલિત રાજા વિક્રમ જેવી ઉપસ્થિત થાય છે.

રાજા નંદનાં વ્યક્તિત્વની વિભિન્ન છાયાઓ (Different shades) સમગ્ર 'નંદબત્રીસી'માં વિવિધ પ્રસંગે ઉપસ્થિત થાય છે.

ધોબીને મધરાતે સરોવર કિનારે કપડાં ધોતો જોઈ એ ભૂત–પ્રેત હશે એમ મનમાં વિચારતો રાજા નંદ ત્યાંથી ભયભીત થઈને પલાયન નથી કરતો પણ સામે ચાલી લલકારે છે, ત્યાં એની વીરતાનાં દર્શન થાય છે. તો વળી સામી વ્યક્તિ મનુષ્ય છે એમ જાણી વિનમ્ર બની પ્રથમ પોતાનો પરિચય એ સમસ્યા દ્વારા આપે છે. એ સમસ્યામાં પોતે ઈશ્વરનાં જેવો સર્વશક્તિમાન છે, પણ ઈશ્વરની જેમ કોઈને જીવન આપી શકતો નથી એમ કહી પોતાનો પરિચય સૂચક રીતે આપતાં રાજા નંદનાં પાત્રની ચતુરાઈ પ્રગટ થાયછે.

ધોબી પાસેથી પ્રધાનની પત્ની પદ્મિની છે એમ જાણી માનવસહજ વૃત્તિથી એ સ્વાભાવિક રીતે આકર્ષાય છે. પ્રધાનપત્નીની સાથે મેળાપ કરવા વ્યાકુળ બને છે અને એ વ્યાકુળતાં એને ક્રમે-ક્રમે કામાતુર બનાવી પ્રપંચ કરાવા પ્રેરે છે. યુક્તિપૂર્વક પ્રધાનને નગરથી દૂર મોકલી મધરાતે પ્રધાનપત્ની સાથે મેળાપ કરવા પ્રધાનનાં ઘરે જાય છે. દ્વારપાળને કર્ણકુંડળ લાંચરૂપે આપી પ્રધાનનાં ઘરમાં પ્રવેશે છે. પ્રધાનપત્નીનાં રૂપને જોઈ મોહ પામેલો એ કામાતુર બને છે. પણ પોપટ અને પ્રધાનપત્ની સંવાદ દ્વારા તથા જુદાં–જુદાં દૃષ્ટાંતો દ્વારા રાજાને નીતિભાન કરાવે છે. પ્રતિબોધ પામેલો નંદ રાજાનો મોહ દૂર થતાં વીર પસલીરૂપે પ્રધાનપત્નીને પોતાની વીંટી આપી પાછો વળે છે. પાછા વળતાં દ્વારપાળની પાસે પોતે આપેલાં કર્ણકુંડળની માંગણી કરે છે, પણ દ્વારપાળની દલીલ સાંભળી પ્રસન્ન થયેલો એ વધારામાં પોતાની શાલ પણ એને ભેટરૂપે આપે છે.

આમ, માનવસહજ નબળાઈનો પ્રેર્યો એ પ્રધાનપત્નીથી આકર્ષાય છે. પણ નીતિભાન થતાં પોતાના

મન ઉપર કાબુ લાવી શકે છે. દ્વારપાળને પ્રસન્ન થઈ શાલ આપે છે એમાં એની દાનવીરવૃત્તિ, મનની મોટાઈ જોવા મળે છે.પણ એ પહેલાં પોતાનાં કર્ણકુંડળ માંગતાં એ દ્વારપાળને કહે છે તે કડી ૧૯૮ માં –

'જે કાંમે કૂંડલ આપીયું કરો' તો પુર પરવેશ

તે કાંમ કરા વણ હુ વલો માટે તે પાછુ લેશે.' ૧૯૮.

રાજાના મુખે મૂકાયેલો આ સંવાદ રાજાનું આગળ જે વર્ણન કરાયું છે એની સાથે મેળ ખાતું નથી. તથા એમ જુઓ તો કૃતિની શરૂઆતમાં શીલવાન રાજા તરીકે જે વર્ણન છે એની સામે પ્રધાનપત્ની સાથે વ્યભિચાર આચરવા ઇચ્છુક રાજાનું પાત્ર પણ ક્યાં મેળ ખાય છે? કહેવાનું તાત્પર્ય એટલું જ કે શરૂઆતમાં આપેલું વર્ણન પરંપરારૂઢ હોય કૃતિમાં રાજા નંદનાં ચરિત્રચિત્રણ સાથે ક્યારેક મેળ ન ખાતું હોય, સંબંધ ન ધરાવતું હોય એવું પણ બન્યું છે.

રાજાનું કામાતુર બનવું જેટલું સ્વાભાવિક છે એટલું જ એનું કર્તવ્યભાન થતાં સ્વસ્થ બનવું સ્વાભાવિક છે. આ પ્રકારનો વ્યવહાર પાત્રને મનુષ્યસહજવૃત્તિ ધરાવતું બનાવે છે.

શંકાશીલ બનેલો પ્રધાન પોતાની પત્નીને ત્યજી દે છે એના એક વર્ષ બાદ રાજા નંદને એ અંગે જાણ થાય છે. પોતાનાં કારણે જ આમ બન્યું હોવાનું સમજતો એ પ્રધાનનું મન રાખવા એની સાથે પ્રેમપૂર્વક વર્તે છે, માનપાન આપે છે. પ્રધાનનાં સસરાં નેનસુખને ત્યાં અતિથિ બની ચોપાટની રમત રમતાં કે પછી માર્ગમાં આવેલી વાવની ભીંત ઉપર લખાણ લખતાં રાજા પ્રધાનનાં મનનો સંદેહ દૂર કરવા પ્રયત્ન કરે છે. પણ સાથે–સાથે નંદ રાજા પોતાનો દંભ ત્યજતો નથી. ત્યાં એ ક્યાંક પોતે કામાતુર થઈ પ્રધાનના આવાસે ગયો હતો અને પોપટ તથા પ્રધાનપત્નીનાં પ્રતિબોધથી કામમુક્ત બની પાછો વળ્યો – એ અંગે સ્પષ્ટતા કરતો નથી. એ તો પોતાની પવિત્રતા અને નિર્દોષતાને જ આગળ ધરી પ્રધાનનો સંદેહ દૂર કરવા પ્રયત્ન કરે છે.

પ્રધાનનો મનોભાવ જાણતો હોવા છતાં એનાં પર વિશ્વાસ મૂકી નિષ્કપટ રાજા પ્રધાનનાં ખોળે માથું મૂકી ઊંઘી જાય છે અને પ્રધાન રાજાની હત્યા કરે છે. કૃતિનાં અંતે સજીવન થયેલો રાજા પ્રધાનનાં કૃત્ય અંગે જાણી એને સજા ફટકારવાનાં બદલે મુક્ત કરે છે. કડી ૪૩૮–

'એહ ગરીબનો શાંહાંનો વાંક પડો દાઘ અખરનો આંક.'

આમ કહી પોતાનાં મનની મોટાઈ, ઉદારતા દર્શાવે છે. અહીં અંતમાં રાજા પ્રધાનને માફી બક્ષે છે ખરો પણ પ્રગટ સ્વરૂપે પોતાનો અપરાધ સ્વીકારતો નથી. રાજા નંદની આ વૃત્તિ પણ મનુષ્યસહજ છે. કરેલા અપરાધ માટે મનુષ્ય પસ્તાય પણ એની કબુલાત કરવી એના માટે અતિમુશ્કેલ વાત બની રહે છે. પસ્તાવાનો ભાવ એને વધુને વધુ સદ્‌માર્ગ તરફ વાળે છે. એવું જ રાજા નંદનાં પાત્ર સંદર્ભે

કૃતિમાં જોવા મળે છે.

આમ, ક્યાંક પૂર્વે કરેલાં વર્ણન સાથે રાજા નંદનાં પાત્રની વર્તણુક મેળ ન ખાતી હોવા છતાં મનુષ્યસહજ વૃત્તિઓનાં કારણે, પ્રગટ થતાં વિભિન્ન વ્યક્તિત્વનાં પાસાઓનાં કારણે તથા કૃતિમાં ક્રમિક થયેલાં પાત્રવિકાસની દૃષ્ટિએ જોતાં રાજા નંદનું પાત્ર વાસ્તવિક અને જીવંત બન્યું છે.

પદ્મિની

પ્રધાનપત્નીનું પાત્ર વર્ણન, સંવાદ અને પ્રસંગ દ્વારા કૃતિમાં ઉપસ્થિત થયું છે. ચાર પ્રકારની સ્ત્રીઓમાં સૌથી ઉત્તમ પ્રકારની સ્ત્રી તે પદ્મિની. પ્રધાન પત્ની પદ્મિની છે. પદ્મિની સ્ત્રીનું એક લક્ષણ કૃતિની શરૂઆતનાં પ્રસંગમાં પ્રગટ કરવામાં આવ્યું છે. પ્રધાનપત્ની પદ્મિની હોય એના વસ્ત્રોમાંથી પ્રસ્વેદની સુવાસ લેવા દિવસે ભ્રમરો આકાશમાંથી ઊતરી આવતાં હોય ધોબી રાતે વસ્ત્રો ધોવા આવે છે! જેનાં પહેરેલા વસ્ત્રોમાંથી આવતી પ્રસ્વેદની સુવાસ જ આટલી મધુર હોય એ સ્ત્રી પોતે કેટલી સુંદર હોવાની! પ્રધાનપત્નીનું રૂપવર્ણન કડી ૧૧૩ થી ૧૧૯ માં જોવા મળે છે. આ રૂપવર્ણન પરંપરારૂઢ છે.

કૃતિની શરૂઆતમાં એક પ્રકારની ઉત્તમ સ્ત્રી તરીકે જ 'પદ્મિની' નામનો ઉલ્લેખ થયેલો છે. પણ કૃતિમાં આગળ જતાં એ સ્ત્રીનો ઉલ્લેખ પ્રધાનપત્ની કે પદ્મિનીનાં નામે સ્થૂળ રીતે થયેલો મળે છે. કડી ૨૮૨ માં તો આ બન્નેમાંથી એકે નહીં અને એક નવું જ નામ શામળે મૂકેલું જોવા મળે છે તે છે – 'નેનાવતી'!

પ્રધાનપત્ની શીલવતી છે. કામાતુર થઈ આવેલા રાજાની નિયત પારખી ગયેલી એ પોતાનાં સંવાદ દ્વારા રાજાનો મોહ દૂર કરવા પ્રયત્ન કરે છે. એટલું ઓછું હોય એમ વિવિધ ધાતુનાં વાસણમાં વિવિધ રંગી ભાત રાંધી તથા વિવિધ પ્રકારની ગાયોનું સાકર નાખેલું દૂધ રાજાને આપે છે. આવા દૃષ્ટાંતો દ્વારા નારીદેહનો ઉપભોગ સર્વત્ર એકસરખો હોવાનું સૂચવી આપે છે. પરિણામે મોહમુક્ત થયેલો રાજા નંદ કે જે જાર થઈને આવેલો એ જનક–પિતાતુલ્ય બની ભેટરૂપે વીંટી આપી પાછો વળે છે.

પાછા ફરેલા પ્રધાનને પ્રધાનપત્ની સર્વ સત્યવાત જણાવી મનમાં શંકા ન લાવવા સમજાવે છે. પણ પ્રધાન શંકાશીલ બની એને ત્યજી દેતા એ પિયર આવી રહે છે. પિયરમાં અતિથિ તરીકે આવેલા પતિ સાથે ચોપાટ રમતાં સત્યની કસોટીરૂપે એના પાસા પોબાર પડે છે. પાસા નાખતાં એ વારંવાર પોતાનાં સતીત્વની ખાત્રી અપાવતાં દોહરા બોલે છે, પણ અંતે એ બધાંથી કંઈ જ વળતું નથી. પ્રધાન ખોટેખોટું તેડાવાનું વચન આપી ત્યાંથી પ્રસ્થાન કરે છે.

કૃતિનાં અંતે પ્રધાનપત્નીને સત્યની કસોટીમાંથી પાર ઉતરવાનું બને છે. આંખમાંથી અગ્નિ પ્રગટાવી તથા રાજાને પુનર્જીવીત કરી પોતાનાં સતીત્વનો પરિચય આપે છે. એની ઈશ્વરભક્તિ આ પ્રસંગે જોવા

મળે છે. અંતે પ્રધાનપત્નીનાં શીલ અને સતનો પરિચય આ પ્રકારે બધાંને થતાં એ નિષ્કલંક બને છે.

શામળકૃત 'નંદબત્રીસી' શીલકથા છે. શીલકથાઓમાં જોવા મળતી નાયિકાઓ જેવું જ પ્રધાનપત્ની/પદ્મિનીનું પાત્ર છે. કે જે ચતુરાઈ – પૂર્વક પોતાનાં શીલની રક્ષા કરે છે. પ્રધાન દ્વારા ત્યજી દેવાતાં એ પિયર જઈને રહે છે એમાં તત્કાલીન સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે થોડો અણસાર મળે છે. પણ કૃતિનાં અંતે આવતાં ચમત્કારો આ પાત્રની સાથે જોડાયેલા હોય એ અવાસ્તવિક પાત્ર જણાય છે. કૃતિમાં જે પ્રકારે વૈરોચન પ્રધાન કે નંદ રાજાનાં મનોભાવ અમુક સ્થાને ઝીલાયેલાં છે એવું કૃતિમાં એક પણ સ્થાને પ્રધાનપત્નીનાં પાત્ર માટે જોવા મળતું નથી. વળી, એ પાત્ર નિશ્ચિત કરેલી રેખા ઉપર ચાલતું અનુભવાય છે. આથી, પ્રધાનપત્નીનું પાત્ર વૈરોચન કે નંદ જેવું વાસ્તવિક અને જીવંત ન બની રહેતાં અવાસ્તવિક, કુત્રિમ અને કોઈપણ પ્રકારનાં આરોહ– અવરોહ વિનાનું સમતલ બન્યું છે.

અન્ય પાત્રો

પ્રાચીન અને મધ્યકાલીન કથાસાહિત્યમાં માનવેતર પશુ–પંખીઓ પાત્ર બનીને આવતાં જોવા મળે છે. એમાં પણ મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં નૈતિકતા માટે પ્રતિનિધિરૂપ કે દષ્ટાંતરૂપ બનીને આવતું પોપટનું પાત્ર અગત્યનું સ્થાન ધરાવે છે. 'નંદબત્રીસી' શીલકથામાં નૈતિકતાનાં આદર્શરૂપ પોપટનું પાત્ર પ્રયોજાયેલું છે.

મધરાતે પ્રધાનની ગેરહાજરીમાં કામાતુર થઈ આવેલા નંદ રાજાની નિયત પારખી ગયેલો પ્રધાનનો પોપટ પ્રધાનપત્નીને ધીરજ આપી રાજાને આવકારે છે. પોપટ ચતુરાઈપૂર્વક પોતાનાં સંવાદ દ્વારા રાજાને એનાં ધર્મ અને કર્તવ્યનું ભાન કરાવવા પ્રયત્ન કરે છે. પ્રધાનને રાજાના પુત્રના સ્થાને, પ્રધાનપત્નીને પુત્રીનાં સ્થાને ઠરાવી રાજાનાં દુષ્ય આશયને એ શિથિલ કરી નાખે છે.

પાછા ફરેલાં પ્રધાનને પોપટ બનેલી સર્વ સત્યવાત જણાવી પદ્મિની અને રાજા નંદની પવિત્રતા અંગે સાક્ષી પૂરે છે. પણ પ્રધાન એની વાતને ગણકારતો નથી. પ્રધાન રાજા નંદની તક મળતાં હત્યા કરે છે એનાં કૃત્ય અંગે ચેતી ગયેલો પોપટ લુણ હરામી થવાનું પસંદ કરતો નથી. પણ સાથે–સાથે એ સત્યનો હિમાયતી પણ છે. એટલે જ તો કૃતિનાં અંતે ન્યાયપ્રક્રિયા દરમ્યાન સાક્ષી પૂરાવા આવી પુનઃ સત્યવાત જણાવે છે.

આમ, શામળકૃત 'નંદબત્રીસી'માં સ્વામીભક્ત, ચતુર પોપટ પોતાના સ્વામી–પ્રધાનની ગેરહાજરીમાં રખેવાળનું કાર્ય કરી સ્વામિનીની આબરૂ રક્ષવામાં અગત્યનો ભાગ ભજવે છે. રાજાને પરોક્ષ રીતે પ્રતિબોધ આપતો અને પાછા ફરેલા પ્રધાન સમક્ષ સાક્ષી પૂરતો પોપટ મુખ્યત્વે એનાં સંવાદો દ્વારા ઉપસ્થિત થાય

છે, અને પ્રભાવ પાળે છે. સ્વામીભક્ત, ચતુર, નીતિનિપુણ પોપટનું પાત્ર આ કૃતિમાં પ્રયોજાતાં કૃતિ વધુ રસપ્રદ અને આકર્ષક બની છે.

'નંદબત્રીસી'નાં પૂર્વભાગમાં આવતું સમસ્યાપ્રિય ધોબીનું પાત્ર પણ ધ્યાનાકર્ષક છે. રાજા નંદ પોતાનો પરિચય સમસ્યામાં આપે છે. રાજાની સામે પોતાનો વટ જાળવવા ધોબી પણ પોતાનો પરિચય સમસ્યામાં આપે છે અને એટલું જ નહીં રાજા દ્વારા પૂછાયેલાં લગભગ દરેક પ્રશ્નોનાં ઉત્તર સમસ્યા દ્વારા જ આપે છે. કૃતિનાં આરંભના પ્રસંગમાં યોગ્ય ઉઘાડ – take off માં ધોબીનું પાત્ર શામળને મદદરૂપ બન્યું છે. પ્રધાનની પત્ની પદ્મિની છે એમ સમસ્યા દ્વારા જણાવતો ધોબી પોતાની નૈતિક જવાબદારી સમજે છે. પદ્મિની સ્ત્રી વિશે જાણવા આતુર બનેલા રાજાનો ધોબી અનાદર નથી કરી શકતો અને જવાબમાં પ્રત્યક્ષરૂપે પતિવ્રતા સ્ત્રીનું કોઈ આગળ નામલેવું તેને નિંદારૂપ માની ધોબી પરોક્ષ રીતે જવાબ આપવાનું પસંદ કરે છે. કારણ કે, પ્રત્યક્ષ રીતે કોઈ રૂપવતી સ્ત્રી કોઈ દુષ્ટ પુરુષ આગળ ઓળખાણ આપવાથી વખતે તેના ઉપર ભય આવી પડવાનો સંભવ રહે છે.

આમ, કૃતિનાં પૂર્વભાગમાં આવતું ધોબીનું પાત્ર નોંધપાત્ર બની રહે છે. એના મુખે મૂકાયેલી સમસ્યાઓ કૃતિને યોગ્ય ઉઘાડ આપવાનું વાતાવરણ પૂરું પાડે છે. બીજાની સામે પોતાની ટેક રાખવાની વૃત્તિ તથા પરસ્ત્રી અંગે ઓળખાણ આપતાં ડરતો ધોબી મનુષ્યસહજ ભાવોથી પ્રેરીત છે. શામળે સમસ્યાપ્રિય ધોબીનું ચતુર પાત્ર ઉપસ્થિત કર્યું છે.

પ્રધાન વૈરોચનનો દ્વારપાળ પણ એજ પ્રકારનું પાત્ર છે. કામાતુર થયેલો રાજા નંદ પ્રધાનની ગેરહાજરીમાં મધરાતે પ્રધાનનાં ઘરે આવતાં પ્રથમ તો પોતાનાં સ્વામી પ્રધાન માટે વફાદાર દ્વારપાળ દ્વાર ખોલવાની રાજાને સ્પષ્ટપણે ના પાડી દે છે. રાજા નંદ દ્વારા કરવામાં આવેલી વિનંતી, અપાયેલી ધમકી ઇત્યાદિ દ્વારા અચલ રહેતો દ્વારપાળ અંતે લાલચને વશ થઈ રાજાને પ્રધાનનાં ઘરમાં પ્રવેશવા દે છે. લાલચની મનુષ્ય સહજ નબળાઈ ધરાવતું આ પાત્ર છે. આ પાત્ર ચતુર પણ છે. પાછા વળતાં રાજા નંદ પોતાનાં આપેલાં કર્ણકુંડલ દ્વારપાળ પાસે પાછા આપવા જણાવે છે. ત્યારે દ્વારપાળ રાજા નંદને અનેક દૃષ્ટાંતો દ્વારા આપેલું કે ઠરાવેલું પાછુ લેવું યોગ્ય નથી એમ જણાવી દલીલ કરે છે. દ્વારપાળની ચતુરાઈથી પ્રસન્ન થયેલો રાજા ઉપરથી શાલ ભેટરૂપે આપે છે. આમ, દ્વારપાળ પોતાની લાલચ દ્વારા રાજા પાસે નવ કરોડનાં કર્ણકુંડલ અને ચતુરાઈ દ્વારા સવાલાખની રાજાની શાલ પ્રાપ્ત કરે છે. પાછો આવેલો પ્રધાન દ્વારપાળ પાસે એ બન્ને વસ્તુઓ જોઈને વહેમાય છે. દ્વારપાળને ઠપકો આપી કોણ આવ્યું હતું એમ પૂછતાં દ્વારપાળ રાજા નંદ આવ્યો હોવાનું સાંકેતિક રીતે જણાવી પોતાની મોટી વ્યક્તિ પાસેની લાચારી પ્રગટ કરે છે. આમ, દ્વારપાળનાં પાત્રમાં માનવીય સહજ નબળાઈ અને ચતુરાઈ બન્ને જોવા મળે છે.

કૃતિનાં ઉત્તરભાગમાં આવતું માળીનું પાત્ર પણ ધોબી, દ્વારપાળનાં ગૌણ પાત્રોની જેમ એની અમુક

વૃત્તિઓને કારણે ધ્યાનપાત્ર બન્યું છે. માળી પ્રધાન દ્વારા રાજા નંદની હત્યાનાં કૃત્યને ચંપાનાં ઝાડ ઉપર રહી છૂપી રીતે જોઈ જાય છે. પણ ભયથી એ કોઈને એ અંગે જણાવતો નથી. મોટા માણસોની વાતોમાં પડી વણ વાંકે મરવાનું એ પસંદ કરતો નથી. પરંતુ એક વર્ષ બાદ ચંપાનાં ફૂલ લઈને પ્રધાનનાં ઘરે આપવા જવામાં મોડો પડતાં પ્રધાન એને પ્રહાર કરી, ધમકાવતાં માનભંગ થયેલો અને ગુસ્સે થયેલો એ પોતાની પત્ની માલણને પ્રધાનનાં કૃત્ય અંગે જણાવે છે. આ પાત્ર દ્વારા રાજા નંદની હત્યાનો ભેદ ઉકેલાય છે. માળીનું પાત્ર મનુષ્યસહજ ચતુર અને વ્યવહારું છે. એથી તો એ મોટાની વાતમાં ન પડવું એમ માની શરૂઆતમાં કોઈને કંઈ પણ જણાવતો નથી. સાથે–સાથે માળીનું પાત્ર મનુષ્યસહજ વૃત્તિ ધરાવતું હોય પ્રધાન દ્વારા માનભંગ થતાં પ્રધાનનાં પાપી કૃત્યને પેટમાં રાખી શકતો નથી. માલણ રાણીને સર્વ વાત જણાવવા ઉત્સુક બને છે ત્યારે માળી એને રોકવા પ્રયત્ન કરે છે. પણ માલણ માળીની વાત અવગણી રાણીને સર્વ વાત જણાવે છે. માળીની સરખામણીએ માલણનું પાત્ર થોડું સાહસિક અને લાલચુ છે.

કૃતિનાં ઉત્તરાર્ધમાં રાજા નંદનાં પુત્ર રાજકુમારનું ગૌણ પાત્ર મળે છે. પિતાની હત્યા તથા હત્યારા પ્રધાન વિશે જાણી એ સત્યની શોધ આદરે છે. પ્રધાન દ્વારા રાજા નંદનાં ચારિત્ર્ય ઉપર આરોપ મૂકાતાં યોગ્ય ન્યાય આપવા આજની અદાલતોની જેમ ન્યાયપ્રક્રિયા કરે છે. પોપટ, પ્રધાનપત્નીને સાક્ષી તરીકે બોલાવી ખરી વાત પૂછે છે અને પ્રધાન જો નિર્દોષ હોય તો એને મુક્ત કરવાની તૈયારી પણ બતાવે છે. કૃતિનાં અંતે રાજા નંદ અને પ્રધાનપત્ની નિષ્કલંક સિદ્ધ થતાં ગુનેગાર પ્રધાનને એ શૂળીએ ચડાવા માંગે છે, પણ રાજા નંદ પ્રધાનને માફ કરી મુક્ત કરાવે છે. આમ, રાજકુમારનું ન્યાયપ્રિય પાત્ર જોવા મળે છે. જોકે, કૃતિનાં અંતે એની ન્યાયવૃત્તિ કરતાં ચમત્કારીક ઘટનાઓ જ સત્યને પ્રગટ કરવામાં કારણભૂત બનતી જોવા મળે છે.

રાજકુમારની ઉંમર વિશે કૃતિમાં કેટલાક સ્થાને અમુક પ્રકારનાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે એ અવઢવ ઊભી કરે છે. રાજા નંદ અને પ્રધાન સાથે એકલા જ શિકાર કરવા જાય છે ત્યારે ઘરમાં રહેલા નાના રાજકુમારનો ઉલ્લેખ કડી ૨૭૨ માં મળે છે. પ્રધાન રાજાની હત્યા કરે છે અને રાજા નંદની એક માસ સુધી શોધ કરવા છતાં એ ન મળતાં એના પુત્રને રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે. ત્યાં કડી ૩૬૨ માં મોટો વજીર અને નાનાં રાજા દ્વારા રાજકારભાર ચાલે છે એવો ઉલ્લેખ છે. છૂપી રીતે પ્રધાનનાં કૃત્યને જોઈ ગયેલો માળી કોઈને કંઈ જણાવતો નથી. પણ એક વર્ષ બાદ બધી વાત પ્રગટ થાય છે એવો ઉલ્લેખ કડી ૩૬૬ માં છે. સત્ય વાત જાણી રાજકુમાર ન્યાય કરવા બેસે છે. અહીં રાજકુમારની ઉંમર અને પરિપકવતા અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. રાજગાદી ઉપર બેઠેલા બાળ રાજકુમારનો જ ઉલ્લેખ છે તો રાજાની હત્યાનાં એક વર્ષ બાદ સત્યની શોધ કરતાં અને ન્યાય આપનાર બાળ રાજકુમાર શું એક વર્ષમાં મોટો અને પરિપકવ બની ગયો? – આવો પ્રશ્ન ઉપસ્થિત થાયછે.

આ ઉપરાંત અન્ય ગૌણ પાત્રોમાં નંદ રાજાની રાણી, પ્રધાનનાં સસરાં નેનસુખ વેપારી અને પ્રધાનપત્નીને સહાયરૂપ થનાર શેષનાગનો સમાવેશ થાય છે. માલણ રાણીને રાજાની હત્યાનું રહસ્ય કહે છે અને રાણી રાજકુમારને સર્વવાત જણાવે છે. એથી વિશેષ રાણીનાં પાત્રનું કોઈ વધારે કાર્ય જોવા મળતું નથી. પોતાની પુત્રીનું ઘરભંગ થવા પાછળનું કારણ જાણતો નેનસુખ ચતુરાઈપૂર્વક ચોપાટની રમત દ્વારા પ્રધાનનો સંદહે દૂર કરવા પ્રયત્ન કરે છે. કૃતિનાં અંતે શેષનાગનું પાત્ર આવે છે. પ્રભુને ભક્તને સહાય– એ જાણીતું કથાઘટક કૃતિનાં અંતે છે. પ્રધાનપત્નીને મુશ્કેલીમાં મદદરૂપ થવા શેષનાગ અવધૂતવેશે આવી રાજા નંદને પુનર્જીવિત કરી સહાય કરે છે. શેષનાગનું માનવેતર કપોલકલ્પિત પાત્ર આમ કૃતિનાં અંત ભાગમાં પ્રયોજાયું છે.

'નંદબત્રીસી'ની પાત્રસૃષ્ટિ શામળની અન્ય પદ્યવાર્તાઓ કરતાં ભિન્ન છે. 'ચંદ્રચંદ્રાવતી', 'પદ્માવતી', 'મદનમોહના', 'રૂપાવતી' ઇત્યાદિમાં જોવા મળતાં શામળની નિશ્ચિત પાત્રવિભાવના પ્રમાણે રચાયેલાં પાત્રો કે 'સિંહાસનબત્રીસી' માં જોવા મળતાં અદ્‌ભુત ચમત્કારી તત્વો દ્વારા સાહસ અને પરાક્રમ ખેડતાં વિક્રમ જેવું અતિમાનવીય પાત્ર આ કૃતિમાં નથી. અહીં તો મનુષ્યસહજવૃત્તિ ધરાવતાં વૈવિધ્યસભર પાત્રો નિરૂપાયા છે. એક બાજુ શંકાશીલ અને સ્વમતનાં આગ્રહી સ્વભાવવાળા વૈરોચન પ્રધાનનું પાત્ર છે કે જે કોઈપણ પ્રકારનાં ખુલાસા કે ચમત્કારોને સ્વીકારતો નથી, તો બીજી બાજુ પ્રધાનનાં મનનું સમાધાન કરવા અને પોતાની તથા પ્રધાનપત્નીની નિર્દોષતા અંગે વિભિન્ન રીતે ખુલાસો પ્રગટ કરનાર રાજા નંદનું પાત્ર છે. બન્ને પાત્રો વચ્ચેનો સૂક્ષ્મસંઘર્ષ સમગ્ર કૃતિમાં કેન્દ્રસ્થાને રહ્યો છે. આથી સ્થૂળ ભૂમિકાએ નહીં પણ માનસશાસ્ત્રની સૂક્ષ્મ ભૂમિકાએ કૃતિ સંકુલ બની છે.

કૃતિનાં લગભગ મોટાભાગનાં પાત્રોનું ચિત્રણ વાસ્તવની ભોમ પર થયું છે. પ્રાચીન અને મધ્યકાલીન કથાસાહિત્યની પરંપરાને અનુસરીને પોપટનું માનવેતર પાત્ર મનુષ્યની નૈતિકતા માટે આદર્શરૂપ બની આવે છે. શામળે વૈરોચનનાં મનની દૃઢમૂલ શંકાને દૂર કરવા છેક કૃતિનાં અંતે પ્રધાનપત્નીનાં સતીત્વની કસોટી દ્વારા સ્થૂળ અદ્‌ભુતરસિક ચમત્કારી ઘટનાઓનો આશ્રો લીધો છે. આ ચમત્કારી ઘટનાઓ અને અંતે આવતું શેષનાગનું પાત્ર કૃતિની આંતરિક તેમજ બાહ્ય જરૂરીયાતને ધ્યાનમાં રાખી શામળે પ્રયોજેલ છે. એ ચમત્કારી ઘટનાઓ કે માનવેતર પાત્ર પ્રધાન વૈરોચનનાં આગ્રહી માનસમાં પરિવર્તન લાવવા, શીલ અને સતનો મહિમા સ્થાપિત કરવા અને ધાર્મિક શ્રદ્ધા સચેત રાખવા પ્રયોજાયેલા છે.

શામળનાં ગૌણ પાત્રોની એક વિશેષતા અહીં જોવા મળે છે તે એ કે એ પાત્રો એક બાજુ કોઈક ને કોઈક પ્રકારની મનુષ્યસહજવૃત્તિનું પ્રતિનિધિત્વ કરતાં અને બીજી બાજુ શાણપણ અને ચતુરાઈથી છલોછલ ભરેલાં હોય છે. જેમકે, ધોબી પોતાનો વટ રાખવા રાજા દ્વારા પૂછાયેલા લગભગ દરેક પ્રશ્નનો જવાબ સમસ્યા દ્વારા આપે છે, દ્વારપાળ લાંચ લઈને રાજાને પ્રવેશ આપે છે અને રાજા સાથે તર્કબદ્ધ દલીલ

કરી વધારાની ભેટ મેળવે છે તથા પ્રધાનને પોતાની નિર્દોષતા અંગે ખુલાસો આપે છે, માળી મોટાની વાતમાં ખોટો કૂટાઈ મરવા માંગતો નથી પણ પ્રધાન દ્વારા માનભંગ થતાં પેટમાં છૂપી વાત પોતાની પત્નીને જણાવે છે. આ ગૌણ પાત્રનાં શાણપણ, ચતુરાઈનાં કારણે ક્યારેક મર્યાદા પણ આવે છે. મુખ્ય પાત્ર અને ગૌણ પાત્ર વચ્ચેનો ભેદ ન રહેતો હોય એમ લાગે છે. જેમકે, રાજા નંદ સાથે સંવાદમાં સમસ્યાઓ દ્વારા દરેક પ્રશ્નનો ઉત્તર આપતો ધોબી, રાજા નંદનાં કર્ણકુંડળ પાછા આપવા ન માંગતો દ્વારપાળ અનેક ચતુરાઈભરી દૃષ્ટાંતયુક્ત દલીલ કરે છે.

આ સિવાય અન્ય કેટલીક મર્યાદાઓ પણ જે–તે પાત્ર સંદર્ભે જોવા મળે છે. કૃતિનાં આરંભે વેશપલટો કરી નગરચર્યા કરવા નીકળેલો નંદ રાજા ધોબીને પોતાનો ખરો પરીચય સમસ્યા દ્વારા આપે છે એમાં એના વેશપલટાનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. નંદ રાજા વિશે કૃતિનાં આરંભે કરેલા વર્ણન સાથે આગળ અમુક પ્રસંગે એ પાત્રનું વર્તન મેળ ખાતું નથી. અમુક જગ્યાએ પ્રાપ્ત થતાં ઉલ્લેખો પ્રમાણે રાજા નંદનો પુત્ર બાળ રાજકુમાર છે, પણ કૃતિનાં અંતે એ જે રીતે સત્યની શોધ, તપાસ આરંભે છે, ન્યાયપ્રક્રિયા કરે છે એમાં બાળકુંવર નહીં પણ પરીપકવ રાજકુંવર જણાય છે. પ્રધાન અને પ્રધાનપત્નીનું પાત્ર સામસામા છેડાનાં લાગે છે. પ્રધાન વૈરોચનનું પાત્ર સંપૂર્ણપણે માનવીય બન્યું છે, જ્યારે પ્રધાન–પત્નીનું પાત્ર આદર્શપ્રણીત અને સમતલ હોવાથી અમાનવીય કે અવાસ્તવિક લાગે છે.

'નંદબત્રીસી'માં નિરૂપાયેલા પાત્રો કેટલીક મર્યાદાઓ હોવા છતાં મનુષ્યસહજ વૃત્તિ અને વલણ ધરાવતાં, શાણપણ અને ચતુરાઈથી ભરેલા હોવાનાં કારણે પ્રભાવશાળી બન્યાં છે. પ્રધાન વૈરોચન અને રાજા નંદનું પાત્ર માનસશાસ્ત્રીય સૂક્ષ્મ સંઘર્ષ ધરાવતું હોય જીવંત અને વાસ્તવિક બન્યું છે, એ પાત્રો વચ્ચેનો સૂક્ષ્મ સંઘર્ષ કૃતિને સંકુલતા બક્ષે છે. શામળે આ કૃતિનાં પાત્રચિત્રણમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

પાત્રોચિત મનોભાવોનું નિરૂપણ

શામળે 'નંદબત્રીસી'માં સંવાદોનો છૂટથી ઉપયોગ કર્યો છે. એનાં ઉપયોગ સામે કથન અને વર્ણન પણ ગૌણ લાગે એટલી હદે એનો ઉપયોગ થયેલો છે. જ્યાં કથા મુખ્યત્વે સંવાદો દ્વારા જ આગળ ચાલતી હોય ત્યાં સ્વાભાવિક રીતે પાત્રોચિત મનોભાવોનું નિરૂપણ અલ્પ પ્રમાણમાં જ જોવા મળે.

શામળકૃત 'નંદબત્રીસી'માં ઘણાં ઓછા સ્થાનોએ પાત્રોનાં મનોભાવો કે મનોવલણો પ્રગટ થતાં જોવા મળે છે. કડી ૨૨-૨૩માં ભૂત, પ્રેત અંગે વિચાર કરી રાજા નંદ સાવેચતીપૂર્વક સરોવર કિનારે આગળ વધતો જોવા મળે છે. કડી ૩૨ માં ધોબીનો મનોભાગ પ્રગટ્ઠ થાય છે. રાજા નંદ સમસ્યા દ્વારા ધોબીને પોતાનો પરિચય આપતાં ધોબી પણ રાજાની સામે પોતાની ટેક જાળવવા, માન, વટ જાળવવા સમસ્યા દ્વારા જ પોતાનો પરિચય આપવાનું વિચારે છે. જુઓ કડી ૩૨-

'એણે નાંમ સમસ્યા કહું લખણ જોતામાં મેં લહુ

હું પણ માહારી રાખુ માંમ કહું પટંતરે માહારું નામ.' ૩૨

ધોબી માત્ર પોતાનો પરીચય જ નહીં પણ રાજા દ્વારા પૂછાયેલા લગભગ દરેક પ્રશ્નોનાં જવાબ સમસ્યા દ્વારા જ આપે છે. અહીં માનસશાસ્ત્રની દ્રષ્ટીએ ધોબીનાં આ મનોભાવને તપાસતાં દરેક મનુષ્યમાં રહેલી પોતાને શ્રેષ્ઠ સાબિત કરવાની વૃત્તિને પ્રગટ થતી બતાવી શકાય એમ છે.

કડી ૫૨ થી ૫૪ માં ધોબી પાસેથી પદ્મની સ્ત્રી વિશે જાણી એના મોહમાં વ્યાકુળ થયેલા રાજા નંદની દશાનું વર્ણન છે. તો કડી ૧૨૦થી ૧૨૩ માં પ્રધાનપત્નીનાં રૂપને જોઈ મોહ પામેલા રાજાની દશાનું વર્ણન છે. તેમાં પણ કડી ૧૨૦ અને ૧૨૩ ખાસ નોંધપાત્ર છે–

'પાખાણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત

અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત.'૧૨૦.

'આવો નીકટ તે નીરખતાં ભયભીત કાંમ ઘનઘોર' દ્રષ્ટ ન ચૂકે તે થકો જેમ ચંદ્ર ચકોર.' ૧૨૩.

બન્ને કડીઓમાં મોહ પામેલા રાજાનાં મનોભાવનું યથોચિત નિરૂપણ જોવા મળે છે.

ક્યાંક એક સમાન જણાતી કડીઓમાં સૂક્ષ્મભેદ હોવાનાં કારણે સમગ્ર વાત એનાં સંદર્ભને અનુકૂળ થઈ રહે છે. જેમકે, કડી ૧૫૩ અને ૧૭૫ જુઓ–

'જે ભયભીત થઈ આવીયો કાંઈ જ્ઞાંન રુદેમાં લાવીયો

એકે વાતે ન સૂઝો ઘાટ પ્રથવીપત બેઠો જહી પાટ.'૧૫૩

*

'સૂભ વચન સૂક કેરુ લહુ તાંહાંથી ગનાંન રાજાને થયુ

બેઠો આસન હેતે કરી પાસે ઊભી છે સુંદરી.' ૧૭૫.

–બન્ને કડીઓમાં બેસતાં રાજાની ક્રિયા વર્ણવાયેલી છે. પણ જે રીતે વાતને – ક્રિયાને રજૂ કરી છે તે રાજાની મનની પરિસ્થિતિને વર્ણવી આપે છે. કડી ૧૫૩ માં કામાતુર થઈને આવેલો રાજા પોપટ અને પ્રધાનપત્નીનાં સંવાદ સાંભળી અવઢવમાં મૂકાય છે. મનમાં ગડમથલ આરંભાય છે.' એવી પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું એની દ્વિધામાં પડેલો રાજા પાટ ઉપર બેસતો જણાય છે. જ્યારે કડી ૧૭૫માં પોપટ દ્વારા પ્રતિબોધ પામીને રાજાનો ઘણોખરો મોહ ઉતરી ગયો છે એવી પરિસ્થિતિમાં એ પ્રેમપૂર્વક બેસતો જણાય છે. બન્ને કડીઓમાં ક્રિયા એક હોવા છતાં એનું આલેખન ભિન્ન હોય એ પાત્રનાં મનોભાવને પરોક્ષરૂપે પ્રગટ કરવામાં મદદરૂપ થાયછે.

ક્યારેક પાત્રનાં બાહ્ય હાવભાવ એનાં મનોભાવને પ્રગટ કરી આપે છે. જેમકે, કડી ૧૮૧ અને ૧૮૮ જુઓ –

'પ્રભાતવેલા થઈ જાહરિ સ્ત્રી સાંમુ જોયુ તાહારે તારે સ્ત્રીયે વસ્તુ મંન કાંઈક કામી છે. રાજંન' ૧૮૧.

*

'સ્ત્રી સાંમુ જોઈને હસો સ્ત્રીને કાંઈક કપટ જ વશો ધોલી ઘેનનુ દોહુ દુધ પ્રીસુ પય કાલીનું બુધ.' ૧૮૮.

– બન્ને કડીઓમાં રાજા નંદનું પ્રધાનપત્નીને જોવું કે એની સામે જોઈને હસવું એ પ્રકારનાં હાવભાવમાં રાજાનાં મનમાં રહેલા વિકાર સૂચવાયો છે. એ વિકાર પારખી ગયેલી પ્રધાનપત્ની એને દૂર કરવા વિવિધ પ્રકારનું ભોજન પીરસી દૃષ્ટાંત દ્વારા દૂર કરવા પ્રયત્ન કરે છે.

કડી ૨૩૨-૨૩૩ માં શંકાશીલ બનેલા પ્રધાનની મનઃ સ્થિતિનું વર્ણન છે. દ્વારપાળ પાસે રાજાની શાલ અને કર્ણકુંડળ જોઈને વહેમાયેલો એ ઘરમાં પ્રવેશતાં પોતાની પત્નીનાં હાથમાં રાજાની વીંટી જુએ છે. એનો વહેમ વધુ દ્રઢ બને છે. અગ્નિની જવાળામાં ઘી હોમાય છે. કડી ૨૩૨ નોંધપાત્ર છે.

'અગનઝાલ અદકી હતી ઉપરે રેડુ ગૃત
રાલ ગંધક અગની મલો ભડકો થઈ ઊઠો તરત.' ૨૩૨.

પત્નીનાં ચારિત્ર્ય પર વહેમાયેલા પ્રધાનની મનઃ સ્થિતિનું આ કડીમાં સચોટ આલેખન છે.

કડી ૨૩૯ થી ૨૪૧ માં ગુસ્સે થયેલાં અને શંકાશીલ બનેલા પ્રધાનનાં મનોભાવને પ્રગટ કરવામાં આવ્યો છે. જુઓ કડી ૨૩૯ થી ૨૪૧ –

'જમ જમ પેલો વાતો કરે તમ તમ રોસ અદકેરો ઘરે
એહને મારુ કે હું મરુ ભારે રીસ રદે કમ ધરુ. ૨૩૯.
'એહને મારુ તો કોપે રાયે પરધાંનવટુ પોતાનુ જાયે
હલુયે હલુયે વેર લેઈસૂ દાયો રાજાને દેઈસૂ. ૨૪૦.
ગુણ કે અવગુણ ઓસાંકલ થાયે પીત્રી પંડ તારે તો સાહે'
એહવો મન માંહે રાખો ક્રોધ નવ માનો તેહેનો પ્રતિબોધ.' ૨૪૧.

–પોપટ અને પ્રધાનપત્ની પ્રધાન વૈરોચનને મનમાંથી શંકા દૂર કરવા સમજાવે છે. પણ વૈરોચનનાં મનમાંથી શંકા દૂર થવાને બદલે દ્રઢ થઈ ચૂકી છે. ત્યારે એનો ઉપરોક્ત મનોભાવ પ્રગટ થાય છે. પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા તો પ્રગટ થાય છે જ પણ સાથે–સાથે કૃતિમાં આગળ ચાલીને ઘટનાર ઘટનાનું બીજ પણ નંખાય છે. રાજા સાથે હળવે–હળવે વેર લઈ દગો આપવાની વાત એના મનમાં આ સ્થાનેથી જ આરોપાઈ ગયેલી છે.

કડી ૨૬૬માં પ્રચલિત ઉપમા દ્વારા પ્રધાનનાં મનની સ્થિતિ વર્ણવાયેલી છે. જુઓ કડી ૨૬૬-

'પડો દાઝ રુદયા વીખે તન ટલે આણી જાત

તમ અખર છઠી તણા જમ પટોલે ભાત.' ૨૬૬.

પોપટનાં સમજાવવાનાં પ્રયત્ન છતાં પ્રધાનની શંકા દૂર થતી નથી. જેમ છઠ્ઠીનાં લખેલા લેખ અને પટોલાની ભાત ફેડી શકાતા નથી તેમ વૈરોચનનો હૃદયમાં પડેલો દાઘ પણ અફેડનીય છે.

વૈરોચનનાં ચિત્તમાં પેઠેલો દઢમૂળ શંકાનો કીડો દૂર કરવા ચોપાટની રમત અને ભીંત ઉપરનાં લખાણનો પ્રસંગ યોજવામાં આવ્યો છે. ચોપાટની રમત જે સાચો હોય એના પાસા પોબાર પડે એવી સત્યની કસોટીરૂપે રમાય છે અને વાવની ભીંત ઉપરનું લખાણ બે પાત્રો વચ્ચે ચાલતો પરોક્ષ સંવાદ છે. બન્ને પ્રયુક્તિ પાછળનો આશય એક છે અને તે છે પ્રધાન વૈરોચનની શંકા દૂર કરવી. પણ એ વાત સીધેસીધી ન મૂકતાં પરોક્ષરૂપે મૂકાયેલી છે. આ બન્ને પ્રસંગમાં માનવસ્વભાવની સંકુલતા પ્રગટ થાય છે. કડી ૨૮૬ થી ૨૦૭ માં ચોપાટની રમતનો પ્રસંગ ગૂંથાયો છે. પ્રધાનનો સસરો, રાજા, પદ્મિની (પ્રધાનપત્ની) અને પ્રધાન ચાર–ચાર વાર પાસા ફેંકે છે. જેમાં સસરો, રાજા અને પદ્મિનીનાં પાસા પોબાર પડે છે અને એક માત્ર પ્રધાનનાં પાસાં ચારે વાર પોબાર પડતા નથી. ચારે વાર દરેક જણ પાસા નાખતા પહેલા જે બોલે છે એમાં ખાસ કરીને અમુક વાત દઢ થાય છે. સસરો પોતાનાં કુળની પવિત્રતા અંગે, રાજા પોતે લોભમાં ગયો હતો પણ લોભ વશ ન થતાં ધર્મ સાચવ્યો એ અંગે, પદ્મની પોતાનાં શીલ અને સતીત્વ અંગે અને પ્રધાન વ્યભિચારી વ્યભિચાર આચર્યા વિના રહે નહિ એ અંગે ચાર વાર પાસા નાખતા પહેલા જુદી–જુદી ઉક્તિ, જુદાં-જુદાં દૃષ્ટાંતો દ્વારા પોતાનાં મનની વાતને રજૂ કરે છે. ઉદાહરણરૂપે કડી ૨૮૬ થી ૨૮૯ –

'(સસરો)–'ગંગોદક નીરમલ જસૂ જેહવુ પવીત્ર છે વાર

તેહેવુ કૂલ હોયે માહારુ તો પડ પાસા પોબાર'. ॥ ૧ ॥. ૨૮૬.

(રાજા) –'હંસ ગયો સરવર વીખે દીઠુ અમૃત વાર

પીધા વણ પાછો વલો રે પડ પાસા પોહોબાર'. ॥ ૨ ॥. ૨૮૭.

(પ્રધાન) –'જે વાટે કેસરી ગયો અતી રજ તરણ અપાર

સૂકે ખડ તે સો વસા પડ પાસા પોહોબાર.' ॥ ૩ ॥. ૨૮૮.

(પદ્મિની)– 'સીહ–મુછ ભોયંગ–મણી કરપી –ધન સતી નાર

પરહરે પ્રાણ પરહથ જસે પડ પાસા પોહોબાર.' ॥ ૪ ॥. ૨૮૯.

ચોપાટની રમતમાં ચારે વાર પ્રધાનના પાસા પોબાર ન પડતાં પાણીથી પણ પાતળા થતા જતા પ્રધાનની સ્થિતિ અનુક્રમે ૨૯૦, ૨૯૬, ૩૦૨, ૩૦૮ માં વર્ણવેલી છે. ક્રમે–ક્રમે ઝંખવાતો જતો એ મનનાં ખારને ત્યજતો નથી. એ વાત કડી ૩૦૯ માં રજૂ કરી આપી છે–

'શસ્ત્ર તણા ઘા રુઝે સહી ધરૂણીના ઘા રુઝે નહી

રમતાં જમતાં વીતી રાત પેહે ફૂટે થયો પરભાત.' ૩૦૯

ત્યારબાદ વાવની ભીંત ઉપરનાં લખાણ લખવાનાં પ્રસંગે પ્રધાન અને રાજા બન્ને પાંચ-પાંચ વાર વાવમાં પાણી પીવાનાં બહાને જઈ તેની દિવાલ ઉપર પોત-પોતાનો મત પ્રગટ કરતું લખાણ લખે છે. રાજા પોતે ધર્મમાંથી ચલિત નથી થયો, વ્યભિચાર નથી આચર્યો એ અંગે અને પ્રધાન રાજા વ્યભિચારી છે, ચલિત થયો છે એ પ્રકારનો આરોપ આ ભીંત પર લખેલા પરોક્ષ સંવાદમાં મૂકે છે. જેમકે, રાજાનાં લખાણરૂપ ૩૧૪ કડી અને પ્રધાનનાં લખાણરૂપ ૩૧૭ કડી જુઓ –

'હણે વાઘ સહુ જંતને માંસઆહારી કેહેવાયે

મન વીસવાસ રાખો સહુ પણ આપ બચાં નવ ખાય.' ૩૧૪.

*

'ભુખાને મંન ભાવ સો અણાથને શી આથ્ય

જારં મન શી દીકરી વિલસે માબેહેન સાથ.' ૩૧૭.

–અહીં રાજા અને પ્રધાનનાં સંવાદો એમનાં મનોભાવને પ્રગટ કરનારા બને છે. ઉપરાંત કડી ૩૨૧, ૩૨૫, ૩૨૬ ઇત્યાદિમાં પ્રધાનનો અને કડી ૩૧૮, ૩૨૩, ૩૪૦ ઇત્યાદિમાં રાજાનો મનોભાવ પ્રગટ થયો છે. જેમાં મુખ્યત્વે પ્રધાનનાં મનમાં રહેલો ખાર અને રાજાનાં મનમાં રહેલી નિર્મળતા જોવા મળે છે.

આમ, ચોપાટની રમત અને ભીંત ઉપરનાં લખાણ દ્વારા પરોક્ષ રીતે ચાલતો સંવાદ માનવસ્વભાવની સંકુલતાને પ્રગટ કરી આપે છે.

કડી ૩૫૫માં રાજાની હત્યા કરતાં પ્રધાન વૈરોચનનું વર્ણન છે.–

'પુરવ વેર મનમાં ભાવીયુ ઝેર આંખ માંહે આવીયુ' કાઢી પાલી ને મંન ચલે વાહી પાપીયે રાજાને ગલે.'૩૫૫.

આ સ્થાને શામળ પ્રધાનનાં મનોભાવ પર વધારે પ્રકાશ પાડી શક્યો હોત પણ એમ થયું નથી.

કડી ૩૬૩ થી ૩૬૬ માં રાજાની હત્યા કરતાં જોઈ ગયેલા માળી અને પ્રધાન ઉપર વહેમ પડ્યો હોવા છતાં ચૂપ રહેતાં પોપટનાં મનોભાવને પ્રગટ કરવામાં આવ્યાં છે.–

'આવો માલી પોતે ઘેર પોતે કહી નહી કોહોને પેર

'મોટાં માણસની વાત નવ કરુ વણ ખુટે તે શાંને મરુ'. ૩૬૩.

કોહોને વાત જણાવી નહી આપ રુદેમાંહે તે ગ્રહી

ચેતો પોપટ પોતાને મંન 'એ પાપીયે મારો રાજંન. ૩૬૪.

સૂ કરુ જો લુણ જ ખાયુ નહી તો હવડાં ચેતાવા જાયુ

અનેક પાપ બીજુ છે ઘણુ નહી કો લુણ હરામી તણુ. ૩૬૫.

એહનુ કરુ ભોગવસે એહ એહ વાતમાં તો નહી સંદેહ'

એમ કરતેદ સંવછર થયુ તાંહા સુધી તો છાંનુ રહુ.' ૩૬૬.

આ કડીઓમાં જોઈ શકાય છે કે માળીનું વર્તન અને મનોભાવ એક વ્યાવહારિક મનુષ્ય જેવા છે, જ્યારે પોપટનું વર્તન અને મનોભાવ આગળ કથાઘટક સંદર્ભે ચર્ચા કરી છે એ પ્રમાણે નૈતિકતા અંગે આદર્શ બની રહેનાર તેનું વલણ આદર્શવાદી છે.

પોતાનાં પિતાનાં ખુની વૈરોચન વિશે જાણી ગુસ્સે થયેલાં રાજકુમારની સ્થિતિનું વર્ણન માત્ર એક કડીમાં જ છે. કડી ૩૮૨ની પ્રથમ પંક્તિ–

'અંતકરમાં આંણી રીસ પગની ઝાલ લાગી જઈ શીશ'

તો કડી ૪૨૯ માં પ્રધાનપત્નીની મદદ કરવા આવવા પાછળનો શેષનાગનો મનોભાવ પ્રગટ થયો છે–

'શેષનાગ પ્રથવીપતી તેણે વીચારુ આપ

'નીકલંક કલંક થઈ આપસે તો મારે સિર પાપ.' ૪૨૯.

દેવને પણ મનુષ્યની જેમ શામળે વિચારતાં બતાવી આપ્યાં છે.

'નંદબત્રીસી'માં ઘણાં એવા સ્થાનો છે કે જ્યાં શામળ મનોભાવો પ્રગટ કરી શક્યો હોત અને ઘણાં એવા સ્થાનો છે જ્યાં શામળે મનોભાવો પ્રગટ કર્યા છે એથી વધારે સૂક્ષ્મ મનોભાવો પ્રગટ કરી શક્યો હોત. પણ શામળ એમ કરી શક્યો નથી. એવાં સ્થાનોએ શામળમાં મનોભાવ પ્રગટીકરણ સૂઝનો અભાવ કે ઊંડાણનો અભાવ જણાય છે. તેમ છતાં 'નંદબત્રીસી'માં કેટલીક કડીઓમાં જે–તે પાત્રોનાં મનોભાવો આબેહૂબ ઝીલાયા છે. એક બાજુ જ્યાં કોઈપણ મનોભાવ પ્રગટીકરણ વિહીન પ્રધાનપત્નીનું પાત્ર છે, તો બીજી બાજુ મનોભાવ પ્રગટીકરણનાં લીધે જીવંત બનેલ પ્રધાનનું પાત્ર જોવા મળે છે.

'નંદબત્રીસી'માં શામળની પાત્રોચિત મનોભાવ પ્રગટ કરવાની વિવિધ પદ્ધતિઓ અંગે ખ્યાલ મળે છે. એમાં પણ ચોપાટની રમત, ભીંત ઉપરનાં લખાણનો પ્રસંગ વગેરે ખાસ નોંધપાત્ર છે. સમગ્ર કૃતિમાં કેટલાંક સ્થાને માનવસહજ સ્વભાવ અને એ સ્વભાવમાં રહેલી સંકુલતા સારી રીતે ઝીલાયા છે. આ દૃષ્ટિએ શામળની અન્ય કોઈપણ કૃતિ કરતાં 'નંદબત્રીસી' પ્રથમ સ્થાનને અધિકારી બની રહે છે.

નીતિ–બોધવચનો

નીતિ–બોધ વચનો શામળની પદ્યવાર્તાઓનું એક અગત્યનું લક્ષણ છે. પ્રસંગોપાત્ત મૂકાયેલા નીતિ–બોધ વચનો કથાનકનું કદ વધારવામાં શામળને મદદરૂપ થતાં જોવા મળે છે. ક્યારેક એવા વચનોનો અતિરેક

કથારસમાં બાધક નીવડતો પણ જોવા મળે છે. પરંતુ 'નંદબત્રીસી'માં નીતિ–બોધ વચનોનું પ્રમાણ વિપુલ હોવા છતાં કથાને કે કથારસને એથી કોઈ હાનિ પહોચતી નથી. શામળ વ્યાવસાયિક કથાકાર હોવાથી અને વળી 'નંદબત્રીસી' શીલકથા હોવાથી નીતિ–બોધ વચનો આપતી કડીઓ વિશેષ મળે છે, પણ શામળે ખૂબીપૂર્વક કથાનક સાથે એણે એવી રીતે વણી લીધી છે કે ક્યાંય નિરર્થક પ્રસ્તાર થતો હોય એમ લાગતું નથી.

'નંદબત્રીસી'માં કથાનુષંગી મૂકાયેલા નીતિ–બોધ વચનોમાં શામળ ક્યાંક માનવસ્વભાવની કોઈ લાક્ષણિકતા, તો ક્યાંક સામાન્ય માન્યતાનું કથન કરતો જોવા મળે છે. કૃતિમાં લગભગ અગિયાર સ્થાને નીતિ-બોધ ઉપદેશ મૂકાયો છે.

શામળની કૃતિઓમાં નીતિ–બોધ ત્રણ પ્રકારે મુખ્યત્વે રજૂ થતો જોવા મળે છે. એક તે કવિ પોતે જ જે–તે પ્રસંગે નીતિ–બોધ આપવા બેસી જાય છે, બીજુ તે જે–તે પ્રસંગે કૃતિ અંતર્ગત આવતાં પાત્રોનાં મુખે પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ નીતિ–બોધ વચનો મૂકે છે, અને ત્રીજું તે કથાના ઉપસંહારમાં પોતે શ્રદ્ધા ધરાવતો હોય અને જે કથાનાં પાત્રો અને પ્રસંગો સાથે સુસંગત હોય તેવાં મૂલ્યો અંગે નીતિ–બોધ આપે છે. 'નંદબત્રીસી'માં પ્રથમ પ્રકારનાં નીતિ–બોધમાં કડી ૫૬ થી ૫૯ માં પરનારી સાથે પ્રીત કરતાં થતાં નુકસાન અંગે, કડી ૮૨ થી ૯૧ માં કામાતુર વ્યક્તિને લાજ કે શરમ હોતા નથી એ અંગે, કડી ૧૦૭ થી ૧૧૦ માં દ્રવ્ય લાલસા અંગે, કડી ૩૬૭ થી ૩૭૧ માં પાપ છાનું રહેતું નથી એ અંગેનાં નીતિ–બોધનો સમાવેશ થાય છે. બીજા પ્રકારનાં નીતિ–બોધમાં કડી ૬૯ થી ૭૩ માં રાજાનાં મુખે જે-તે વ્યક્તિનાં કર્તવ્યપાલન અંગે, કડી ૭૪ થી ૭૮ માં પ્રધાનનાં મુખે મૂકાયેલો જે–તે વ્યક્તિની લાચારી પ્રગટ કરતો, કડી ૧૩૬ થી ૧૪૦ માં પ્રધાનપત્નીનાં મૂખે મૂકાયેલો પરોક્ષ રીતે રાજાને કર્તવ્યભાન કરાવનારો, કડી ૧૪૩ થી ૧૫૨ માં પોપટનાં મુખે મૂકાયેલો રાજા જો પોતાનું કર્તવ્ય ચૂકે તો કોને કહેવું? એ સંદર્ભે મૂકાયેલો, કડી ૨૫૦ થી ૨૫૨ માં પ્રધાન વૈરોચનનાં મુખે મૂકાયેલો સ્ત્રી વિશ્વાસપાત્ર નથી એ અંગે, કડી ૨૫૪ થી ૨૬૪ માં પોપટનાં મુખે મુકાયેલો દરેક વસ્તુ કે પદાર્થનાં બે પાસા હોય છે એ અંગેનાં નીતિ–બોધનો સમાવેશ થાય છે. ત્રીજા પ્રકારનાં નીતિ–બોધમાં કૃતિનાં અંતે કડી ૪૪૦ થી ૪૪૨માં પરસ્ત્રીઅંગનાં ત્યાગ અંગેના નીતિ–બોધનો તથા ૪૪૩ થી ૪૪૫ કડીમાં સ્ત્રી અને સત મહિમા પ્રગટ કર્યો છે એનો પણ સમાવેશ થાય છે.

શામળની નીતિં–બોધ આપવાની બે રીતો 'નંદબત્રીસી'માં જોવા મળે છે. એક તે જે–તે વિષયને વળગી રહી સીધેસીધો અપાતો નીતિ–બોધ, અને બીજુ તે પોતાની વાતનાં સમર્થનમાં જુદાં–જુદાં દષ્ટાંતો અને પ્રશ્નો મૂકી અંતે પોતાની ઉદીષ્ટ વાત રજૂ કરી અપાતો નીતિ–બોધ. આમાંથી, પ્રથમ પ્રકારનો જે–તે વિષયને વળગી રહી સીધે સીધી રીતે અપાતો નીતિ-બોધ 'નંદબત્રીસી'માં મર્યાદિત પ્રમાણમાં મળે

છે. જેમકે, કડી ૫૬ થી ૫૮માં પરનારી સાથે પ્રીત કરતાં થતાં નુકસાન અંગેનો નીતિ-બોધ, કડી ૧૦૭ થી ૧૧૦ માં દ્રવ્યલાલસા અંગેનો નીતિ-બોધ. બીજા પ્રકારનો નીતિ-બોધ તે પોતાની વાતનાં સમર્થનમાં જુદાં-જુદાં દૃષ્ટાંતો અને પ્રશ્નો મૂકી અંતે પોતાનીવાત રજૂ કરી અપાતો નીતિ-બોધ 'નંદબત્રીસી'માં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. જેમકે, કડી ૮૨થી ૯૧માં કામાતુર વ્યક્તિને લાજ કે શરમ હોતા નથી એ અંગે અપાયેલા નીતિ-બોધમાં શામળે પોતાની વાતને સમજાવવા, પોતાની વાતનાં સમર્થનમાં જુદાં - જુદાં પ્રશ્નો ઊભા કરી નીતિ-બોધ આપ્યો છે. જુદાં-જુદાં પ્રશ્નો ઉપસ્થિત કરીને અંતે નીતિ-બોધનું કથયિત્વ કે સારતત્વ શામળ પ્રગટ કરે છે. તેવી રીતે કડી ૩૬૭ થી ૩૭૧ માં પાપ છાનું રહેતું નથી એ અંગે અપાયેલા નીતિ-ઉપદેશમાં પ્રથમ તો શું-શું છાંનુ રહેતું નથી એના વ્યવહાર જીવનને લગતાં અનેક દૃષ્ટાંતો આપી અંતે પોતાનું કથયિત્વ કે સારતત્વ પ્રગટ કર્યું છે. શામળ દૃષ્ટાંતોમાં વ્યવહારજીવનને લગતાં દૃષ્ટાંતોની જેમ પૌરાણિક દૃષ્ટાંતોનો પણ નીતિ-બોધ આપવા ઉપયોગ કરે છે. જેમ કે, કડી ૪૪૦ થી ૪૪૨ માં પરનારી સંગ ત્યાગ અંગે વિવિધ પૌરાણિક પાત્રોનાં દૃષ્ટાંતો રજૂ કર્યાં છે.

'નંદબત્રીસી'માં ક્યાંક બે ભિન્ન-ભિન્ન પાત્રનાં મુખે મૂકાયેલા નીતિ-બોધમાં સાતત્ય જળવાયેલું જોવા મળે છે. જેમકે, કડી ૬૯ થી ૭૩ માં જે-તે વ્યક્તિનાં કર્તવ્યપાલન અંગે રાજાનાં મુખે મૂકાયેલો નીતિ બોધ. અને ત્યારબાદ કડી ૭૪ થી ૭૮ સુધી પ્રધાનનાં મુખમાં જે-તે વ્યક્તિની લાચારી અને લક્ષણ પ્રગટ કરતો નીતિ -બોધ કડી ૬૯ માં 'ચાકર તે જે પાલે કોલ...' થી કડી ૭૮ માં 'મારે રાજા બોલા તે ખરુ મુજથી તે કેમ જાયે પરુ' સુધી રાજા અને પ્રધાનનાં સંવાદમાં મૂકાયેલી પંક્તિઓમાં જે-તે વ્યક્તિનાં ગુણ-લક્ષણ અને તેમનાં યોગ્ય કર્તવ્યોની વાત એક સૂત્રે ગૂંથી રજૂ કરવામાં આવી છે.

શામળ તર્કસમૃદ્ધ દલીલ પરંપરાનો સર્જક છે. વાતને અનેક દૃષ્ટાંતો દ્વારા તર્કબદ્ધ રીતે રજૂ કરવી, દલીલ કરવી એની શૈલીની લાક્ષણિકતા છે. શામળે મૂકેલા નીતિ-બોધમાં પણ એની આ લાક્ષણિકતા જુદાં-જુદાં પ્રકારે જોવા મળે છે. કડી ૧૪૩ થી ૧૫૨ માં રાજાનાં કર્તવ્યને પ્રગટ કરતો નીતિ-બોધ પોપટનાં સંવાદમાં મૂકાયો છે. એમાં અસંખ્ય દૃષ્ટાંતો આપી વાતને પ્રથમ દલીલ સાથે મૂકવામાં આી છે, અને પછી અંતે નીતિ-બોધનું સારતત્ત્વ પ્રગટ કર્યું છે.

અન્ય પદ્યવાર્તાઓની જેમ શામળે આકૃતિંમાં પણ કોઈ પણ વસ્તુ કે પદાર્થનાં બે ભિન્ન-ભિન્ન પાસા હોય છે એ રજૂ કરતો નીતિ-બોધ મૂક્યો છે. જેમકે, કડી ૨૫૪ થી ૨૬૪ માં પોપટનાં સંવાદરૂપે મૂકાયેલા નીતિ-બોધમાં દરેક વસ્તુ, પદાર્થનાં બે પાસા હોય છે એમ વિવિધ દૃષ્ટાંતો દ્વારા પ્રતિપાદિત કરી અંતે બધી સ્ત્રીઓ એક સમાન નથી એવું સિદ્ધ કર્યું છે. એક જ વસ્તુ કે પદાર્થના પરસ્પરબે વિરોધી ગુણ-લક્ષણો દર્શાવીને કરવામાં આવેલી આ દલીલ નોંધપાત્ર છે -

'એક શંખ નદીમાં પડો એક દખણાવંત સિર ચડો

એક તુંબી જે તરને સાથ બીજુ ભીખારીને હાથ. ૨૫૪,

એક પાખાણ એ દેહેરે પુજાયે બીજો પરીહટ શલા થાયે

એક મણી કરોડાં કાંમ બીજો મણી તો દે દસ દાંમ.' ૨૫૫.

એક પાખાણ એ દેહેરી પુજાયે બીજો પરીહટ શાલા થાયે

એક મણી કરોડાં કાંમ બીજો મણી તો દે દસ દાંમ.' ૨૫૫.

શામળની તુલનાત્મક દૃષ્ટિને પ્રગટ કરતો આ નીતિ–બોધ ઉપદેશ છે.

આમ, નીતિ–બોધ આપવાની શામળની વિભિન્ન, વિશિષ્ટ પદ્ધતિઓ અને શૈલીઓ એની અન્ય પદ્યવાર્તાઓની જેમ આ કૃતિમાં પણ જોવા મળે છે.

'નંદબત્રીસી'માં મુખ્યત્વે ચોપાઈ અને દુહા છંદનો ઉપયોગ થયેલો છે. કેટલીક કડીઓ છપ્પામાં પણ જોવા મળે છે. અહીં નીતિ–બોધ સંદર્ભે એક વાત ખાસ નોંધપાત્ર છે તે એ કે શામળે નીતિ–બોધ વચનો આપતી દરેક કડીઓમાં ચોપાઈ છંદનો જ ઉપયોગ કર્યો છે. માત્ર એક સ્થાને કડી ૫૬ થી ૫૮ માં પરનારી સાથે પ્રીત કરતાં થતાં નુકસાન અંગે નીતિ–બોધ મૂક્યાં બાદ કડી ૫૯ છપ્પારૂપે પોતાની વાતનાં સમર્થનમાં મૂકેલી જોવા મળે છે –

'કાંન સણી તબ કરોડ, લાખ મુલ નજરે દેખી

બોલી તબ હજાર, સાર શત પરખે પેખી

નજર ભઈ રસબસ, દસ મુલ તબ થે હોઈ

આલીંઘન તબ એક, છેક ચુંબન ઘટ જોઈ

સ્ત્રીય ભાર પટંતરે, અમુલક કૈ દ્રાંમકી

ચાખી તબચીતથી ગઈ, નહી કોડીકા કાંમકી.' ૫૯.

અહીં શામળે જે સ્ત્રીના ઉપર માણસને મોહ થાય છે તે સ્ત્રીની કિંમતમાં શી રીતે વધઘટ થાય છે તે બતાવ્યું છે. સ્ત્રીનો મોહ ઉત્તરોત્તર ઉતરતો જાય છે એ વાત માનવમનની જે અપ્રાપ્ય છે એ પ્રાપ્ય થતાં ક્રમે ક્રમે ઓછું થતું જતું આકર્ષણ અને એની મનઃ સ્થિતિની વાત સરસ રીતે રજૂ કરી આપે છે. આ છપ્પો કડી ૫૬ થી ૫૮ માં મૂકાયેલાં નીતિ–બોધ સાથે સંકળાયેલો છે. આને બાદ કરતાં શામળે અન્ય બોધાત્મક કડીઓ ચોપાઈમાં જ મૂકી છે. શામળની 'પદ્માવતી'માં એક પણ બોધાત્મક છપ્પો મળતો નથી. પણ 'પદ્માવતી'માં તો નીતિ–બોધ આપતાં વચનોની સંખ્યા અતિ જૂજ છે, જ્યારે 'નંદબત્રીસી'માં સમસ્યાઓ છટપામાં મૂકાઈ છે. નીતિ–બોધ આપતી કડીઓની સંખ્યા પણ ઠીક-ઠીક છે.

'નંદબત્રીસી'નું કથાનક પ્રમાણમાં ટૂંકું છે, એમાં પ્રસંગોપાત્ત મૂકાયેલા નીતિ–બોધ વચનો દ્વારા કથાનક પુષ્ટ બન્યું છે. પણ આ નીતિ–બોધ વાર્તારસને બાધક બનતો નથી અને ક્યાંય નિરર્થક પ્રસ્તાર પણ

જણાતો નથી. શામળની નીતિ–બોધ આપવાની ભિન્ન–ભિન્ન લાક્ષણિક શૈલીઓનો પરિચય પ્રસ્તુત કૃતિમાંથી મળે છે. હસુ યાજ્ઞિક જણાવે છે તેમ, 'શામળની અભિવ્યક્તિની અને અનુભવની પરિપકવતા 'નંદબત્રીસી'નાં કથાનુષંગી બોધવચનોમાં છે.'[૩૫] એ પ્રસ્તુત કૃતિને જોતાં યોગ્ય જણાય છે.

કથાકાર શામળને આ શીલકથાની રચના નિમિત્તે અનેક સ્થાને કથાનુષંગી નીતિ–બોધ–ઉપદેશ આપવાની તક મળી ગઈ છે. પણ એ નીતિ–બોધ કૃતિમાં ક્યાંય ભારરૂપ ન લાગતાં ભાગરૂપ બની જાય છે. આ જ કારણે શામળની અનેક કૃતિઓમાં મર્યાદારૂપ બની રહેનાર નીતિ–બોધ –ઉપદેશ અહીં મર્યાદા બની રહેતો નથી, પણ શામળની એક આગવી વિશિષ્ટતા કે લાક્ષણિકતા બની રહે છે.

સંવાદો

શામળકૃત 'નંદબત્રીસી'નો ઘણોખરો ભાગ સંવાદોમાં રોકાયો છે. 'ઉદ્યમકર્મસંવાદ', 'રાવણમંદોદરીસંવાદ' અને 'અંગદવિષ્ટિ' જેવાં ત્રણ સંવાદકાવ્યોનો અનુભવ શામળને 'નંદબત્રીસી'માં કામે લાગ્યો જણાય છે.

કૃતિમાં સ્થાન પામેલાં લગભગ દરેક પાત્રનાં મુખે સંવાદો મૂકાયાં છે. તેમાં રાજા નંદ, પ્રધાન વૈરોચન, પ્રધાનપત્ની, પોપટ, ધોબી, દ્વારપાળ, માળી, માલણ, રાજકુમારનો સમાવેશ થાય છે.

'નંદબત્રીસી'માં કેટલાંક સંવાદમાં પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ ભાવો ઊતરેલા જોવા મળે છે. જેમ કે કડી ૨૬-૨૭ માં રાજાનો અને ૨૮ માં ધોબીનો વીરતાનો ભાવ સંવાદ દ્વારા રજૂ થવા પામ્યો છેઃ

'રાજા કેહે 'તુ કોણ છે રે આ વેલાં આ દીસ
બોલ સાચુ ઉતાવલો નહી તો ખેદુ શીસ. ૨૬.
ભુત ભાગો બીહુ નહી ડાહાકણ કાહાડુ દૂર
રાખસને રોલુ અમો રે તુજને કરસુ ચૂર– ૨૭.
તારે પરીહટ બોલીયો આંણી મનમાં તાપ
'કોહો ભાગો(?) બીતો નથી સૂછે ભૂતાંનો બાપ' ૨૮.

રાજા નંદ અને ધોબી વચ્ચેનો સંવાદ સમસ્યામૂલક છે. એમાં રાજા નંદનાં મુખે માત્ર એક જ સમસ્યા મુકાયેલી છે, જ્યારે બાકીની છ સમસ્યાઓ ધોબીનાં મુખે મુકાયેલી છે. પરસ્પર પરિચય આપવો, ધોબીનું ત્યાં આ સમયે આવવા પાછળનું કારણ એ વસ્ત્રો કોના છે ઇત્યાદિ જણાવવા સમસ્યાનો સંજ્ઞાભાષા' તરીકે ઉપયોગ થયેલો છે. (સમસ્યા વિશે વિગતે કથાઘટક સંદર્ભે વાત કરી છે ત્યાંથી જોવું.)

'નંદબત્રીસી'માં ક્યાંક પરિસ્થિતિ પ્રમાણે પાત્રનાં સૂરમાં ભિન્નતા જોવા મળે છે. જેમકે, રાજા પ્રધાનને ઘોડાં ખરીદવા જવાની આજ્ઞા કરે છે. જુઓ કડી ૬૨ ની બીજી પંક્તિ અને ૬૩ કડી –

'કેહે રાજા 'કહુ તે કરો કછ દેશ માંહે પરવરો. ૬૨.

લો કર ટંકા લખ કરોડ લાવો ઘોડા રુડી જોડ
સ્વલ્પ સેન સોઢાડો સાથ ટ્રાંમ અનરગલ રાખોહાથ.' ૬૩.

ઉપરોક્ત કડીઓમાં આજ્ઞાનો સૂર જોવા મળે છે. ત્યારબાદ કડી ૬૬માં જુઓ–

'કેહે રાજા 'સાંભલ રે ભાત માહારા મનની ન લહે વાત.' ૬૬.

અહીં પ્રેમપૂર્વક અને ત્યારબાદ કડી ૬૭-૬૮ માં જુઓ–

'એહ વાતનો હુ કેડો લેવુ ન કરે કામ તો ડંડ જ દેવુ
સભા મધ્ય જો જાયે વચંન તો હું શાંનો રાજન. ૬૭.
અવજોગ તે તો પરથમ મુને તાર પછી તો બેઠે તુને
હવડાં જાવુ ન કરે તહી તો આજ થકી પરધાંન જ નહી.' ૬૮.

ઉપરોક્ત કડીઓમાં ધમકીનો સૂર જોવા મળે છે. આમ, અનુક્રમે આજ્ઞા, પ્રેમપૂર્વક અને ધમકીનાં વિવિધ સૂર જોવા મળે છે. તેવી રીતે રાજાનો દ્વારપાળ સાથેનો સંવાદ પણ છે. એમાં પ્રથમ તો લજ્જા અનુભવતા રાજાનો સૂર સંવાદમાં સંભળાય છે. જુઓ કડી ૯૪-૯૫ -

'ઉઘાડ ભાઈ, હુ નંદરેસ પરઘાંન ઘેર કરવો પરવ્યેશ. ૯૪.
ઘણૂ જરૂર અધૂરુ કાંમ માટે આવો છુ હુ આ ઠાંમ
તુ ઉઘાડી ચરણે લાગ વરદાંન જેહે ગમે તે માગ.' ૯૫.

ત્યાર બાદ કડી ૯૯ થી ૧૦૧ માં આજ્ઞા અને ધમકીનો સૂર જોવા મળે છે –

'રાજા કેહે 'સો મન ધાર શીઘ્ર થઈ તુ બાર ઉઘાડ
હુ જમ જમ રાખુ છુ ભાર તમ તમ તુ લગાડે છે વાર. ૯૯.
હવડાં વાત કરુ છુ સેહેલ નહીતર ચીરાવુ એ મેહેલ
પરઘાંનના તો પ્રાંણ જ લેવુ ભારે ડંડ દુખ તુજને દેવુ.૧૦૦.
તારે તાહારુ સૂ છે જોર નગર વસે તે માહારો ચોર
જો રુડુ ચીતવે ખાવંન તણુ તો રાખો માંન અમારુ ઘણુ.'૧૦૧.

–તો ત્યાર બાદ કડી ૧૦૩ માં લાલચ આપતાં રાજાનો સૂર બદલાયછે–

'મુરખ મીત્ર વેરી નાંમ વણસાડીસ ખાવંનનુ કાંમ
મનમાં ડાહાપણ હોયે આજ ઉઘાડ સરસે તાહારુ કાજ.' ૧૦૩.

આમ, એક જ પ્રસંગમાં બદલાતી પરિસ્થિતિ પ્રમાણે એક જ પાત્રનાં સૂરમાં ભિન્નતા– Variations સંવાદ દ્વારા પ્રગટ થાય છે.

ક્યાંક ક્યાંક સંવાદમાં કેટલાંક અંશે સાહજિકતા આવી છે. જેમકે, રાજા અને દ્વારપાળનાં સંવાદમાં

જુઓ. દ્વારપાળ કડી ૯૩ની શરૂ આતમાં –

'કૂણ છે રે ભાઈ માઝમ રાત....' એનો વળતો પ્રતિઉત્તર રાજા નંદ એવી જ રીતે આપે છે. કડી ૯૪ માં –

'ઉઘાડ ભાઈ, હું નંદનરેસ...'

અહીં બન્નેનાં સંવાદમાં 'ભાઈ' જેવા સંબોધનનાં કારણે રોજિંદા બોલચાલની સાહજિકતા આવેલી જોઈ શકાય છે. એવી જ રીતે કડી ૪૩ માં રાજા ધોબીને 'કોહો ભાઈ એહેવી તો નાર....'

પાત્રોનાં મુખે મૂકાયેલા સંવાદોમાં લાંબા–લાંબા નીતિ–બોધ શામળે અમુક સ્થાને વણી લીધા છે. એથી ક્યારેક પાત્રો અને એના મુખે મૂકેલા સંવાદો માત્ર નીતિ–બોધ આપવાનાં સાધન બની રહેતા અનુભવાય છે. જેમકે, કડી ૬૯ થી ૭૩ માં રાજાનાં સંવાદમાં

'ચાકર તે જે પાલે કોલ માંણસ તે જે પાલે બોલ

સ્ત્રી તે જે પાલે પતી ધરમ બ્રાહ્મણ તે પાલે જાટ કરમ. ૬૯.

જે– તે વ્યક્તિનાં યોગ્ય કર્તવ્યપાલન અને ગુણ–લક્ષણો અંગે એ નીતિ–બોધમાં વાત કરવામાં આવી છે. તો કડી ૭૪ થી ૭૮ માં પ્રધાનનાં સંવાદમાં –

'જે રાજા બોલા તે હા જે નીરધન બોલે તે ના...૭૪.

જે પાસો પડો તે દાય જે બોલુ પાલે તે સાહે

પંચ પ્રમાણ કરે તે ન્યાય આચાર–ભૃષ્ટ તે તો અન્યાયે. ૭૫.'

જે– તે વ્યક્તિની લાચારી પ્રગટ કરતો નીતિ–બોધ રજૂ કરવામાં આવ્યો છે. તેવી રીતે પોપટનો કડી ૧૪૩ થી ૧૫૨ સંવાદમાં ગૂંથાયેલા નીતિ–બોધ ઇત્યાદિ વિશે પણ કહી શકાય.

'નંદબત્રીસી'માં કેટલાંક સંવાદો ચાતુર્યપૂર્ણ છે. પોપટ અને પ્રધાનપત્ની રાજાને એનાં ધર્મનું, કર્તવ્યનું ભાન પોતપોતાનાં સંવાદ દ્વારા કરાવવા પ્રયત્ન કરે છે. પોપટ પોતાનાં સંવાદ દ્વારા રાજા પ્રજાનો પિતા છે, પ્રધાન એનો પુત્ર અને પ્રધાનપત્ની એની પુત્ર વધુ છે એમ ચતુરાઈપૂર્વક દર્શાવી આપે છે. જુઓ કડી ૧૨૮ - ૧૨૯.

'તમો તાત છો જગતના પરધાંન તમારો પુત્ર

હુ જાંણુ છુ આવા તમો નાહાલવા ને ધરસૂત્ર. ૧૨૮.

પુત્ર નહી ઘેર તમ–તણો હાજર એહેની નાર

તેહ છે તાહારે આસરે તમ પુત્રીને ઠાર.' ૧૨૯.

આટલું જ નહીં પણ પોપટ અને પ્રધાનપત્નીનો લગભગ આખો સંવાદ એવો ચતુરાઈભર્યો છે. શામળમાં ચતુરાઈભર્યા સંવાદો પ્રયોજવાની આવડતની સાથે–સાથે તર્કબદ્ધ દલીલ કરી વાતને સંવાદ

દ્વારા પ્રસ્થાપિત કરવાની આવડત પણ જોવા મળે છે. જેમકે, રાજા નંદ પ્રધાન વૈરોચનનાં ઘરેથી પાછા વળતાં દ્વારપાળ પાસે પોતાનાં કર્ણકુંડળની માંગણી કરતાં દ્વારપાળ રાજાને જુદાં-જુદાં દૃષ્ટાંતો દ્વારા એ વાત અયોગ્ય હોવાનું જણાવે છે. કડી ૨૦૦ થી ૨૧૨ માં આ પ્રકારની તર્કબદ્ધ દલીલ દ્વારપાળનાં સંવાદમાં મૂકાયેલી છે. ઉદાહરણરૂપે થોડી કડી જુઓ –

'વલી કહુ બીજુ દ્રષ્ટાંત જો અધીપતીથી છો એકાંત
જારે પુરણ તરખા થઈ ધાલો ઢોર તલાવે જઈ. ૨૦૦.
કો પીસે ને કો નહી પીયે પણ સહુ કોનો પીયાવો લીયે
ઘણ હાકી ગોવાલો જાયે કો ચરે કો તરણ ન ખાયે. ૨૦૧.
તો શો વનચરનો તેહેમાં વાંક લે ચરાઈ આડે આંક
ગાંમ જમાડી રુડી પેર કરે નોહોતરાં ઘેરે ઘેર. ૨૦૨.
કોહોને નવ લાગી હોય ભુળ કોહોને તાવ કાહોને દેહ દુઃખ
કોયક લાભે ગાંમ પરવરે તેહેમાં જમાડનારો સૂ કરે.' ૨૦.

આમ, તર્કબદ્ધ રીતે વાતને પ્રસ્થાપિત કરવાની આવડત સંવાદોમાં અમુક સ્થાને જોવા મળે છે.

આગળ વાત કરી તે પ્રમાણે રાજા નંદ અને ધોબી વચ્ચેનાં પ્રથમ પ્રસંગમાં સંવાદો સમસ્યામૂલક છે. સમસ્યામાં કહેવા માંગતા મુખ્ય વાતને અધ્યાહાર રાખી એ અંગે અણસાર કે સંકેત આપવામાં આવે છે. આમ, સમસ્યા એકરીતે તો ગુપ્ત રીતે વાતને રજૂ કરવાની પદ્ધતિ છે. 'નંદબત્રીસી' અમુક સ્થાને શામળ સમસ્યા દ્વારા નહીં પણ સંવાદમાં ગુપ્ત રીતે ખરી વાતને રજૂ કરતી જોવા મળે છે. જેમકે, પાછો ફરેલો પ્રધાન દ્વારપાળને ખરી વાત જણાવવા કહે છે. ત્યારે દ્વારપાળ પોતાનાં સંવાદ દ્વારા રાજાનું નામ આપ્યાં વિના જ એનાં અંગેનું સૂચન કરી આપે છે. જુઓ કડી ૨૨૪ થી ૨૨૬. –

'જે પરતે નવ ચાલે તમો તેહેને કમ વારી રાખુ અમો
જે હાથી હરા (ચો) થાયે તે કાચે તાંતણે કમ બંધાયે. ૨૨૪.
પીપલાની તે કેવી વાડ છીલોજીની (?) કેહેવી આડ
આંમેજેહ લખુ તે થાયે મેહેલુ તે અમારુ જાય. ૨૨૫.
વાત કહુ તો ચુગલી કહેવાયુ છાંનુ રાખે તરકટ પરઠાયુ
મન માંહે વીચારો આંક માર ગરદણ જોહોયે વાંક. '૨૨૬.

આમ, અહીં સંવાદ દ્વારા સાંકેતિક રીતે માહિતી અપાતી જોઈ શકાયછે.

ચોપાટની રમત રમતાં સસરો નેનસુખ, રાજા, પ્રધાન અને પદ્મિનીનાં મુખે ચાર-ચાર વાર સંવાદો મૂકાયાં છે. એ જે-તે પાત્રનાં વિચારોને પરોક્ષ રીતે પ્રગટ કરી આપે છે. જુઓ કડી ૨૮૬ થી ૩૦૭.

ઉદાહરણરૂપે કડી ૨૯૨ થી ૨૯૫ –

'(સસરો)– 'અંબે અંબફલ ઉતરે કદલી કેળાં સાર બરાસ ન છંડે વાસના રે પડ પાસા પોહોબાર' ॥ ૧ ॥. ૨૯૨.

(રાજા) – 'મહા પરતો જાણે દેવનો ગયા પૂંજણ તે ઠાર

દરશણ પણ સ્પરશણ નહી પડ પાસા પોહોબાર' ॥ ૨ ॥ . ૨૯૬.

(પ્રધાન) – 'અમલ હી અમલી પીયે જુએ આંખ જો જાર

અગને ધૃત ન ઉકલે તો પડ પાસા પોહોબાર'. ॥ ૩ ॥ ઈ ૨૯૪.

(પદ્મિની) 'તેજી તાજણ સેહે નહી સૂરો ન સહે માર,' કવેણ સતી સેહે નહી રે પડ પાસા પોહોબાર. ॥૪॥. ૨૯૫.

આ પ્રસંગે મૂકાયેલાં સંવાદો જે–તે પાત્રનાં મનોભાવોનાં પ્રતિનિધિત્વ કરનારા બની રહે છે.

આ ઉપરાંત વાવમાં પાણી પીવાનાં બહાને રાજા અને પ્રધાન વચ્ચે દિવાલ ઉપર લખાણ લખી આડકતરી રીતે, પરોક્ષ રીતે સંવાદ સ્થપાય છે. એ સંવાદ પણ રાજા અને પ્રધાનનાં મંતવ્યોને પ્રગટ કરી આપનારો બની રહે છે. એ દ્વારા રાજા નંદ અને પ્રધાનની સામ–સામે દલીલ પ્રગટ થતી જોવા મળે છે. જેમ કે, કડી ૩૨૦ અને ૩૨૨ –

'ગયંદ વસ અંકૂસને નારી વશ છે શરમ

અરણવ વસ મુરજાદ છે તમ રાજને વસ ધરમ'. ૩૨૦.

'માહા તરસો જાયે તલાવમાં દેખે અમૃત તોયે

જોયે તરસ છીપે નહી પાછા વલે નહી કોયે.' ૩૨૨.

આમ, રાજા નંદ અને પ્રધાન વચ્ચે પાંચ–પાંચ વાર લખાણરૂપે સંવાદ મળે છે.

કોઈપણ વાતને સંવાદ દ્વારા સંક્ષેપમાં કહેવાની આવડત પણ શામળ પાસે છે. જેમ કે, માળી માલણને પ્રધાનનાં કૃત્ય અંગે માત્ર એક કડીમાં જણાવે છે. કડી ૩૭૫ –

'એહ વજીર પાપી કેહેવાયે મારો આપણો એણે રાયે

ચાંપે બેઠાં મે તો લહુ આટલે દાઢે તુજને કહુ.' ૩૭૫.

તો માલણ રાણી પાસે જઈને પ્રધાનનાં કૃત્યની બધી વાત જણાવે એને પણ માત્ર એક પંક્તિમાં સમેટી લીધું છે. જુઓ કડી ૩૮૦–

'કહો સરવ પેહેલો દષ્ટાંત ભાગી મન તણી તો ભ્રાંત

'ચંપા હેઠે દાટો છે રાયે હજી અસ્ત પડાં તેહ માહે'. ૩૮૦.

અહીં બન્ને કડીઓમાં જરૂર પૂરતો અંશ સંવાદ દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે. આમ, સંવાદ

દ્વારા શામળ લાઘવથી વાતને રજૂ કરી આગળ વધતો ક્યાંક ક્યાંક જોવા મળે છે.

તેવી રીતે પ્રધાન પોતાનો ગુનો કબુલે છે એ કડીઓ ૩૮૮ થી ૩૯૦ માં પોતે કરેલા ખૂનની કબૂલાત, ખૂન કરવા પાછળનું કારણ ઇત્યાદિ સંક્ષેપમાં સંવાદ દ્વારા જણાવે છે.

કડી ૪૧૧ થી ૪૧૩ માં સૂરજની સ્તુતિ અને કડી ૪૨૨ થી ૪૨૭ માં ધરતી માતાની સ્તુતિ પ્રધાનપત્નીનાં સંવાદમાં મૂકવામાં આવી છે. ભક્ત દ્વારા ઈશ્વરને મદદ માટે પ્રાર્થના કરાતી હોય એમાં થોડુ ઊર્મિતત્વ પણ ક્યાંક જોવા મળે છે. જેમ કે, ૪૨૨ કડી –

'તુજ સરખી ગરુઈ નહી કોયે હું તો તાહરે શરણે હોયે

સહુ કોનુ તું ખુદ્દુ ખમે ઘરમી અધરમી સહુ તુજમાં શમે.' ૪૨૨

વળી, ક્યાંક સંવાદમાં પ્રયોજાયેલા અમુક શબ્દો યોગ્ય જણાતા નથી. જેમ કે, પ્રધાનપત્ની જેવી સ્ત્રીનાં મુખે પોતાનાં પતિ પ્રધાન માટે મૂકાયેલો 'પાપી' શબ્દ યોગ્ય લાગતો નથી. કડી ૪૨૬ જુઓ–

'એકે ન સૂઝો તેહેને લાગ દીધો વેહેર આપો તેં માગ આ પાપી નવ મૂકે કેડો આપો વેહેર તુજ માંહે તેડો.' ૪૨૬.

ધરતી માતાને પ્રાર્થના કરતાં ઉપરોક્ત શબ્દ પ્રધાનપત્નીનાં સંવાદમાં મૂકાયો છે.

કેટલીક જગ્યાંએ સંવાદ ગ્રામ્યતા અને સામાન્યતામાં સરી પડતાં જોવા મળે છે. જેમકે, ધોબીનો રાજા સાથેનો કૃતિનાં આરંભના પ્રથમ પ્રસંગમાં મૂકાયેલો સંવાદ. કડી ૨૮ જુઓ –

'તારે પરીહટ બોલીયો આંણી મનમાં તાપ

'કોહો ભાગો (?) બીતો નથી સૂ છે ભુતોનો બાપ.' ૨૮.

તો શેષનાગ જેવા દેવનાં મુખે મૂકાયેલો સંવાદ કડી ૪૩૧ માં જુઓ –

'મરે શા માટે માનની કેહે રે તાહારુ દુઃખ

જળ મારે આ લોક સહુ કમ પાંમે આ સૂખ.' ૪૩૧.

કેટલાંક સંવાદોમાં રૂઢિપ્રયોગો અને કહેવતોનો ઉપયોગ કરેલો જોવા મળે છે. જેમ કે, કડી ૨૪૮ માં –

'અનેક ઉપાયે તેહેને કોહો પણ પથર ઉપર નીર' કડી ૩૭૮ માં –

'કામરને મન ન રહે ધીર મીની –ઉદરમાં ન રહે ખીર'

ઇત્યાદિ સંવાદોમાં રૂઢિપ્રયોગનો ઉપયોગ કરેલો છે. તો કડી ૨૬૬ જુઓ –

'તમ અખર છઠ્ઠી તણા જમ પટોલે ભાત'

ઇત્યાદિ સંવાદોમાં કહેવતોનો ઉપયોગ કરેલો જોવા મળે છે.

'નંદબત્રીસી'માં મૂકાયેલા સંવાદો મોટાભાગે વિસ્તૃત, ચાતુર્યયુક્ત, બોધાત્મક પ્રકારનાં છે. શામળ સંવાદ

દ્વારા પાત્રોચિત ભેદ લાવી શક્યો નથી, અથવા તો એમ કહેવાય કે દરેક પાત્રોનાં સંવાદો એને એકી કલમે લખ્યાં છે. એમાં જે–તે પાત્ર પ્રમાણે ફેરફાર એ કરી શક્યો નથી. જેમકે, રાજા નંદ અને ધોબી કે દ્વારપાળનો સંવાદ.

શામળની 'નંદબત્રીસી'નાં નાટ્યપ્રયોગો પણ થયાં છે. આ કૃતિમાં નાટ્યપ્રયોગ કરી શકાય એવા કેટલાંક ઘટકો રહેલાં છે. એમાંનું એક ઘટકતત્ત્વ તે સંવાદ છે. કૃતિનો ઘણોખરો ભાગ સંવાદાત્મક છે, એથી સરળતાથી એનું નાટ્યરૂપાંતર કરી શકાય. પણ એક વાત સ્વીકારવી રહી કે નાટકમાં અપેક્ષિત એવા ટૂંકા, ધારદાર, સચોટ સંવાદો આ કૃતિમાં નથી.

સંવાદાત્મક કૃતિ રચવાનો અનુભવ શામળને આ કૃતિમાં કામે લાગ્યો જણાય છે. કૃતિનાં આંતરિક ઘટક તરીકે સંવાદને તપાસતાં એ મોટા ભાગે કથનનું કાર્ય હળવું કરી આપે છે એમ 'નંદબત્રીસી' ને તપાસતાં કહી શકાય. આ જ કારણે ક્યાંક સંવાદનો અતિઉપયોગ ખટકતો હોય એવું પણ બન્યું છે.

વર્ણન

શામળકૃત 'નંદબત્રીસી'નું પોત મુખ્યત્વે કથન અને સંવાદ દ્વારા ઘડાયેલું હોવાથી વર્ણનની ગણતરીની જ કડીઓ પ્રાપ્ત થાય છે. પ્રાચીન અને મધ્યકાલીન કથાસાહિત્યમાં વર્ણન ઘણું અગત્યનું અને મુખ્ય અંગ ગણાતું. પણ શામળ વર્ણનોનો ખપ પૂરતો ઉપયોગ કરનાર સર્જક હોવાથી કૃતિમાં વર્ણનનું સ્થાન અમુક સામગ્રી પૂરતું ગૌણ જ રહેલું જણાય છે. જે વર્ણનો 'નંદબત્રીસી'માંથી પ્રાપ્ત થાય છે એ વર્ણકો આધારિત છે. એ વર્ણનોનો ખાસ કરીને – વ્યક્તિવિષયક, સ્થાનવિષયક, આહાર–ભોજનાદિવિષયક, સ્વાગતવિષયક, વિવિધ ભાવસ્થિતિવિષયક ઇત્યાદિ વિષયક છે.

વ્યક્તિવિષયક વર્ણનોમાં રાજા નંદ અને પ્રધાનપત્ની અંગે પ્રમાણમાં ઠીક–ઠીક લાંબુ કહી શકાય એવું વર્ણન મળે છે. કડી ૭ થી ૧૦ માં રાજા નંદનું વર્ણન કરવામાં આવ્યું છે. એનાં વિવિધ ગુણ પ્રગટ કરનારું આ વર્ણન છે. જેમાં સદાચારણી, દાનવીર, ચતુર, સ્વરૂપવાન, શીલવાન એવા નંદસેન રાજાને ઉપમારૂપક વગેરે અલંકારો દ્વારા વર્ણવામાં આવ્યો છે.

કડી ૧૧૩ થી ૧૧૯ માં પ્રધાનપત્નીનું રૂપવર્ણન મૂકાયું છે. પ્રધાનપત્નીનાં દેહનાં વિવિધ અંગ–ઉપાંગોનાં સૌદર્યનું કરેલું આ વર્ણન પણ આલંકારિક છે.

રાજા નંદ અને પ્રધાનપત્નીનાં વર્ણનમાં શામળ મૌલિક કલ્પનાશક્તિ કે કૌશલ દ્વારા કોઈ નવો ઉન્મેષ લાવી શક્યો નથી. અહીં મળતું વર્ણન કથાસાહિત્યની અનેક કૃતિઓમાં મળી આવે છે. આ વર્ણનોનો વર્ણકો આધારિત થતાં હોવાથી આમ બનવું સાહજિક છે. આ રૂપવર્ણન રાજા નંદ પ્રધાનપત્નીનું પ્રથમવાર પ્રત્યક્ષ દર્શન કરે છે એ સ્થાને મૂકાયું હોવાથી એક રીતે એ રાજાનાં મનોભાવને પ્રગટ કરવામાં સહાયરૂપ

બને છે.

વ્યક્તિવિષયક વર્ણનોમાં અન્ય જે વર્ણનો પ્રાપ્ત થાય છે એ છે પ્રધાન વૈરોચન અને નગરજનો અંગેનું વર્ણન. કડી ૬ અને ૧૧ માં માત્ર એક-એક પંક્તિમાં પ્રધાન વૈરોચન અંગે વર્ણન મળે છે –

પ્રધાનનું જે વર્ણન મળે છે એ પ્રમાણે સમગ્ર રાજ્યનો કારભાર પ્રધાન દ્વારા ચાલી રહ્યો છે એમ કહેવાનો હેતુ સરે છે. રાજાનાં વર્ણન પછી આ સ્થાને પ્રધાનનું વિગતે વર્ણન કરવાની શામળ પાસે તક અને અવકાશ હોવા છતાં એને ટૂંકમાં પતાવી વર્ણન કરવાની તક જતી કરી છે.

કડી ૧૧- ૧૨ માં આવતું નગરજનોનું વર્ણન પણ સંક્ષિપ્ત છે. કડી ૧૧ ની બીજી પંક્તિ અને કડી ૧૨ માં વર્ણવ્યું છે એ પ્રમાણે નગરમાં 'અષ્ટાદશ' વર્ણનાં લોકો વસે છે, એ સર્વ ચતુર, દાનવીર અને સમજુ છે. આ પ્રમાણે નગરજનોનું ટૂંકમાં વર્ણન કરી અટકી જાય છે. આ સ્થાને જુદી-જુદી જ્ઞાતિ કે વર્ણનાં લોકો અંગે, એમનાં કામ-કાજ વ્યવસાય અંગે, એમનાં સુખ સમૃદ્ધિ અંગે વિગતે વર્ણન કરવાની તક શામળે જતી કરી છે.

'નંદબત્રીસી'માં કેટલાંક સ્થાને સ્થાનવિષયક વર્ણન જોવા મળે છે. જેમાં કડી ૧૨ થી ૧૫ અને કડી ૧૯ થી ૨૧ માં કરવામાં આવેલાં નંદનનગરના વર્ણનનો સમાવેશ થાય છે. કડી ૧૨ થી ૧૫ માં કરવામાં આવેલું નગર વર્ણનનગરની શાંતિ, સુખ અને સમૃદ્ધિને પ્રગટ કરનારું છે. કડી ૧૨ ની પ્રથમ પંક્તિ –

'નગર અતી રલીઆંમણુ જાંણે ઉદયો ભાંણ'

માં ઉત્પ્રેક્ષા અલંકારનો અને કડી ૧૫ માં ઉપમા અલંકારનો ઉપયોગ કરી સંક્ષિપ્ત માં વર્ણન આટોપવામાં આવ્યું છે.

શામળની અન્ય કૃતિઓમાં જોવા મળતી વર્ણન સંદર્ભની લાક્ષણિકતા અહીં જોવા મળે છે. શામળ ક્યારેક વર્ણનને ટૂંકમાં આટોપવા માટે અંતે પોતે વર્ણન કરવાને અસમર્થ છે એમ જણાવી અથવા કોઈ અલંકાર પ્રયોજી વર્ણન પૂર્ણ કરે છે. અહીં નગરવર્ણન પૂરું કરતાં અંતે કડી ૧૫ જુઓ –

'રાંમરાજ સરીખડુ કોહોને નવ ગંજે કોયે
આનંદઉછવ અતી ઘણો ઘેર ઘેર મંગલ હોય.' ૧૫.

શામળની વર્ણન સંદર્ભે જોવા મળતી આ એક લાક્ષણિકતા છે.

નગરવર્ણનમાં સુખ અને સમૃદ્ધિ પ્રગટ કરતી કેટલીક પંક્તિઓ આકર્ષક છે. કડી ૧૩ -

'ઘેર ઘેર મંડપ દ્રાક્ષનાં વારુ એબચી વંન
પાંન ફૂલ વંન વાડીયાં અંનેક શોભાયે અંન.' ૧૩.

કડી ૧૯ થી ૨૧ માં રાજા નંદની નગરચર્યા નિમિત્તે નગરવર્ણન જોવા મળે છે –

આ વર્ણનમાં તત્કાલીન સમયમાં વપરાતાં શસ્ત્રો અને નગરરચના અંગે ખ્યાલ મળી રહે છે. આ વર્ણન પ્રણાલિકાબદ્ધ છે.

આ ઉપરાંત સ્થાનવિષયક વર્ણનમાં કડી ૧૧૧ – ૧૧૨ માં આવતું પ્રધાનનાં ઘરનું વર્ણન પણ સમાવી શકાય. જુઓ કડી ૧૧૧ની બીજી પંક્તિ અને ૧૧૨ ની પ્રથમ પંક્તિ –

ત્રણ–ચાર ઉપમા અલંકાર પ્રયોજી કરાયેલું આ વર્ણન ઉપલક જ જણાય છે.

કેટલીક કડીઓમાં આહાર–ભોજનાદિનું વર્ણન છે. કડી ૧૭૮ માં પ્રધાનપત્ની રાજાનું સ્વાગત કરી ભોજન જમાડવાં જાત–જાતની રસોઈ બનાવે છે તેનું વર્ણન છે. કડી ૨૭૯ પ્રધાનનાં સસરા નેનસુખનાં ઘરે રાજા અને પ્રધાન મહેમાન બનતાં એને કરેલી આગતાસ્વાગતાનાં વર્ણનમાં ભોજનાદિ વિશે ગૂંથાયેલીછે.

– શામળ બન્ને કડીઓની સાથે ભોજનાદિની લાંબી સૂચિ મૂકી શક્યો હોત પણ એમ ન કરતાં એ ઉપરછલ્લું ટૂંકમાં વર્ણન કરી ઝડપભેર આગળ વધતો જોવા મળે છે.

'નંદબત્રીસી'માં સ્વાગતવિષયવર્ણન બે સ્થાને મળે છે. એક તો જ્યારે રાજા નંદ પ્રધાનની ગેરહાજરીમાં પ્રધાનનાં ઘરે જાય છે ત્યારે અને બીજુ તે જ્યારે રાજા નંદ અને પ્રધાન સસરા નેનસુખનાં ઘરે અતિથિ બની જાય છે ત્યારે સ્વાગતવર્ણન જોવા મળે છે. પ્રધાનનાં ઘરે આવેલાં રાજા નંદને પોપટ અને પ્રધાનપત્ની પોતાનાં સંવાદ દ્વારા પ્રતિબોધ આપે છે. રાજાનો મોહ પૂર્ણપણે દૂર કરવા પ્રધાનપત્ની રાજાનું સ્વાગત કરી વિવિધ પ્રકારની રસોઈ તૈયાર કરે છે. ત્યારબાદ કડી ૧૭૯ –

આવેલા મહેમાનને સુગંધિત પદાર્થોનો લેપ કરાવી, સ્નાન કરાવી સ્વાગત કરવાની પૂર્વપ્રણાલિકા વર્ણવાયેલી છે. તેવી રીતે કડી ૨૭૬ થી ૨૭૯ માં પ્રધાનનાં સસરા નેનસુખે કરેલી આગતાસ્વાગતાનું વર્ણન મળે છે :

કડી ૨૭૮ માં કડી ૧૭૯ ની જેમ સુંગધિત પદાર્થો દ્વારા શરીરને મર્દન કર્યા બાદ સ્નાન કરાવીયા એ પ્રકારનું વર્ણન પુનઃ મળે છે. કડી ૧૭૯ અને ૨૭૮ તથા ભોજનાદિનું વર્ણન કરતી કડી ૧૭૮ અને ૨૭૯ મહદઅંશે સમાન જણાય છે. શામળે કરેલું વર્ણન ઉપલક તો છે જ પણ સાથે–સાથે એમાં વિવિધતાનો અભાવ પણ જણાય છે.

'નંદબત્રીસી'માં કેટલીક કડીઓમાં વિવિધ ભાવસ્થિતિનું સારું આલેખન થયેલું જોવા મળે છે. કડી ૧૨૦ થી ૧૨૩ માં કામાતુર થયેલાં રાજા નંદનું વર્ણન જોવા મળે છે. જુઓ કડી ૧૨૦ થી ૧૨૩ –

'પાખાણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત
અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત. ૧૨૦.
ધરમ કરમ સરવ વીસરુ થયુ કાંમવશ અંગ
બીજૂ કાંઈ સૂઝે નહી રામા સૂ લાગો રંગ. ૧૨૧.

વીસરો ગુરુ વીસરો પ્રભુ વીસરી લાજ કૂલ-નેમ

વીસરાં ઘર પુર મેડીયાં પ્રેમદા સુ લાગો પ્રેમ. ૧૨૨.

આવો નીકટ તે નીરખતાં ભયભીત કાંમ ઘનઘોર

દ્રષ્ટ ન ચૂકે તે થકો જેમ ચંદ્ર ચકોર.' ૧૨૩.

અહીં રાજા નંદની કામાતુર દશાને કડી ૧૨૦ અને ૧૨૩ માં શામળ સારી રીતે પ્રગટ કરી શક્યો છે. તેવી રીતે કડી ૨૨૮ માં ગુસ્સે થયેલા પ્રધાનનું આંગીક વર્ણન જુઓ –

'વૈરોચનને નીરખીયો કરતાંત શરીખો કાલ

ટીસે ભમર અતી રાતડાં મુખ દીઠું વીકરાલ.' ૨૨૮.

શામળે મનોભાવોનું વર્ણન તો જૂજ કર્યું જ છે. પણ જે-તે પાત્રનાં બાહ્ય હાવભાવનાં વર્ણન પણ જૂજ કર્યાં છે. ઉપરોક્ત કડીમાં પ્રધાનનાં બાહ્ય હાવભાવનાં વર્ણનમાં પ્રધાનની કેવી ભાવપરિસ્થિતિ હશે એનો અણસાર મળે છે. કડી ૨૩૨- ૨૩૩ માં શંકાશીલ બનેલા પ્રધાનની અવસ્થાનું વર્ણન જોવા મળે છે.

'અગનઝાલ અદકી હતી ઉપરે રેડ્યુ ઘૃત

રાલ ગંધક અગની મલો ભડકો થઈ ઉઠો તરત. ૨૩૨.

ખાયે ન અંન પાંણી નહી નહી નીદ્ર નહી લાગ

એકે વાત ન ઉકલે પડો રુદયામાં દાગ.' ૨૩૩.

અહીં પ્રધાનની અવસ્થાને આબેહૂબ વર્ણવતી કડી ૨૩૨ નોંધપાત્ર છે.

વિવિધ ભાવસ્થિતિનું વર્ણન કરતી કડીઓ આ કૃતિમાં ઓછી છે. કૃતિમાં કેટલાંક સ્થાને પાત્રોનું મનોભાવ પ્રકટીકરણ થયેલું જોવા મળે છે. પણ એ અંગેનો આખો મુદ્દો અલગ ચર્ચવામાં આવ્યો છે, એથી એ અંગે વિગતે વાત કરવાનું અહીં ટાળ્યું છે.

શામળકૃત 'નંદબત્રીસી' ૪૬૨ કડીની કૃતિ છે. આરંભમાં વાત કરી તેમ કૃતિનું પોત મુખ્યત્વે કથન અને સંવાદ દ્વારા ઘડાયેલું છે. શામળે વર્ણનનો ઘણો મર્યાદિત ઉપયોગ કર્યો છે. 'નંદબત્રીસી'માં કડી ૧ થી ૨૭૯ સુધી છૂટા છવાયા અનેક સ્થાને સંક્ષિપ્ત વર્ણન મળતાં રહે છે, પણ કડી ૨૮૦ થી ૪૬૨ સુધી એક પણ વર્ણનાત્મક કડી મળતી નથી. આમ, 'નંદબત્રીસી'નાં પૂર્વાધમાં અલ્પ પ્રમાણમાં તથા ઉત્તરાર્ધમાં નહીવત્ પ્રમાણમાં વર્ણનો હોવાથી ઉત્તરાર્ધ મુખ્યત્વે કથન, સંવાદ આધારિત બની રહેલો જોવા મળે છે. શામળની સમગ્ર કૃતિમાં કથાનું પૂર વિશેષ હોવાથી વર્ણન ગૌણ બની રહે છે.

'નંદબત્રીસી'માં કરાયેલું વર્ણન મોટાભાગે પરંપરાબદ્ધ છે, વર્ણકો આધારિત છે. જેમકે, રાજા, પ્રધાનપત્ની ઇત્યાદિ વ્યક્તિવિષયક વર્ણનો. વળી કેટલાંક વર્ણનોમાં શામળ લાંબી-લાંબી યાદી મૂકીને વર્ણન લંબાવી

શક્યો હોત. પણ એમ ન કરતાં ખપ પૂરતો એનો ઉપયોગ કરી વર્ણન ટૂંકમાં આરોપતો જોવા મળે છે. જેમકે, ભોજનાદિ, શસ્ત્રો ઇત્યાદિનું વર્ણન. કેટલાંક વર્ણનમાં વિવિધતાનો અભાવ છે. જેમકે, સ્વાગતવિષયક વર્ણન. શામળે કરેલું વર્ણન મોટાભાગે તો ઉપરછલ્લું જ લાગે છે. ખપ પૂરતો ઉપયોગ કરી એ ઝડપથી આગળ વધે છે. શામળને કથા કહેવામાં રસ છે, વર્ણન કરવામાં નથી. એથી જ બાકીનાં વર્ણનોની જેમ વિવિધ ભાવસ્થિતિનાં નોંધપાત્ર વર્ણનો ગણ્યાગાઠ્યાં મળે છે. એ વર્ણન સંદર્ભે અમુક સપાટીથી નીચે ઉતરી ઊંડાણમાં પ્રવેશી વર્ણન નથી કરતો એ વાત સમગ્ર કૃતિને જોતા સતત અનુભવાય છે. મોટાભાગે પરંપરાગત વર્ણકો આધારિત વર્ણન કરતો હોવાથી મૌલિક સૂઝ દ્વારા કરેલું વર્ણન ઘણું ઓછું જોવા મળે છે.

શામળની અન્ય કૃતિઓમાં વર્ણન સંદર્ભે જોવા મળતી લાક્ષણિકતાઓ અહીં આ કૃતિમાં પુનઃ જોવા મળે છે. વર્ણનને ટૂંકમાં આટોપવા શામળ અંતે પોતે વર્ણન કરવાને અસમર્થ છે એમ જણાવી અથવા કોઈ અલંકાર પ્રયોજી વાતને પૂર્ણ કરે છે. કડી ૧૫ માં નગરવર્ણન સંદર્ભે આવું જોવા મળે છે.

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યકૃતિમાં આવતાં વર્ણનો ઘણાં મહત્ત્વનાં છે. કારણ કે એ દ્વારા સાંસ્કૃતિક અને સાહિત્યિક ઇતિહાસની માહિતી પ્રાપ્ત કરી શકાય છે. પણ શામળકૃત 'નંદબત્રીસી'માં આવતાં વર્ણનો સાંસ્કૃતિક અને સાહિત્યિક ઇતિહાસની દષ્ટિએ માહિતી મેળવવા ઉપયોગી નીવડે એવાં નથી. 'નંદબત્રીસી'માં આલેખાયેલા વર્ણનો પૈકીનાં મોટાભાગનાં પરંપરાબદ્ધ છે. એથી વર્ણનમાંથી તત્કાલીન જીવનને લગતી હકીકત મળવાની શક્યા નહીવત છે.

તત્કાલીન સામાજિક સ્થિતિનું પ્રતિબિમ્બ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ઘણીખરી કૃતિઓમાં તત્કાલીન સામાજિક જીવનનું પ્રતિબિંમ્બ પડેલું જોવા મળે છે. શામળકૃત 'નંદબત્રીસી'માં કેટલેક સ્થાને તત્કાલીન સામાજીક માન્યતાઓ, અંધશ્રદ્ધા, સ્ત્રીઓનું સમાજમાં સ્થાન, વર્ણવ્યવસ્થા પ્રમાણે કામકાજ ઇત્યાદિ ઉપર થોડો પ્રકાશ પડે છે.

'નંદબત્રીસી'નો આરંભનો પ્રસંગ રાજા નંદ અને ધોબી વચ્ચે છે. નગરચર્યા કરી નગરની બહાર આવેલો રાજા નંદ સરોવર કિનારે જઈ ચડે છે. ત્યાં મધરાતનાં સમયે એક ધોબીને કપડાં ધોતાં જુએ છે, અને ધોબી પણ મધરાતે આમ ફરતાં રાજાને જુએ છે. બન્નેને પરસ્પર એકબીજા માટે ગેરસમજ થાય છે. એનું આલેખન કડી ૨૨ થી ૨૭ માં છે,

એમાં ભૂત, પ્રેતનાં અસ્તિત્વ અંગેની તત્કાલીન અંધશ્રદ્ધા પ્રગટ થાય છે.

તો વળી, એક સ્થાને અશુભ યોગ અને તિથિ અંગેની માન્યતા પણ જોવા મળે છે. રાજા નંદ પ્રધાનપત્ની સાથે મેળાપ કરવાં પ્રધાન વૈરોચનને પ્રપંચ કરી નગરથી દૂર કરવા યુક્તિ ઘડી કાઢે છે. રાજા પ્રધાનને આજ્ઞા કરે છે કે એ કચ્છ દેશમાં જઈ અવનવાં ઘોડાઓ ખરીદી લાવે. રાજાનાં તત્કાળ

જવાનાં આદેશનો વિરોધ કરતાં પ્રધાન વૈરોચન જણાવે છે કડી ૬૫-૬૬ માં –

'કેહે સાંમદ 'સાંભલ રે રાજા સૂ ઘોડાનુ જરૂરી કાજ રીકતા તીથી વૃષ્ટી વાતીપાત આજ જાતાં થાયે ઉતપા. ૬૫.

કાલ પરમ અમો ચાલસૂ રુડા ઘોડા આંણી આલસૂ.'

– અહીં તે સમયમાં પ્રવર્તતી શુભાશુભની સામાજીક માન્યતા પ્રગટ થાય છે. અશુભ તિથિ અને અશુભ યોગ બન્નેનાં કારણે પ્રધાન રાજાની વાતનો વિરોધ કરે છે. ચતુર્થી, નવમી અને ચતુર્દશી એ હિકતા તિથિઓ કહેવાય છે અને કોઈપણ કામ કરવામાં અશુભ ગણાય છે. 'વૃષ્ટી વતીપાત' એ બંને યોગ છે. જે તિથિએ એમાંનો કોઈ યોગ આવે તે તિથિએ કંઈ શુભ કામ થઈ શકતું નથી. અને જો કરવામાં આવે તો મોટી આફત આવી પડે છે એવી એક માન્યતા દર્શાવાઈ છે.

કૃતિનાં અંત ભાગમાં લોક–પરલોક અંગેની માન્યતા એકાદ સ્થાને પ્રગટ થતી જોવા મળે છે. સત્ય વાતની શોધ માટે રાજકુમાર ન્યાયપ્રક્રિયા કરે છે. સાક્ષી તરીકે પોપટને બોલાવી સત્ય વાત પૂછતાં પોપટ રાજા નંદ નિર્દોષ હોવાનું જણાવે છે. પણ પ્રધાન પોપટને પોતે ઘણો માર્યો હોવાથી આમ જૂઠ્ઠુ બોલી વેર વાળી રહ્યો છે એમ જણાવી કડી ૪૦૦ માં–

'આજ હુ સંકટમાં પડો જે કરશો તે સહેસ

વણ વાંકે જો મારસો તો વેર પરલોકે લેસ.' ૪૦૦.

ઉપરોક્ત સંવાદમાં પરલોક અંગેની માન્યતા પ્રગટ થાય છે.

વળી, રાજકુમાર સત્યવાત જાણવા જે ન્યાયપ્રક્રિયા કરે છે એમાં પણ તત્કાલીન ન્યાયપ્રક્રિયાનું પ્રતિબિમ્બ પડે છે. સત્ય વાત જાણવા તપાસ કરવી. સાક્ષીઓને બોલાવી પૂછપરછ કરવી અને અંતે યોગ્ય ન્યાયની ચૂકવણી થતી જોવા મળે છે.

આ ઉપરાંત 'નંદબત્રીસી'માં સીધેસીધી રીતે નહી પણ આડકતરી રીતે સમકાલીન સમાજનું પ્રતિબિંબ પડેલું જોઈ શકાય છે. શામળે જે નીતિ–બોધ આપ્યો છે એમાં ક્યાંક – ક્યાંક તત્કાલીન સમયમાં સ્ત્રીઓનું સ્થાન, વર્ણવ્યવસ્થા અને વ્યવસાય અંગે છૂટટાં છવાયાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે સમયમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, પરિસ્થિતિ ઉપર પ્રકાશ પાડતી પંક્તિઓ જુઓ–

'સ્ત્રી તે જે પાલે પતી ધરમ...'.૬૯.

'નારી તે જે ચાલે નમી...'૭૩.

વર્ણવ્યવસ્થા અને તે સંબંધીત કામકાજ અંગેનાં ઉલ્લેખો જુઓ– '...બ્રાહ્મણ તે પાલે ખટ કરમ.' ૬૯; 'શુદ્ર તે જે દ્વીજપૂજા કરે, ભાટ તે જે હુકારો ભરે.' ૭૦; 'ખત્રી તે જે રણમાં પડે ગાયે બ્રાહ્મણ સ્ત્રીની વારે ચડે.' ૭૧; 'વણીક તે જે નહી આકરો...'૭૨. ઇત્યાદિ ,સ્થાનોએ પ્રાપ્ત થતાં ઉલ્લેખો તત્કાલીન

સામાજિક પરિસ્થિતિ અને વ્યવસ્થા ઉપર પ્રકાશ પાડે છે.

સંસ્કૃત શ્લોકો

શામળકૃત 'નંદબત્રીસી'માં બે સંસ્કૃત શ્લોક જોવા મળે છે. આ સંસ્કૃત શ્લોક અનુક્રમે કડી ૫૫ અને ૮૧ રૂપે છે.

પ્રથમ સંસ્કૃત શ્લોક જ્યારે રાજા નંદ ધોબી પાસેથી પદ્મની સ્ત્રી વિશે જાણી મોહિત થઈ શરીર અને મનથી પરવશ, વ્યાકુળ થઈ જાય છે, ત્યારે એ સ્થાને મૂકાયો છે. જુઓ કડી ૫૫ રૂપે મૂકાયેલો પ્રથમ શ્લોક –

'દર્શનાત્ હરતે ચિત્તં સ્પર્શનાત્ હરાતે બલં
સંભોગાત્ હરતે વીર્યં નારી પ્રત્યક્ષ રાક્ષસી.'૫૫.

અર્થાત્ –'સ્ત્રી પ્રત્યક્ષ રાક્ષસી છે. કેમકે તે દર્શન કરવાથી ચિત્તનું હરણ કરે છે, સ્પર્શ કરવાથી બળનું હરણ કરે છે, અને સંયોગ કરવાથી વીર્યનું હરણ કરે છે.'

બીજો સંસ્કૃત શ્લોક જ્યારે રાજા નંદ પ્રપંચ કરી પ્રધાન વૈરોચનને નગરથી દૂર મોકલે છે અને પોતે રાત પડતાં વ્યભિચાર આચરવા પ્રધાનની પત્ની પાસે જવા નીકળે છે, ત્યારે એ સ્થાને મૂકાયો છે. જુઓ કડી ૮૧ રૂપે મૂકાયેલો બીજો શ્લોક –

'કામાતુરાણાં ન ભયં ન લજ્જા હયર્થાતુરાણાં ન ચ બંધુમિત્રં
ચિંતાતુરાણાં ન સુખં ન નિદ્રા ક્ષુધાતુરાણાં ન બલં ન તેજ.' ૮૧.

'અર્થાત્ –'કામાતુરને ભય કે લાજ હોતી નથી, દ્રવ્ય લોભીને બંધુ કે મિત્ર હોતા નથી, ચિંતાવાળાને સુખ અને ઊંઘ હોતી નથી', અને ભૂખ્યા માણસનામાં બળ કે તેજ હોતું નથી.'

બન્ને શ્લોક જે–તે પરિસ્થિતિને અનુકૂળ મૂકવામાં આવ્યાં છે. પ્રથમ શ્લોક સ્ત્રીનાં સંપર્ક વિષયક છે. સમગ્ર શ્લોકમાં કેન્દ્ર સ્થાને સ્ત્રીનાં સંપર્કનાં કારણે પુરુષે સરવાળે તો ગુમાવવાનું જ રહે છે એ ભાવાર્થ રહ્યો છે. આમ, સ્ત્રીનો સંપર્ક પુરુષનું સર્વસ્વ લૂંટી લે છે. રાજા નંદે માત્ર પદ્મની સ્ત્રી વિશે જાણ્યું અને એટલા માત્રથી એ મોહ પામી વ્યાકુળ બન્યો. સ્ત્રીનો પ્રત્યક્ષ સંપર્ક જ નહીં પણ પરોક્ષ સંપર્ક પણ પુરુષને ભારે પડે છે એ રાજા નંદની પરિસ્થિતિ ઉપરથી પ્રગટ થાય છે. આમ, જો પરોક્ષ સંપર્ક જ આવો હોય તો પ્રત્યક્ષ સંપર્ક કેવો ભારે પડે એ વાતનું સમર્થન શામળ સંસ્કૃત શ્લોક દ્વારા કરી આપે છે.

બીજો શ્લોક કામાતુર, દ્રવ્ય લોભી, ચિંતા વાળા અને ભૂખ્યા મનુષ્યનાં ગુણ–લક્ષણોને પ્રગટ કરે છે. કથાનાં જે પ્રસંગે મૂકાયો છે એને જોતાં આ શ્લોક ખાસ તો કામાતુર વ્યક્તિનાં સંદર્ભે મૂકાયો છે

MEHTA LIBRARY
351
Baroda

એમ કહી શકાય. કામાતુર થયેલા રાજા નંદ પોતાનાં કર્તવ્ય અને વિવેકમાંથી ચલીત થઈ પોતાના જ પ્રધાનની પત્ની સાથે વ્યભિચાર આચરવા જાય છે. કામાતુર વ્યક્તિને સારાં-નરસાંની ખબર રહેતી નથી એ વાતનું સમર્થન ઉપરોક્ત શ્લોક કરી આપે છે.

આમ, પ્રથમ શ્લોક સ્ત્રીનાં સંપર્ક વિષયક અને બીજો શ્લોક કામાતુર મનુષ્ય વિષયક છે. એક રીતે જુઓ તો બન્ને શ્લોક ભિન્ન હોવા છતાં બન્ને વચ્ચે સાંયોગિક સંબંધ રહેલો છે. બન્ને શ્લોક રાજા નંદની પરિસ્થિતિને પ્રગટ કરનારા છે. મોહ પામેલો રાજા નંદ પ્રથમ વ્યાકુળ થાય અને પછી કામાતુર બને એ એક આખી પસ્થિતિનાં બે ભિન્ન-ભિન્ન તબક્કા છે. આ બે તબક્કાઓ સંયોગી ભૂમિ બની રહે છે. તેથી એમ કહી શકાય કે રાજા નંદની અમુક નિશ્ચિત એવી પરિસ્થિતિને પ્રગટ કરવા શામળે બન્ને શ્લોકો મૂક્યાં છે.

શામળની શ્લોક પ્રયોજવાની નિશ્ચિત એવી પદ્ધતિ અહીં જોવા મળે છે. પ્રથમ જે-તે પરિસ્થિતિનું વર્ણન કે અણસાર, ત્યારબાદ જે-તે પરિસ્થિતિ અનુકૂળ શ્લોક અને અંતે જે-તે પરિસ્થિતિ સંબંધિત નીતિ-બોધ –

પરિસ્થિતિ વર્ણન અણસાર -> સંસ્કૃત શ્લોક -> પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ નીતિ બોધ.

શામળે 'નંદબત્રીસી'માં બન્ને શ્લોક નીચે પ્રમાણે પ્રસ્તુત કર્યા છે :

કડી ૫૫ રૂપ પ્રથમ સંસ્કૃત શ્લોક

કડી ૫૨ થી ૫૪ રાજાની વ્યાકુળ દશાનું વર્ણન — કડી ૫૫ સ્ત્રીનાં સંપર્ક વિષયક સંસ્કૃત શ્લોક — કડી ૫૬ થી ૫૮ પરનારી સાથે પ્રીત થતાં થતાં નુકસાન અંગે નીતિ-બોધ.

કડી ૮૧ રૂપ દ્વિતીય સંસ્કૃત શ્લોક

કડી ૮૦ પ્રધાન વૈરોચનનાં ચાલ્યાં ગયા બાદ પ્રધાનપત્નીને મળવા અંગેનો રાજાનો વિચાર. — કડી ૮૧ રૂપે કામાતુર મનુષ્યનાં સંદર્ભે મૂકાયેલો સંસ્કૃત શ્લોક. — કડી ૮૨ થી ૯૦ વ્યભિચારીને મન લાજ મર્યાદા હોતી નથી એ વાત જુદાં-જુદાં પ્રશ્નો ઊભો કરી મૂકેલો નીતિ-બોધ.

આમ, 'નંદબત્રીસી'માં શામળ જે–તે પ્રસંગે નીતિ–બોધ આપતાં પૂર્વે પોતાની વાતનાં સમર્થનમાં સંસ્કૃત શ્લોક મૂકે છે. જે–તે પરિસ્થિતિને અનુકૂળ એવો સંસ્કૃત શ્લોક નીતિ–બોધ આપવા માટેની ભૂમિકારૂપ કે પ્રસ્તાવનારૂપ બની રહે છે.

રસનિરૂપણ

શામળકૃત 'નંદબત્રીસી'નો મુખ્ય રસ અદ્‌ભુતરસ છે. જોકે 'નંદબત્રીસી'નું કથાવસ્તુ વાસ્તવિક અને આધુનિક કથાના કુળનું છે. અનુચિત સંદેહ મનુષ્યના ચિત્તમાં એકવાર પેઠા પછી એ મનુષ્યનાં સત્ત્વને કેવો કોરી ખાય છે એ પ્રકારનો માનસશાસ્ત્ર સંલગ્ન એનો વિષય છે. પણ કૃતિનાં અંતે પ્રધાન વૈરોચનની શંકા દૂર કરવા તથા શીલ અને સત્‌નો મહિમા સ્થાપિત કરવા ચમત્કારીક, અદ્‌ભુત–રસિક રોમાંચક સ્થૂલ ઘટનાઓનો આશ્રો લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે મધ્યકાલીન કથાસાહિત્યમાં આ પ્રકારનાં અદ્‌ભુતરસિક ઘટકોનો છૂટે હાથે ઉપયોગ થતો હોય છે, પણ શામળે એનો 'નંદબત્રીસી'માં સંયમિત અને કુનેહયુક્ત ઉપયોગ કર્યો છે.

કૃતિની શરૂઆતમાં રાજા નંદ અને ધોબી વચ્ચેનાં મેળાપ પ્રસંગે અદ્‌ભૂતરસ સૂક્ષ્મપણે નિષ્પન્ન થાય છે. કુતુહલ–જિજ્ઞાસામાંથી ધીમે–ધીમે અદ્‌ભુત રસમાં સંક્રાન્તિ થતી જોવા મળે છે. કડી ૪૨ માં પદ્મની સ્ત્રીનાં વસ્ત્રોમાંથી પ્રસરતી પ્રસ્વેદની મધુર સુવાસ લેવા દિવસે આકાશમાંથી ભમરો ઉતરી આવે છે? એ પ્રકારનું આલેખન સૂક્ષ્મ સ્વરૂપે અદ્‌ભુત રસની પ્રતીતિ કરાવે છે. ત્યારબાદ મનુષ્યની જેમ બોલતાં અને નૈતિકતાનો બોધપાઠ રાજાને આપતાં સ્વામીભક્ત, ચતુર પોપટનું કથાઘટક કૃતિમાં આલેખાયું છે. કથાસાહિત્યમાં પશુ–પંખીઓ મનુષ્યસહજ વર્તન કરે અને મનુષ્યની વાણીમાં બોલે એતો છેક આરંભકાળથી જોવા મળે છે. એમાં પણ પોપટ જેવું પક્ષી ખાસ તો શીલ જાળવવા નૈતિકતા અંગે બોધપાઠ આપતું બીજી અનેક કૃતિઓમાં પણ જોવા મળે છે. આમ, પોપટનાં પાત્ર દ્વારા અદ્‌ભુતરસ સૂચક રીતે પ્રગટ થયેલો છે. કૃતિનાં અંતભાગમાં – Climax માં પ્રધાન વૈરોચનની શંકા દૂર કરવા અને પ્રધાનપત્ની તથા રાજા નંદનાં શીલ અને સત્‌ની સિદ્ધિ દર્શાવવા કેટલીક ચમત્કારિ અને અદભુતરસિક ઘટનાઓ આલેખવામાં આવી છે. ધાર્મિક શ્રદ્ધા જન્માવતી અને અચેત રાખતી આ ઘટનાઓમાં વિના અગ્નિએ સૂરજની સ્તુતિ કરી આંખ દ્વારા અગ્નિ પ્રગટાવવો, ધરતીનું ફાટીને પ્રધાનપત્નીને માર્ગ આપવો, મૃત્યુ પામેલા નંદ રાજા ને સજીવન કરવા સાક્ષાત્ દેવનું આગમન થવું, નંદરાજાનું સજીવન થવું – એવાં-એવાં ચમત્કારીક, અદ્‌ભુત પ્રસંગો – ઘટનાઓ દ્વારા સ્થૂલ રીતે અદ્‌ભુત રસ પ્રગટ થતો જોવા મળે છે. આમ, 'નંદબત્રીસી'નો ઉઘાડ, નિવર્હન અને અંત વધતાં –ઓછાં પ્રમાણમાં અદભુતરસ આધારિત હોઈ એ કૃતિનો કેન્દ્રવર્તી નિષ્પન્ન રસ બની રહે છે.

અદ્દ્ભુતરસ સિવાયનાં બાકીનાં રસ છૂટાછવાયાં અહીં તહીં કૃતિમાં અમુક પ્રસંગે વર્તાય છે. પણ એમાં ભાવક તણાઈ રસતરબોળ થાય એવું બનવા પામ્યું નથી. રાજા અને ધોબી વચ્ચેનાં પ્રથમ પ્રસંગમાં કડી ૨૨ થી ૨૮માં આછો હાસ્ય અને વીર રસ વર્તાય છે, કડી ૧૧૩ થી ૧૧૮ માં પ્રધાનપત્નીનાં વિવિધ અંગ–ઉપાંગોનાં સૌંદર્યનું કરાયેલું રૂપવર્ણન શ્રૃંગાર રસનો અણસાર આપી રહે છે, પત્નીનાં ચારિત્ર્ય અંગે શંકાશીલ બનેલો પ્રધાન કડી ૨૩૨ માં રૌદ્રરસની પ્રતીતિ કરાવે છે -ઇત્યાદિ સ્થાનોએ ભિન્ન–ભિન્ન રસનો અણસાર મળે છે, પણ એ પૂર્ણપણે માણવા મળતાં નથી.

પ્રેમાનંદનાં જેવી રસસિદ્ધિ કે રસ સંક્રાન્તિ કળાનો અભાવ શામળની 'નંદબત્રીસી' જોતાં વર્તાય છે. એની પાછળનું કારણ એ છે કે શામળ પાત્રોના ભાવનિરૂપણ દ્વારા રસનિષ્પન્ન કરવા કરતાં જે–તે પ્રસંગ કે ઘટનાનાં આધારે જ રસનિષ્પત્તિ કરે છે. વેગયુક્ત કથાપ્રવાહ, કથાનુષંગી નીતિ–બોધ, વિસ્તૃત ચાતુર્યયુક્ત સંવાદો ઇત્યાદિનાં કારણે એ રસસિદ્ધિ કે રસસંક્રાન્તિ કળા હસ્તગત કરી શક્યો નથી.

'નંદબત્રીસી' શીર્ષક

શામળે 'નંદબત્રીસી' શીર્ષક શા માટે આપ્યું એવો પ્રશ્ન થાય? 'બત્રીસી' કે 'દ્વાત્રિં શિકા' શીર્ષકમાં ઉત્તરાર્ધ પદ તરીકે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અનેક કૃતિઓમાં જોવા મળે છે. 'બત્રીસી' શીર્ષકમાં ઉત્તરાર્ધ પદ તરીકે હોય એવી કૃતિઓ વિશે વિચારતાં 'નંદબત્રીસી' શીર્ષક અંગે ત્રણ શક્યતાઓ ઊભી થાય છે. એક તો, જેમાં બત્રીસી કડીઓ હોય એવી પદ્યરચના. જેમકે, 'કપડબત્રીસી', 'પૂજાબત્રીસી', 'સંવેગબત્રીસી', 'અગિયારબોલની બત્રીસી' વગેરે. આ પ્રકારની બત્રીસી કડીઓવાળી રચનાઓની સંખ્યા વિશેષ છે. બીજી તો, જેમાં બત્રીસ ખંડો હોય એવી રચનાઓ. ખંડોનાં આધારે શીર્ષકમાં ઉત્તરાર્ધ પદ સંખ્યાવાચક હોય એવું મધ્યકાલીન સાહિત્યની અનેક કૃતિઓનાં શીર્ષક સંદર્ભે જોવા મળે છે. જેમકે, 'હંસાઉલી ચારખંડી' વગેરે એ રીતે બત્રીસ ખંડોમાં વેહચાયેલી રચનાને શીર્ષકમાં ઉત્તરાર્ધ પદ 'બત્રીસી' મૂકી શકાય. ત્રીજુ તે, જેમાં બત્રીસ વાર્તાઓ હોય એવી રચનાઓ જેમ કે, 'સિંહાસનબત્રીસી' ઇત્યાદિ. ભોજ રાજા ચમત્કારિક સિંહાસને બેસવા જાય છે. ત્યારે સિંહાસનની દરેક પૂતળી તેમને એક–એક કરીને બત્રીસ વાર્તા કહે છે.

'નંદબત્રીસી' શીર્ષકમાં પ્રથમ પદ 'નંદ' એ કૃતિમાં આવતું રાજાનું નામ, પાત્ર નામ સૂચિત કરે છે. પણ દ્વિતીય પદ 'બત્રીસી' ઉપરોક્ત ત્રણ શક્યતાઓમાંથી કોઈ એકનાં આધારે શીર્ષકમાં પ્રયોજાયુ હોવાની સંભાવના પ્રગટ કરે છે.

શામળની સમગ્ર 'નંદબત્રીસી' જોયા બાદ ઉપરોક્ત ત્રણે શક્યતાઓ સાથે એનો સીધે–સીધો તાળો મળતો જણાતો નથી. એ દષ્ટિએ શીર્ષકનાં કરણે શામળકૃત 'નંદબત્રીસી' અપવાદરૂપ રચના છે. તેમાં

માત્ર બત્રીસ કડીઓ કે બત્રીસ ખંડો કે બત્રીસ વાર્તાઓ નથી.

શામળકૃત 'નંદબત્રીસી'નાં શીર્ષક વિશે ખાસ કોઈ ચર્ચા થયેલી મળતી નથી. શામળકૃત 'નંદબત્રીસી'નાં સંપાદક હીરાલાલ શ્રોફ તથા જગજીવનદાસ મોદીએ પોતાનાં સંપાદનનાં અંતે મૂકેલી ટીકામાં શીર્ષક અંગે નીચે પ્રમાણે અનુમાન કર્યું છે :

'વાર્તાનો નાયક નંદરાજા છે; અને તેના સંબંધે પ્રધાનપત્નીના સતીત્વ સંબંધી કથાભાગમાં સોગઠાં બાજી રમતી વખતે વીસ વખત, અને વાવમાંથી પાણી પીતી વખતે એમ બત્રીસ વખત સમસ્યારૂપે વાદવિવાદ થયા છે; તેથી કવિએ ગ્રંથનું નામ 'નંદબત્રીસી' રાખ્યું હોય એમ લાગે છે.'[૩૭]

હીરલાલ શ્રોફ તથા જગજીવનદાસ મોદી સંપાદિત શામળકૃત 'નંદબત્રીસી'માં ઉપર જણાવ્યું છે એ મુજબની કડી સંખ્યા છે, પણ જેમને 'નંદબત્રીસી'નું શાસ્ત્રીય સંપાદન કર્યું છે એવાં ઇંદિરા મરચંટ દ્વારા સંપાદિત 'નંદબત્રીસી'ને જોતા ઉપરોકત અનુમાન સ્વીકાર્ય બનતું નથી. એ સંપાદનમાં બત્રીસ વખત સમસ્યારૂપે વાદવિવાદ થતો નથી, એની કડી સંખ્યા ઓછી છે.

શામળકૃત 'નંદબત્રીસી'નાં શીર્ષક સંદર્ભે મૂંઝવણ દૂર કરવા 'નંદબત્રીસી'ની કથાપરંપરા તરફ દષ્ટિ માંડવી પડે તેમ છે. ઈ.સ.ની આરંભની સદીથી 'નંદબત્રીસી'ની કથા પરંપરા ચાલી આવી છે. સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી તથા રાજસ્થાની ભાષામાં 'નંદબત્રીસી'નું કથાનક લઈને અનેક કૃતિઓ રચાયેલી છે. સંસ્કૃતમાં 'નંદબત્રીસી' શીર્ષક હેઠળ આ કથનાક સંબંધિત બત્રીસ શ્લોકો મળે છે; વળી, મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલી અન્ય સર્જકોની 'નંદબત્રીસી' ઓમાં એ જ બત્રીસ શ્લોક સહેજ ફેરફાર સાથે જોવા મળે છે. આ પ્રકારની પૂર્વપરંપરાને જોતાં બત્રીસ ખંડો કે બત્રીસ વાર્તાઓ પહેલાં હશે એ પ્રકારના અનુમાનનો છેદ ઊડી જાય છે. પહેલાં બત્રીસ શ્લોક કે કડીઓ હશે એ પરથી એ કથા પરંપરામાં રચાયેલી મોટાભાગની રચનાઓનું નામ 'નંદબત્રીસી' છે. શામળે પોતાની કૃતિનું શીર્ષક એ કથાપરંપરાને અનુસરીને જ રાખ્યું જણાય છે. **અહીં અનુમાન કરી શકાય કે આ કથાપરંપરામાં આરંભમાં નંદબત્રીસી કૃતિમાં બત્રીસ શ્લોક કથામાં મુખ્ય હશે એ પરથી એવું શીર્ષક યોજાયું. પછીથી** ઉત્તરોત્તર એનાં થયેલાં જુદાં જુદાં રૂપાંતરો અને સર્જકોએ એ કથાનક લઈ રચેલી કૃતિઓમાં શ્લોકોમાં થોડો ફેરફાર અને કડીઓમાં વિસ્તાર થતો રહ્યો હશે. પણ મૂળની કથા નજીવા ફેરફાર સાથે જળવાયેલી રહેવાનાં કારણે આ કથા પરંપરામાં રચાયેલી કૃતિનું મૂળ નામ એ જ રહ્યું હોવું જોઈએ.

શામળની 'નંદબત્રીસી'નાં શીર્ષક અંગે ઉપરોક્ત ખુલાસો કે **અનુમાન** જ અત્યારની પરિસ્થિતિમાં વધારે અનુકૂળ અને સત્યની નિકટનું જણાય છે.

અલંકાર, છંદ, પ્રાસ ઇત્યાદિ પદ્યપ્રયુક્તિઓ

અલંકાર :- શામળે અર્થાલંકારોમાં ખાસ તો ઉપમા અલંકારનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત રૂપક, દૃષ્ટાંત, ઉત્પ્રેક્ષા અને શ્લેષ જેવાં અલંકારો પણ 'નંદબત્રીસી'માં છૂટાછવાયા જોવા મળે છે.

શામળના અલંકારોમાં કાવ્યદ્યુતિ કરતાં ચમત્કૃતિ સ્વાભાવિક રીતે જ વધુ દેખાવાની
જેમ કે, ઉપમા અલંકારના આ દાખલા જુઓ :
'ગ્રીવા પોત–કપોત સી ઓપીત ઉજલ વાન' (કડી ૧૧૮)
'દ્રષ્ટ ન ચુકે તે થકો જેમ ચંદ્ર ચકોર'
કે પછી રૂપકનાં આ ઉદાહરણ જુઓ :
'... ચક્રુવાકની જોડ
કનક કલસ ઉપર 'વીખે નહીં એકે માંહ ખોડ'
'કેલપત્ર પૃષ્ઠ સૂભ, ઉદર તો પોયણ-પાંન'

દૃષ્ટાંત આપીને તર્કબદ્ધ દલીલ કરવાની શામળની લાક્ષણિકતા છે. એટલે દૃષ્ટાંત અલંકારો તો 'નંદબત્રીસી'માં ઠેર–ઠેર મળે છે. શામળ માત્ર એક દૃષ્ટાંત આપીને અટકી જતો નથી પણ દૃષ્ટાંતોની આખી હારમાળા સર્જી દે છે. જેમકે, કડી ૧૪૩ થી ૧૫૨ માં પોપટ રક્ષક જો ભક્ષક બની જાય તો કોનો આધાર? – એ અંગે નીતિ–બોધ આપતાં વિવિધ દૃષ્ટાંતો પોતાની વાતનાં સમર્થન મૂકે છે.

'જો વાડ થઈને ચીભડાં ગલે તો મોઘી વસ્ત કોહોને નવ મલે જો ખલુ ખાતુ હોય અંન તો જીવે નહી એકે જંન. ૧૪૩.

જો કલ્પતરુ કેરી ખાયે તો તેહ નો ચોર કમ પેદા થાયે ....'

તેવી જ રીતે કડી ૨૦૦ થી ૨૧૨ માં દ્વારપાળ કર્ણકુંડળને પાછા આપવાની માંગણી કરતાં રાજાને નિશ્ચિત કર્યા પ્રમાણે આપેલું પાછું લેવાય નહીં એ અંગે વિવિધ દૃષ્ટાંતો પોતાની વાતનાં સમર્થનમાં ટાંકે છે –

ઇત્યાદિ સ્થાનોએ શામળે દૃષ્ટાંતોની હારમાળા સર્જી છે. ઉત્પ્રેક્ષા અને શ્લેષ જેવાં અલંકારોનો ઉપયોગ શામળે જૂજ કર્યો છે. ઉત્પ્રેક્ષા અલંકાર જેમકે કડી ૧૨; શ્લેષ અલંકાર જેમકે, કડી ૪૦ –

આમ, શામળે 'નંદબત્રીસી'માં કેટલાંક અર્થાલંકારો પ્રયોજ્યાં છે. રાજા નંદ, નંદનનગર, પ્રધાનપત્ની ઇત્યાદિનાં વર્ણનોમાં ખાસ કરીને અલંકાર પ્રયોગ થયેલો જોવા મળે છે. 'નંદબત્રીસી'ના પૂર્વભાગ અલંકાર પ્રયોગ વિશેષ જોવા મળે છે કારણકે મોટાભાગનાં વર્ણન 'નંદબત્રીસી'નાં પૂર્વાધમાં છે. ઉત્તરભાગમાં આ

પ્રકારનાં વર્ણનો ઓછા હોવાથી અલંકારપ્રયોગ પ્રમાણમાં જૂજ જોવા મળે છે.

શબ્દાલંકારો 'નંદબત્રીસી'માં ગણ્યાગાઠ્યાં જ જોવા મળે છે. કડી ૧૨૦ જુઓ –

'પાખાણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત,

અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત.'

ઉપરોક્ત કડીમાં ઉપમા અલંકાર તો છે જ પણ સાથે સાથે 'અ' વર્ણની પુનરુક્તિ થતાં ધ્વનિમાધુર્ય અને શબ્દ ચમત્કૃતિ અનુભવાય છે. અહીં શબ્દાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ બન્ને છે. એટલેકે ઝડઝમક પ્રસ્તુત કડીમાં જોવા મળે છે.

શામળે પ્રયોજેલા શબ્દાલંકારો અને અર્થાલંકારોયુક્ત પંક્તિઓ જોતાં જણાય છે કે, એમાંની ઘણી ખરી આલંકારિક પંક્તિઓ પરંપરાથી અનેક સર્જકોની કૃતિઓમાં પ્રયોજાતા આવેલી છે. પરંપરાગત વર્ણકો એ માટે કારણભૂત છે. શામળે પોતાની મૌલિક સૂઝ દ્વારા અલંકાર પ્રયોગ કર્યો હોય એવું ઘણાં ઓછા સ્થાનોએ જોવા મળે છે.

છંદ :– શામળકૃત 'નંદબત્રીસી' દોહરા, ચોપાઈ અને છપ્પામાં રચાયેલી કૃતિ છે. આ માત્રામેળ છંદોનો શામળે પોતાની જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કર્યો છે. વાતને સંક્ષેપમાં રજૂ કરવા દોહરાનો, વિસ્તૃત કથન અને નીતિ–બોધ ચોપાઈનો અને સમસ્યા જેવા એકમ માટે છપ્પાનો ઉપયોગ શામળે 'નંદબત્રીસી'માં કર્યો છે.

ચોપાટની રમત રમતાં પ્રધાનનાં સસરાં, રાજા નંદ, પ્રધાન વૈરોચન અને પ્રધાનપત્ની જે ઉક્તિઓ બોલે છે એ તથા વાવની ભીંત ઉપર રાજા નંદ અને પ્રધાન વૈરોચન દ્વારા જે ઉક્તિઓ લખાય છે એ દોહરા છંદમાં છે. બન્ને પ્રસંગે માર્મિક ઉક્તિઓને સંક્ષેપમાં અને સચોટપણે રજૂ કરવા શામળે દોહરા છંદની પસંદગી કરી છે. આ વાત ખાસ નોંધપાત્ર કહેવાય.

'નંદબત્રીસી'માં શામળે નીતિ–બોધ વચનો અનેક સ્થાનોએ પ્રસંગોપાત્ત મૂક્યાં છે. અનેક દષ્ટાંતો અને વ્યવહારજ્ઞાનથી ભરેલા આ બધાં જ નીતિ–બોધ વચનો ચોપાઈ છંદમાં શામળે મૂક્યાં છે. ચોપાઈ આકાર, કદ અને બંધારણની દષ્ટિએ મધ્યમ પ્રકારનો છંદ છે. શામળે નીતિ–બોધ વિસ્તૃત રીતે આપવો છે પણ એનો બિનજરૂરી પથરાટને નિવારવો પણ છે. માટે જ કોઈ પ્રકારનું ભારણ ન રહે અને વાતને, કથનને પૂર્ણ પણે રજૂ કરવા નીતિ–બોધ વચનોયુક્ત કડીઓ ચોપાઈ છંદમાં રચી છે. ચોપાઈનો આ પ્રકારનો ઉપયોગ ધ્યાનાર્હ છે.

'નંદબત્રીસી'નો રચનાબંધ મુખ્યત્વે દોહરા અને ચોપાઈ છંદમાં જ છે. કૃતિનાં પૂર્વાધમાં શામળે છ છપ્પાઓ પ્રયોજ્યાં છે. છ માંથી પાંચ સમસ્યારૂપે છે, અને એક તે સ્ત્રીનું ઉત્તરોત્તર ઘટતા જતાં મૂલ્ય અંગેનો છે. શામળે 'ચંદ્રચંદ્રાવતી', 'મદનમોહના', 'રૂપાવતી', જેવી કૃતિઓમાં કેટલીક સમસ્યાઓ છપ્પામાં

પ્રયોજેલી છે. અહીં 'નંદબત્રીસી'માં કુલ સાત સમસ્યાઓમાંથી પાંચ સમસ્યાઓ છપ્પામાં અને બાકીની બે સમસ્યાઓ ચોપાઈમાં પ્રયોજી છે. સમસ્યાઓ એકમરૂપ હોય વાતને પૂર્ણ અને વિસ્તૃતરૂપે સાંકેતિક ભાષામાં મૂકી આપવા શામળે છપ્પાની પસંદગી કરી છે. વળી, શામળે પોતાની અન્ય કૃતિઓમાં નીતિ-બોધ આપતાં અનેક છપ્પાઓ મૂકેલાં જોવા મળે છે. તે જ પ્રમાણે 'નંદબત્રીસી'માં માત્ર એક છપ્પા નીતિ-બોધ સંલગ્ન મૂકાયો છે. કડી ૫૯ રૂપે આવતાં એ છપ્પામાં જે સ્ત્રીના ઉપર માણસને મોહ થાય છે તે સ્ત્રીની કિંમતમાં ઉત્તરોત્તર કેવો ઘટાડો થતો જાય છે તે બતાવી આપ્યું છે. એ છપ્પો માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણને સુંદર રીતે રજૂ કરી આપેછે.

આ ઉપરાંત મનની ક્રિયા-પ્રતિક્રિયા દર્શાવવા શામળે 'નંદબત્રીસી'માં મુખ્યત્વે ચોપાઈ છંદ પ્રયોજેલો જોવા મળે છે.

છંદનું બંધારણ જાળવવા માટે શામળ પંક્તિમાં પોતાને અનુકૂળ એવાં ફેરફારો કરતો જોવા મળે છે. ક્યારેક શામળ અર્થ કે કથનની દૃષ્ટિએ બિનજરૂરી શબ્દ છંદનું માપ કે બંધારણ જાળવવા પ્રયોજતો જોવા મળે છે. જેમકે, કડી ૧૬ જુઓ –

'એકે સમે પોતે રાજંન મહીપતીએ વીચારુ મન'

અહીં પ્રથમ ચરણમાં 'રાજંન' અને 'બીજા' ચરણમાં 'મહીપતી' – બન્ને શબ્દોનો અર્થ એક જ થાય છે અને અહીં એકથી વધારે વખત મૂકવું કથનની દૃષ્ટીએ બિનજરૂરી છે. તેમ છતાં છંદનું બંધારણ-માપ જાળવવા શામળ મૂકે છે. વળી, 'મંન' સાથે પ્રાસ રાખવા માટે પણ અહીં 'રાજંન' શબ્દ પ્રયોજાયો છે.

તેવી રીતે ક્યારેક શામળ પંક્તિનું માપ કે બંધારણ જાળવવા પંક્તિમાં અમુક શબ્દોને અધ્યાહાર રાખતો જોવા મળે છે. જેમ કે, કડી ૨૨ જુઓ –

'તે વેલાં એક ધોબી ધૂવે તેહને રાજા દષ્ટે જુયે.'

આ પંક્તિમાં 'વસ્ત્ર' શબ્દ અધ્યાહાર છે. આ જ પ્રમાણે કડી ૩૭ ની બીજી પંક્તિમાં જોવા મળે છે –

'મધ્યરાતે બેઠો તુ ધૂવે બીક મનમાં કોહીની નવ જુએ' અહીં પણ 'વસ્ત્ર' શબ્દ અધ્યાહાર છે.

આમ, શામળ ક્યારેક છંદનું બંધારણ જાળવવા શબ્દને વધારાનો મૂકે છે, તો ક્યારેક કોઈ શબ્દને અધ્યાહાર રાખે છે. જો કે, આ પ્રકારની હાની પહોંચાડતી નથી. પણ ક્યારેક આ પ્રકારની છૂટછાટ મુખ્ય કથનને કોઈ પ્રકરની છૂટછાટ હાસ્યાસ્પદ નીવડે છે. જેમ કે, કડી ૧૧૫ માં –

'જેહેવી પુષ્પલતાની વેલ જેહેવી વાડી મધે કેલ' પ્રથમ ચરણમાં બે વાર સમાનાર્થી શબ્દ પ્રયોજાતાં અર્થની દ્વિરુક્તિ શામળનાં કવિત્વ શક્તિ અયોગ્ય પૂરવાર થાય છે.

આમ, 'નંદબત્રીસી'માં છંદ પ્રયોગની દષ્ટિએ શામળની કેટલીક લાક્ષણિક્તાઓ જોવા મળે છે.

પ્રાસ :- શામળે લગભગ દરેક કડીઓમાં પ્રાસ મેળવ્યો છે. શામળે પ્રયોજેલા કડી ૩૦, ૩૩, ૪૦, ૪૨, ૪૭ અને ૫૯ કડીરૂપ છપ્પામાં પ્રાસાનુપ્રાસ ખાસ ધ્યાનપાત્ર છે. એકાદ છપ્પાને ઉદાહરણરૂપે જોઈએ. કડી ૪૦ રૂપ છપ્પાને જુઓ –

'લીયો લંક લપેટ, ઠેઠ નહી રાંમ હિ આપણ
હરણ શીત તે કાંમ, નાંમ નહી પ્રતી રાવણ
હણા કૂરવ જે વેર, પેર મંન જોય વીચારી
કાંમનીને મંન નેહે, દેહે શોભાં જે નારી
એક દંતધાવંનનાં બે કરો રે, તેહને નાંમે નાંમમાં
તેહ સમારણ કારણે, હુ ઊભો છુ કાંમમાં' ૪૦.

કૃતિમાં પ્રયોજાયેલા છ એ છ છપ્પામાં પ્રથમ ચાર ચરણનાં આંતરપ્રાસ અને છ એ છ ચરણનાં અત્યાંનુપ્રાસની આ પ્રકારની ભાત પ્રાસરચનાની દષ્ટિએ ધ્યાનાકર્ષક છે.

શામળે 'નંદબત્રીસી' માં પ્રાસ જાળવવા કોઈક ઠેકાણે યોગ્ય શબ્દ ન પ્રયોજ્યો હોય એવું પણ બન્યું છે. જેમ કે, કડી ૩૧૦ -

'નારી તેડાનો કરો વાયદો મન માંહે રાખો કાયદો'

અહીં 'વાયદો' અને 'કાયદો' એમ પ્રાસ મેળવ્યો છે. પણ 'કાયદો' શબ્દ યોગ્ય જણાતો નથી. એના કારણે પંક્તિ દુર્બોધ લાગે છે.

શામળે મોટાભાગે તો ગમે તે પ્રકારે પ્રાસ મેળવવા પ્રયત્ન કર્યો છે. પણ અમુક સ્થાને પ્રાસભંગ થતો પણ જોવા મળે છે. જેમકે, કડી ૩૬૨ –

'જીવર મોહોટો ને નાંહાનો રાય કારભાર એમ ચાલો જાયે'. અહીં 'રાય' અને 'જાયે' વચ્ચે પ્રાસ મળતો નથી. 'નંદબત્રીસી'માં ધ્યાનાકર્ષક પ્રાસ રચનાઓનું પ્રમાણ ઓછું છે.

ભાષા -

આમ તો વર્ણન, મનોભાવ નિરૂપણ, પાત્રાલેખન, નીતિ–બોધ ઇત્યાદિ મુદ્દાઓ અંગે સ્વતંત્ર ચર્ચા કરી છે તેમાં કોઈક ને કોઈક રીતે શામળનાં ભાષાસામર્થ્ય અંગે વાત થતી રહી છે. તેથી એનું પુનરાવર્તન ટાળીને અહીં કેટલાંક અસ્પર્શ્ય રહેલા મુદ્દાઓની શામળની ભાષા સંદર્ભે ચર્ચા કરી છે.

શામળે 'નંદબત્રીસી' માં વર્ણન પ્રમાણમાં ઓછું કર્યુ છે. જે વર્ણન પ્રાપ્ત થાય છે એ મુખ્યત્વે જે-તે પાત્રનાં ગુણ –લક્ષણ કે રૂપ ને પ્રગટ કરનારું, નગર, ભોજન, સ્વાગત ઇત્યાદિને લગતું છે. મનોભાવને પ્રગટ કરનારું વર્ણન પણ અમુક સ્થાને જોવા મળે છે. શામળ ક્યારેક અમુક વર્ણનને પોતાની ભાષા દ્વારા Visible - દષ્ટિગોચર બનાવતો જોઈ શકાય છે. જેમકે, કડી ૧૧૨- ૧૧૩ જુઓ –

'દીઠુ પાંજરુ પોપટ તણુ પંચરંગ પીલુ છે ઘણુ. ૧૧૨.
તે હેઠે માંડો છે પાટ રાજા ચાલો આવો વાટ
હેઠી બેઠી છે કાંમની નહી ભુતલ એહવી ભોમની.' ૧૧૩.

રાજા નંદ પ્રધાનનાં ઘરમાં પ્રવેશ કરે છે એ સમયે મુકાયેલું ઉપરોક્ત વર્ણન છે. આમ, તો આ વર્ણન સાવ સામાન્ય છે પણ શામળ પોતાની ભાષા દ્વારા દશ્યને મનઃ ચક્ષુ સમક્ષ ઉપસ્થિત કરી શક્યો છે. આવું કૃતિમાં બીજા અનેક સ્થાનોએ જોવા મળે છે.

શામળ કથનાત્મક સ્વરૂપોમાં સર્જક કરનારો સર્જક છે. ભાવાત્મક કે ઊર્મિમય સ્વરૂપોમાં એને ક્યારેય સર્જન કર્યું નથી. પણ શામળની અન્ય પદ્યવાર્તાઓમાં અમુક સ્થાને જોવા મળે છે તેમ ભાવાત્મકતાનો આછો સરખો અણસાર કયાંક ક્યાંક મળતો જોવા મળે છે. તેવું શામળની 'નંદબત્રીસી'માં એક–બે સ્થાને પણ જોવા મળે છે. કડી ૪૧૧ થી ૪૧૩ માં પ્રધાનપત્ની સતીત્વના કસોટીરૂપે વિના અગ્નિએ અગ્નિ પ્રગટાવવા સૂરજદેવની સ્તૃતિ કરે છે. કડી ૪૨૨ થી ૪૨૭ માં પોતાની વાત ઉપર અડીખમ રહેનાર પ્રધાન દ્વારા રાજા નંદને સજીવન કરવાનું પ્રધાનપત્નીને કસોટીરૂપે કરવાનું કહેવામાં આવતાં એ ધરતી માતાને પોતાને માર્ગ આપવા, પોતાનામાં સમાવી લેવા પ્રાર્થના કરે છે. આ બન્ને સ્થાનોએ મૂકવામાં આવેલી સ્તુતિ, પ્રાર્થનામાં ભક્તની ભગવાને મદદ કરવાની વિનંતી છે. એ દૃષ્ટિએ એમાં થોડી ભાવાત્મકતા જોવા મળે છે. વળી, 'ગીતકાવ્ય' એ ઊર્મિમય કે ભાવાત્મક સ્વરૂપ જ કહેવાય. ગીતકાવ્યની અનેક લાક્ષણિકતાઓમાંની એક લાક્ષણિકતા એમાં દરેક કડીનાં અંતે આવતી ધ્રુવપંક્તિ છે. આ ધ્રુવ પંક્તિ દ્વારા કેન્દ્રસ્થ ભાવ કડીએ કડીએ વધુ દઢ બનતો રહે છે. સાથે – સાથે ગીતને ગાવાનાં લય, ઢાળમાં પણ ધ્રુવપંક્તિ મદદરૂપ થાય છે. શામળે વાવની ભીંત ઉપર રાજા નંદ અને પ્રધાનનાં લખાણરૂપે ચાલતાં પરોક્ષ સંવાદમાં એક સ્થાને ગીત કાવ્યનાં આ પ્રકારની લાક્ષણિક્તાનો થોડો ઉપયોગ કર્યો છે. કડી ૩૩૨ થી ૩૩૮ પ્રધાનનાં સંવાદરૂપે છે. જેમાં પ્રધાન રાજા નંદ ઉપર જારકર્મ કર્યો હોવાનો આક્ષેપ કરે છે. આ વાતને નકારતાં રાજા નંદને પ્રધાન કાંમ પ્રગટતા એની સામે કંઈ ટકતું નથી એમ જુદાં–જુદાં દષ્ટાંતો દ્વારા જણાવે છે. ગીતમાં ધ્રુવપંક્તિ હોય છે તેમ અહીં '.... જારે પ્રગટુ કાંમ' દરેક કડીનાં અંતે આવે છે. 'સિંહાસનબત્રીસી'માં અમુક કથાઓમાં આવી કડીઓ મળે છે. 'નંદબત્રીસી'માં અમુક સ્થાને આ કૃતિ કથનાત્મક સ્વરૂપની હોવા છતાં ભાવ અને સ્વરૂપ બન્ને દૃષ્ટિએ આંશિકપણે ઊર્મિમય કે ભાવાત્મક

વિષય સ્વરૂપનો આછો સ્પર્શ પામતી જોવા મળે છે.

શામળે કડી ૫૫ અને ૮૧ માં સંસ્કૃત શ્લોક મૂક્યાં છે. શામળની ભાષા તત્સમ, તદ્ભવ શબ્દોથી તો ઘડાયેલી જ છે પણ સાથે – સાથે દેશ્ય અને પરદેશી કે પરભાષાનાં શબ્દોથી ઘડાયેલી જોવા મળે છે. જેમકે, કડી ૨૮ માં ધોબીનાં મૂખે મૂકાયેલ '... સૂ છે ભુતાંનો બાપ', કડી ૨૪૨ માં પ્રધાનનાં મૂખે મૂકાયેલ 'હલા પોપટ મુરખ તુ મુઢ...', કડી ૪૩૧ માં શેષનાગનાં મૂખે મૂકાયેલ 'જખ મારે આ લોક સહુ...' ઇત્યાદિ સ્થાનોએ શામળની તળપદી ભાષા દષ્ટિગોચર થાય છે. એમાં પણ ખાસ કરીને કડી ૩૯૩ માં પોપટ 'એહેને હૈડે નહી સાંન' તથા કડી ૩૯૭ માં 'મુરખ' એવું પ્રધાન કે જે એનો સ્વામી છે એને કહે છે તે અનુચીત જણાય છે. તેવી રીતે પતિભક્ત પ્રધાનપત્ની કડી ૪૨૬ માં પ્રધાનને માટે 'પાપી' શબ્દપ્રયોગ કરે છે. (કૃતિનાં અંતે પ્રધાનપત્નીનાં સતીત્વને ન સ્વીકારતા પ્રધાન માટે શામળ કડી ૪૧૭, ૪૨૧ વગેરે સ્થાને 'દુષ્ટ' શબ્દપ્રયોગ કરે છે.) એ શામળે કરેલા પાત્રા લેખન સાથે મેળ ન પામી ભાષાનો અણસાર આપે છે. કડી ૨૬૫ માં 'મીથા લવરી મેહેલ'માં લોકબોલીની છાંટ જોવા મળે છે.

શામળની ભાષા ઉપર પરદેશી કે પરપ્રદેશની અન્ય પ્રચલિત ભાષાનો પ્રભાવ પણ જોવા મળે છે. ખાસ તો એ સમયે પ્રચલિત હતી તે અરબી–ફારસી ભાષાના શબ્દોનો એ પ્રયોગ કરતો જોવા મળે છે. 'નેકી બદી' (કડી ૧૭), 'શાહ સૂલતાંન' (કડી ૩૩), 'ખાવંત' (કડી ૧૦૧, ૧૦૩), 'નુર' (૧૦૯), 'તોરી', 'તરતીબ' (૨૧૭), 'ખસબોઈ' (૩૭૦), 'નાંમુકરી ગયો' (૩૮૪), 'ખલક' (૪૦૮) ઇત્યાદિ અરબી – ફારસી શબ્દો જોવા મળે છે. પરપ્રદેશની ભાષાઓમાં હિન્દી – વ્રજ ભાષાનાં શબ્દો જોવા મળે છે. જેમકે, 'સણી', (સૂણી) 'તલ' (કડી ૫૯), 'સીર' (૧૩૪), 'બેટી' (૧૫૭) ઇત્યાદિનો સમાવેશ થાય છે.

શામળ ક્યારેક અમુક શબ્દને મનફાવે એવા અર્થમાં પ્રયોજવાની ચેષ્ટા કરતો નજરે પડે છે. જેમકે, કડી ૧૨૩ માં, 'ઘનઘોર' શબ્દ વધારાપણાના અર્થમાં પ્રયોજાયો છે, જ્યારે એનો મૂળ અર્થ વરસાદની ઘટા થાય છે.

કડી ૩૬ ની પ્રથમ પંક્તિમાં શામળ પરસ્પરનો વિરોધ સરસ રીતે આલેખી શક્યો છે.

'રુપ અનુપ સકોમલ જાત કાલ અંધારી માઝંમ રાત'.

એક બાજુ રાજા નંદની સૌંદર્યસહજ કોમળતા અને બીજી બાજુ કાળી અંધારી રાતની ભયાનક્તા દર્શાવી આપ્યાં છે.

શામળે પ્રયોજેલા સંવાદોમાં બોલચાલની ભાષાનો લહેકો અને સંબોધન આવતાં એ સાહજિક બન્યાં છે. કડી ૨૪૨ માં 'હલા પોપટ...' માં બોલ-ચાલનો લહેકો જોવા મળે છે. તો કડી ૧૩૩ માં – 'નારી બોલા આંણી ધીર 'સાંભલીયે સૂક માહરા વીર કડી' ૧૪૧માં –

'તારે પોપટ બોલીયો, સાંભલ માહારી બેહેન'

આમ, પરસ્પર 'વીર' અને 'બહેન' તરીકેનું સંબોધન સાહજિકતા લાવે છે. આવું અન્ય સંવાદોમાં પણ જોવા મળે છે.

શામળે 'નંદબત્રીસી'માં રૂઢિપ્રયોગ અને કહેવતનો યથાયોગ્ય ઉપયોગ કર્યો છે. રૂઢિપ્રયોગો ઉદાહરણરૂપે જુઓ : 'આપણે દુધે વુઠો મેહે' (કડી ૧૭૩), 'તે કાચે તાંતણે કમ બંધાયે' (૨૨૪), 'માર ગરદણ જો હોયે વાંક' (૨૨૬), 'પણ પથ્થર ઉપર નીર' (૨૪૮), 'આ તલે નહી તેલ' (૨૬૫), 'જોતામાં તે ઝાંખો થયો' (૨૯૦), 'પાંણીથી પાતલો થઈ ગયો' (૨૯૬), 'મીની – ઉદરમાં ન રહે ખીર' (૩૭૮), 'તે પરઘાંન ઝંખો તે ઠાર' (૩૦૮) 'તે માલીયે ઘસીયા હાથ' (૩૭૭), 'સહુને દુધે વુઠા મેહે' (૪૩૯) ઇત્યાદિ રૂઢિપ્રયોગો જોવા મળે છે. કહેવતો ઉદાહરણરૂપે જુઓ : 'જો વાડ થઈને ચીભડાં ગલે' (૧૪૩), 'આંમે જેહ લખુ તે થાયે' (૨૨૫), 'તમ અખર છઠ્ઠી તણા' (૨૬૬), 'પડ પાસા પોબાર' (૨૮૬, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૪, ૩૦૫, ૩૦૬, ૩૦૭) ઇત્યાદિનો સમાવેશ થાય છે.

'નંદબત્રીસી'માં શામળની ભાષા પદ્યવાર્તાનાં કથનાત્મક અને કથ્યશ્રાવ્ય સ્વરૂપનાં આધારે ઘડાયેલી છે, એની ભાષા ઉપર અન્ય સાહિત્યસર્જનની જેમ તત્કાલીન પરિસ્થિતિ અને લોકભાષાનો વિશેષ પ્રભાવ છે.

'ફ્લશ્રુતિ'

શામળે 'નંદબત્રીસી'માં પરંપરાને અનુસરીને જેમ શરૂઆતમાં મંગલાચરણ કર્યું છે, તેમ કૃતિનાં અંતે ફ્લશ્રુતિ પણ કરી છે. આ ફ્લશ્રુતિ શામળ અંગે, સિહુંજ અંગે, શામળનાં આશ્રયદાતાં રખીદાસ અને એના કુળ અંગે મહત્ત્વની માહિતી પૂરી પાડે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઈંદિરા મરચંટ સંપાદિત 'નંદબત્રીસી'નાં પાઠનો ઉપયોગ કર્યો છે. સંપાદક ઈંદિરા મરચંટે ગુમાન બારોટે કરેલી નકલને મુખ્યપ્રત તરીકે સ્વીકારી સંપાદન કર્યું છે. અંતે આવતી આ ફ્લશ્રુતિ એ પ્રત ઉપરથી જ મૂકવામાં આવી છે. આ ફ્લશ્રુતિની કેટલીક કડીઓ શામળનાં સમકાલીન અને રખીદાસનાં આશ્રિત ગુમાન બારોટે પોતે જ પ્રક્ષેપ કરેલી જણાય છે. એ અંગે પછીથી ચર્ચા કરીશું.

કૃતિનાં આરંભે મંગલાચરણમાં કડી ૫ માં શામળે પોતાની કૃતિમાં 'પ્રબંધ ચાહતુરી સૂખવિલાસ' હોવાનું સૂચવ્યું હતું. અહીં અંતે ફ્લશ્રુતિમાં પુનઃ એ પ્રકારની પંક્તિ દ્વારા આ કૃતિમાં શું–શું છે એ અંગે વાત કરી છે. જુઓ કડી ૪૪૭ –

'નંદરાય તણી કથા ડાહાપણ ચાતુરી ભેદ

શ્રોતા વગતા જન સહુ ખોડ મ દેશો ખેદ.' ૪૪૭.

કડી ૫ તથા ઉપરોક્ત કડી ૪૪૭ માં શામળે પોતાની કૃતિ વિશે આપેલો ખુલાસો શામળની ચાતુર્યપૂર્ણ કૃતિ રચવાની ને મને પ્રગટ કરી આપે છે. મંગલાચરણમાં જોવા મળેલી વિનમ્રતા અહીં પુનઃ કડી ૪૪૭ ની બીજી પંક્તિમાં જોવા મળે છે.

કડી ૪૪૮-૪૪૯ માં શામળનાં ગામ, જ્ઞાતિ, નામ, પિતાનું નામ અંગે માહિતી મળે છે. શ્રી ગોડ માળવી બ્રાહ્મણ શામળ વેગન પુરનો વતની હતો અને વીરેશ્વરનો પુત્ર હતો– એવી અગત્યની સર્જક વિષયક માહિતી મળે છે.

ત્યારબાદ કડી ૪૫૦ થી ૪૬૧ ગુમાન બારોટ દ્વારા સંભવત્ : ઉમેરાયેલી જણાય છે. કડી ૪૫૦ થી ૪૬૦ માં સિંહુજ ગામ, ત્યાં આવેલા વીરેસ્વર મહાદેવનાં મંદિર, શામળનાં આશ્રયદાતા રખીદાસ અને એના કુળ વિશે માહિતી મળે છે. કડી ૪૪૯ ની બીજી પંક્તિમાં જણાવ્યું છે તે પ્રમાણે માતર પરગણામાં શામળની ખ્યાતિ પહોંચી કડી ૪૫૦ થી ૪૫૨ માં સિહુંજ ગામમાં આવેલા વીરેશ્વર મહાદેવનાં મંદિર અંગે વર્ણન કરી વીરેશ્વર મહાદેવની સ્તુતિ કરવામાં આવી છે.

કડી ૪૫૩ થી ૪૬૦ માં રખીદાસ, શામળને તેને આપેલો આશ્રય, રખીદાસનાં કુળ અંગે માહિતી મળે છે. કડી ૪૫૩ માં ઉપમા અલંકાર દ્વારા રખીદાસનું કરાયેલું વર્ણન પરંપરારૂઢ છે. રાજા નંદનાં જેવું જ રખીદાસ વિશે વર્ણન છે! જુઓ કડી ૪૫૩ –

'કણબી કરણ સમો વસે ભોજ સમો દાતાર

સકલ કલા ગુણ ચાતુરી લખણ વીસને બાર.' ૪૫૩.

કડી ૪૫૪- ૪૫૫ માં લેઉવા પાટીદાર (પટેલ) કાયુજીનાં વંશમાં થયેલા વાસણદાસનો ઉલ્લેખ છે. એ જ વંશમાં થયેલા મનજીનો પુત્ર રખીદાસ એવી અગત્યની માહિતી મળે છે.

કડી ૪૫૬-૪૫૭ માં રખીદાસે શામળને મોકલેલું તેડુ (નિમંત્રણ), શામળને રખીદાસે આપેલો આશ્રો (જમીન, વસ્ત્ર, ધનધાંન, સંપત્તિ વગેરે આપી) અને સિંહુજમાં રહીને શામળે શાસ્ત્ર પ્રમાણે ઘણાં પુરાણો કર્યાં છે – એવી માહિતી મળે છે.

કડી ૪૫૮ 'નંદબત્રીસી'નો રચનાસમય નક્કી કરવામાં વિવાદાસ્પદ ગણી શકાય એવી છે –

'સિંહાસનબત્રીસી'ની કથા કહી બત્રીસ નંદ તણી વધતી કથા કહી દીધી આસીસ.' ૪૫૮.

ઉપરોક્ત કડીમાં શામળે 'સિંહાસનબત્રીસી'ની બત્રીસે કથાઓની રચના કરી ત્યારબાદ 'નંદબત્રીસી'રચી એવો અર્થ નીકળે છે. પણ ગુમાન બારોટનાં હસ્તલિખિત ચોપડામાં બત્રીસે કથા નથી. 'સિંહાસનબત્રીસી'ની ૧૭ વાર્તાઓ જ એમાં છે. અન્ય પ્રાપ્ત પુરાવાઓ પણ સૂચવે છે તેમ 'સિંહાસનબત્રીસી'ની બધી કથાઓ સમયનાં લાંબા પટ ઉપર છૂટી છવાઈ રચાયેલી છે. લગભગ ઈ. ૧૭૨૧ થી ૧૭૪૫ નાં સમયગાળામાં

રચાયેલી છે. કેટલીક સિંહુજમાં આવ્યાં પહેલાં એટલે કે ઈ. ૧૭૨૯ પૂર્વે અને કેટલીક ત્યાં આવ્યાં પછી એટલેકે ઈ. ૧૭૨૯ થી ૧૭૪૫ દરમ્યાન રચાયેલી છે. ('નંદબત્રીસી' નાં રચનાસમય અંગે પ્રકરણ ૪ માં જુઓ.) જ્યારે ગુમાન બારોટે લખેલા હસ્તલિખિત ચોપડામાં 'નંદબત્રીસી' મળે છે અને એ ચોપડો ઈ. ૧૭૪૦માં લખાયો હોવાથી શામળે એ પૂર્વે 'નંદબત્રીસી' રચી હોવાનું પુરવાર થાય છે. આથી, કડી ૪૫૮ માં પ્રાપ્ત થતી માહિતી ખોટી ઠરે છે.

કડી ૪૫૯ અને ૪૬૦ માં પુનઃ રખીદાસ અને કાયૂજીનાં વંશની પ્રશસ્તિ કરી છે. કડી ૪૫૯ માં મનજીનાં પુત્ર રખીદાસની સાથે – સાથે સુંદરનાં પુત્ર વીરજી અને રહીજાનાં પુત્ર કલ્યાણનો નામોલ્લેખ છે. વીરજી અને કલ્યાણ સાથે રખીદાસનું શું સગપણ છે એ જાણી શકાતું નથી. તેવી રીતે કડી ૪૬૦ માં રાણા દસોંદનો નામોલ્લેખ છે, પણ એમનાં અંગે વિશેષ કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

કડી ૪૬૧ માં ગુમાન બારોટે સ્વપરિચય આપ્યો છે. સૂરશંઘનો પુત્ર ગુમાન બારોટ પણ શામળની જેમ રખીદાસનો આશ્રિત હતો એવું જાણવા મળે છે.

કડી ૪૬૨ માં માત્ર એક જ કડીમાં ફળકથન જોવા મળે છે. –

'નંદબત્રીસી'ને ગાવા, શીખવા અને સાંભળવાથી મનની ઇચ્છાઓ પૂર્ણ થશે એ પ્રકારનું ફળકથન જોવા મળે છે.

આગળ જણાવ્યું છે તેમ 'નંદબત્રીસી'ની ફળશ્રુતિમાં હસ્તપ્રત કરનાર ગુમાન બારોટે પ્રક્ષેપ કર્યો જણાય છે. એમાં પણ ખાસ કરીને કડી ૪૫૪ થી ૪૬૧ સુધીમાં રખીદાસના વંશ વિશે ઉલ્લેખ મળે છે તે 'નંદબત્રીસી'ની બીજી કોઈ હસ્તપ્રતોમાં નથી. તેમજ અંતની કડીઓ પણ જુદી પડે છે. બાકીની કોઈ પ્રતમાં 'ગુમાન'નું નામ પણ નથી. એટલે જ કડી ૪૫૦ થી ૪૬૧ સુધીનો અંત ભાગ ગુમાન બારોટે સં. ૧૭૯૬ માં નકલ કરી ત્યારે પોતા તરફથી ઉમેર્યો હોય એવો સંભવ છે.

*

શામળકૃત 'નંદબત્રીસી' કોઈ પણ આડકથા કે અનેક કથાનકોનાં તાણાવાણા વિનાની સાદી કૃતિ છે. કથા આરંભે સમસ્યાનો સંજ્ઞાભાષા તરીકે વિનિયોગ, પાત્ર–પાત્ર વચ્ચેનો મનોભૂમિકાએ ચાલતો સૂક્ષ્મ સંઘર્ષ નિરૂપવા પ્રયોજાયેલ ચોપાટની રમત તથા વાવની ભીંત ઉપર લખાણરૂપ સંવાદના પ્રસંગની કથન પ્રયુક્તિઓ, મુખ્ય પાત્રોનું ક્યાંક મનોભાવ નિરૂપણ અને એ પાત્રોનું વાસ્તવિક, જીવંત આલેખનમાં પ્રગટ થતી પાત્રચિત્રણ કળાની સફળતા, તર્કબદ્ધ સંવાદ દ્વારા પ્રગટ થતું વાક્ચાતુર્ય, અભિવ્યક્તિ અને અનુભવની પરિપક્વતાનાં કારણે આસ્વાદ્ય બનતાં નીતિ–બોધ વચનો, કૃતિનો નાટકમાં અપેક્ષિત હોય એવો ઉઘાડ, સંઘર્ષ, સંવાદો, નાટ્યાત્મક પ્રસંગ યોજના, અંત, છંદનો જરૂરિયાત પ્રમાણે નિશ્ચિત પ્રકારનો કરેલો ઉપયોગ ઇત્યાદિનાં કારણે 'નંદબત્રીસી' રસપ્રદ, આસ્વાદ્ય સુશ્લિષ્ટ પદ્યવાર્તા બની છે.

સંદર્ભનોંધ

૧. 'પંચતંત્ર', ભોગીલાલ સાંડેસરા, (૧૯૭૯), પૂર્ણભદ્રકૃત 'પંચાખ્યાન'માં મળતી 'સ્ત્રીને વશ થયેલા નંદ અને વરુરુચિ'ની કથા, પૃ. ૩૪૫ - ૩૪૬.

૨. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી અને કનુભાઈ શેઠ, (૧૯૮૯), પૃ. ૧ થી ૧૩ ઉપર આપેલ 'Introduction' જુઓ.

૩. એ જ , પૃ. ૨.

૪. 'નંદોપાખ્યાન' ગ્રંથાંક ૯૨, ફતહસિંહ, (૧૯૬૮), પૃ. ૧૪ થી ૧૬ ઉપર આપેલી 'નંદબત્રીસી'.

૫. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી; પૃ. ૨.

૬. Bhoja's 'SRNGARA PRAKASA; By :- DR. V. RAGHAVAN; (1963); P.839 ('The sanskrit version of the `Brhatkatha' known to Bhoja, P. 839 to P. 844)

૭. એ જ, પૃ. ૮૪૪.

૮. એ જ, પૃ. ૮૩૯.

૯. मणोरमाकहा 'વર્ધમાનસૂરિકૃત; રૂપેન્દ્રકુમાર પગારિયા; (૧૯૮૩), પૃ. ૮૯ થી ૯૨.

૧૦. લોકકથાનાં મૂળ અને કુળ', હરિવલ્લભ ભાયાણી, (૧૯૯૦), પૃ. ૩૧૧.

૧૧. 'આખ્યાનક મણિકોશ' આચાર્ય નેમિચંદ્રસૂરિકૃત; એના પર આચાર્ય આમ્રદેવસૂરિએ કરેલું વિવરણ; સંઃ મુનિ શ્રી પુણ્યવિજયજી; (૧૯૬૨), પૃ. ૬૧ થી ૬૫ ઉપર 'શીલમાહાત્મ્યવર્ણનાધિકાર'માં ૧૫ મું 'રોહિણ્યાખ્યાનકમ્'.

૧૨. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી, – માંથી ઉદ્ધૃત કરેલી માહિતી.

૧૩. એ જ, પૃ. ૩.

૧૪. એ જ, પૃ. ૩ -૪.

૧૫. એ જ, પૃ. ૪.

૧૬. 'શોધ અને સ્વાધ્યાય', હરિવલ્લભ ભાયાણી, (૧૯૬૫), પૃ. ૫-૬ ઉપર 'પાલિ જાતકકથાઓ' લેખ.

૧૭. જાતક (ચતુર્થ ખંડ), અનુઃ ભદન્ત આનન્દ કૌસલ્યાધન; (૧૯૯૪), પૃ. ૭૩ થી ૭૯ પર 'પરન્તપ જાતક'; અને 'જાતકકથા – મંજૂષા', હરિવલ્લભ ભાયાણી, (૧૯૯૩), પૃ. ૯૩ થી ૯૮ પર 'પાપ પીપળે ચડીને પોકારે.'

૧૮. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી, પૃ. ૧૬૪ - ૧૬૫.

૧૯. એ જ , પૃ. ૯.

૨૦. એ જ, પૃ. ૯.

૨૧. એ જ, પૃ. ૧૭૪ - ૧૭૫

૨૨. 'ઓગણીસમી સદીનું સંપાદિત ગ્રંથસ્થ ગુજરાતી લોકકથા સાહિત્ય', પ્રિયકાન્ત પરીખ, (૧૯૮૧), પૃ. ૬૪ થી૬૯.

૨૩. 'નંદોપાખ્યાન', ફતહસિંહ, પૃ. ૧૪ થી ૧૬.

૨૪. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી, પૃ. ૧૩.

૨૫. એ જ, પૃ. ૧૫૬ થી ૧૬૨

૨૬. 'નંદોપાખ્યાન', ફતહસિંહ, પૃ. ૧૭ થી ૨૪.

૨૭. એ જ, પૃ. ૧ થી ૧૩.

૨૮. 'નંદબત્રીસી', હરિવલ્લભ ભાયાણી પૃ.૧૧-૧૨.

૨૯. 'પંચતંત્ર', ભોગીલાલ સાંડેસરા, પૃ. ૭૦.

૩૦. શામળ ભટ્ટ કૃત 'નંદબત્રીસી અને કસ્તુરચંદની વારતા', ઇંદિરા મરચંટ.

૩૧. શામળદાસ કૃત 'નંદબત્રીસી' પ્રતક્રમાંક ૮૬૩. પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા

૩૨. 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', એપ્રિલ –જૂન ૧૯૬૮, પુસ્તક ૩૩, અંક ૨ માં 'શામળ : જીવન અને કવન', લેખ, પૃ.૧૬.

૩૩. 'શામળ', હસુ યાજ્ઞિક, પૃ. ૭૦.

૩૪. 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ', હરિવલ્લભ ભાયાણી, (૧૯૯૧), પૃ. ૧૭૩.

૩૫. 'શામળ', હસુ યાજ્ઞિક, (૧૯૮૦), પૃ. ૪૦-૪૧.

૩૬. 'નંદબત્રીસી', હીરાલાલ શ્રોફ અને જગજીવનદાસ મોદી, (૧૯૨૨), પૃ. ૭૨.